પાનાં : ૧૨ કિંમત રૂા.૬ તા.૨૫ એપ્રિલ ૨૦૨૪ ગુરૂવાર

૧૫ શવ્વાલ હિજરી ૧૪૪૫ ● ચૈત્ર વદ એકમ સંવત ૨૦૮૦

અશ્લીલતાથી દૂર રહી, સ્વચ્છતા અને સંસ્કારિતાને અપનાવી પ્રસિદ્ધ થતાં
'ગુજરાત ટુડે'
દૈનિકને સ્ત્રીઓ અને બાળકોને વંચાવવા ઘરમાં વસાવો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)

AHMEDABAD
SINCE-1991

**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૮૩.૩૩ |
| પાઉન્ડ | ૧૦૩.૬૫ |
| યુરો | ૮૯.૧૧ |
| સઉદી રિયાલ | ૨૨.૨૦ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૭૪,૧૩૫ |
| ચાંદી (૧ કિલો) | ૮૩,૦૦૦ |

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૩ અંક-૨૬૬ ● તંત્રી : મુસ્તુફાખાન ● E-mail : gujarattodaydaily@gmail.com For Advertisement:gtadvt@yahoo.co.in

### ચૂંટણી પંચના વરિષ્ઠ અધિકારીને પણ સર્વોચ્ચ અદાલતનું તેડું

# સુપ્રીમ કોર્ટે EVMની કામગીરી અંગે EC પાસે સ્પષ્ટતા માંગી

## કોર્ટે ઈવીએમના સંગ્રહ, નિયંત્રણ એકમમાં માઈક્રોચિપ અને અન્ય પાસાઓ સાથે સંબંધિત સ્પષ્ટતાની માગણી કરી

(એજન્સી) નવી દિલ્હી, તા. ૨૪

સુપ્રીમ કોર્ટે બુધવારે ચૂંટણી પંચ સમક્ષ ઉઠાવેલા પ્રશ્નોના જવાબોની નોંધ લીધા બાદ મતદાર વેરિફાઈબલ પેપર ઓડિટ ટ્રેલ (VVPAT) સાથે ઈવીએમનો ઉપયોગ કરીને પડેલા મતોની સંપૂર્ણ ક્રોસ-વેરિફિકેશનની માંગ કરતી અરજીઓના જથ્થા પર તેનો ચુકાદો અનામત રાખ્યો હતો. ન્યાયાધીશ સંજીવ ખન્ના અને દીપાંકર દત્તાની બેન્ચે મતદાન પેનલના અધિકારી પાસેથી ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM)ની કામગીરી સાથે સંબંધિત પાંચ પ્રશ્નોના જવાબ માંગ્યા હતા જેમાં તેમાં ફીટ કરાયેલા માઈક્રોકન્ટ્રોલર પુનઃપ્રોગ્રામેબલ છે કે કેમ તે સહિતના જવાબ માગ્યા હતા. અગાઉ ઈવીએમની કામગીરી અંગે કોર્ટમાં રજૂઆત કરનાર વરિષ્ઠ નાયબ ચૂંટણી કમિશનર નિતેશ કુમાર વ્યાસને બેંચ દ્વારા પ્રશ્નોના જવાબ આપવા માટે બપોરે ૨ વાગ્યે બોલાવવામાં આવ્યા હતા. ખંડપીઠે કહ્યું હતું કે તેને અમુક પાસાઓ પર સ્પષ્ટતાની જરૂર છે કારણ કે EC દ્વારા EVM



### મતોનું ક્રોસ-વેરિફિકેશન : ચૂંટણી પંચના પ્રશ્નોના જવાબો નોંધ્યા પછી સુપ્રીમ કોર્ટે ચુકાદો અનામત રાખ્યો

વિશે 'વારંવાર પૂછાતા પ્રશ્નો' (FAQs) માટે આપવામાં આવેલા જવાબો પર થોડી મૂંઝવણ હતી.

સુપ્રીમ કોર્ટે બુધવારે ચૂંટણી પંચ પાસેથી ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો (EVM)ની કામગીરીને લગતા કેટલાક પાસાઓ પર સ્પષ્ટતા માંગી હતી જેમાં તેમાં ફીટ કરાયેલા માઈક્રોકન્ટ્રોલર્સ ફરીથી પ્રોગ્રામ કરી શકાય છે કે કેમ તે સહિત અને ચૂંટણી પેનલના વરિષ્ઠ અધિકારીને બપોરે ૨ વાગ્યે બોલાવ્યા હતા. વીવીપેટની તપાસની માગ કરતી અરજીઓના જથ્થા પર પોતાનો ચુકાદો અનામત રાખનાર જસ્ટિસ સંજીવ ખન્ના અને દીપાંકર દત્તાની બેંચે જણાવ્યું હતું કે તેને અમુક પાસાઓ પર સ્પષ્ટતાની જરૂર છે કારણ કે તેમાં કેટલાક જવાબોમાં મુંઝવણ હતી. ઈવીએમ પર તેના 'વારંવાર પૂછાતા પ્રશ્નો' (FAQs)માં EC દ્વારા આપાયેલા જવાબોમાં મુંઝવણ હતી. ચૂંટણી પંચ તરફથી હાજર રહેલા વધારાના સોલિસીટર જનરલ ઐશ્વર્યા ભાટીને બેંચે કહ્યું કે, ''અમે FAQsમાંથી પસાર થયા. અમને ફક્ત ત્રણ-ચાર સ્પષ્ટતા જોઈતી હતી. અમે હકીકતમાં ખોટા બનવા માંગતા નથી પરંતુ અમારા તારણોમાં બમણી ખાતરી છે અને તેથી અમે સ્પષ્ટતા મેળવવાનું વિચાર્યું.'' કોર્ટે ભાટીને વરિષ્ઠ નાયબ ચૂંટણી કમિશનર નિતેશ કુમાર વ્યાસને બપોરે ૨ વાગ્યે બોલાવવાનું કહ્યું હતું. વ્યાસે અગાઉ ઈવીએમની કામગીરી અંગે કોર્ટમાં રજૂઆત કરી હતી. કોર્ટે કેટલાક મુદ્દાઓને ઉઠાવ્યા જેના પર કોર્ટ સ્પષ્ટતા માંગે છે જે ઈવીએમના સંગ્રહ, ઈવીએમના નિયંત્રણ એકમમાં માઈક્રોચિપ અને અન્ય પાસાઓ સાથે સંબંધિત છે. બેંચે કહ્યું કે, ''માઈક્રોકન્ટ્રોલરના સંદર્ભમાં પ્રથમ સ્પષ્ટતા જરૂરી છે. ભલે તે કંટ્રોલિંગ યુનિટમાં સ્થાપિત હોય કે VVPATમાં હોય. અમે એવું માનતા હતા કે માઈક્રોકન્ટ્રોલર એ કંટ્રોલ યુનિટ (CU)માં ઈન્સ્ટોલ કરેલી મેમરી છે. FAQમાંનો એક પ્રશ્ન સૂચવે છે કે તે VVPATમાં પણ ઈન્સ્ટોલ કરેલું છે.'' બેન્ચે કહ્યું કે કોર્ટને જાણ કરવામાં આવી હતી કે VVPATમાં ફ્લેશ મેમરી છે. બેંચે ભાટીને કહ્યું કે, ''બીજી વસ્તુ જે અમે જાણવા માગીએ છીએ તે છે કે શું માઈક્રોકન્ટ્રોલર એક વખતના પ્રોગ્રામેબલ છે. તે એટલા માટે છે કારણ કે ત્યાં વિવિધ પ્રકારના માઈક્રોકન્ટ્રોલર છે. તે EC દ્વારા લેવામાં આવેલ વલણ છે કે માઈક્રોકન્ટ્રોલર વન-ટાઈમ પ્રોગ્રામેબલ છે. ફક્ત તેની પુષ્ટિ કરો.'' જસ્ટિસ ખન્નાએ કહ્યું કે ત્રીજી સ્પષ્ટતા સિમ્બોલ લોડિંગ યુનિટ્સ સાથે સંબંધિત છે કે ચૂંટણી પેનલ પાસે કેટલા ઉપલબ્ધ છે. બેંચે જણાવ્યું હતું કે, ''અમે જાણવા માંગીએ છીએ કે તમારી (EC) પાસે કેટલા ઉપલબ્ધ છે જ્યારે ચોથી સ્પષ્ટતા ૪૫ દિવસ માટે EVMના સંગ્રહ અંગે છે. ખંડપીઠે કહ્યું કે તેને કહેવામાં આવ્યું હતું કે ચૂંટણી પિટિશન ફાઈલ કરવાની મર્યાદા અવધિ ૩૦ દિવસ છે અને તેથી EVM ૪૫ દિવસ માટે સંગ્રહિત છે. બેંચે નિર્દેશ કર્યો કે, ''જ્યારે અમે લોકોના પ્રતિનિધિત્વ અધિનિયમની કલમ ૮૧ તપાસી ત્યારે અમને જાણવા મળ્યું કે EVM ફાઈલ કરવા માટેની મર્યાદા અવધિ ૪૫ દિવસ છે. તો કૃપા કરીને અમને સ્પષ્ટ કરો કારણ કે તે ૩૦ દિવસ અથવા ૪૫ દિવસનો સ્ટોરેજ છે. જો મર્યાદાનો સમયગાળો ૪૫ દિવસનો હોયષ્ તો સંગ્રહ માટે અનુરૂપ સમયગાળો વધારવાની જરૂર છે.'' બેન્ચે જણાવ્યું હતું કે છેલ્લો મુદ્દો કે જેના પર તેને સ્પષ્ટતાની જરૂર છે તે EVMના સંગ્રહ અને સુરક્ષા પર છે. બેંચે મતદાન પેનલને કહ્યું કે, ''જ્યારે આપણે ઈવીએમને સીલ કરવા અને સુરક્ષિત કરવાની વાત કરીએ છીએ ત્યારે અમે કંટ્રોલ યુનિટ અને વીવીપીએટ બંને સીલ લઈએ છીએ અને તે કંટ્રોલ યુનિટ સુધી મર્યાદિત નથી. ક્યાંક તમે કંટ્રોલ યુનિટ શબ્દનો ઉપયોગ કરો છો તો ક્યાંક તમે ઈવીએમનો ઉપયોગ કરો છો. અમે તેને ધ્યાને લઈએ છીએ, ઈવીએમમાં ત્રણ ભાગ હોય છે - બેલેટ યુનિટ, કંટ્રોલ યુનિટ અને વીવીપીએટ. ત્રણેય એકમોને એકસાથે સીલ કરવા જોઈએ. અમને આ પાસા પર સ્પષ્ટતાની જરૂર છે.'' વરિષ્ઠ વકીલ સંતોષ પૉલે એક અરજીકર્તા તરફથી હાજર થતાં કહ્યું હતું કે પારદર્શિતા માટે ઈવીએમનો સોર્સ કોડ પણ જાહેર કરવો જોઈએ. બેન્ચે કહ્યું ''ના સ્ત્રોત કોડ જાહેર કરી શકાય નહીં કારણ કે તેનો દુરૂપયોગ થવાની સંભાવના છે.'' VVPAT એ એક સ્વતંત્ર મત ચકાસણી પ્રણાલી છે જે મતદારોને તેમના મત યોગ્ય રીતે નાખવામાં આવ્યા છે કે કેમ તે જોવા માટે સક્ષમ બનાવે છે. ૧૮મી એપ્રિલે સુપ્રીમ કોર્ટે અરજીઓના જથ્થા પર પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. ચૂંટણી પ્રણાલીમાં મતદારોના સંતોષ અને વિશ્વાસના મહત્વ પર ભાર મૂકતા સર્વોચ્ચ અદાલતે સુનાવણી દરમિયાન અરજદારોને કહ્યું હતું કે, જેમણે બેલેટ પેપરના ઉપયોગ પર પાછા જવા માટે તેના નિર્દેશની માંગ કરી હતી, ઈવીએમની અસરકારકતા પર શંકા ન કરો અને જો ચૂંટણી પંચ સારૂં કામ કરે તો તેની પ્રશંસા કરો. એનજીઓ 'એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ' (એડીઆર) અરજદારોમાંના એકે મતદાન પેનલના ૨૦૧૭ના VVPAT મશીનો પરના પારદર્શક કાચને અપારદર્શક કાચથી બદલવાના નિર્ણયને ઉલટાવી દેવાની માંગ કરી હતી જેના દ્વારા મતદાર જ્યારે સાત સેકન્ડ માટે લાઈટ ચાલુ હોય ત્યારે જ સ્લિપ જોઈ શકે છે.

## EVM, VVPAT અને કંટ્રોલ યુનિટ પર સુપ્રીમ કોર્ટે ECIને પૂછેલા પાંચ પ્રશ્નો

(એજન્સી) નવી દિલ્હી, તા. ૨૪

સુપ્રીમ કોર્ટે બુધવારે ચૂંટણી પંચને ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM)માં વોટર વેરિફાઈબલ પેપર ઓડિટ ટ્રેઈલ (VVPAT) વડે ક્રોસ વેરિફિકેશન અંગેના તેના પ્રશ્નોના જવાબ આપવા જણાવ્યું હતું. આ સંદર્ભમાં ECI દ્વારા આપવામાં આવેલા FAQ અંગેની મૂંઝવણને દૂર કરવા સર્વોચ્ચ અદાલતે બુધવારે બપોરે ૨ વાગ્યે વરિષ્ઠ નાયબ ચૂંટણી કમિશનર નિતેશ કુમાર વ્યાસને બોલાવ્યા હતા. જસ્ટિસ સંજીવ ખન્ના અને દીપાંકર દત્તાની બનેલી બેંચે અગાઉ મતોની સંપૂર્ણ ક્રોસ-વેરિફિકેશનની માંગ કરતી અરજીઓ પર પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો.

**સુપ્રીમ કોર્ટ દ્વારા કયા સવાલો ઉઠાવવામાં આવ્યા છે?**

- કંટ્રોલ યુનિટમાં માઈક્રો-કંટ્રોલર ઈન્સ્ટોલ કરેલું છે કે VVPATમાં?

શું માઈક્રો-કંટ્રોલર વન-ટાઈમ પ્રોગ્રામેબલ છે?

- કેટલા સિમ્બોલ લોડિંગ યુનિટ્સ ઉપલબ્ધ છે?
- સ્પષ્ટ કરો કે ચૂંટણી અરજી દાખલ કરવાની મર્યાદા અવધિ ૩૦ દિવસ છે કે ૪૫ દિવસ?
- શું EVM, VVPAT અને કંટ્રોલ યુનિટ એકસાથે સંગ્રહિત છે કે અલગ?

અગાઉ, સુપ્રીમ કોર્ટે અરજદારોને કહ્યું હતું કે, ''બધું જ શંકાસ્પદ ન હોઈ શકે. તમે દરેક વસ્તુની ટીકા ન કરી શકો. જો તેઓએ (ECI) કંઈક સારૂં કામ કર્યું છે તો તમારે તેની પ્રશંસા કરવી પડશે. તમારે દરેક વસ્તુની ટીકા કરવાની જરૂર નથી.'' બેન્ચે મેન્યુઅલ કાઉન્ટિંગ પ્રક્રિયા અંગે પણ વાંધો વ્યક્ત કર્યો હતો કારણ કે ભારતમાં સૌથી મોટી લોકશાહી ગણાતા આ દેશમાં બહુ મોટું કામ હશે. વર્તમાન નિયમો મુજબ ચૂંટમી પેનલ દરેક વિધાનસભા સીટ પર રેન્ડમલી પસંદ કરેલ પાંચ ઈવીએમની VVPAT સ્લિપની ચકાસણી કરે છે.

## હજારો નાગરિકોએ ચૂંટણી પંચને પત્ર લખીને નરેન્દ્ર મોદી વિરુદ્ધ નફરતભર્યા ભાષણ બદલ કાર્યવાહી કરવાની માંગ કરી

(એજન્સી) તા.૨૪


આશરે ૧૭,૪૦૦થી વધુ નાગરિકોએ ચૂંટણી પંચ (EC)ને પત્ર લખીને નફરતી ભાષણ કરવા બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ કાર્યવાહી કરવા વિનંતી કરી છે. રાજસ્થાનમાં પ્રચાર દરમિયાન મોદીની તાજેતરની ટિપ્પણી પછી આ આક્રોશ જોવામાં આવ્યો છે, જ્યાં તેમણે જણાવ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટી લોકસભા ચૂંટણીમાં જીતશે તો નાગરિકોની સંપત્તિ 'ઘૂસણખોરો'ને ફાળવશે. સંબંધિત નાગરિકોના એક જૂથે ECને કરેલી અરજીમાં મોદીના ભાષણના વિભાજનકારી સ્વભાવને દર્શાવતા કહ્યું છે કે, તે મુસ્લિમ સમુદાયને સીધો લક્ષ્ય બનાવે છે અને ભારતના લોકશાહીના સિદ્ધાંતોને અસર કરે છે. ૨૨૦૯ વ્યક્તિઓ દ્વારા હસ્તાક્ષર કરાયેલી અરજીમાં વડાપ્રધાન દ્વારા અપમાનજનક ભાષાના ઉપયોગ અને સાંપ્રદાયિક સંવાદિતા પર તેની સંભવિત અસર અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. સંસાધન ફાળવણીમાં અન્ય નાગરિકો કરતાં મુસ્લિમોને પ્રાધાન્ય આપવાનું કોંગ્રેસ માટે સ્વીકાર્ય છે કે કેમ તે અંગે પ્રશ્ન કરતા મોદીના ચોક્કસ નિવેદનની આકરી ટીકા થઈ હતી. આ નાગરિકોના જૂથે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આવા નિવેદનો સાંપ્રદાયિક તણાવને ઉત્તેજન આપે છે અને લોકશાહી રાષ્ટ્ર તરીકે ભારતની છબીને પણ ખરાબ કરે છે.

આ અરજીમાં ચૂંટણી પ્રચાર દરમિયાન નફરતભર્યા ભાષણને સંબોધવા માટે ચૂંટણી પંચની જવાબદારી પણ દર્શાવવામાં આવી છે. કાર્યવાહી કરવામાં નિષ્ફળતા અંગે અરજદારોએ દલીલ કરી હતી કે, ECની વિશ્વસનીયતા અને સ્વાયત્તતાને નબળી પાડશે. નિષ્પક્ષ અને લોકશાહી ચૂંટણી સુનિશ્ચિત કરવા માટે આ મહત્ત્વપૂર્ણ છે.

વધુમાં સંવિધાન બચાવો નાગરિક અભિયાનના બેનર હેઠળ ૧૭,૪૦૦થી વધુ વ્યક્તિઓ દ્વારા હસ્તાક્ષર કરાયેલ એક અલગ પત્રમાં મોદી પર આદર્શ આચારસંહિતા અને જનપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧નું ઉલ્લંઘન કરવાનો આરોપ મૂક્યો હતો. તેઓએ હિન્દુઓમાં નફરતને ઉશ્કેરવાના કથિત ઉદ્દેશ્ય માટે મોદીના ભાષણની નિંદા કરી હતી. કોંગ્રેસ પક્ષની નીતિઓની ખોટી રજૂઆતના આધારે મુસ્લિમો વિરુદ્ધ ખોટા નિવેદનો આપવા બદલ મોદીની ટીકા કરવામાં આવી છે. પત્રમાં ભારતના સામાજિક માળખાને સંભવિત નુકસાનને ટાંકીને મોદીના અભિયાન પર પ્રતિબંધ લાદવાની હાકલ કરવામાં આવી હતી. મોદીની ટિપ્પણીના વિવાદે રાજકીય નેતાઓની સાંપ્રદાયિક સંવાદિતા જાળવવાની જવાબદારી અને ચૂંટણી પ્રચાર દરમિયાન અપ્રિય ભાષણને રોકવા માટે ચૂંટણી અધિકારીઓની ભૂમિકા પર વ્યાપક ચર્ચાને વેગ આપ્યો છે. ભાજપે ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહનસિંઘના નિવેદનોની વીડિયો ક્લિપ શેર કરીને મોદીની ટિપ્પણીઓને સંદર્ભિત કરવાનો પ્રયાસ કર્યો છે, ત્યારે વિપક્ષે અને કોંગ્રેસે આ અર્થઘટનને ખોટા સંદર્ભમાં લેવામાં આવ્યું છે એવું કહ્યું છે.

### ક્યા બાત હૈ ?!

**જાવ, તમે વડાપ્રધાનને રાજીનામું સોંપી આવો એટલીવારમાં હું આ સગેવગે કરી નાખું છું !**




## અજમલ આસામમાં સરકારી મદ્રેસાઓ બંધ કરવાના નિર્ણય સામે સુપ્રીમ કોર્ટમાં જશે

### ગયા વર્ષે ડિસેમ્બરમાં સમગ્ર આસામમાં ૧૨૮૧ ઉચ્ચ પ્રાથમિક અંગ્રેજી માધ્યમ મદ્રેસાઓને સામાન્ય ME શાળાઓમાં રૂપાંતરિત કરવામાં આવ્યા હતા

(એજન્સી) ગુવાહાટી, તા.૨૪

AIUDFના વડા બદરૂદ્દીન અજમલે કહ્યું હતું કે, તેઓ રાજ્ય સંચાલિત મદ્રેસાઓને બંધ કરવાના આસામ સરકારના નિર્ણય સામે સુપ્રીમ કોર્ટમાં જશે. ધુબરીના વર્તમાન સાંસદે આશા વ્યક્ત કરી હતી કે, તેઓ સર્વોચ્ચ અદાલત આસામના તમામ બંધ મદ્રેસાઓને ફરીથી ખોલવાનો આદેશ અપાશે. અજમલે મંગળવારે ચૂંટણી પ્રચાર બેઠકમાં પત્રકારોને જણાવ્યું હતું કે, 'યુપી સરકારે મદ્રેસાઓને બંધ કરવાની જાહેરાત કરી અને બાદમાં સુપ્રીમ કોર્ટે તેમની નિંદા કરી. આ સંદર્ભ સાથે અમે સુપ્રીમ કોર્ટમાં જઈશું અને ત્યાંથી મદ્રેસાઓને ફરીથી ખોલવાનો આદેશ મેળવીશું.' ગયા વર્ષે ડિસેમ્બરમાં સમગ્ર આસામમાં ૧૨૮૧ ઉચ્ચ પ્રાથમિક અંગ્રેજી માધ્યમ મદ્રેસાઓને સામાન્ય ME શાળાઓમાં રૂપાંતરિત કરવામાં આવી હતી. અગાઉ એપ્રિલ ૨૦૨૧માં મદ્રેસા બોર્ડ હેઠળની તમામ ૬૧૦ રાજ્ય સંચાલિત મદ્રેસાઓ શિક્ષણ અને બિન-શિક્ષણ કર્મચારીઓની સ્થિતિ, પગાર, ભથ્થાં અને સેવાની શરતોમાં કોઈ ફેરફાર કર્યા વિના ઉચ્ચ પ્રાથમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં રૂપાંતરિત કરવામાં આવી હતી. ડિસેમ્બર ૨૦૨૦માં આસામ મદ્રેસા શિક્ષણ (પ્રાંતીયકરણ) અધિનિયમ, ૧૯૯૫ અને આસામ મદ્રેસા શિક્ષણ (કર્મચારીઓની સેવાઓનું પ્રાંતીકરણ અને મદ્રેસા શૈક્ષણિક સંસ્થાઓનું પુનઃ સંગઠન) અધિનિયમને ૨૦૧૮ રદ કરવામાં આવ્યો હતો. પ્રથમ ભાજપની આગેવાની હેઠળની આસામ સરકારના આ પગલાએ તમામ રાજ્ય-ભંડોળવાળા મદ્રેસાઓને બંધ કરવાનો અને તેમને સામાન્ય શાળાઓમાં પરિવર્તિત કરવાનો માર્ગ મોકળો કર્યો હતો.

## જીના તો હય ઉસીકા જીસને યે રાઝ જાના હય કામ આદમી કા ઓરોં કે કામ આના



**"જેટલા ઊંચે જવું હો માનવી, તેટલા ઉન્નત વિચારો જોઈએ"**

ઉપરોક્ત પંક્તિઓને પોતાના લેખોમાં હંમેશાં લખતા ભાઈખાનભાઈ બલુચ સાહેબે પોતાના જીવનમાં અક્ષરસઃ ઉતારી હતી અને પોતાના આ વિચારોને સમાજના ઉત્કર્ષ માટે સાર્થક કરવા જે અભિયાન આદર્યું તેના ફળસ્વરૂપે જ "ગુજરાત ટુડે" દૈનિકનો જન્મ થયો, જે ખરેખર સફળ રહ્યો.

આજે "ગુજરાત ટુડે" દૈનિક ફક્ત અખબાર નહીં, પરંતુ એક સામાજિક ઉત્કર્ષની ચળવળ સ્વરૂપે રાજ્યના ફલક પર વિસ્તરી રહ્યું છે. બલુચ સાહેબના વિચારોને અનુરૂપ 'ગુજરાત ટુડે' દૈનિકે સમાજને અને આવનાર પેઢીઓને શૈક્ષણિક-સામાજિક તેમજ અન્ય ક્ષેત્રે સ્વમાનભેર જીવવાનો માર્ગ ચિંધ્યો; ચિંધી રહ્યું છે. આજે જ્યારે તેઓ આપણી વચ્ચે નથી ત્યારે તેમના ઉન્નત વિચારોની ફળશ્રુતિઓમાંથી ઉદય પામેલા ટ્રસ્ટ અને તેના દ્વારા પ્રકાશિત "ગુજરાત ટુડે" દૈનિક એ સાર્થકતાને જાળવી રાખવા સતત ૩૩ વર્ષ કરતાં વધુ સમયથી પ્રયત્નશીલ છે અને રહેશે. (ઈન્શાઅલ્લાહ) એટલે જ આપ સૌનો સાથ-સહકાર વધુને વધુ મળતો રહે એવી દિલી તમન્નાઓ.

"ખિદમતે ખલ્ક, ખિદમતે ખુદા"ની પ્રેરણાત્મક જ્યોતને ઝળહળતી રાખીએ એ જ તેમની રૂહને આજે ૩૩મી પૂણ્યતિથિએ અર્પેલી સાચી ખિરાજે અકીદત; શ્રદ્ધાંજલિ છે.

**ટ્રસ્ટીમંડળ,**
**લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ**
**અને ગુજરાત ટુડે દૈનિક પરિવાર**

# જાતિ આધારિત વસ્તી ગણતરીને કોઈ તાકાત રોકી શકશે નહીં; જેઓ પોતાને 'દેશભક્ત' કહે છે તેઓ એક્સ-રેથી ડરે છે : રાહુલ ગાંધી

**કોંગ્રેસના નેતાએ કહ્યું કે, તેમને જાતિમાં રસ નથી પરંતુ 'ન્યાય' માં છે અને ભારપૂર્વક જણાવ્યું હતું કે, ૯૦ ટકા વસ્તી જેમની સામે અન્યાય થયો છે તેમને ન્યાય સુનિશ્ચિત કરવાનું તેમના જીવનનું મિશન છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહારો શરૂ કરતા કહ્યું કે, જેઓ પોતાને 'દેશભક્ત' કહે છે તેઓ જાતિ ગણતરીના 'એક્સ-રે'થી ડરે છે પરંતુ 'કોઈ તાકાત' તેને રોકી શકશે નહીં. અહીં 'સામાજિક ન્યાય સંમેલન'ને સંબોધતા ગાંધીએ કહ્યું કે, તેમને જાતિમાં રસ નથી પરંતુ 'ન્યાય' (ન્યાય)માં રસ છે અને ભારપૂર્વક જણાવ્યું હતું કે, ૯૦ ટકા વસ્તી જેમની સામે અન્યાય થયો છે તેમને ન્યાય સુનિશ્ચિત કરવાનું તેમના જીવનનું મિશન છે. ગાંધીએ કહ્યું, 'અમારી સરકાર બને કે તરત જ સૌથી પહેલું કામ જાતિની વસ્તી ગણતરી કરવામાં આવશે.' તેમણે કહ્યું કે, કોંગ્રેસ મેનિફેસ્ટો એક્સ-રે અને મોદી દ્વારા બનાવવામાં આવેલી આવકની અસમાનતા વિશે વાત કરે છે. મોદીએ ૧૬ લાખ કરોડ પસંદગીના બિઝનેસમેનોને ટ્રાન્સફર કર્યા છે અને કોંગ્રેસ ૯૦ ટકા વસ્તીને થોડી રકમ પરત કરવા જઈ રહી છે એમ તેમણે જણાવ્યું હતું. તેમણે ચૂંટણી ઢંઢેરામાં ઉલ્લેખિત પક્ષની ગેરંટી વિશે કહ્યું, 'અમે ગણતરી કરી છે...અમને જે લાગ્યું તે ન્યાય છે અને તે મદદ આપવી જોઈએ, અમે તેને ઢંઢેરામાં મૂકીએ છીએ.' ભૂતકાળમાં તેમને 'બિન-ગંભીર' રાજકારણી ગણાવવા બદલ મીડિયા પર કટાક્ષ કરતા કોંગ્રેસના પૂર્વ વડાએ મનરેગા યોજના, જમીન અધિગ્રહણ બિલ,



ભટ્ટા પરસૌલ ચળવળ, નિયમગિરી હિલ્સ મામલા સાથે તેમની સંડોવણીનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે, મીડિયા આને બધું 'નોન-સીરિયસ' પરંતુ અમિતાભ બચ્ચન, ઐશ્વર્યા રાય અને વિરાટ કોહલી વિશેની વાતને તેઓ સિરિયસ ગણતાં હતા. ગાંધીએ કહ્યું કે, 'કોઈપણ વ્યક્તિ જે ૯૦ ટકા વસ્તીની વાત કરે છે તેને બિન-ગંભીર કહેવામાં આવે છે.' તેમણે કહ્યું કે, તેમણે મીડિયા ઉદ્યોગમાં હિસ્સેદારો પર નજર નાખી અને જોયું કે ત્યાં એક પણ ઓબીસી, દલિત કે આદિવાસી એન્કર નથી. મોટાભાગે દલિતો, આદિવાસીઓ અને પછાત સંગઠનોના લોકોને સમાવતી સભાને સંબોધતા તેમણે કહ્યું કે, 'તો લાઉડસ્પીકર તમારી સાથે નથી. મીડિયામાં કોઈ પ્રતિનિધિત્વ નથી. મીડિયામાં કોના પૈસા જાય છે, સરકાર પૈસા આપે છે, GSTમાં કોના પૈસા આવે છે ? આ ૯૦ ટકા લોકોના પૈસા છે.' તેમણે કહ્યું કે, ન્યાયતંત્રમાં પણ આવું જ છે, હાઈકોર્ટના ૬૫૦ ન્યાયાધીશોમાંથી માત્ર ૧૦૦ જ ૯૦ ટકા વસ્તી સાથે જોડાયેલા છે. ગાંધીએ કહ્યું કે, દેશની ટોચની ૨૦૦ કંપનીઓમાં પણ કોઈ દલિત, આદિવાસી કે ઓબીસી નથી. તેમણે આરોપ લગાવ્યો હતો કે, 'નરેન્દ્ર મોદીએ આ કંપનીઓમાંથી ૨૫ લોકોને ૧૬ લાખ કરોડ રૂપિયા આપ્યા છે. વડાપ્રધાને જે રકમ આ ૨૫ લોકોને આપી છે તે રકમ ખેડૂતોની માફ કરવામાં આવેલ લોન ની રકમની ૨૫ ગણી રકમ છે.' કોંગ્રેસના નેતાએ કહ્યું કે, 'મને જ્ઞાતિમાં નહીં પણ ન્યાયમાં રસ છે. હું કહું છું કે, ૯૦ ટકા વસ્તી સાથે ઘોર અન્યાય થઈ રહ્યો છે. મેં એવું પણ કહ્યું નથી કે અમે તેના પર કોઈ પગલાં લઈશું. મેં માત્ર એટલું જ કહ્યું કે ચાલો આપણે શોધી કાઢીએ કે કેટલો બધો અન્યાય થઈ રહ્યો છે. આ બાબતે કોઈ વાંધો ન હોવો જોઈએ અને તમે ઘાયલ થયા હોવ અને હું કહું કે, (તમે)એક્સ-રે કરાવો તો તમાં કોઈ વાંધો ન હોવો જોઈએ. 'પરંતુ રાષ્ટ્રીય મીડિયાએ અને નરેન્દ્ર મોદીને જુઓ કે તરત જ મેં એક્સ-રે શબ્દનો ઉપયોગ કર્યો અને કહ્યું કે, ચાલો જાણીએ ચકાસીએ કે કેટલો અન્યાય થયો છે, તો તેઓ તરત જ ઊભા થયા અને કહેવા લાગ્યા કે 'દેશના ભાગલા પાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે, તેમને તોડી પાડો.' એક્સ-રે માત્ર સહભાગિતા વિશે જ કહેશે અને તે ન્યાય વિશે જણાવશે અને તમામ 'દેશભક્તો'ને આઘાત લાગશે. તેમણે કહ્યું, 'દેશભક્ત શું ઈચ્છે છે? દેશભક્ત દેશમાં ન્યાય ઈચ્છે છે. દેશભક્ત ઈચ્છે છે કે, ભારત આગળ વધે અને સુપર પાવર બને. તેથી જો તમારે સુપર પાવર બનવું હોય અને ચીનથી આગળ વધવું હોય તો તમારે ૯૦ની તાકાતનો ઉપયોગ કરવો પડશે. જે લોકો પોતાને 'દેશભક્ત' કહે છે તેઓ એક્સ-રેથી ડરે છે.' ગાંધીએ કહ્યું કે, '૧૦ વર્ષ સુધી મોદીએ કહ્યું કે, તેઓ ઓબીસી છે પરંતુ મેં જાતિ ગણતરીની વાત કરી કે તરત જ તેમણે કહ્યું કે, 'મારી કોઈ જાતિ નથી'. જો કોઈ જાતિ નથી તો તમે OBC કેવી રીતે છો. તો તમારે કહેવું જોઈતું હતું કે, મારી કોઈ જાતિ નથી. તે પછી કહે છે કે, અમીર અને ગરીબ બે જાતિઓ છે. જો તમે એમ કહો છો, તો હું કહું છું કે ગરીબોની યાદી બહાર કાઢો અને તમને દલિત, આદિવાસીઓ અને પછાત મળી જશે.' તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ૯૦ ટકા વસ્તી માટે ન્યાય સુનિશ્ચિત કરવો એ રાજકારણ માટે નથી પરંતુ તે તેમના જીવનનું મિશન છે. ગાંધીએ કહ્યું કે, જીવનના મિશન અને રાજકારણમાં તફાવત છે કારણ કે, રાજકારણમાં સમાધાન કરી શકાય છે પરંતુ જીવનના મિશનમાં નહીં. તેમણે આરોપ લગાવ્યો કે ભાજપનો ઉદ્દેશ્ય પાકિસ્તાન, ચીન અને બોલિવૂડના મુદ્દા ઊભા કરીને દલિતો, ઓબીસી, આદિવાસીઓના મુદ્દા પરથી ધ્યાન હટાવવાનો છે. ગાંધીએ કહ્યું કે, 'તેમને (ભાજપ)ની સમસ્યા એ છે કે, તમે માત્ર મર્યાદિત સમયગાળા માટે ધ્યાન હટાવી શકો છો અને તે સમય આવી ગયો છે જ્યારે ઓબીસી પૂછે છે કે, શું થઈ રહ્યું છે. રામ મંદિરનું નિર્માણ થયું અને અમે અમારી (દલિત અને આદિવાસીઓ) વ્યક્તિઓમાંથી કોઈ જોયું નથી અને એ વ્યક્તિને આ ઉદ્ઘાટનમાં નથી જોઈ, સંસદ ભવનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું પરંતુ તેમાં પણ અમે અમારી વ્યક્તિ જોઈ નથી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, સંસદનું ઉદ્ઘાટન કરવાનું રાષ્ટ્રના વડાનું કામ છે પરંતુ તેમને સમારોહમાંથી બાકાત રાખવામાં આવ્યા હતા. જ્ઞાતિની વસ્તી ગણતરી સ્પષ્ટતા આપશે તેવું ભારપૂર્વક જણાવતા ગાંધીએ કહ્યું કે, તે માત્ર જાતિ સર્વેક્ષણ નથી પરંતુ તેની સાથે આર્થિક અને સંસ્થાકીય સર્વે પણ જોડવામાં આવશે. એમ તેમણે ઉમેર્યું કે, દેશને ખબર પડશે કે કેટલા દલિત, આદિવાસી અને ગરીબ સામાન્ય જાતિઓ છે અને વિવિધ ક્ષેત્રોમાં તેમની ભાગીદારી કેટલી છે. ગાંધીએ કહ્યું કે, 'આને સમજો કે આ મારા માટે રાજકારણ નથી અને આ મારા જીવનનું મિશન છે અને હું ગેરંટી આપું છું. કોઈપણ તાકાત જાતિની વસ્તી ગણતરીને રોકી શકશે નહીં. તેને જેટલી રોકવામાં આવશે, તેટલી વધુ તે પ્રચંડ તાકાત સાથે પરત આવશે કારણ કે, ૯૦ ટકા લોકો તે કહેતા નથી, પરંતુ સમજી ગયા છે કે, સંસ્થાકીય માળખું અને દેશના અર્થતંત્રમાં તેઓ દેશનો ૯૦ ટકા ભાગ તેમનો હોવા છતાં તેમનું કોઈ સ્થાન નથી.'

# વોટ બેંકની ભૂખી કોંગ્રેસ ધર્મના આધારે અનામત લાગુ કરવા માંગે છે અને વારસાગત ટેક્સ લાગુ કરવા માંગે છે : છત્તીસગઢમાં PM મોદી

**કેટલાક દળો દેશમાં કોંગ્રેસ અને ઈન્ડિયા ગઠબંધન હેઠળની નબળી સરકાર લાવવા માંગે છે કેમ કે તેમને ખબર છે કે, જો ભારત આત્મનિર્ભર બની જશે તો તેમની દુકાનો બંધ થઈ જશે**

(એજન્સી) તા.૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે છત્તીસગઢના સુરગુજામાં એક ચૂંટણી રેલીને સંબોધિત કરતા સામ પિત્રોડાના વારસાગત ટેક્સ અંગેના નિવેદન પર આક્રમક પ્રહાર કર્યા. તેમણે કહ્યું કે, કોંગ્રેસના ઈરાદા સારા નથી. હવે તેના ખતરનાક ઈરાદાઓ ખુલ્લેઆમ બધાની સામે આવી ગયા છે. એટલા માટે તે વારસાગત ટેક્સ વિશે વાત કરી રહ્યા છે. તેમણે કહ્યું કે, કોંગ્રેસ વોટ બેંકની ભૂખી છે અને એટલા માટે જ તે અનામતને પણ ધર્મના આધારે લાગુ કરવા માંગે છે કે, જેથી કરીને પોતાના વોટ પાક્કા કરી શકે. કેટલાક દળો દેશમાં કોંગ્રેસ અને ઈન્ડિયા ગઠબંધન હેઠળની નબળી સરકાર લાવવા માંગે છે કેમ કે તેમને ખબર છે કે, જો ભારત આત્મનિર્ભર બની જશે તો તેમની દુકાનો બંધ થઈ જશે. પીએમ મોદીએ કહ્યું કે, કોંગ્રેસના ઈરાદા યોગ્ય નથી અને બંધારણ અને સામાજિક ન્યાયને અનુરૂપ પણ નથી. કોંગ્રેસ તમારી કમાણી, તમારા ઘર, દુકાન, ખેતરો અને જમીન પર પણ નજર રાખી રહી છે. કોંગ્રેસના શહેજાદા કહે છે કે, તેઓ દેશના દરેક ઘર, દરેક તિજોરી અને દરેક પરિવારની સંપત્તિનો એક્સ-રે કરશે. આપણી માતાઓ અને બહેનો પાસે જે સ્ત્રીધન, આભૂષણો છે તેની કોંગ્રેસ તપાસ કરાવશે. પીએમ મોદીએ કહ્યું કે, સુરગુજામાં આપણી આદિવાસી માતાઓ અને બહેનો હંસુલી અને મંગળસૂત્ર પહેરે છે. કોંગ્રેસ તમારી પાસેથી આ બધું છીનવીને વહેંચશે. હવે તમે જાણો છો કે તે આ વસ્તુઓ છીનવીને કોને આપશે ? મારે કહેવાની જરૂર છે કે શું ? કોંગ્રેસનું કહેવું છે કે, સત્તામાં આવ્યા બાદ તે એક પછી એક ક્રાંતિકારી પગલાં લેશે. અરે, આ સપના ન જોશો. દેશની જનતા તમને આવી તક નહીં આપે. મોદીએ કહ્યું કે, કોંગ્રેસના ખતરનાક ઈરાદા એક પછી એક ખુલ્લેઆમ સામે આવી રહ્યા છે. મોદીએ કહ્યું કે, રાહુલ ગાંધીના સલાહકાર સામ પિત્રોડાએ



થોડા સમય પહેલા કહ્યું હતું કે, આપણા દેશના મધ્યમવર્ગ પર વધારે ટેક્સ લાદવો જોઈએ. તેમણે જાહેરમાં આવું કહ્યું છે. હવે તેઓ આ મામલે આગળ વધી રહ્યા છે અને કહી રહ્યા છે કે, તમારી સંપત્તિ પર ઈનહેરિટન્સ ટેક્સ એટલે કે વારસાગત ટેક્સ લગાવવામાં આવશે. વડાપ્રધાને કહ્યું હતું કે, તેઓ નથી ઈચ્છતા કે તમારા બાળકોને એ સંપત્તિ વારસામાં મળે જે તમે તમારી મહેનતથી મેળવી છે. તેઓ નથી ઈચ્છતા કે ભારતીયો તેમની મિલકત તેમના બાળકોને આપે. આ પાર્ટી શહેરી નક્સલીઓના નિયંત્રણમાં છે. તેઓ તમારી બધી દુકાનો અને ઘરો છીનવી લેશે. કોંગ્રેસ તમારા માતા-પિતાનો વારસો છીનવી લેશે. કોંગ્રેસ નેતા પિત્રોડાએ કહ્યું કે, અમેરિકામાં વારસાગત ટેક્સ વસૂલાય છે. જો કોઈની પાસે ૧૦ કરોડ ડૉલરની સંપત્તિ હોય અને તે મૃત્યુ પામી જાય તો તે ફક્ત ૪૫ ટકા જ તેના બાળકોને ટ્રાન્સફર કરી શકે છે. જો કે, તેમના આ નિવેદન પર વિવાદ થતાં તેમણે કહ્યું કે, મારી વાતને તોડી મરોડીને રજૂ કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે, ૫૫ ટકા સંપત્તિ સરકાર દ્વારા લઈ લેવામાં આવે છે. આ એક રસપ્રદ કાયદો છે. કાયદો કહે છે કે, તમે તમારા જીવન દરમિયાન સંપત્તિ કમાઈ અને હવે તમે જઈ રહ્યા છો, તમારે તમારી સંપત્તિથી અડધો હિસ્સો પ્રજા માટે છોડવો જોઈએ. આ નિષ્પક્ષ કાયદો મને સારો લાગે છે.

# વારસાગત ટેક્સ લાગુ કરવાની કોંગ્રેસની કોઈ યોજના જ નથી : જયરામ રમેશ

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

સામ પિત્રોડાએ આપેલા એક ઈન્ટરવ્યુ બાદ તેમના ગણા નિવેદનો મામલે ભાજપ ટીકા કરી રહ્યું છે. સામ પિત્રોડાએ વિરાસત ટેક્સની વાત કરી છે ત્યારે ભાજપ તેની પણ ટીકા કરી રહ્યું છે પણ કોંગ્રેસ પોતાના ઓવરસીઝ પ્રેસિડેન્ટની વ્હારે આવી છે. જયરામ રમેશે આ મામલે ભાજપ તરફથી ઊભા કરાયેલા બિનજરૂરી વિવાદ પર ખુલાસો કરી દીધો કે કોંગ્રેસનો વારસાગત ટેક્સ લાગુ કરવાનો કોઈ પ્લાન કે યોજના છે જ નહીં. વારસાગત ટેક્સ અંગે સામ પિત્રોડાના નિવેદન બાદ કોંગ્રેસ નેતા જયરામ રમેશે સ્પષ્ટતા આપી છે. જયરામ રમેશે કહ્યું કે, સામ પિત્રોડા વિશ્વભરના ઘણા લોકોના માર્ગદર્શક, મિત્ર રહ્યા છે. આમાં મારો પણ સમાવેશ થાય છે. તેમણે દેશના વિકાસમાં ઘણું મહત્ત્વનું યોગદાન આપ્યું છે. તેઓ ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના પ્રમુખ છે. તે ખુલ્લેઆમ મુદ્દાઓ પર પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે. ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના પ્રમુખ સામ પિત્રોડાના વારસાગત ટેક્સ અંગેના નિવેદને નવી ચર્ચા જગાવી છે. તેમણે કહ્યું હતું કે, અમેરિકામાં વારસાગત ટેક્સ છે જે ખૂબ જ રસપ્રદ કાયદો છે. ભારતમાં એવો કોઈ કાયદો નથી. પરંતુ મને લાગે છે કે, આની ચર્ચા થવી જોઈએ. આ નિવેદન બાદ ભાજપે ટીકાબાણ ચલાવ્યા છે, પરંતુ કોંગ્રેસ ખુલ્લેઆમ પિત્રોડાના બચાવમાં આવી છે. સામ પિત્રોડાના નિવેદન પર ભાજપના હોબાળા પર કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, આપણા દેશમાં બંધારણ છે. અમારો એવો કોઈ ઈરાદો નથી. ભાજપ આ માત્ર મત માટે કરી રહી છે.

જયરામ રમેશે કહ્યું કે, લોકશાહીમાં દરેક વ્યક્તિને પોતાના અંગત વિચારોની ચર્ચા કરવાની અને પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવાની સ્વતંત્રતા છે. પરંતુ આનો અર્થ એ નથી કે પિત્રોડાના વિચારો હંમેશા કોંગ્રેસના વિચારો સાથે મેળ ખાય છે. ઘણી વખત આવું થતું નથી. વડાપ્રધાન મોદીના ચૂંટણી પ્રચાર પરથી ધ્યાન હટાવવા માટે પિત્રોડાના નિવેદનને જાણી જોઈને ખોટા સંદર્ભમાં રજૂ કરવામાં આવી રહ્યા છે.

ભાજપે એવો દાવો પણ કર્યો છે કે, આ કાયદો આટલો સારો હોય તો કોંગ્રેસે પોતાના શાસન દરમિયાન શા માટે લાગુ પાડ્યો નથી. દરમિયાન પિત્રોડાએ પણ ટ્વિટ કરી જણાવ્યું હતું કે, તેમણે એક મત વ્યક્ત કર્યો હતો, પરંતુ તેમના નિવેદન મામલે ખોટો વિવાદ ઊભો કરવામાં આવી રહ્યો છે.

# NEET -2024 પરીક્ષા સિટી સ્લિપ neet.ntaonline.in પર જારી, ડાઉનલોડ કરવાના તબક્કા

(એજન્સી) તા.૨૪

રાષ્ટ્રીય પરિક્ષણ એજન્સી એનટીએએ રાષ્ટ્રીય પાત્રતા સહપ્રવેશ પરીક્ષા NEET UG ૨૦૨૪ પરીક્ષા માટે પરીક્ષા સિટી સ્લિપ જારી કરી દીધી છે. નીટ ૨૦૨૪નું આયોજન ૫ મેએ થવાનું છે અને સિટી સ્લિપ અત્યારે જારી થઈ ગઈ છે. નોંધાયેલ ઉમેદવાર સિટી સ્લિમની તપાસ અને ડાઉનલોડ કરી શકે છે અને તે મુજબ યાત્રાની વ્યવસ્થા કરી શકે છે. નીટ ૨૦૨૪ના એડમિટ કાર્ડ બે મે ૨૦૨૪ સુધી જારી થવાની આશા છે. એનટીએ એડમીટ કાર્ડથી પહેલા સિટી સ્લિપ જારી કરે છે જેથી ઉમેદવારો તે મુજબ પ્રવાસની વ્યવસ્થા કરી શકે. પરીક્ષા શહેર સ્લિપમાં નક્કી પરીક્ષા કેન્દ્ર શહેર વિશે માહિતી આપવામાં આવી છે.

**NEET UG ૨૦૨૪ સિટી સ્લિપ : ડાઉનલોડ કરવાના તબક્કા:**

- સત્તાવાર વેબસાઈટ પર જાવ.
- પ્રદર્શિત વેબપેજ પર NTA NEET પરીક્ષા સીટ સ્લિપ ડાઉનલોડ લિંક પર ક્લિક કરો.
- પોતાનો અરજી નંબર અને જન્મતારીખ નોંધો
- સિટી સ્લિપ સુધી પહોંચો અને તેને ડાઉનલોડ કરો.
- આગળના સંદર્ભ માટે પ્રિન્ટઆઉટ મેળવો.

# ભાજપના પ્રહાર બાદ વારસાગત વેરા અંગેની સામ પિત્રોડાની ટિપ્પણીથી કોંગ્રેસે પોતાને અળગી કરી

**પિત્રોડાની ટિપ્પણી બાદ સત્તારૂઢ ભાજપે કોંગ્રેસ પાર્ટીને 'સંપત્તિ છીનવી લેનારાની પાર્ટી' ગણાવી**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

સામ પિત્રોડાએ 'વારસા ટેક્સ' પર વ્યક્ત કરેલા વ્યક્તિગત મંતવ્યોથી કોંગ્રેસે પોતાને દૂર રાખી છે. તેણે કહ્યું પિત્રોડાની ટિપ્પણીઓ પક્ષની સ્થિતિને પ્રતિબિંબિત કરતી નથી. એક્સ પર જયરામ રમેશે જણાવ્યુ હતુ કે, ''સેમ પિત્રોડા મારા સહિત વિશ્વભરના ઘણા લોકો માટે માર્ગદર્શક, મિત્ર, ફિલોસોફર અને માર્ગદર્શક રહ્યા છે. તેમણે ભારતના વિકાસમાં અસંખ્ય, કાયમી યોગદાન આપ્યું છે. તેઓ ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના પ્રમુખ છે. પિત્રોડા જે મુદ્દાઓ વિશે ભારપૂર્વક અનુભવે કરે છે. તેના મંતવ્યો મુક્તપણે વ્યક્ત કરે છે. લોકશાહીમાં વ્યક્તિને તેના અંગત મંતવ્યો પર ચર્ચા કરવા વ્યક્ત કરવાની અને ચર્ચા કરવાની સ્વતંત્રતા છે, તેનો અર્થ એ નથી કે, પિત્રોડાના વિચારો હંમેશા ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થિતિને પ્રતિબિંબિત કરે છે.'' તેમણે ઉમેર્યું કે, ''ઘણી વખત તેઓ એવું કરતા નથી. તેમની ટિપ્પણીઓને હવે સનસનાટીભર્યા બનાવવી અને તેમને સંદર્ભથી તોડી નાખવી એ નરેન્દ્ર મોદીના દૂષિત અને તોફાની ચૂંટણી પ્રચારથી ધ્યાન હટાવવાના ઈરાદાપૂર્વકના અને ભયાવહ પ્રયાસો છે; જે ફક્ત જુઠ્ઠાણા અને વધુ જૂઠાણાંમાં લંગરાયેલું છે.''

**સામ પિત્રોડાએ શું કહ્યું ? :**

સત્તામાં આવ્યા પછી કોંગ્રેસની કથિત ''સંપત્તિ વિતરણ'' યોજના પર ઉગ્ર ચર્ચા વચ્ચે, ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના પ્રમુખ સામ પિત્રોડાએ ANI સાથેની મુલાકાતમાં ગરીબોમાં સંપત્તિના વિતરણને લગતી નીતિની હાકલ કરી અને યુ.એસ.માં વારસાગત કર વિશેની વાત કરી હતી. તેમણે કહ્યું કે, ''અમેરિકામાં વારસાગત કર છે. જો કોઈની પાસે ૧૦૦ મિલિયન ડોલરની સંપત્તિ હોય અને જ્યારે તે મૃત્યુ પામે ત્યારે તે ફક્ત ૪૫ ટકા જ તેના બાળકોને ટ્રાન્સફર કરી શકે, ૫૫ ટકા સરકાર દ્વારા લઈ લેવામાં આવે છે. આ રસપ્રદ કાયદા મુજબ, 'તમે તમારી પેઢીમાં સંપત્તિ બનાવી છે અને હવે તમે છોડીને જઈ રહ્યા છો તો તમારે તમારી આ સંપત્તિ દેશની જનતા માટે છોડી દેવી જોઈએ, બધી નહીં પણ તેનો અડધો ભાગ. આ કાયદો મને વાજબી લાગે છે.'' તેમણે ઉમેર્યું, ''ભારતમાં આવુ નથી. જો કોઈ વ્યક્તિ પાસે ૧૦ અબજ છે અને તે મૃત્યુ પામે છે તો તેના બાળકોને ૧૦ અબજ મળે છે અને દેશની જનતાને કશું મળતું નથી તો આ પ્રકારના મુદ્દાઓ છે. જેના પર લોકોએ ચર્ચા કરવી પડશે. જ્યારે આપણે સંપત્તિના પુનઃ વિતરણ વિશે વાત કરીએ છીએ, ત્યારે આપણે નવી નીતિઓ અને નવા કાર્યક્રમો



વિશે વાત કરી રહ્યા છીએ, જે લોકોના હિતમાં છે અને માત્ર અમીરોના હિતમાં નથી.''

**ભાજપની પ્રતિક્રિયા :**

સંપત્તિની વહેંચણી અને વારસાના કાયદા અંગેની તેમની ટિપ્પણી પર શાસક ભાજપે, તીવ્ર પ્રતિક્રિયા આપી હતી. ભાજપના સંચાર પ્રભારી અમિત માલવિયાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટી ભારતને બરબાદ કરવા માંગે છે. તેમણે કહ્યું, ''કોંગ્રેસે ભારતને નષ્ટ કરવાનો નિર્ણય લીધો છે. હવે સેમ પિત્રોડા સંપત્તિના પુનઃ વિતરણ માટે ૫૦ ટકા વારસાગત કરની હિમાયત કરે છે. આનો અર્થ એ છે કે, આપણે જે કંઈ પણ બનાવીશું, તેમાંથી ૫૦ ટકા આપણી તમામ મહેનત અને સાહસ સાથેની કમાણી છીનવી લેવામાં આવશે. આપણે આજે જે ટેક્સ ચૂકવીએ છીએ, જો કોંગ્રેસ જીતશે તો આ ટેક્સ પણ વધી જશે.'' ભાજપના પ્રવક્તા જયવીર શેરગીલે મતદારોને 'સંપત્તિ છીનવી લેનારાઓ' વિશે જાગૃત રહેવા ચેતવણી આપી હતી. શેરગીલે X પર લખ્યું કે, ''બિલાડી કોથળીમાંથી બહાર આવી ગઈ છે ! રાહુલ ગાંધીના મુખ્ય સલાહકાર અને 'હુઆ ટુ હુઆ' ફેઈમ સેમ પિત્રોડા યુએસની જેમ 'હેરિટન્સ ટેક્સ'ની દરખાસ્ત કરે છે. જ્યાં સરકાર તમારી સંપત્તિનો ૫૦ ટકા હિસ્સો લઈ લે છે ! કોંગ્રેસને મત આપવાનો મતલબ, મારી પૈસાની સંપત્તિ ગુમાવવી ! મતદારો ધ્યાન રાખજો, પ્રોપર્ટી છીનવી લેનારાઓ આસપાસ જ છે !''

**પિત્રોડાની સ્પષ્ટતા :**

ભાજપની ટીકા પછી સામ પિત્રોડાએ 'ગોદી મીડિયા' પર કોંગ્રેસના મેનિફેસ્ટો વિશે વડાપ્રધાન મોદીના 'જૂઠાણા' પરથી ધ્યાન હટાવવાનો આરોપ લગાવ્યો હતો. પિત્રોડાએ એક્સ પરની પોસ્ટમાં જણાવ્યું હતું કે, ''તે દુર્ભાગ્યપૂર્ણ છે કે, યુ.એસ.માં વારસાગત કર પર એક વ્યક્તિ તરીકે મેં જે કહ્યું તે ગોદી મીડિયા દ્વારા ટ્વિસ્ટ કરવામાં આવ્યું છે, જેથી વડાપ્રધાન કોંગ્રેસના મેનિફેસ્ટો વિશે જે જૂઠ્ઠાણું ફેલાવે છે. તેનાથી ધ્યાન હટાવી શકાય. મંગલસૂત્ર અને સોનુ છીનવી લેવા અંગેની વડાપ્રધાનની ટિપ્પણીઓ અવાસ્તવિક છે.''

# ઈલેક્ટોરલ બોન્ડ્સમાં ગોટાળા અંગે NGOએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરીને SIT તપાસની માંગ કરી

**આ અરજી સેન્ટર ફોર પબ્લિક ઈન્ટરેસ્ટ લિટીગેશન (CPIL) અને કોમન કોઝ દ્વારા દાખલ કરવામાં આવી છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

સુપ્રીમ કોર્ટે ચૂંટણી બોન્ડ યોજનાને રદ કરી દીધી હતી. મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચૂડની આગેવાની હેઠળની બંધારણીય બેન્ચે તેને 'ગેરબંધારણીય' ગણાવી હતી. હવે રાજકીય પક્ષો અને તેમના દાતાઓ વચ્ચે લાભ અંગે વિશેષ તપાસ ટીમ (એસઆઈટી) દ્વારા તપાસની માંગ કરતી અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવી છે. બે એનજીઓ સેન્ટર ફોર પબ્લિક ઈન્ટરેસ્ટ લિટીગેશન (CPIL) અને કોમન કોઝ દ્વારા કરવામાં આવેલી અરજીમાં દાવો કરવામાં આવ્યો હતો કે, ઈલેક્ટોરલ બોન્ડ એ કરોડો રૂપિયાનું કૌભાંડ હતું. ચૂંટણી પંચ દ્વારા પ્રસિદ્ધ કરાયેલા ડેટાથી એ જાહેર થાય છે કે, ચૂંટણી બોન્ડ દ્વારા છેલ્લા છ વર્ષમાં મોટા કોર્પોરેટ અને રાજકીય પક્ષો વચ્ચે કેવી રીતે પ્રો-ક્વો ગોઠવણ કરવામાં આવી છે. ડેટા દર્શાવે છે કે, ખાનગી કંપનીઓએ કેન્દ્ર સરકારની એજન્સીઓ સામેના રક્ષણ માટે અથવા અયોગ્ય લાભોના બદલામાં લાંચ તરીકે કરોડોનું ફંડ ચૂકવ્યું છે. એનજીઓ માટે વરિષ્ઠ વકીલ પ્રશાંત ભૂષણ દ્વારા દાખલ કરાયેલી અરજીમાં જણાવવામાં આવ્યું હતું કે, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (એસબીઆઈ) દ્વારા ચૂંટણી પંચ સાથે શેર કરવામાં આવેલ ડેટા એવા દાખલાઓ દર્શાવે છે જેમાં શાસક પક્ષોએ નીતિઓ/કાયદાઓમાં સુધારો કર્યો હતો અને જાહેરહિત અને જાહેર તિજોરીના ખર્ચે ખાનગી કોર્પોરેટ્સને લાભો પૂરા પાડ્યા હતા. બોન્ડના ડેટા એ પણ દર્શાવે છે કે, નુકસાન કરતી કંપનીઓ અને શેલ કંપનીઓએ પણ મોટી રકમ દાનમાં આપી છે. જાન્યુઆરી ૨૦૧૮માં નરેન્દ્ર મોદી સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલી ચૂંટણી બોન્ડ યોજનાને સુપ્રીમ કોર્ટે આ વર્ષે ૧૫ ફેબ્રુઆરીએ ફગાવી દીધી હતી. સરકારે વિપક્ષના ક્વિડ પ્રો ક્વો આરોપોને નકારી કાઢ્યા છે.

# ચૂંટણી પંચે પીએમ મોદીના 'વધુ બાળકો ધરાવતા અને ઘૂસણખોર'વાળા ભાષણ વિરૂદ્ધ ફરિયાદોની તપાસ શરૂ કરી

(એજન્સી) નવી દિલ્હી, તા. ૨૪

વિપક્ષના વધતા દબાણ વચ્ચે ચૂંટણી પંચે રાજસ્થાનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભાષણ વિરૂદ્ધ ફરિયાદોની તપાસ કરવાનું શરૂ કર્યું હોવાનું જાણવા મળ્યું હતું જેમાં તેમણે સૂચવ્યું હતું કે જો કોંગ્રેસ સત્તામાં આવશે તો તે લોકોની સંપત્તિ મુસ્લિમોમાં ફરીથી વહેંચી દેશે. કોંગ્રેસ અને સીપીઆઈ-એમએ રવિવારે મોદીના ભાષણ સામે ચૂંટણી પેનલને અલગ-અલગ વિનંતી કરી હતી. મોદીએ રવિવારે ભાષણમાં કહ્યું હતું કે જો કોંગ્રેસ સત્તામાં આવશે તો તે લોકોની સંપત્તિને મુસ્લિમોમાં ફરીથી વહેંચશે અને પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહની ટિપ્પણીને ટાંકીને કહ્યું કે દેશના સંસાધનો પર લઘુમતી સમુદાયનો પ્રથમ દાવો છે. સૂત્રોએ જણાવ્યું કે ચૂંટણી પંચે વડાપ્રધાનના ભાષણ વિરૂદ્ધ ફરિયાદોની તપાસ શરૂ કરી દીધી છે. કોંગ્રેસે રાજસ્થાનના બાંસવાડામાં કરેલી ''સંપત્તિના પુનઃવિતરણ'' ટિપ્પણી માટે મોદી સામે પગલાં લેવા ચૂંટણી પંચને વિનંતી કરતી વખતે આરોપ લગાવ્યો હતો કે તેઓ 'વિભાજનકારી', 'દુર્ભાવનાપૂર્ણ' હતા અને ચોક્કસ ધાર્મિક સમુદાયને નિશાન બનાવ્યા હતા. અલગથી સીપીઆઈ-એમના જનરલ સેક્રેટરી સીતારામ યેચુરીએ એક્સ પર પોસ્ટમાં ચૂંટણી પંચને ફરિયાદની નોંધ લેવા અને મોદી અને ભાજપ વિરૂદ્ધ કાર્યવાહી શરૂ કરવા વિનંતી કરી. તેમણે એફઆઈઆર દાખલ કરવાની પણ માંગ કરી હતી. તેમણે કહ્યું હતું કે, ''ECIને વિનંતી કરો કે આ તાજેતરની ફરિયાદ પર ધ્યાન આપે અને તરત જ નરેન્દ્ર મોદી અને ભાજપ સામે કાર્યવાહી શરૂ કરે. સાંપ્રદાયિક જુસ્સો અને નફરતને ઉશ્કેરવા માટે એફઆઈઆર દાખલ કરવાની જરૂર છે.'' કોંગ્રેસના નેતા અને વરિષ્ઠ વકીલ અભિષેક સિંઘવીએ જણાવ્યું હતું કે તે ''ECની અજમાયશ'' પણ છે અને મતદાન પેનલ તેના વારસાને કલંકિત કરવાનું જોખમ ધરાવે છે અને લાચાર નિષ્ક્રિયતાનું ઉદાહરણ સ્થાપિત કરીને તેની બંધારણીય ફરજને છોડી દે છે જે ભારતની લોકશાહીને બદનામ કરી શકે છે.

# PM મોદી અદશ્ય મતદારોથી ડરે છે, તેથી જ તેઓ હંમેશા કોંગ્રેસની ટીકા કરે છે : મલ્લિકાર્જુન ખડગે

**વડાપ્રધાન પર 'નાના રાજકારણી'ની જેમ કામ કરવાનો આરોપ લગાવતાં AICC પ્રમુખ પણ ઈચ્છે છે કે, તેઓ આ દેશના ઈતિહાસ વિશે વધુ વાંચે અને દેશમાં એકતા કેવી રીતે રાખવી તે શીખે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

AICCના વડા મલ્લિકાર્જુન ખડગેએ બુધવારે કહ્યું હતું કે, લોકસભાની ચૂંટણી માટે મતદાનનો પહેલો રાઉન્ડ પૂરો થતાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અદશ્ય મતદારોથી ડરે છે અને તેથી જ તેઓ હંમેશા કોંગ્રેસ પાર્ટીની ટીકા કરે છે. ખડગેએ અહીં એક પત્રકાર પરિષદમાં પૂછ્યું કે, જો કોંગ્રેસ કંઈ નથી તો વડાપ્રધાન શા માટે જૂની પાર્ટી વિશે પરેશાન છે. તેમણે કહ્યું કે, તેઓ લગભગ ૧૦-૧૨ રાજ્યોમાં ગયા છે અને ઉમેર્યું કે ત્યાંના મતદારો તરફથી પાર્ટીને ખૂબ જ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. ખડગેએ અહીં પત્રકારોને જણાવ્યું હતું કે, 'હું આશા રાખું છું કે, જેને હું અંડરકરંટ કહું છું તે દશ્યમાન નથી, પરંતુ મોદીજી આ અદશ્ય મતદારોથી ડરતા હોય છે જેઓ ચૂંટણીમાં બહાર આવશે અને તેથી જ તેઓ હંમેશા કોંગ્રેસની ટીકા કરે છે. પીઢ નેતાએ પૂછ્યું કે, જો ભાજપ આ વખતે ૪૦૦ બેઠકો મેળવશે અને તેમને આટલો મોટો વિશ્વાસ છે, તો પછી ભગવા પક્ષ ભ્રષ્ટાચારીઓને શા માટે આવકારે છે. 'તમે (ભાજપ) એક બાજુ કહો છો કે મોદી ક્યારેય ભ્રષ્ટાચારને સહન કરતા નથી પછી તમે ખરીદી કરો. ખરીદવાને બદલે હું કહીશ કે તમે લગભગ ૪૪૪ ધારાસભ્યોને લલચાવ્યા પછી ભલે તેઓ કોઈપણ પક્ષના હોય.' તેમણે આરોપ લગાવ્યો કે, ભાજપે ભૂતકાળમાં મુખ્યમંત્રીઓ, કોન્ટ્રાક્ટરો અને અન્યો સહિત ૨૩ મોટા લોકોનું પણ સ્વાગત કર્યું હતું અને તેઓ ભગવા પાર્ટીમાં જોડાતા જ 'તેઓ સ્વચ્છ થઈ ગયા.' ભાજપ પર કટાક્ષ કરતા તેમણે વધુમાં કહ્યું કે, જ્યાં સુધી તેઓ કોંગ્રેસ અથવા અન્ય વિપક્ષી પક્ષો સાથે હતા ત્યાં સુધી તે નેતાઓ ખૂબ ભ્રષ્ટ હતા. તેમણે કહ્યું, 'હું સમજી શકતો નથી કે એક વ્યક્તિ જેણે આ દેશ પર લગભગ ૧૦ વર્ષ સુધી પીએમ તરીકે અને લગભગ સાડા ૧૩ વર્ષ સુધી મુખ્યમંત્રી તરીકે શાસન કર્યું છે, તે એ પારખવા સક્ષમ નથી કે કોણ ભ્રષ્ટ છે. કોણ સારૂં છે અને કોણ ખરાબ છે.' તે દેશ માટે દુર્ભાગ્યપૂર્ણ છે કે, આવા માણસ શાસન કરે છે, તેમણે ઉમેર્યું હતું કે, મોદી અને અમિત શાહ પાસે ભ્રષ્ટ લોકોને સાફ કરવા માટે ખૂબ મોટી 'વોશિંગ મશીનો' છે. વડાપ્રધાન પર 'નાની રાજનીતિજ્ઞ'ની જેમ કામ કરવાનો આરોપ લગાવતા એઆઈસીસી પ્રમુખે કહ્યું કે, તેઓ અગાઉ અને ૨૦૧૯ની ચૂંટણી દરમિયાન જે કહ્યું હતું તે બધું ભૂલી ગયા હતા. મોદીએ યુવાનોને બે કરોડ નોકરીઓનું વચન આપ્યું હતું તેમ કહીને તેમણે પૂછ્યું કે તે બે કરોડ નોકરીઓ ક્યાં છે ? ખડગેએ યાદ કર્યું કે કેવી રીતે મોદીએ દરેક પરિવારને ૧૫ લાખ રૂપિયા આપવા અને ખેડૂતોની આવક બમણી કરવાનું વચન આપ્યું હતું. પીએમએ એવી પણ જાહેરાત કરી હતી કે તેઓ કોંગ્રેસ દ્વારા બહાર રાખવામાં આવેલ કાળું નાણું પરત લાવશે, એમ તેમણે જણાવ્યું હતું. ખડગેએ લોકોને કહ્યું કે તે નક્કી કરો કે કોણ જૂઠ બોલી રહ્યું છે પીએમ કે કોંગ્રેસ ? તેમણે કહ્યું કે, 'જ્યારે હું કહું છું કે, મોદીજી તમે જૂઠ્ઠા છો, તો લોકો પૂછે છે કે ખડગેજી વડાપ્રધાનને આ રીતે જૂઠ્ઠા કેમ કહે છે. કારણ કે, આ તથ્યો છે... તમે તથ્યને છૂપાવી શકતા નથી.' એઆઈસીસીના વડાએ આ વખતે ચૂંટણી પ્રચાર દરમિયાન પીએમ અને ભાજપ દ્વારા ઉપયોગમાં લેવાતા મોદીના ગેરંટી સૂત્રની પણ ટીકા કરી હતી. તેમણે આક્ષેપ કર્યો કે, 'મોદીની ગેરંટી શું છે ? તેઓ જે પણ વચનો આપે છે તેનો અમલ ન કરવો તે તેમની ગેરંટી છે.' કોંગ્રેસના દિગ્ગજ નેતાએ આરોપ લગાવ્યો કે, મોદીની ગેરંટી છે કે, તેઓ જે વચનો આપી રહ્યા છે તે તેઓ પૂરા નહીં કરે. વડાપ્રધાન સંપૂર્ણ રીતે 'નિરાશ' હોવાનો આક્ષેપ કરતા તેમણે કહ્યું કે, તેથી જ મોદી કહી રહ્યા છે કે, કોંગ્રેસ હિન્દુ સમુદાયના પૈસા અને અન્ય સંપત્તિઓ લઈ લેશે અને મુસ્લિમોને આપશે. તેમણે કીધું કે, 'તેમણે (મોદીએ) એવું કહ્યું છે કે નહીં ? તેથી જ હું તમને (મીડિયા) વિનંતી કરૂં છું. તમને અપીલ કરૂં છું. તમે આ બાબતોને હાઈલાઈટ કરો. આ દેશને બચાવવા... લોકશાહી બચાવવા અને બંધારણ બચાવવા.' ખડગેએ મુસ્લિમોને વધુ બાળકો ધરાવતા સમુદાય તરીકે મોદીના કથિત સંદર્ભની પણ ટીકા કરી હતી. તેમણે હળવી રમૂજ કરતાં કહ્યું કે, મને (મારા) પણ પાંચ બાળકો છે. બોલો હું શું કરી શકું ? બાળકોની સંખ્યાને ધાર્મિક અર્થ આપવા બદલ મોદીની ટીકા કરતા કોંગ્રેસ નેતાએ ધ્યાન દોર્યું કે આંબેડકર પણ તેમના પરિવારમાં ૧૪મું બાળક હતા. મોદી પર દરેક વસ્તુને ધર્મ સાથે જોડીને દેશને બરબાદ કરવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવતા ખડગે ઈચ્છે છે કે, તેઓ આ દેશના ઈતિહાસ વિશે વધુ વાંચે અને રાષ્ટ્રને એકતા કેવી રીતે રાખવી તે શીખે. તેમણે કહ્યું કે, પીએમ ક્યારેય બીજાની વાત સાંભળતા નથી અને પત્રકારોને સવાલ પૂછવા પણ દેતા નથી.

# જમ્મુ-કાશ્મીરના બાંદીપુરામાં સલામતી દળો અને આતંકવાદીઓ વચ્ચે એન્કાઉન્ટરમાં બે જવાન ગંભીર રીતે ઘાયલ, હવાઈ સર્વે માટે હેલિકોપ્ટર ઊતારાયા

(એજન્સી) શ્રીનગર, તા.૨૪

જમ્મુ અને કાશ્મીરના બાંદીપુરા જિલ્લામાં બુધવારે સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી તેમ પોલીસે જણાવ્યું હતું. આર્મીના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, સામાન્ય જંગલ વિસ્તારમાં ફોરેસ્ટ વિસ્તાર બાંદીપુરામાં ભારતીય સેના અને જમ્મુ-કાશ્મીર પોલીસના સંયુક્ત ઓપરેશન દરમિયાન આતંકવાદીઓ જાણ કરવામાં આવી હતી. આ ઓપરેશન વાસ્તવમાં ૨૧ એપ્રિલે શરૂ કરવામાં આવ્યું હતું. બુધવારે વહેલી સવારે 'છૂપાયેલા આતંકવાદીઓએ તેમના પર ગોળીબાર કર્યા પછી' સામસામે ગોળીબાર શરૂ થયો હતા જો કે, હજુ 'ઓપરેશન ચાલુ છે' એમ સેનાએ જણાવ્યું હતું. પ્રારંભિક ગોળીબારમાં સેનાના બે જવાનો ઘાયલ થયા હતા અને તેમની સ્થિતિ સ્થિર હોવાનું જણાવવામાં આવ્યું છે. સુરક્ષા દળોએ આ વિસ્તારમાં છૂપાયેલા આતંકવાદીઓની સંખ્યા હજુ જાહેર કરી નથી. સેના અને પોલીસે જણાવ્યું હતું કે, આતંકવાદીઓ માટે સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે.

# 'બકરા બનાકે કાટેંગે..' : ઉત્તરપ્રદેશના એક વ્યક્તિએ યોગી આદિત્યનાથને ધમકી આપી કે જો તે તેના ઘર પર બુલડોઝર ચલાવવાનો પ્રયાસ કરશે તો બકરાની જેમ કતલ કરશે; વીડિયો વાયરલ

**ઘણા યુઝર્સે તેમની વીડિયો પોસ્ટ પર યોગી, યુપી પોલીસ અને પ્રયાગરાજ પોલીસને પણ ટેગ કર્યા છે અને આ વ્યક્તિ સામે કાર્યવાહી કરવાની માંગ કરી છે, જો કે, ઈન્ટરનેટ પર આ વ્યક્તિની ઓળખ અથવા તેની સામે કોઈ કાર્યવાહીના કોઈ પુષ્ટિ થયેલા અહેવાલો સામે આવ્યા નથી**

(એજન્સી) તા.૨૪

ઈન્ટરનેટ પર એક વીડિયો સામે આવ્યો છે જેમાં એક વ્યક્તિ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને 'બકરા'ની જેમ કતલ કરવાની ધમકી આપતો જોઈ શકાય છે. આ અપ્રમાણિત વીડિયોમાં તે વ્યક્તિ યોગીને પ્રયાગરાજમાં તેમનું ઘર દર્શાવીને તેને બુલડોઝર વડે તોડી પાડવા માટે પડકાર ફેંકી રહ્યો છે. આ વીડિયોમાં એક વ્યક્તિ કેમેરા સામે સીએમ યોગીને ધમકી આપતો દેખાય છે. ઈન્ટરનેટ પર વાયરલ થયેલા વીડિયોમાં એક સ્થાનિક પત્રકારને તે વ્યક્તિને કહેતા જોઈ શકાય છે કે, લોકો મુખ્યમંત્રી પર આરોપ લગાવી રહ્યા છે કે, તેઓ પક્ષપાત કરી રહ્યા છે અને મુસ્લિમોના ઘરો પર બુલડોઝર ચલાવી રહ્યા છે. સ્થાનિક પત્રકારને એમ કહેતા સાંભળી શકાય છે કે, ખાન સાહબ, ઉનકે ઉપર તો આરોપ લગ રહા હૈ કી વો પક્ષપાત કર રહે હૈ, મુસલમાનોનો પર બુલડોઝર ચલા રહે હૈ. વીડિયોમાં દેખાતો વ્યક્તિ તરત જ તેના પ્રશ્નનો જવાબ આપે છે અને કહે છે, 'તો હમારે ઉપર ચલા કે દીખા દે.' તે પછી તે વીડિયો પર પોતાનું સંપૂર્ણ સરનામું બોલે છે અને યુપીના સીએમ યોગીને બુલડોઝરનો ઉપયોગ કરીને તેનું ઘર તોડી પાડવા માટે પડકાર ફેંકે છે. બાદમાં વીડિયોમાં બીજી ક્લિપ જોડવામાં આવી છે જેમાં તે કહે છે કે, જો તે બુલડોઝર લઈને મારા ઘરે આવવાની હિંમત કરશે તો હું યોગીને બકરાની જેમ કતલ કરીશ. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેઓ મુખ્યમંત્રીને ધમકી આપી રહ્યા છે, તો તે વ્યક્તિએ કહ્યું કે, તે યોગીને આવું કરવા માટે પડકાર ફેંકી રહ્યો છે. આ વીડિયોમાં રહેલા માણસ સામે પગલાં લેવામાં આવ્યા હોવાના કોઈ અહેવાલ નથી. આ વીડિયો ક્યારે અને ક્યાં શૂટ કરવામાં આવ્યો તે અંગે કોઈ અહેવાલ નથી. એક્સ યુઝર્સે પોતાના એકાઉન્ટ પર વીડિયો પોસ્ટમાં જણાવ્યા અનુસાર, આ વીડિયો તાજેતરમાં શૂટ કરવામાં આવ્યો હતો. ઘણા યુઝર્સે તેમની વીડિયો પોસ્ટ પર યુપી સીએમ યોગી, યુપી પોલીસ અને પ્રયાગરાજ પોલીસને પણ ટેગ કર્યા છે અને આ વ્યક્તિ સામે કાર્યવાહી કરવાની માંગ કરી છે. જો કે, ઈન્ટરનેટ પર આ વ્યક્તિની ઓળખ અથવા તેની સામે લેવાયેલી કોઈ કાર્યવાહીના કોઈ પુષ્ટિ થયેલા અહેવાલો સામે આવ્યા નથી.

# દેખીતા પુનર્વિચાર બાદ PM મોદીએ ‘૪૦૦ પાર’ના સૂત્રથી પીછેહઠ કરી

(એજન્સી) ગાઝિયાબાદ, તા.૨૪

નરેન્દ્ર મોદીની ઝુંબેશના કેન્દ્રમાં વિકસિત ભારતની ગેરંટી અને ‘૪૦૦ સીટો પાર’ના પ્રથમ રાઉન્ડ પછી આપણી મહિલાઓનું મંગલસૂત્ર કોંગ્રેસના હાથથી ચોરાઈ જશે એવો ડર પેદા છે અને મતદાન અંગેના પ્રશ્નો ઊભા થયા છે. બહુમતીવાદી ડર એ હંમેશા ભાજપની વ્યૂહરચનાનો એક ભાગ રહ્યો છે, પરંતુ આ વખતે વિપક્ષ પાસે આ ડર સામે મુકાબલો કરવાનું એક શસ્ત્ર છે. ભાજપની ૪૦૦-પારનું સૂત્ર અમુક જૂથો વચ્ચે એ ચિંતા પેદા કરે છે કે, તેનો ઉપયોગ બી.આર. આંબેડકરના બંધારણને બદલવા માટે કરવામાં આવશે. ૨૨ એપ્રિલના રોજ અલીગઢની રેલીમાં નરેન્દ્ર મોદીએ આ જાદુઈ નંબરનો ઉલ્લેખ ન કર્યો તે આશ્ચર્યજનક નથી.

કોંગ્રેસનો ઢંઢેરો પાંચ એપ્રિલે બહાર પાડવામાં આવ્યો હતો, પરંતુ મોદીને એ સમજવામાં એક પખવાડિયા કરતાં વધુ સમય લાગ્યો હતો કે, પાર્ટી સામ્યવાદી માનસિકતા સાથે સંપત્તિના પુનઃ વિતરણની યોજના બનાવી રહી છે. ઉત્તરપ્રદેશમાં ભાજપ સરકારના એક મંત્રીએ આ પત્રકારને ખાતરી આપી હતી કે, બંધારણના મૂળભૂત માળખાને સ્પર્શ કરવામાં આવશે નહીં. વિપક્ષ ભય ફેલાવી રહ્યો છે. સુધારાઓ બંધારણના માળખામાં રહેશે. જો કે, તે ૪૦૦ બેઠકોના આંકડાને સમર્થન આપી શક્યા નથી. ભાજપના એક કાર્યકરને જ્યારે પ્રથમ રાઉન્ડના બે દિવસ પછી ૪૦૦ બેઠકો જીતવા વિશે પૂછવામાં આવ્યું, ત્યારે તેણે સ્વીકાર્યું કે, તે માત્ર અબકી બાર મોદી સરકાર જેવા ચૂંટણી દરમિયાન કરવામાં આવેલ એક પ્રાસંગિક નિવેદન છે.

ચૂંટણીના પ્રથમ રાઉન્ડમાં મોદીએ તેમની રેલીઓમાં ખાતરી આપી હતી કે, ૪૦૦ બેઠકો જીતવાથી સરકારને વધુ મુશ્કેલ મુદ્દાઓ ઉકેલવામાં મદદ મળશે, તેમાંથી પક્ષ શું કરી શકે છે તેની એક લાંબી સૂચિ બહાર આવી - વસ્તી નિયંત્રણ પર કાયદો, વકફ બોર્ડને વિખેરી નાખવું અને ભારતને હિન્દુ રાષ્ટ્રમાં ફેરવવું.

ભાજપની પશ્ચિમ યુ.પી.માં બહુવિધ રેલીઓ કરવા છતાં આ મતવિસ્તારમાં ઉત્સાહનો અભાવ હતો. ૨૦૧૯ની સરખામણીમાં જ્યારે ભાજપે આઠમાંથી બે બેઠકો જીતી હતી, તે આઠ મતવિસ્તારોમાં સરેરાશ ૬.૨૯% મતદાન ઘટ્યું હતું.

સૌથી વધુ ઘટાડો મુઝફ્ફરનગરમાં નોંધાયો હતો. જ્યાં મતદાનની ટકાવારીમાં ૮.૯ પોઈન્ટનો ઘટાડો થયો હતો. સ્થાનિક નિરીક્ષકોએ જણાવ્યું હતું કે, આ ઘટાડો ફક્ત હવામાન, લગ્ન અને લણણીને કારણે ન હોઈ શકે. મતદાન હંમેશા આ સિઝનમાં થાય છે. એવું લાગે છે કે, બીજેપી સમર્થક અસંતુષ્ટ છે અથવા મુસ્લિમોનો એક વર્ગ પણ ચૂંટણી પ્રક્રિયાથી નારાજ દેખાતો હતો. સહારનપુરના કોંગ્રેસના ઉમેદવાર ઈમરાન મસૂદ, જેમને ભાજપ હંમેશા ધ્રુવીકરણ કરતી વ્યક્તિ કહે છે, તેણે પ્રચારના છેલ્લા દિવસે માત્ર એક જ રોડ શો કર્યો. તેમના અભિગમે તેમના મુખ્ય મતવિસ્તાર બેહટમાં રાજપૂતના ગુસ્સાને વેગ આપવા માટે મદદ કરી. તેમણે ચંદ્રશેખર આઝાદની ભીમ આર્મીનો ટેકો મેળવ્યો જે મતવિસ્તારના કેટલાક ભાગોમાં પ્રભાવશાળી છે. બહુજન સમાજ પાર્ટીએ મુસ્લિમ ઉમેદવારને મેદાનમાં ઉતાર્યા હોવા છતાં સહારનપુર નજીકની હરીફાઈમાં ફેરવાઈ ગયું છે.



દરમિયાન, સોશિયલ મીડિયા પર સર્જનાત્મકતા સાથે સમાંતર રાજકીય વાતાવરણ ઊભું થઈ રહ્યું છે. સંગીતસોમ અને સંજીવ બાલ્યાન દ્વારા યોગી આદિત્યનાથનો વીડિયો બહાર આવ્યો. રાજપૂત જૂથે પૃષ્ઠભૂમિમાં એક ગીત ઉમેર્યું જેમાં બાલ્યાનને વિભીષણ તરીકે દર્શાવવામાં આવ્યા. પ્રથમ રાઉન્ડ પછી ભાજપના કેટલાક સમર્થકોએ સોશિયલ મીડિયા જૂથો પર એક્ઝિટ પોલના પરિણામો જાહેર કર્યા છે, જે ચૂંટણી પંચના મતે ગેરકાયદેસર છે.

# પ્રિયંકા ગાંધી કહે છે કે, વડાપ્રધાન મોદીને શરમ આવવી જોઈએ, તેમને સંઘર્ષ કરતી મહિલાઓ વિશે કોઈ સમજ નથી

## દેશ માટે મારી માતાના મંગળસૂત્રનું બલિદાન અપાયું છે : પ્રિયંકાનો મોદી પર વળતો પ્રહાર

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

૨૩ એપ્રિલ મંગળવારના રોજ કર્ણાટકમાં ચૂંટણી રેલીઓને સંબોધતા, કોંગ્રેસના મહાસચિવે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આરોપને રદિયો આપ્યો હતો કે કોંગ્રેસ સરકાર હિંદુ મહિલાઓ જ્યારે લગ્ન કરે છે ત્યારે તેમને પહેરવામાં આવતા મંગલસૂત્ર પણ છીનવી લેશે.

મત મેળવવા માટે પીએમ મોદીનો છેલ્લો પ્રયત્ન ડર ફેલાવીને બહુમતી સમુદાયનું ધ્રુવીકરણ કરવાનું છે, તેમણે પૂછતાં પહેલાં કહ્યું, મણિપુરમાં હિંસાને કારણે જ્યારે સેંકડો મંગલસૂત્રો છીનવાઈ રહ્યા હતા ત્યારે મોદી ક્યાં હતા તે સમજવામાં હું નિષ્ફળ રહી છું.

ભાજપના શાસનમાં સોનાના ભાવમાં વધારો થયો છે, જેના કારણે ઘણાં લોકો માટે મંગળસૂત્ર પરવડે તેમ નથી, તેમણે ધ્યાન દોર્યું અને પૂછ્યું કે,આનો કોણ જવાબદાર છે તેમણે વડાપ્રધાનને યાદ અપાવ્યું કે, જ્યારે તેઓ મુશ્કેલીમાં હોય છે, જ્યારે કુટુંબમાં તબીબી મુશ્કેલી હોય અથવા લગ્ન હોય ત્યારે મહિલાઓ તેમના ઘરેણાં વેચે છે અથવા ગીરો રાખે છે.



તેમણે રેખાંકિત કર્યું, આ લોકો (ભાજપ) તેમના સંઘર્ષને જાણતા નથી. જ્યારે ખેડૂત દેવાદાર હોય છે, ત્યારે તેની પત્ની તેનું મંગળસૂત્ર ગીરો રાખે છે.જ્યારે કુટુંબમાં પુત્રીના લગ્ન અથવા સ્વાસ્થ્ય સમસ્યાઓ હોય, ત્યારે સ્ત્રી તેના ઘરેણાં ગીરો રાખે છે.

મહિલાઓ જ્યાં સુધી પરિવારમાં બધા સૂઈ ન જાય ત્યાં સુધી સૂતી નથી. અન્યને ખાલી પેટે સૂવા દેવાને બદલે તે ભૂખ્યા સૂવાનું પસંદ કરશે.

પ્રિયંકાએ નોટબંધીના સમયગાળા દરમિયાન અને કોવિડ-૧૯ લોકડાઉન જેવી મહિલાઓને પડતી વિવિધ સામાજિક અને આર્થિક મુશ્કેલીઓ અંગે મોદીના મૌનની નિંદા કરી હતી.

પ્રિયંકાએ પૂછ્યું, ખેડૂતોના આંદોલન દરમિયાન ૬૦૦ ખેડૂતો મૃત્યુ પામ્યા હતા. શું મોદીએ તે મહિલાઓના મંગળસૂત્ર વિશે કોઈ વિચાર કર્યો હતો, જ્યારે મણિપુરમાં એક મહિલાને સમગ્ર દેશ સમક્ષ નગ્ન કરીને પરેડ કરવામાં આવી ત્યારે મોદી શા માટે ચૂપ રહ્યા અને તેના મંગલસૂત્રનો વિચાર ન કર્યો.

તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, પીએમ મોદી મહત્ત્વના મુદ્દાઓ પરથી ધ્યાન હટાવવા માટે નાટકીય નિવેદનોનો આશરો લઈ રહ્યા છે.

મતેમના પિતા અને પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની આતંકવાદીઓ દ્વારા હત્યાનો ઉલ્લેખ કરીને તેમણે કહ્યું, જ્યારે યુદ્ધ હતું, ત્યારે ઇન્દિરા ગાંધી (તેમના દાદી અને ભૂતપૂર્વ વડાપ્રધાન)એ તેમનું સોનું દાન કર્યું હતું.

મારી માતા એ આ દેશ માટે પોતાનું મંગળસૂત્રનું બલિદાન આપ્યું. તેમણે ઉમેર્યું, જો નરેન્દ્ર મોદી મંગળસૂત્રનું મહત્વ સમજતા હોત, તો તેઓ આવી અનૈતિક વાતો ન બોલતા.

તેમણે મતદારોને વિભાજનકારી છટા ને નકારવા અને તેના બદલે સત્ય, નૈતિકતા અને પરોપકારી શાસન માટે પ્રતિબદ્ધ સરકારને સમર્થન આપવા વિનંતી કરી. કોંગ્રેસ મહાસચિવે કહ્યું, તમારે નક્કી કરવાનું છે કે તમારે નૈતિક રાજનીતિ (નૈતિકતાનું રાજકારણ) જોઈએ છે કે નાટકનું રાજકારણ જોઈએ છે; સત્તા કી રાજનીતિ (સત્તાની રાજનીતિ) અથવા સત્ય કી રાજનીતિ (સત્યનું રાજકારણ); પરોપકાર અથવા અહંકાર.

તેમણે સભાને પૂછ્યું, આ દેશ છેલ્લાં ૭૫ વર્ષથી આઝાદ છે અને તેમાંથી ૫૫ વર્ષો કોંગ્રેસ સત્તામાં હતી. શું કોંગ્રેસે ક્યારેય તમારું સોનું કે મંગળસૂત્ર છીનવી લીધું છે.

# કેન્દ્રમાં સત્તા પર કબજો કરવા મમતા બેનરજીએ ફરી એકવાર ઈન્ડિયા ગઠબંધનને TMC વતી ટેકાનો પુનરોચ્ચાર કર્યો, સલામતી અંગે ચિંતા વ્યક્ત કરી

## તેમણે કહ્યું કે, કેટલાક દેશદ્રોહીઓ મારા ભત્રીજા અને TMCના રાષ્ટ્રીય સચિવ અભિષેક બેનરજીને મારી નાખવા માંગે છે

(એજન્સી) તા.૨૪

ટીએમસીના ચીફ મમતા બેનરજીએ બાલુરઘાટની સભામાં કોઈનું નામ લીધા વગર આરોપ લગાવ્યો છે કે, ‘તેઓ બોમ્બ ફોડવાની વાત કરી રહ્યા છે. હું પણ નિશાને છું. અભિષેક પણ નિશાને છે. તેઓ અમારો જીવ પણ લઈ શકે છે. તેઓ ખૂબ ખતરનાક છે. યાદ રાખો, અમે પોતાની સુરક્ષા અંગે નથી વિચારતા. અમે લોકોની સુરક્ષા અંગે વિચારીએ છીએ.

કેન્દ્રમાં સત્તા પર કબજો કરવા મમતા બેનરજીએ ફરી એકવાર ઈન્ડિયા ગઠબંધનને ટીએમસી વતી ટેકાનું પુનરોચ્ચાર કર્યું અને સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે, કેટલાક દેશદ્રોહી મારા ભત્રીજા અને ટીએમસીના રાષ્ટ્રીય સચિવ અભિષેક બેનરજીને મારી નાખવા માંગે છે.

શનિવારે લોકસભા ચૂંટણી પ્રચાર દરમિયાન ભાજપના નેતા શુભેન્દુ અધિકારીએ ફરીથી રાજકીય રીતે સંકેત આપવાનો સંદેશ આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે, ‘તમે જુઓ, હું ડિટેઈલ નહીં બતાવું. અમે આગામી અઠવાડિયાની શરૂઆતમાં એવો બોમ્બ ફોડીશું, જેનાથી તૃણમૂલ કોંગ્રેસ હલી જશે. શાંત રહો. તૃણમૂલ કોંગ્રેસને સફળતા નહીં મળે.’ જો કે, સ્ટેજ પરથી ઉતર્યા બાદ શુભેન્દુ અધિકારીએ સ્પષ્ટ કર્યું છે કે, તેમનો મતલબ રાજકીય વિસ્ફોટથી હતો. જો કે, તેમણે એ સ્પષ્ટ નથી કર્યું કે એવો કયો રાજકીય વિસ્ફોટ કરવાના છે, જે ટીએમસીને હલાવી દેશે. મમતા બેનરજીએ કહ્યું કે, ‘તમે શું બોમ્બ મારવાના છો? જો તમારામાં હિંમત



હોય તો આજે બતાવો. છૂપાયેલા શા માટે છો? નાટક કરવામાં થોડો વધુ સમય લાગે કે નહીં? અમારી પાસે પણ માહિતી છે. તમે બંગાળને બદનામ કરવા માટે બહારથી કેટલાક ઉપદ્રવીઓને અહીં મોકલ્યા છે, પરંતુ અમે પણ જોઈ લઈશું. બોમ્બના બદલે બોમ્બ નહીં, બોમ્બના બદલે રવીન્દ્ર સંગીતમાં વિશ્વાસ કરીએ છીએ.’ શુભેન્દુ અધિકારીનું નામ લીધા વિના મમતાએ કહ્યું કે, ‘તેમને જણાવી દઈએ કે બોમ્બ વિસ્ફોટની ધમકીથી નથી ડરતી. તેઓ પોતાની સંપત્તિ બચાવવા માટે ડરથી ભાજપમાં જોડાયા છે. તમને જણાવી દઈએ કે, TMCના પૂર્વ મંત્રી શુભેન્દુ અધિકારી બંગાળમાં ૨૦૨૧ની વિધાનસભા ચૂંટણી પહેલા ભાજપમાં જોડાયા હતા.

# એક મહિલા કે જેણે UPSC પરીક્ષા પાસ કરવા માટે સોશિયલ મીડિયા છોડી દીધું, મિત્રોને મળવાનું બંધ કર્યું, IPS પછી IAS અધિકારી બની

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

ગરિમા સિંહનું સફર, ડોક્ટર બનવાના તેના બાળપણના સ્વપ્નથી લઈને IAS અધિકારી તરીકેની તેની પ્રખ્યાત કારકિર્દી સુધીની સફર, જીવનમાં અણધાર્યા વળાંકો લઈ શકે છે તેનો પુરાવો છે. જ્યારે તે કોલેજની વિદ્યાર્થિની હતી, ત્યારે તેણે જીવનમાં પરિવર્તનશીલ અનુભૂતિ કરી, જેણે તેની દિશા બદલી નાખી અને તેને સિવિલ સર્વિસ તરફ દોરી, ૨૦૧૨માં તેણે જાહેર સેવામાં પ્રવેશવાનો નિર્ણય લીધો અને IPS અધિકારી બની. ૨૦૧૬માં તે અખિલ ભારતીય ક્રમાંક ૫૫ સાથે પરીક્ષા પાસ કરી IAS અધિકારી બની. ગરિમાનો જન્મ અને ઉછેર ઉત્તરપ્રદેશના બલિયામાં થયો હતો. તેણે દિલ્હી યુનિવર્સિટીની સેન્ટ સ્ટીફન કોલેજમાં અંડરગ્રેજ્યુએટ અને સ્નાતકનો અભ્યાસ પૂર્ણ કર્યો, જ્યાં તેણે તેના ભાવિ શિક્ષણનો પાયો પણ નાખ્યો.

ગરિમાએ તે મુખ્ય ક્ષણને યાદ કરી જે તેને IPS સુધી લાવી અને તે કેવી રીતે આગળ વધી તે વિશે વાત કરી. જ્યારે તેને



એક ચેકપોઈન્ટ પર લાંચ આપવા માટે ભારે દબાણ કરવામાં આવ્યું ત્યારે પણ તેણે ભ્રષ્ટાચારનો વિરોધ કર્યો. આ અનુભવે તેની અંદર આગ પ્રજ્વલિત કરી, તેને અંદરથી સિસ્ટમ બદલવા માટે પ્રેરિત કરી. તે IPSમાં જોડાઈ કારણ કે, તે કાયદાના અમલીકરણની રીતમાં નોંધપાત્ર ફેરફાર કરવા માંગતી હતી.

તેને સમુદાય સેવા કરવા માટે ઉત્તરપ્રદેશમાં કેડર સોંપવામાં આવ્યું, જ્યાં તેણે એક IPS અધિકારી તરીકે ફરજપૂર્વક તેની કારકિર્દીની શરૂઆત કરી હતી. પરંતુ તે તેના પિતાની મહત્ત્વાકાંક્ષાઓ અનુસાર જીવવા માંગતી હોવાથી તેણે IAS અધિકારી બનવાની સફર શરૂ કરી અને ઝારખંડથી UPSC પરીક્ષા પાસ કરી.

પોતાના જીવનના ઉદાહરણોનો ઉપયોગ કરીને ગરિમા એક IPS અધિકારી અને IAS અધિકારીની જવાબદારીઓ વચ્ચેના તફાવતો પર ભાર મૂકે છે. IAS અધિકારીઓથી વિપરીત, જેમની પાસે વધુ વિસ્તૃત અને વૈવિધ્યસભર પોર્ટફોલિયો છે, તે ભાર મૂકે છે કે, IPS અધિકારીઓની જવાબદારીઓ વધુ સમાન છે. તેના અવલોકનો ગહન કોચિંગ પર સ્વતંત્ર સંશોધનની જરૂરિયાત પર ભાર મૂકતા મહત્ત્વાકાંક્ષી નાગરિક સેવકો માટે ચતુરાઈપૂર્વક માર્ગદર્શન પૂરૂં પાડે છે. UPSCની તૈયારી કરતી વખતે ગરિમાએ સોશિયલ મીડિયા છોડી દીધું અને પરીક્ષા પાસ કરવા માટે મિત્રોને મળવાનું પણ છોડી દીધું.

# IPS અધિકારી જેમણે પ્રથમ પ્રયત્નમાં UPSC પરીક્ષા પાસ કરી હતી, IAS ટીના ડાબીથી પ્રેરણા મેળવી હતી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

ભારતની સૌથી મુશ્કેલ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાંની એક UPSC છે, હજારો ઉમેદવારો UPSC સિવિલ સર્વિસ પરીક્ષા પાસ કરવાના પ્રયાસમાં દિવસ-રાત અભ્યાસ કરે છે. UPSC પરીક્ષા અતૂટ સમર્પણ અને વ્યાપક અભ્યાસની માંગ કરે છે. જો કે, માત્ર અમુક લોકો જ સફળ થાય છે, તેમાંથી એક ઉત્તપ્રદેશની IPS અધિકારી કાજલ પણ છે.

તેના પ્રથમ પ્રયત્નમાં સતના કોલગવાન પોલીસ સ્ટેશનના સબ ઈન્સ્પેક્ટરની પુત્રી UPSCમાં અખિલ ભારતીય ક્રમાંક ૪૮૫ મેળવીને IPS અધિકારી બની. ટીના ડાબી પાસેથી પ્રેરણા લઈને તેણે આ સ્થાન હાંસલ કર્યું છે.

કાજલ ઉત્તરપ્રદેશના ચિત્રકૂટ જિલ્લાના માણિકપુર પાસેના રાનીપુરની છે. તેણે કહ્યું કે, IAS અધિકારી અને UPSC ટોપર ટીના ડાબીની સફળતાએ તેને પ્રેરણા આપી. UPSCની તૈયારી માટે તે સોશિયલ મીડિયાથી દૂર થઈ ગઈ હતી અને દરરોજ ૮થી ૧૦ કલાક સ્વ-અભ્યાસ કરતી હતી. તે દિલ્હીના કરોલ બાગમાં કોચિંગમાં પણ જોડાઈ હતી.

તેણે સેન્ટ માઈકલ શાળામાં તેનું શાળાકીય શિક્ષણ પૂર્ણ કર્યું અને ધો.૧૦મા ૯૫% અને ધો.૧૨મા ૯૧% ગુણ મેળવ્યા. ત્યારબાદ તેણે બી.એ.માં ઈતિહાસ, રાજકીય વિજ્ઞાન અને





અર્થશાસ્ત્ર વિષયોનો અભ્યાસ કર્યો. તેણે આર્ટ્સ સ્ટ્રીમમાં ૮૧% સાથે સ્નાતક પૂર્ણ કર્યું. આ પછી તે કોચિંગ માટે દિલ્હી ગઈ અને IGNOUમાંથી M.A પણ કરી રહી હતી.

તેની અતૂટ દઢતા અને સૌથી અગત્યના સમર્પણ એ તેને પ્રથમ પ્રયત્નમાં જ UPSC પરીક્ષામાં સફળતા અપાવી.

# UPSC IAS ટોપર આદિત્ય શ્રીવાસ્તવની માર્કશીટ વાયરલ થઈ, તેણે કેટલા ગુણ મેળવ્યા તે જુઓ...

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

UPSC IAS ટોપર આદિત્ય શ્રીવાસ્તવની માર્કશીટ વાયરલ થઈ છે. UPSC ટોપરે તેની CSE માર્કશીટ તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર શેર કરી છે. UPSC પ્રિલિમ્સ ૨૦૨૪ની પરીક્ષા પહેલા, આદિત્ય શ્રીવાસ્તવના માર્કસ ગૂગલ પર સૌથી વધુ સર્ચ કરવામાં આવેલ છે.

UPSC ૨૦૨૩નું પરિણામ ૨૬ એપ્રિલના રોજ બહાર પાડવામાં આવ્યું હતું અને લખનૌના આદિત્ય શ્રીવાસ્તવે ૫૪.૨૭ ટકા માર્ક્સ સાથે અખિલ ભારતીય ક્રમાંક ૧ મેળવ્યો હતો. UPSC માર્કશીટ ૨૦૨૩ મુજબ, આદિત્યના અંતિમ કુલ ગુણ ૧૦૯૯ હતા, જેમાંથી લેખિત કુલ ગુણ ૮૯૯ હતા અને ૨૦૦ ઈન્ટરવ્યુના ગુણ હતા.

**UPSC ટોપર ૨૦૨૩ માર્કશીટ, IAS ટોપર આદિત્ય શ્રીવાસ્તવની માર્કશીટ, વિષય મુજબના ગુણ આ મુજબ છે:**

૧. નિબંધ (પેપર-I) - ૧૧૭
૨. સામાન્ય અભ્યાસ-I (પેપર II) - ૧૦૪
૩. સામાન્ય અભ્યાસ-II (પેપર III) - ૧૩૨
૪. સામાન્ય અભ્યાસ-III (પેપર IV) - ૯૫
૫. સામાન્ય અભ્યાસ-IV (પેપર V) - ૧૪૩
૬. વૈકલ્પિક-I (ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ) (પેપર VI) - ૧૪૮
૭. વૈકલ્પિક-II (ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ) (પેપર VII) -૧૬૦
૮. કુલ લેખિત - ૮૯૯
૯. વ્યક્તિત્વ પરીક્ષણ - ૨૦૦
અંતિમ કુલ ગુણ - ૧૦૯૯



આદિત્ય શ્રીવાસ્તવે તેની UPSC માર્કશીટ ઈન્સ્ટાગ્રામ પર શેર કરી અને ફોટો કેપ્શન આપ્યું- ‘મારી UPSC CSE 2023 માર્કશીટ. નેટીઝન્સે પોસ્ટ પર ટિપ્પણી કરી અને UPSC ટોપરને અભિનંદન આપ્યા.

આદિત્ય શ્રીવાસ્તવે વૈકલ્પિક વિષય એટલે કે ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગમાં સૌથી વધુ માર્ક્સ મેળવ્યા છે. નોંધનીય રીતે નેટીઝન્સ ટેક્નિકલ વિષયમાં ૩૦૦થી વધુ સ્કોર કરવા બદલ આદિત્યની પ્રશંસા કરી રહ્યા છે અને તેને લેજેન્ડ કહી રહ્યા છે. તેની માર્કશીટ મુજબ, તેને ઓપ્શનલ-I (ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ) (પેપર VI)માં ૧૪૮ માર્ક અને ઓપ્શનલ-II (ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ) (પેપર VII)માં ૧૬૦ માર્ક્સ મળ્યા.

IIT કાનપુરના પૂર્વ વિદ્યાર્થી આદિત્યએ તેમના અગાઉના અનુભવ અને વિષયની સમજને કારણે તેના વૈકલ્પિક વિષય તરીકે ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ પસંદ કર્યું હતું.

# IPS અધિકારી UPSC પરીક્ષા પાસ કરવામાં નિષ્ફળ ગયેલા ફ્લેટમાં રહેતા મિત્રને મળ્યા : ‘કોઈ નિષ્ફળતા વિધ્વંસક નથી’

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

યુનિયન પબ્લિક સર્વિસ કમિશનની પરીક્ષા એ ભારતની સૌથી પ્રતિષ્ઠિત પરીક્ષાઓમાંની એક છે અને સમગ્ર દેશમાં દર વર્ષે લાખો લોકો ઉમેદવારો પરીક્ષા આપે છે. આ પરીક્ષામાં વ્યૂહાત્મક આયોજન, ધ્યાન, સમર્પણ અને શિસ્તની જરૂર છે. ભારતમાં ઘણા લોકો માટે UPSC સિવિલ સર્વિસિસ પરીક્ષામાં સફળતા હાંસલ કરવી એ એક સ્વપ્ન સાકાર કરવા જેવું છે. તાજેતરમાં ભારતીય પોલીસ સેવાના અધિકારીની તેમના જૂના ફ્લેટમેટ અને નજીકના મિત્રને મળવા વિશેની પોસ્ટ જે સિવિલ સર્વિસની પરીક્ષા પાસ કરવામાં નિષ્ફળ ગયા હતા તે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. IPS અધિકારી અર્ચિત ચાંડકે ટ્વિટર પર પોસ્ટમાં લખ્યું કે, જ્યારે તેઓ સાથે રહેતા હતા ત્યારે બંને પરીક્ષાની તૈયારી કરી રહ્યા હતા. ગઈકાલે હર્ષને મળ્યો. મારો ફ્લેટમેટ અને એક નજીકનો મિત્ર. ખૂબ મહેનતુ અને સમર્પિત, તેણે તેની નોકરી છોડી, ૪ પ્રયત્નો, ૩ ઈન્ટરવ્યુ આપ્યા. પરંતુ કમનસીબે પાસ થઈ શક્યો નહીં.

તેમના મિત્ર વિશે અપડેટ શેર કરતા, તેમણે કહ્યું કે, હર્ષ ટ્રાઈડેન્ટમાં સારા પગાર પેકેજ સાથે કામ કરે છે. તેમણે કહ્યું, હવે ટ્રાઈડેન્ટમાં એક સુંદર પેકેજ સાથે એક મહાન ભૂમિકામાં ખુશીથી કામ કરી રહ્યું છે. કોઈ સફળતા અંતિમ નથી, કોઈ નિષ્ફળતા વિધ્વંસક નથી- જીવનમાં આગળ વધવું એ હિંમત છે જે સૌથી મહત્ત્વપૂર્ણ છે. પોસ્ટ શેર કરવામાં આવી ત્યારથી તેમની પોસ્ટને માઈક્રોબ્લોગિંગ પ્લેટફોર્મ પર ૮૦,૦૦૦થી વધુ વ્યૂઝ અને સાતસો લાઈક્સ મળી છે. એક વ્યક્તિએ કહ્યું, UPSC એ દુનિયાનો અંત નથી. UPSC સિવાય પણ ઘણું સારૂં જીવન છે.

બીજાએ ઉમેર્યું, સૌથી વધુ મહત્ત્વની બાબત એ છે કે, સખત મહેનત કરવી જેથી તમને અફસોસ ન થાય કે મેં પ્રયત્ન કર્યો



નથી. ઓછામાં ઓછા પ્રયાસ કરવા માટે મહાન પ્રેરણા.

તે દરમિયાન, UPSC સિવિલ સર્વિસીઝ પરીક્ષાનું પરિણામ ૧૬ એપ્રિલે જાહેર કરવામાં આવ્યું હતું. કુલ ૧૦૧૬ ઉમેદવારોની નિમણૂક માટે ભલામણ કરવામાં આવી હતી. UPSC દ્વારા સપ્ટેમ્બર ૨૦૨૩માં લેવાયેલી સિવિલ સર્વિસીસ પરીક્ષા ૨૦૨૩ના લેખિત ભાગના પરિણામો અને જાન્યુઆરીથી એપ્રિલ ૨૦૨૪ દરમિયાન લેવામાં આવેલી પર્સનાલિટી ટેસ્ટ માટેના અનુગામી ઈન્ટરવ્યુના આધારે મેરિટ લિસ્ટ બહાર પાડવામાં આવ્યું હતું. આ યાદીમાં નિમણૂક માટે ભલામણ કરાયેલા ભારતીય વહીવટી સેવા (IAS); ભારતીય વિદેશ સેવા (IFS); ભારતીય પોલીસ સેવા (IPS) અને કેન્દ્રીય સેવાઓ, જૂથ ‘A’ અને જૂથ ‘B’ ઉમેદવારોનો સમાવેશ થાય છે.

ચૂંટણીમાં ફરજ પર રોકાયેલા

# ખેડામાં ૧૧ હજાર ઉપરાંતના કર્મચારીઓ ૩૦ એપ્રિલ અને ૧ મેના રોજ મતદાન કરશે

નડિયાદ, તા.૨૪

આગામી દિવસોમાં લોકસભાની ચૂંટણી યોજાવાની છે. ત્યારે ખેડા લોકસભામાં સમાવિષ્ટ ૭ વિધાનસભામાં ખેડા જિલ્લામાં ચૂંટણીમાં વ્યસ્ત કર્મીઓ માટે અલગથી મતદાનનો દિવસ નક્કી થયો છે. જેમાં આગામી ૩૦ એપ્રિલ અને ૧ મે એમ બે દિવસ બેલેટથી ચૂંટણી કર્મચારીઓ મતદાન કરવાનું આયોજન કરાયું છે. આ માટે સંપૂર્ણ તૈયારીઓ થઈ ચૂકી છે

જિલ્લામાં લોકસભાની ચૂંટણી લઈને આગામી ૭ મેના રોજ મતદાન થવાનું છે. ત્યારે આ ચૂંટણીની ફરજમાં રોકાયેલા અંદાજીત ૧૧,૭૯૧ વ્યક્તિઓ જેમાં સરકારી કર્મચારીઓ, પોલીસ, હોમગાર્ડ સહિતના કર્મચારીઓ આ ચૂંટણી પહેલા મતદાન કરશે તેવું આયોજન જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા કરાયું છે. આ બે તબક્કામાં આયોજન થયું છે એટલે કે ૩૦ એપ્રિલ અને ૧ મે એમ બે દિવસ અલગ અલગ વિધાનસભામાં નિયત કરેલા સ્થળે આ મતદાન બુથ ઊભુ કરી મતદાન કરશે. પોસ્ટલ બેલેટ મારફતે કર્મચારીઓ આ મતદાન કરશે.

આ બંને દિવસો દરમિયાન ચુંટણી નિષ્ણાત અધિકારી દ્વારા કર્મચારીઓને ચૂંટણીને લગતી તાલીમ અને માર્ગદર્શન પણ આપવામાં આવશે. ખેડા લોકસભામાં ભાજપ, કોંગ્રેસ, અપક્ષ સહિત કુલ ૧૨ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ ખેલાવાનો છે. ૭ મેના રોજ આ ચૂંટણી યોજાનાર છે. ત્યારે ચૂંટણીના કાર્યમાં જોડાયેલા ૧૧ હજાર ઉપરાંત કર્મચારીઓ માટે આ અલગથી મતદાનની વ્યવસ્થા કરાઈ છે. જેમાં ૩૦ એપ્રિલ અને પહેલી મેના રોજ સવારે ૯થી સાંજે ૬ વાગ્યા સુધી માતર, નડિયાદ, મહેમદાવાદ, મહુધા, ઠાસરા, કપડવંજ વિધાનસભામાં નિયત કરેલા સ્થળે આ ચૂંટણીમાં વ્યસ્ત કર્મચારીઓ પોતાના મતનો ઉપયોગ કરી મતદાન કરશે. તેવી માહિતી જિલ્લા ચૂંટણી શાખા તરફથી મળી છે.

# ભાવનગરના ફૂલસરમાં દબાણ હટાવવા ગયેલ ટીમ સામે ઝૂંપડાધારકો દાદાગીરી પર ઊતરી આવ્યા

ભાવનગર, તા.૨૪

ભાવનગરમાં મહાપાલિકાની મિલકતો અને ખાસ કરીને ખુલ્લા પ્લોટોને રેઢીપડ ભાળી ઠેર-ઠેર દબાણો ખડકાયાના અનેક કિસ્સા છે. શહેરભરમાં જાહેર રોડ-રસ્તા પર અડચણરૂપ દબાણો હટાવવામાં કોર્પોરેશન તેની જ મિલ્કતો જાળવી શકી નથી તે પણ હકિકત છે. શહેરના ફુલસરમાં કોર્પોરેશને અગાઉ દબાણ હટાવી કંપાઉન્ડ હોલ સાથે ખુલ્લા પ્લોટનું બાંધકામ કર્યું હતું. પરંતુ કંપાઉન્ડ વોલ તોડીને પ્લોટની અંદર લાઈટ અને પાણી જોડાણ સાથેના ઝુપડા ફરી મળી આવતા તંત્ર પણ ચોક્યું હતું. હાલાકી ગઈકાલથી આ દબાણ કરતા તત્વોને ખદેડવા કાર્યવાહી ચાલુ છે પરંતુ ઝુપડા ધારકો દાદાગીરી પર ઉતરી આવતા આજે બીજા દિવસે પોલીસ બોલાવવાની ફરજ પડી હતી.

શહેરના ફુલસર વિસ્તારમાં વિશ્વકર્મા સોસાયટીના ટીપીના ગામતળના પ્લોટમાં આંગણવાડી આવેલી છે અને તેને સંલગ્ન વિશાળ ખુલ્લો પ્લોટ પણ છે. અગાઉ આ પ્લોટમાં દબાણ ખડકાતા તંત્ર દ્વારા તત્કાલીન સમયે દબાણો હટાવી દેવાયા હતાં અને ફરતે કંપાઉન્ડ વોલ કરી હતી જેથી દબાણો થાય નહી. પરંતુ કંપાઉન્ડ વોલની અંદર કોર્પોરેશનના ખુલ્લા પ્લોટમાં કાચા-પાકા ૧૦થી વધુ રહેણાકો તંત્રના ધ્યાને ચડતા તંત્રવાહકો પણ ચોકી ઉઠ્યા હતાં. વધુમાં આ બાંધકામોમાં લાઈટ અને પાણીના જોડાણ પણ જોવા મળતા આશ્ચર્ય સર્જાયું છે. આમ, લાઈટ અને પાણીની સુવિધા પણ ગેરકાયદે મળી આવી હતી. અંતે દબાણ હટાવ ટીમ દ્વારા ગઈકાલે દબાણ હટાવ કાર્યવાહી હાથ ધરાઈ હતી. જ્યારે બાકીના દબાણો હટાવવા આજે કોર્પોરેશનની ટીમ જતા ઝૂંપડા ધારકોએ વિરોધ કરી દાદાગીરી પર ઉતરી આવતા પોલીસ બોલાવવાની ફરજ પડી હતી. દબાણ હટાવની કાર્યવાહી ચાલી રહી હોવાનું જાણવા મળ્યું છે.

# વડોદરા : પૂર્વ ક્રિકેટર તુષાર આરોઠેનો મહાઠગ પુત્ર ગોવાથી પકડાયો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા. ૨૪

લોકોને વિવિધ પ્રકારની લાલચ આપીને કરોડો રૂપિયાની ઠગાઈના ગુનામાં નાસતા ફરતા વોન્ટેડ પૂર્વ ક્રિકેટરના ઠગ પુત્ર રીષી આરોઠેને એસઓજીની ટીમે ગોવાની હોટલ પાસેથી ઝડપી પાડ્યો છે. વડોદરા લાવ્યા બાદ તેને રાવપુરા પોલીસને આગળની કાર્યવાહી માટે સોંપવામાં આવ્યો છે.

પૂર્વ ક્રિકેટરના તુષાર આરોઠેના પુત્ર રિષી આરોઠે દ્વારા અનેક લોકો સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી આચરી રૂપિયા બારોબારો ચાઉ કરી નાખ્યા બાદ પોલીસ ધરપકડથી બચવા માટે નાસતો ફરતો હતો. તાજેતરમાં તેણે પિતાના ઘરે રૂા.૧.૩૯ કરોડ જેવી માતબર રકમ બેગમાં ભરી મોકલાવી હતી. જેમાં એસઓજીની રેડ કરી તુષાર આરોઠે સહિત ત્રણ જણાને ઝડપી પાડ્યા હતા. જયારે તેને થાણેની હોટલમાંથી એસઓજીએ ઝડપી પાડ્યો હતો. વડોદરા લાવ્યા બાદ આરોપી કસ્ટડીમાં સોંપાયો હતો પરંતુ જામીન પર છુટ્યા બાદ ફરી ફરાર થઈ ગયો હતો. છેલ્લા ઘણા દિવસોથી નાસતો ફરતો હતો. રીષીએ લોકોને લાલચ આપીને એક કરોડથી વધુની રકમ પડાવી લીધી હતી અને હજુ રાવપુરા તથા વલસાડ રૂરલ પોલીસના ગુનામાં રીષી વોન્ટેડ છે. જેથી સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપની અલગ અલગ ટીમો બનાવીને ગોવા તથા તથા બેંગ્લોર ખાતે રવાના કરવામાં આવી હતી. દરમિયાન દરમિયાન એસઓજી પોલીસે ટેકનિકલ સર્વેલન્સ તેમજ હ્યુમન સોર્સિસના આધારે ગોવા ખાતેની એક હોટલ નજીકથી રીષી તુષાર આરોઠેને ઝડપી પાડવામાં આવ્યો હતો. તેને વડોદરા લાવ્યા બાદ રાવપુરા પોલીસ સ્ટેશનના ગુનામાં વોન્ટેડ હોય ત્યાં સોંપવામાં આવ્યો છે.

ગુજસીટોકના આરોપી જામીન પર બહાર આવી ગેરકાયદે બંદૂક સાથે ફરતા હતા

# અઠવા વિસ્તારની કુખ્યાત મીંડી ગેંગના સાગરિતો પિસ્તોલ સાથે ઝડપાયા

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૪

લોકસભાની ચૂંટણીમાં પરવાનેદારોએ પણ પોતાના હથિયાર જમા કરાવવાના રહેતા હોય છે. ત્યારે સુરતના અઠવા વિસ્તારમાં કુખ્યાત ગણાતી મીંડી ગેંગના સભ્યો થોડા સમય અગાઉ જ ગુજસીટોકના ગુનામાં કોર્ટમાંથી જામીન મેળવી બહાર આવ્યાં હતાં. ત્યારે આરોપીઓ ફરીથી રૌફ જમાવવા માટે પિસ્તોલ સાથે ફરી રહયા હતાં. આ અંગે બાતમી મળતાં પોલીસે લસકાણા પાટીયા પર વોચ ગોઠવી ફિલ્મી ઢબે કારમાંથી ત્રણ આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યાં હતાં. પોલીસે તેઓની પાસેથી પિસ્તોલ નંગ-૧ કિ.રૂા.૫૦,૦૦૦, મોબાઈલ ફોન અને ફોર વ્હિલ કાર સહિત કુલ ૭.૩૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.

એએસઆઈ ઈમ્તિયાઝ ફકરૂમોહમદ તથા હેડ કોસ્ટેબલ જગશીભાઈ શાંતીભાઈને બાતમી મળી હતી કે અઠવા વિસ્તારની મીંડી ગેંગના હાલમાં ગુજસીટોકના ગુનામાં કોર્ટમાંથી જામીન મેળવી બહાર આવેલા કૈઝર ઉર્ફે મિંડી તેના સાગરીતો સાથે પિસ્ટલ લઈ ફરી રહયો છે. જે હકીકતના આધારે એસઓજીએ વહેલી સવારના લસકાણા પાટીયા, રાધે ડેરી સામે જાહેરમાં રોડ ઉપર વોચ ગોઠવી ત્યાંથી પસાર થતી કારને ફીલ્મી ઢબે આંતરી લીધી હતી. ત્યારબાદ કારમાં સવાર આરીફ મીંડીના પુત્ર મો.કૈઝર ઉર્ફે મિંડી મો.આરીફ ઉર્ફે આરીફ મિંડી શેખ તેના સાગરીતો આદિલહુશેન જાકીરહુશેન શેખ અને તેનો ભાઈ નદીમહુશેન ઉર્ફે મંજરા જાકીરહુશેન શેખને પકડી પાડયા હતા. પોલીસે તેઓ પાસેથી પિસ્ટલ નંગ-૧ કિ.રૂા.૫૦,૦૦૦, મોબાઈલ અને ફોર કાર સહીત કુલ કિ.રૂા.૭,૩૦,૦૦૦ની મત્તાનો મુદ્દામાલ કબ્જે કયો હતો. વધુમાં જાણવા મળ્યું હતું કે કુખ્યાત કૈઝર ઉર્ફે મીંડી વિરૂદ્ધ અઠવા પોલીસ મથકમાં ગુજસીટોક હેઠળ ગુનો છે.અને આ ગુનામાં તે જમીન લઈને સાગરીતો સાથ બહાર ફરી રહ્યો હતો. તેમજ અઠવા, રાંદેર અને લાગેટ પોલીસ મથકમાં પણ તેની વિરૂદ્ધ જુદા જુદા ૧૨ જેટલા ગુના નોંધાયેલા છે. જ્યારે આરોપી આદિલ હુસેન અને નદીમ હુસેન વિરૂદ્ધ પણ અઠવા પોલીસ મથકમાં ગુના નોંધાયેલા છે.આરોપીઓ વિરૂદ્ધ આગળની કાર્યવાહી હાથ ધરવામા આવી છે.

# કોસાડમાં ICICI બેંકના ATMમાં શોર્ટ સર્કિટથી આગ લાગી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૪

કોસાડમાં આજે સવારે આઈસીઆઈસીઆઈ બેંકના એટીએમમાં શોર્ટ સર્કિટ થતા સામાન્ય આગ લાગી ગઈ હતી.આ ઘટનાને પગલે સ્થળ ઉપર અફરાતફરી મચી ગઈ હતી. આ ઘટના અંગે જાણ કરવામાં આવતા ફાયર જવાનોની ટીમ ઘટના સ્થળે પહોંચી આગને કાબુમા લીધી હતી. કોસાડ ખાતે આવેલી રઘુવીર ચોકડી પાસે આઈસીઆઈસીઆઈ બેંકનો એટીએમ આવેલુ છે.આજે સવારે પોણા અગ્યિાર વાગ્યાના અરસામાં એટીએમ મશીનની બાજુમાં વાયરમાં શોર્ટસર્કિટથી આગ લાગી હતી. જેને કારણે સામાન્ય આગ ભડકી ગઈ હતી. ત્યારે ત્યાં હાજર લોકોમાં અફરાતફરી મચી ગઈ હતી. જોકે આગ મોટુ સ્વરૂપ ધારણ કરે તે પહેલા જ ફાયર જવાનોની એક ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ફાયરે પાણીનો મારો ચલાવી આગ કાબુમા લીધી હતી. તેમજ મોટું નુકસાન થતા બચી ગયું હતું.

# મહીસાગર જિલ્લા શાળા સંચાલક મંડળ મતદાર જાગૃતિ અભિયાનમાં જિલ્લા તંત્રને સહભાગી બનવા સંમત



લુણાવાડા, તા.૨૪

આગામી સમયમાં લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪નો સૌથી મોટો અવસર આવી રહયો છે. ૭ મેના રોજ ગુજરાતની તમામ ૨૬ લોકસભા સીટો પર મતદાન થશે. ત્યારે મહીસાગર જિલ્લા શાળા સંચાલક મંડળે જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટરને પત્ર પાઠવી લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત મતદાર જાગૃતિ અભિયાનમાં સહભાગી બનવા સંમતિ દર્શાવી છે.

આ અંગે મંડળના હોદ્દેદારોએ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીને મળી પાઠવેલ પત્રમાં જણાવ્યું છે કે મહીસાગર જિલ્લામાં આવેલી ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળાના સંચાલકોનું મહીસાગર જિલ્લા શાળા સંચાલક મંડળ કાર્યરત છે. જેમાં જિલ્લાના તમામ સંચાલકોની બેઠકમાં દરેક ગામમાં શાળાના ટ્રસ્ટી મંડળના સભ્યો દ્વારા મતદાર અંગે જાગૃતિ ફેલાવવા એકસૂરે સંમત થયા હતા. અવશ્ય આગામી ૭મી મેના રોજ મતદાન કરી અને કરાવી લોકશાહીના આ અવસરને સાર્થક કરવા ખાસ અપીલ મહીસાગર જિલ્લા શાળા સંચાલક મંડળ પ્રમુખ અસ. કે. પટેલ ડી અધ્યક્ષ કનુભાઈ પી. પટેલ, મહામંત્રીઓ નરેન્દ્રસિંહ ડી. સિસોદીયા, ઋષિરાજ કે. પંડ્યા તેમજ તમામ કારોબારી સભ્યો દ્વારા કરવામાં આવેલ છે.

# ભીમપુરા અને કરનેટ ગામે ઓરસંગ નદીમાંથી રેતીનો ગેરકાયદેસર વેપલો કરતા સંચાલકો સામે આક્રોશ



ડભોઈ, તા.૨૪

ડભોઇ તાલુકાના ભીમપુરા અને કરનેટ ગામે ઓરસંગ નદીમાંથી અલગ અલગ માલિકો દ્વારા ૨૫થી ૩૦ ટ્રેક્ટરો દ્વારા જેસીબી મશીનથી ઓરસંગ નદીમાંથી ટ્રેક્ટર દ્વારા રેતી ઉડેથી અન્ય જગ્યા ઉપર સ્ટોક કરી બેફામ સફેદ રેતીનો ઉદ્યોગ ધમધમી રહ્યો છે તેના સંચાલકો પણ મોટા મોટા હાઈવામાં ઓવરલોડ રેતી ભરી બે ફાર્મે રીતે ટ્રકોની અવર-જવર કરતા હોય ખાન ખનીજ વિભાગ તેમજ અન્ય વિભાગ ક્યારેય પણ આ તરફ ચેકિંગમાં નજરે પડ્યા નથી જાણવા મુજબ આ વિસ્તારમાં કાયદેસર કોઈપણ પ્રકારની રેતીને લીઝો મંજૂર કરવામાં આવી નથી છતાં પણ ઘરે ક્યારે મોટા પ્રમાણમાં રેતી ઉલેચવામાં આવે છે. આ ગેરકાયદેસર રેતીનું ખોદકામ કરવાના કારણે નદીના પટમાં મોટા મોટા ઉંડા ખાડા પડી ગયેલા હોય માણસ, ઢોર જાય તો ઉંડા ખાડામાં ડૂબી જવાનો ભય ગ્રામજનોને સતાવી રહ્યો છે જેથી કરીને આ ગેરકાયદેસર રેતીનો બે નંબરી કારોબાર બંધ થાય તેવી પણ વિસ્તારના ગ્રામજનો દ્વારા માંગ ઉઠવા પામી છે કેમ કે રેતી ઉલેચી ઊંડા ઊંડા ખાડા પાડી દેતા હોય અને પાણી ભરી દેતા મગરનો વાસ હોવાથી નદી પર જઈ શકતા નથીનું ગ્રામજનો જણાવતા હતા.

# પેરોલ જમ્પ કરી ફરાર થઈ ગયેલ કેદી સુરતમાંથી ઝબ્બે

ભાવનગર, તા.૨૪

વડોદરાની મધ્યસ્થ જેલમાંથી વચગાળાની જામીન રજા મેળવી ફરાર થઈ ગયેલા બળાત્કાર અને પોક્સોના ગુનામાં સજા પામેલ કેદીને ભાવનગર પેરોલ ફર્લો સ્કવોડની ટીમે સુરત શહેરમાંથી ઝડપી લઈ ફરી વડોદરા જેલના હવાલે કર્યો છે.

પેરોલ ફર્લો સ્કવોડને બાતમી મળી હતી કે, બળાત્કાર તથા પોક્સોના ગુનામાં વડોદરાની મધ્યસ્થ જેલમાં સજા ભોગવતો પાકા કામનો કેદી કનુભાઈ ઉર્ફે કાનો બુધાભાઈ ખસિયા (રહે. ઠળિયા, તા.તળાજા) જેલમાંથી વચગાળાની જામીન રજા મેળવ્યા બાદ ફરાર થઈ ગયો હોય અને હાલતે સુરત શહેરમાં રહે છે. આ બાતમીના આધારે પેરોલ ફર્લો સ્ક્વોડે સુરત ખાતે જઈ તપાસ કરતા ફરાર કેદી કનુ ખસિયા કામરેજ ચોકડી, સુરત ખાતેથી મળી આવતા તેને ઝડપી લઇ ફરી વડોદરાની મધ્યસ્થ જેલને હવાલે કર્યો હતો.

વીરપુર-બાલાસિનોર રોડ ઉપર આવેલ

# રતનકૂવા પાટિયા નજીક બે કાર-બાઈક વચ્ચે અકસ્માતમાં એકનું મોત

લુણાવાડાના, તા.૨૪

વીરપુર બાલાસિનોર રોડ ઉપર રતનકૂવા પાટિયા પાસે બે ફોર વ્હીલ અને એક બાઈક વચ્ચે ભયાનક અકસ્માતમાં બાઈકચાલકનું ઘટનાસ્થળે મૃત્યુ થયું હતું જયારે બાઈક પાછળ બેઠેલ તથા ફોર વ્હીલમાં સવાર એક વ્યક્તિને ઈજા પહોંચતા સારવાર માટે હોસ્પિટલ ખસેડાઇ હતી. વીરપુરથી બાલાસિનોર માર્ગ ઉપર રતનકૂવા ગામના પાટિયા પાસેથી મારૂતિ સ્વિફ્ટ ગાડી પસાર થઈ રહી હતી તે દરમ્યાન પાછળ આવતી મારૂતિ વાન ગાડી ફૂલ સ્પીડ ઓવરટેક કરવા જતાં સામેથી આવતી બાઈકને અડફેટે લેતા બાઈકસવાર રોડ પર પટકાઈને રોડની બાજુની ઝાડીમા ફંગોળાતા ઘટનાસ્થળે તેનું મૃત્યુ નિપજયું હતું જયારે પાછળ બેઠેલ મહિલાને તથા મારૂતિ વાનમાં બેસેલ એક પુરૂષને ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તને ૧૦૮ મારફતે દવાખાને લઈ જવામાં આવ્યા હતા. વીરપુર પોલીસને ઘટનાની જાણ થતાં તુરંત સ્થળ આવી પહોંચી હતી. મૃતદેહને પી.એમ. માટે વીરપુર સી. એચ. સી. ખાતે ખસેડવામાં આવ્યો હતો. પોલીસની તપાસમાં મૃતક કઠલાલના લાડવેલનો સુરેશ પરમાર હોવાની જાણ થઈ હતી.

ચૂંટણી પંચ તટસ્થ રીતે કાર્યવાહી કરે તો કુંભાણી કાયદાકીય સકંજામાં ફસાશે

# કોંગ્રેસ ઉમેદવાર કુંભાણીએ કરાવેલ ખોટી સહીઓ તપાસના દાયરામાં આવી શકે તેમ છે : મુખ્ય ચૂંટણી અધિકારી

**આ બાબતે જિ. કલેક્ટર અને ચૂંટણી અધિકારી પાસેથી અમે ડિટેઈલ રિપોર્ટ મંગાવવાના છીએ, તપાસના અંતે કસૂરવાર હશે તો પગલાં લેવાશે, ચૂંટણી પંચ ત્યારે જ પગલાં લઈ શકે જયારે રિપોર્ટ મળે**

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૪

સુરતની લોકસભાની ચૂંટણી સમગ્ર દેશનું ધ્યાન કેન્દ્રીત કરી ગઈ છે. ત્યારે કોંગ્રેસના ઉમેદવારે ફોર્મ પરત ખેંચીને બરાબર ફસાયા હોય તેવું સામે આવી રહયુ છે. કોંગ્રેસના ઉમેદવારે જે સમર્થકો પાસે ખોટી સહીઓ કરાવી છે. તે તપાસનો વિષય બન્યો છે. આ એક ગંભીર પ્રકારનો ગુનો છે. જો ચૂંટણી પંચ કોઇ પગલાં લેશે, તો કોંગ્રેસના પૂર્વ ઉમેદવારને હવે નવી મુશ્કેલીનો સામનો કરવો પડશે.

નામાંકન પત્રમાં કરેલી સહીઓ જો ખોટી હોય તો કોંગ્રેસના ઉમેદવાર નિલેષ કુંભાણી સામે પગલાં કેમ નહીં ?, તેવા એક સવાલના જવાબમાં રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી પી. ભારતીએ કહયુ કે, કોંગ્રેસના ઉમેદવાર અને ડમી ઉમેદવારનું ફોર્મ સમર્થકોની ખોટી સહીના કારણે રદ થયું હતું. તે નિયમસરની પ્રક્રિયા છે. પરંતુ, ઉમેદવારે કરાવેલી ખોટી સહીઓ તપાસના દાયરામાં આવી શકે તેમ છે.ખોટી સહીઓ બાબતે જિલ્લા કલેક્ટર અને ચૂંટણી અધિકારી પાસેથી અમે ડિટેઈલ રિપોર્ટ મંગાવવાના છીએ. તપાસના અંતે કસૂરવાર હશે, તો પગલાં પણ લેવાશે. ચૂંટણી પંચ ત્યારે જ પગલાં લઈ શકે છે. જ્યારે રિપોર્ટ મળે. પરંતુ ખોટી સહીઓ એ ઈન્વેસ્ટીગેશનનો મુદ્દો તો છે. ભાજપના ઉમેદવાર મુકેશ દલાલને સાંસદનું સર્ટિફિકેટ આપતાં પહેલાં ચૂંટણી પંચ રિપોર્ટ મંગાવી શક્યું હોત. પરંતુ, આટલો મોડો રિપોર્ટ મંગાવવાનું કારણ શું છે. તેવા સવાલના જવાબમાં પંચ પાસે યોગ્ય જવાબ ન હતો.માત્ર એટલું કહેવાયું છે ચૂંટણી પ્રક્રિયામાં આવતી કાર્યવાહી કરવામાં આવી છે. જો કે અમારી સમક્ષ હજી સુધી કોઈ ફરિયાદ આવી નથી.સુરતમાં કોંગ્રેસ-સિવાયના બીજા પક્ષ અને અપક્ષ-ઉમેદવારોને શોધવા માટે કેમ પોલીસ-દોડાવવામાં આવી હતી. તેવા સવાલના-જવાબમાં સમશેરસિંઘે કહ્યું હતું કે, કોઈ ઉમેદવાર રક્ષણ માગે તો પોલીસ તેને પ્રોટેક્શન આપતી હોય છે. પરંતુ, આ કિસ્સામાં કોઈ ઉમેદવાર ગૂમ થયો નથી કે પોલીસ તેને શોધવા ગઈ નથી. જો ઉમેદવારના ઉમેદવારી ફોર્મમાં દરખાસ્ત કરનારની ખોટી-બોગસ સહીઓ કરવામાં આવી હતી. તો આ પ્રમાણે ભારતીય દંડ સંહિતાની કલમ-૪૬૪, ૪૬૫, ૪૬૮, ૪૭૧, ૧૨૦ (બી) મુજબ ગુનો બને છે. જો દરખાસ્ત કરનારાઓ દ્વારા અમારી સહી નથી. તે અંગેનું ખોટું સોગંદનામુ કરવામાં આવ્યું હોય તો ભારતીય દંડ સંહિતાની કલમ-૧૯૧, ૧૯૨, ૧૯૩, ૧૯૬, ૧૯૯, ૨૦૦, મુજબ ગુનો બને છે. આ કલમો હેઠળ બેથી સાત વર્ષ સુધીની સજાની જોગવાઈ છે.

# વડોદરામાં ડ્રિંકિંગ વોટર, આઈસ્ક્રીમ, ઠંડા પીણા, કેરીના રસના વિક્રેતાઓને ત્યાં આરોગ્ય વિભાગના દરોડા

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૪

વડોદરા પાલિકાના આરોગ્ય વિભાગ અંતર્ગત આવતી ખોરાક શાખાના ફૂડ ઈન્સ્પેક્ટરની અલગ અલગ ટીમ દ્વારા આજે ઠંડા પીણા, આઈસ્ક્રીમ, પેકડ્ ડ્રિંકિંગ વોટર અને કેરીના રસના વિક્રેતાઓને ત્યાં દરોડા પાડવામાં આવ્યા હતા. જ્યાં એફએસએસઆઈના નિયમનું પાલન તથા ખાદ્ય પદાર્થોની ગુણવત્તાની તપાસણી કરવામાં આવી હતી. આ સાથે કેટલાક સેમ્પલ પણ લેવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

ઉનાળાના કારણે શહેરીજનો ઠંડક આપતી વસ્તુઓની ખરીદી વધુ કરતા હોવાથી અને તેઓના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને મ્યુનિસિપલ કમિશનર દિલીપ રાણાની સૂચના અને અધિક આરોગ્ય અમલદાર ડો.મુકેશ વૈદ્યના માર્ગદર્શન હેઠળ પાલિકાના ફુડ ઈન્સ્પેક્ટરોએ આજે શહેરના વિવિધ વિસ્તારોમાં અલગ અલગ વિક્રેતાઓને ત્યાં ચેકિંગ શરૂ કર્યું હતું. જેમાં ડ્રિંકિંગ વોટર, આઈસ્ક્રીમ અને ઠંડા પીણાનું વેચાણ કરતી વિવિધ દુકાનો ખાતે તપાસ હાથ ધરવામાં આવી હતી અને અહીંથી કેટલાક નમૂના લેવામાં આવ્યા હતા. સાથો સાથ કેરીના રસનું વેચાણ કરતા વિવિધ ફરસાણવાળાઓ તેમજ દુકાનદારોને ત્યાં તપાસ હાથ ધરવામાં આવી હતી. અહીં કેરીના રસના નમુના લઈ તેને તપાસ માટે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, થોડા દિવસ અગાઉ વડોદરા શહેરની એક દુકાનમાં ઠંડા પીણાની બોટલમાં મૃત માખી જોવા મળી હતી. તેના અનુસંધાને પાલિકાના આરોગ્ય વિભાગે આજે ઠંડા પીણા અંગે તપાસ કરી હોવાનું માનવામાં આવે છે.

૫૦ વિવર્સોના કરોડો રૂપિયા ડૂબ્યા

# સુરતમાં વેપારી દંપતી અને ભાગીદારોએ ૫.૮૯ કરોડનું ઉઠમણું કર્યું

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૪

રિંગરોડ રઘુકુળ ટેક્ષટાઈલ માર્કેટમાં સ્નેહા ક્રિએશનના નામે ધંધો કરતા સુરેકા દંપતિ અને ભાગીદારોએ દલાલો સાથે મળી શહેરના અલગ અલગ વિસ્તારમાં ૫૦ જેટલા લોકો પાસેથી કુલ રૂપિયા ૫.૮૯ કરોડનો ગ્રે કાપડનો માલ ખરીદ્યા બાદ માર્કેટના ધારા-ધોરણ મુજબ નક્કી કરેલ સમય મર્યાદામાં પેમેન્ટ નહી આપી ભાડાની દુકાન, મકાન અને મોબાઈલ બંધ કરી ઉઠમણું કર્યું છે.

મૂળ રાજકોટના જામ કંડોરણાના સાતોદર ગામના વતની હાલ લાલ દરવાજા સોહમ રેસિડેન્સી ખાતે રહેતા ૪૨ વષિય રમણીકભાઈને બાબુભાઈ ટીંબડીયા રિંગ રોડ સહારા દરવાજા જશ માર્કેટમાં દેવરામ ટેક્ષ અને ક્રેયા પ્રા.લી ફર્મના નામથી ગ્રે કાપડનો વેપાર કરે છે. રમણીકભાઈ અલગ અલગ દલાલો મારફતે તેમના ખાતામાં તૈયાર થતો ગ્રે કાપડનો માલ ટેક્ષટાઈલ માર્કેટમાં વેપારીઓને વેચાણ કરે છે. ઓક્ટોબર ૨૦૨૩માં તેમની દુકાને યશ વિનોદકુમાર બંસલ (અગ્રવાલ) (રહે, ગર્ગ મહોલ્લો અજમેર ભીનારા રાજસ્થાન) તેમની દુકાને આવી તેમની પાસે કાપડ ખરીદી માટે સારી વેપારી પાર્ટીઓ છે. તે વેપારી સાથે વેપાર ધંધો કરશો તો સારો એવો નફો ફાયદો થશે.આ ઉપરાંત પેમેન્ટ વેપારી ધારા ધોરણ મુજબ સમયસર ચુકવી આપવાની બાંહધરી આપી રિંગરોડ રઘુકુળ ટેક્ષટાઈલ માર્કેટમાં સ્નેહા ક્રિએશનના આશિષકુમાર નવલકુમાર સુરેકા તેના ભાગીદાર, તેની પત્ની સ્નેહા આશિષકુમાર સુરેકા (રહે, હેપ્પી ગ્લોરીયસ વેસુ), સુરેન્દ્રકુમાર બીજાયકુમાર પોદાર (રહે અમરદીપ એપાર્ટમેન્ટ ઉમા ભવન ભટાર રોડ).અને અંજુબેન સંદીપ કેડીયા (રહે, સેલેસ્ટર ડ્રીમ રાજહંસ જીયોન પાસે કેનાલ રોડ વેસુ) સાથે વેપાર ધંધો કરવાનું કહી મુલાકાત કરાવી હતી. આ તમામે શરૂઆતમાં ગ્રે કાપડનો માલ ખરીદી તેનું સમયસર પેમેન્ટ ચૂકવી રમણીકભાઈને વિશ્વાસમાં લીધા હતા. ત્યારબાદ ઠગાઈ આચરી હતી. આ બનાવ અંગે ક્રાઈમ બ્રાન્ચે રમણીકભાઈ ટીંબડીયાની ફરિયાદ લઈ ગુનો દાખલ કરી આગળની તપાસ ઈકો સેલ દ્વારા શરૂ કરવામાં આવી છે.હાલમાં આ સમગ્ર કેસમાં ભોગ બનનાર ૫૦ લોકોએ પોલીસ ફરિયાદ નોંધાવી છે. જો કે આ ઉઠામણાનો આંક આગામી દિવસોમાં હજુ વધવાની શક્યતા છે. આગામી દિવસોમાં આ આંક વધીને ૧૦ કરોડની ઉપર જવાની શક્યતા સેવાઈ રહી છે.

# ડેડિયાપાડાના બેસણા ગામમાં કળયુગી પુત્રએ પ્રોત પ્રકાશ્યું:સગી જનેતા ઉપર હુમલો કર્યો

**જમવાનું બનાવવાની બાબતે માતા સાથે તકરાર કરી દાતરડી વડે હુમલો કરતા પુત્ર સામે ફરિયાદ**

રાજપીપળા, તા.૨૪

ડેડીયાપાડા તાલુકાના બેસણા ગામમાં રહેતા એક પુત્ર એ પોત પ્રકાશ્યું છે, અવારનવાર દારૂ પીને તકરાર કરતા કળયુગી પુત્રએ જમવાનુ બનાવવાની બાબતે તકરાર સગી જનેતા પર હિચકારો હુમલો કરી દેતાં પુત્ર સામે માતા ડેડીયાપાડા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે

નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાના બેસણા ગામમાં રહેતા ભારૂબેન અમરસિંહ વસાવા નામના ૪૩ વર્ષના મહિલાએ ડેડીયાપાડા પોલીસ મથકમાં પોતાના જ પુત્ર સુનિલ અમરસિંહ વસાવા સામે પોતાને દાતરડી વડે હુમલો કરી ઈજા પહોંચાડવા અંગેની ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ભારૂબેનનો પુત્ર સુનિલ કે જે પોતાની માતા સાથે દારૂ પીને અવારનવાર નાની નાની બાબતે તકરાર કરતો હતો, અને ગત તા.૨૩/૪/૨૦૨૪ના દારૂના નશાના ધૂત થઈ જમવાનું બનાવવામાં કેમ વાર લગાડો છો, તેમ કહી માતાને ગાળો ભાંડતો હતો, ભારૂ બેને પુત્રને ગાળો બોલવાની ના પાડતાં આરોપી પુત્રએ ઉશ્કેરાઈને ઘરમાં પડેલી દાતરડી ડાબા કાન નીચે મારી તેઓને ઈજાગ્રસ્ત કરી નાખ્યાં હતાં

જે અંગે પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે. ડેડીયાપાડા પોલીસે નરાધમ પુત્ર એવા સુનિલ વસાવા સામે આઈપીસી કલમ ૩૨૪, ૫૦૪ અને ૫૦૬ ૨ તેમજ જીપીએક્ટ કલમ ૧૩૫-૧ મુજબ ગુન્હો નોંધ્યો છે, અને હાલ આરોપી ભાગી છૂટ્યો હોવાથી તેની શોધખોળ ચલાવવામાં આવી રહી છે.

રાજ્યમાં હીટવેવને લઈને પરિપત્ર બહાર પાડી નિર્દેશો જારી કરાયા

# રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓના સમયમાં કરાયો ફેરફાર : ૧૧ વાગ્યા સુધીનો જ સમય

## ઓપન એર વર્ગો નહીં રાખી શકાય : બાળકોને સમજણ આપવાની રહેશે



(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૪

રાજ્યમાં ગરમીનો પ્રકોપ વધી રહ્યો હોવાના પગલે કમિશનર ઓફ સ્કૂલની કચેરી દ્વારા હિટવેવને લઈને પરિપત્ર કરવામાં આવ્યો છે. જેમાં ગરમીની સિઝન દરમિયાન શાળાઓનો સમય ૧૧ વાગ્યા સુધીનો જ રાખવા માટે જણાવાયું છે. આ ઉપરાંત ઉનાળા દરમિયાન સ્કૂલોએ કોઈ ઓપન એર વર્ગો હાથ ધરવાના રહેશે નહીં તેવી પણ સ્પષ્ટ સુચના આપી છે. આ ઉપરાંત શિક્ષકોની મદદથી બાળકોને હિટવેવની અસરો અને તેનાથી બચવાના ઉપાયોની સમજણ આપવા માટે પણ તાકીદ કરવામાં આવી છે. આમ, કમિશનર ઓફ સ્કૂલની કચેરીના પરિપત્ર બાદ અમદાવાદ ગ્રામ્ય જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા પણ ગ્રામ્ય વિસ્તારની સ્કૂલોને લઈને પરિપત્ર કરાયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યમાં એપ્રિલ માસની શરૂઆત સાથે જ ગરમીનો પારો સતત વધી રહ્યો છે. રાજ્યમાં આગામી સમયમાં હીટવેવની શક્યતાઓ પણ રહેલી છે. જેને ધ્યાને લઈને બચાવ અને રાહતના આગોતરા પગલા લેવા માટે હિટવેવની સંભવિત અસરોથી રક્ષણ મેળવવા ગુજરાત હિટવેવ એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. હિટવેવ એક્શન પ્લાનમાં સ્કૂલોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સલામતી માટે પગલા લેવા માટે પણ તાકીદ કરવામાં આવી છે. જેના પગલે રાજ્યની કમિશનર ઓફ સ્કૂલની કચેરી દ્વારા તમામ જિલ્લાઓમાં હિટવેવની પુર્વ તૈયારીને લઈને પરિપત્ર કરવામાં આવ્યો છે.

કમિશનર ઓફ સ્કૂલની કચેરી દ્વારા હિટવેવને લઈને રાજ્યની તમામ જિલ્લાની DEO કચેરીને કરેલા પરિપત્રમાં જણાવાયું હતું કે, હિટવેવને સાયલન્સ ડિઝાસ્ટર તરીકે ગણવામાં આવતું હોવાથી જિલ્લાની કચેરી દ્વારા તાબા હેઠળની શાળાઓને સચેત કરવા માટે તથા જરૂરી કાર્યવાહી કરવા માટે જણાવવામાં આવે છે. આ માટે પરિપત્રમાં સ્કૂલોએ શુ તકેદારી રાખવી તે અંગે પણ સુચનાઓ આપવામાં આવી હતી. જેના અનુસંધાને રાજ્યની તમામ જિલ્લાની કચેરીઓ દ્વારા હિટવેવને લઈને પરિપત્રો કરવામાં આવી રહ્યા હોવાનું જાણવા મળે છે. તાજેતરમાં અમદાવાદ શહેરમાં હિટવેવને લઈને સ્કૂલોને સુચના આપવામાં આવી હોવાનું પણ જાણવા મળે છે. જેમાં ખાનગી સ્કૂલો દ્વારા સ્કૂલોના સમયમાં ફેરફાર કર્યો ન હોવાથી પરિપત્ર કરાયો હતો.

દરમિયાન કમિશનર ઓફ સ્કૂલની કચેરી દ્વારા કરાયેલા પરિપત્રના પગલે અમદાવાદ ગ્રામ્ય જિલ્લા શિક્ષાધિકારી કૃપા જહાએ હિટવેવને લઈને ગ્રામ્યની સ્કૂલોમાં પરિપત્ર કર્યો છે. જેમાં જણાવાયું છે કે, તમામ શાળાઓમાં શિક્ષકોની મદદથી બાળકોને હીટવેવ, તેનાથી થતી અસરો અને તેનાથી બચવાના ઉપાયો વિશે સમજણ આપવાની રહેશે. ઉનાળા દરમિયાન કોઈ ઓપન એર વર્ગો હાથ ધરવા નહીં, તેમજ ગરમીની સિઝનમાં શાળાનું સમયનું નિયંત્રણ સવારે ૬થી ૧૧ સુધી કરવાનું રહેશે. આમ, સ્કૂલો કે જ્યાં ઓપનમાં વર્ગ લેવામાં આવતા હોય તેમણે ગરમી દરમિયાન ઓપન એર વર્ગો હાથ ધરવાના રહેશે. નહીં. ઉપરાંત સ્કૂલોનો સમય પણ ૧૧ વાગ્યા સુધીનો જ રાખવા માટે પણ તાકીદ કરાઈ છે.

નવરંગપુરામાં છોકરા અને દુકાનદાર વચ્ચે બોલચાલ થતાં યુવક વચ્ચે પડ્યો

# આઈસ્ક્રીમ લેવા મામલે માથાકૂટ થતાં ૧૫ વર્ષના છોકરાએ યુવકને છરી મારતાં મોત

અમદાવાદ, તા.૨૪

શહેરમાં દિન-પ્રતિદિન ગુનાખોરીનું પ્રમાણ વધતું જઈ રહ્યું છે. ત્યારે શહેરના નવરંગપુરા વિસ્તારમાં એક એવી ઘટના સામે આવી છે, જેણે સૌને ચોંકાવી દીધા છે. નવરંગપુરામાં ૧૫ વર્ષના છોકરાએ એક યુવકને છરી મારી દેતા તેનું મોત નીપજ્યું છે. નાની ઉંમરના છોકરાનો પોતાનો ભાઈ ફૂટપાથ પર હતો એટલે તેના માટે આઈસ્ક્રીમ લેવા માટે સામેના રોડ પર ગયો હતો, ત્યાં તેણે આઈસ્ક્રીમ વાળાને આઈસ્ક્રીમ આપવા માટે કહ્યું અને દુકાનદાર સાથે રકઝક થઈ હતી.૧૫ વર્ષના છોકરા સાથે બોલાચાલી થતા ત્યાં ઉભેલો યુવક એને સમજાવી રહ્યો હતો. ત્યારે પોતાની પાસેથી છરી કાઢીને યુવકને મારી દીધી હતી. જેમાં યુવકનું મોત નિપજ્યું છે. હાલ પોલીસે છોકરાની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ઘટનાની વિગતો જોઈએ તો

૧૫ વર્ષનો છોકરો પોતાના નાનાભાઈ સાથે નવરંગપુરા આશ્રમ રોડ પાસે ફૂટપાથ પર હતો. તેને ગમે ત્યાંથી ૨૦ રૂપિયા ભેગા કરીને પોતાના ભાઈ માટે આઈસ્ક્રીમ લેવા માટે સામેના રોડ પર આઈસ્ક્રીમના સ્ટોલ પર ગયો હતો. ત્યાં ૧૫ વર્ષના છોકરાએ સ્ટોર પણ બેઠેલા વ્યક્તિ પાસે આઈસ્ક્રીમની માંગણી કરી, પરંતુ તેને રૂપિયાની રકઝક કરી એટલે ત્યાં ઉભેલા એક વ્યક્તિએ તેને સમજવાનો પ્રયાસ કર્યો હતો. એટલામાં થોડીવારમાં વાત એકદમ ઉગ્ર થઈ ગઈ હતી, ત્યારે આ નાના છોકરાએ પાસે કોઈને વિશ્વાસ પણ ન હોય તેમ પોતાની પાસેથી છરી કાઢી અને જે યુવક તેને સમજાવી રહ્યા હતો તેને જ છરી મારી દીધી હતી અને યુવક ત્યાં ઢળી પડ્યો હતો અને તેનું મૃત્યુ થયું હતું. હાલ તો સમગ્ર મામલે પોલીસે તેની ધરપકડ કરી છે અને તેની સામે કાર્યવાહી શરૂ કરી છે. હવે જુવેનાઈલ એક્ટ હેઠળ તેની સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ મામલે મૃતકના મોટાભાઈ રાજુ દંતાણીએ નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યં હતું કે, મારી બહેન સરોજબેનો મારા પર ફોન આવ્યો અને કહ્યું કે, મારા દીકરા પાર્થે ફોન કરીને જણાવ્યું કે જીતેન્દ્ર મામાને કોઈ અજાણ્યા છોકરાએ છરી મારી છે. તેથી તેને હું સિવિલ હોસ્પિટલ લઈ જાવ છું. તમે સિવિલ હોસ્પિટલ ખાતે આવો” તેમ જણાવતા હું તરત જ રીક્ષા લઈ સિવિલ જવા નીકળ્યો અને મારી પત્નિ સિવિલ હોસ્પિટલ ટ્રોમા ઈમરજન્સી વોર્ડમાં ગઈ તે વખતે મારા ભાઈ જીતેન્દ્રને ૧૦૮ એમ્બ્યુલન્સમાં લાવ્યા હતા. જેની સાથે મારો ભાણો પાર્થ પણ હતો અને મારા ભાઈ જીતેન્દ્રની ફરજ ઉપરના ડોક્ટરે પ્રાથમિક તપાસ કરી મરણ જાહેર કર્યો હતો.

તેથી મેં આ બનાવ બાબતે ત્યાં હાજર મારા ભાણા પાર્થને પૂછતાં તેણે જણાવ્યું કે, નવરંગપુરા આશ્રમ રોડ સિટી ગોલ્ડ સિનેમાની ગલીમાં આવેલી રજવાડી ચાની કીટલી પર હાજર હતો. તે દરમિયાન આશરે સાડા નવ વાગે સિટી ગોલ્ડ સિનેમાની બાજુમાં આવેલા નેશનલ ચેમ્બરર્સમાં નજીક શીતલ આઇસ્ક્રીમની દુકાનમાં કામ કરતા કિરણભાઈએ દુકાને આવી જણાવ્યું કે, એક અજાણ્યો છોકરો શીતલ આઇસ્ક્રીમમાં આઈસ્ક્રીમ લેવા બોલાચાલી કરતો હોય જેથી જીતેન્દ્રભાઈએ તેને સમજાવવા જતાં તેણે જીતેન્દ્રભાઈ સાથે ઝપાઝપી કરી ચપ્પુ મારી દીધું છે અને જીતુભાઈ રોડ ઉપર પડેલા છે. જીતેન્દ્રભાઈને ખુબ જ લોહી નીકળેલું હતું. આ દરમિયાન ૧૦૮ એમ્બ્યુલન્સ આવતા તેઓને લઈ સિવિલ હોસ્પિટલ અસારવા ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં ફરજ પરના ડૉક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા.

રાજકોટની ટિકિટ માટેના પ્રબળ દાવેદાર ભાજપ સાથે સંકળાયેલ નીકળ્યા !

# રાજકોટ બેઠક પર પણ સુરતવાળી થતાં રહી : કોંગ્રેસના નેતાએ કર્યું ટ્વિટ

## વિક્રમ સોરાણીને ટિકિટ અપાઈ હોત તો બિનહરીફ પરિણામ આવતું : ટ્વિટ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૪

લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે. આ દરમિયાન સુરત બેઠક પર હાઈ વૉલ્ટેજ ડ્રામાની અસર દિલ્હી સુધી પહોચી છે. બીજી તરફ કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણી પર આંગળીઓ ઉઠી રહી છે. ત્યારે રાજકોટમાં પણ સુરતવાળી થાત એવા સંકેત કોંગ્રેસના નેતાના ટ્વિટથી મળ્યા છે. એક તરફ સુરતને લઈ રાજકારણ ગરમાયું છે. બીજી તરફ રાજકોટ પર પણ દેશની નજર છે.

આ દરમિયાન ગુજરાત પ્રદેશ કોંગ્રેસના નેતા ડૉ. હેમાંગ વસાવડાના ટ્વિટથી રાજકારણ ગરમાયું છે. તેમણે પોસ્ટમાં લખ્યું છે કે, રાજકોટમાં સુરતવાળી થતા અટકી છે. અગાઉ રાજકોટમાં લોકસભા બેઠક ચૂંટણીમાં કોંગ્રેસ વિક્રમ સોરાણીને ટિકિટ આપવાની વાતો વહેતી થઈ હતી અને હવે આગામી ૨૯ તારીખના રોજ વિક્રમ સોરાણી ભાજપમાં જોડાવવાના છે. ટ્વીટમાં તેઓએ લખ્યુંકે, જેતેસમયે મને આ વાતની જાણ કરી સાવચેત કરવા બદલ હું આભાર વ્યક્ત કરુંછું. હાલ રાજકોટ બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણી છે. પરંતુ રાજકોટ લોકસભા બેઠક પરથી કોળી સમાજના વિક્રમ સોરાણીને ટિકિટ આપવા માટે સેન્સ આપવામાં આવી હતી. જો કે, આ સમયે રાજકોટ કોંગ્રેસના કેટલાક નેતાઓએ વિરોધ નોંધાવ્યો હતો અને તે ભાજપના નેતાઓ સાથે સંકળાયેલા હોવાની પ્રદેશ મોવડી મંડળને જાણ કરી હતી. અને ત્યારબાદ રાજકોટ બેઠક પર પરેશ ધાનાણીને ઉતારવામાં આવ્યા છે. જો તેમને ટિકિટ અપાઈ હોત તો સુરતની જેમ અહીં પણ કંઈક નવા-જૂની થઈ શકત.

# રાજસ્થાન હિન્દી હાઈસ્કૂલમાં ધોરણ-૯ના વર્ગો બંધ ન કરવા આદેશ

## ● સ્કૂલ બંધ કરવા માટે કોઈ મંજૂરી લેવામા આવી ન હોવાનું સામે આવ્યું ● શિક્ષકોની ઘટનું કારણ ધરી વર્ગ બંધ ન કરી શકાય તેવું તારણ આપી વર્ગો ચાલુ રાખવા તાકીદ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૪

અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં આવેલી રાજસ્થાન હિન્દી હાઈસ્કૂલમાં હિન્દી માધ્યમ બંધ કરવાનું હોવાથી વિદ્યાર્થીઓને એલસી આપી દેવાની ઘટના બાદ DEOએ સ્કૂલને ખુલાસો કરવા નોટિસ આપી હતી. જેમાં બુધવારના રોજ હિયરીંગ બાદ સ્કૂલને વર્ગ બંધ ન કરવા આદેશ અપાયો હોવાનું જાણવા મળે છે. સ્કૂલ બંધ કરવા માટે કોઈ મંજૂરી લેવામાં આવી ન હોવાથી તથા ગ્રાન્ટેડ સ્કૂલ હોવાના લીધે મંજૂરી વગર બંધ ન કરી શકાય તેમ જણાવી વર્ગ બંધ ન કરવા જણાવાયું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર શાહીબાગ વિસ્તારમાં ભાષાકીય લઘુમતિ સ્કૂલ રાજસ્થાન હિન્દી હાઈસ્કૂલ આવેલી છે. આ સ્કૂલમાં ધોરણ-૮માં હિન્દી માધ્યમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની અંતિમ પરીક્ષા લેવામાં આવ્યા બાદ પરિણામ જાહેર કરાયું હતું. જો કે, પરિણામ સાથે વિદ્યાર્થીઓને એલ.સી. આપી ધોરણ-૯માં પ્રવેશ આપવાના બદલે સ્કૂલ સંચાલકોએ અન્ય સ્કૂલમાં અથવા તો અંગ્રેજી માધ્યમમાં પ્રવેસ લેવા માટે જણાવ્યું હતું. આ તમામ વિદ્યાર્થીઓએ સમગ્ર પ્રાથમિક શિક્ષણ હિન્દી માધ્યમમાં લીધું હોવાથી તેમણે હિન્દી માધ્યમમાં પ્રવેશ માટે આગ્રહ કર્યો હતો. પરંતુ સ્કૂલ તંત્ર દ્વારા હિન્દી માધ્યમ બંધ કરવામાં આવી રહ્યું હોવાનું જણાવી વાલીઓને એલ.સી. પકડાવી દીધા હતા.

આ મુદ્દે મંગળવારે વાલીઓ સ્કૂલ પર પહોંચી હોબાળો કર્યા બાદ જિલ્લા શિક્ષણાધિકારીનું ધ્યાન જતાં તેમણે સ્કૂલને નોટિસ ફટકારી હતી. જેમાં સ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓને આગળના ધોરણમાં પ્રવેશ શા માટે આપવામાં આવેલો નથી અને સરકારના કયા નિયમના આધારે વાલીઓને સાંભળ્યા વગર સીધા એલ. સી. આપવામાં આવેલા છે તે અંગે જરૂરી આધાર પુરાવા સાથે બુધવારના રોજ ૧૧ વાગ્યે કચેરી ખાતે હાજર રહેવા માટે જણાવાયું હતું.

દરમિયાન બુધવારના રોજ સ્કૂલ તરફથી ખુલાસો રજૂ કરતી વખતે શિક્ષકોની ઘટ હોવાનું જણાવી હિન્દી માધ્યમના વર્ગ બંધ કરવામાં આવ્યા હોવાનું જણાવાયું હતું. પરંતુ આ બાબતે જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા હસ્તક્ષેપ કરીને હિન્દી માધ્યમમાં ધોરણ-૯માં પ્રવેશ આપવા માટે સ્પષ્ટ સૂચના આપવામાં આવી હોવાનું જાણવા મળે છે. વિદ્યાર્થીની સંખ્યા જો વર્ગ પ્રમાણે હોય તો એ વર્ગ ચાલુ જ રાખવા પડે, ગ્રાન્ટેડ શાળા માટે શહેરમાં જે સંખ્યા છે એ ૩૬ જ છે, એ પ્રમાણે જો જળવાય તો શાળા ચાલુ જ રહેશે.

# શહેરની જાણીતી સોસાયટીમાં કોમર્શિયલ બાંધકામો બાબતે પિટિશન : હાઈકોર્ટે અ.મ્યુ.કો.ને કાઢી નોટિસ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૪

ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ વી.ડી.નાણાવટીએ શહેરના પાલડી વિસ્તારમાં સ્થિત સમસ્ત બ્રહ્મક્ષત્રિય સમાજ સોસાયટી અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને સોસાયટીમાં કોમર્શિયલ પ્રવૃત્તિઓને પડકારતી એક રહેવાસી દ્વારા દાખલ કરાયેલી અરજી પર નોટિસ ફટકારી છે. કોર્ટે વધુ સુનાવણી ૨૭ જૂને રાખી છે.

ચેતના છત્રપતિએ અરજી દાખલ કરીને એવો મુદ્દો ઉઠાવ્યો છે કે સોસાયટીમાં ૧૫૯ બંગલા છે અને તેમાંથી ૪૫ બંગલા વેચાઈ ગયા છે અને ત્યાં મેડિકલ ક્લિનિક, રેસ્ટોરન્ટ, દુકાનો જેવી વ્યવસાયિક પ્રવૃત્તિઓ ચાલી રહી છે. આ સોસાયટીની રચના ૧૯૪૬માં થઈ હતી અને છેવટે ઘણા બંગલા વ્યાપારી સંસ્થાઓમાં ફેરવાઈ ગયા હતા. સોસાયટી માત્ર રહેણાંક હેતુ માટે છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ચેરમેન, સેક્રેટરી અને કોઓપરેટિવ હાઉસિંગ સોસાયટીના રજિસ્ટ્રારને અસંખ્ય ફરિયાદો કરવામાં આવી છે પરંતુ નસમાં. તેથી AMCને આવી પ્રવૃત્તિઓ રોકવા માટે કોમર્શિયલ સંસ્થાઓ સામે પગલાં લેવાનો નિર્દેશ આપવો જોઈએ.

સ્ટાફની નિમણૂકો માત્ર કાગળ પર

# રાજકોટની B.A. ડાંગર હોમિયોપેથી કોલેજમાં ૮૦ ટકા સ્ટાફ નકલી હોવાનો ઘટસ્ફોટ

## કોલેજમાં લાયકાત ધરાવતો સ્ટાફ જ નથી : તપાસમાં સામે આવી વિગતો

અમદાવાદ, તા.૨૪

રાજકોટમાં ફરી એક વાર કોલેજમાં છબરડો સામે આવ્યો છે. રાજકોટ ખાતે આવેલી B.A. ડાંગર હોમીયોપેથી મેડિકલ કોલેજમાં વધુ એક વિવાદમાં આવી છે. B.A. ડાંગર હોમીયોપેથી મેડિકલ કોલેજમાં નેશનલ કમિશન ફોર હોમિયોપેથીની ટીમે તપાસ હાથ ધરી છે. નેશનલ કમિશન ફોર હોમિયોપેથીની ટીમની તપાસ દરમિયાન કોલેજમાં ગેરરીતિ સામે આવી છે. ડાંગર હોમિયોપેથી મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં ૮૦ ટકા સ્ટાફ નકલી હોવાનું ખૂલ્યું છે. કોલેજમાં લાયકાત ધરાવતો સ્ટાફ જ નથી. સ્ટાફની નિમણૂકો માત્ર કાગળ પર હોવાનો ખુલાસો થયો છે. પગાર ચૂકવવામાં પણ ગેરરીતિ થતી હોવાનું સામે આવ્યું છે. અગાઉ માર્કશીટ કૌભાંડમાં કોલેજનું નામ સામે આવ્યું હતું.

લેપટોપ, કંપનીના દસ્તાવેજ અને ડાયમંડ પાછા મેળવવા ફરિયાદી પાસે મંગાઈ લાંચ

# લાંચ લેવા માટે મોડસ ઓપરેન્ડી અપનાવનાર સરકારી કર્મચારી : ACBની ટ્રેપમાં ફસાયો

અમદાવાદ, તા.૨૪

સરકારી અધિકારીએ લાંચ માટે નવો કિમીયો અપનાવ્યો છે. પૈસા લેવા માટે કોઈ થર્ડ પાર્ટી કે વહીવટદાર રાખવાના બદલે સગાંસંબંધીઓનો જ ઉપયોગ કરવામાં આવે છે. આવી જ એક ઘટનામાં સુરતના એક વેપારી વિરુદ્ધ મુંબઈ ખાતે છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ હતી. આ વિગતના આધારે સુરત ઈકો સેલ દ્વારા A.S.I સાગર સંજય પ્રધાન આરોપીને પકડવા ગયા હતા. ત્યારે પોલીસે આરોપી સાથે તેના ભાગીદારને પણ ઝડપી પાડ્યો હતો. એસીબીએ કાયદેસરની કાર્યવાહી કરી આ કર્મચારી વિરૂદ્ધ પ્રમાણસર મિલકતની તપાસ પણ શરૂ કરવામાં આવી છે.પોલીસે તપાસ કરી ભાગીદારની ઓફિસમાંથી લેપટોપ, ડીવીઆર કંપનીના દસ્તાવેજો અને ડાયમંડ પણ લઈ લીધા હતા અને ઈકોસેલની કચેરી ખાતે લાવવામાં આવ્યા હતા. જો કે, ગુનામાં સંડોવાયેલા વ્યક્તિને મુંબઈ પોલીસના હવાલે કરી દીધો હતો અને તેના ભાગીદારને છોડી મૂકવામાં આવ્યો હતો.ઓફિસમાંથી લઈ ગયેલા તમામ મુદ્દા માલ પરત મેળવવા માટે ભાગીદારે અનેક વાર સાગર પ્રધાનને કહ્યું હતું. ત્યારે આ તમામ મુદ્દામાલ પાછો આપવા માટે સાગર પ્રધાને પૈસાની માંગ કરી હતી. જો કે રકઝકના અંતે પાંચ લાખ રૂપિયા નક્કી કરવામાં આવ્યા હતા. ફરિયાદીએ આ મામલે સુરતના ACB એકમમાં ફરિયાદ કરી હતી. જેના આધારે આજ રોજ ટ્રેપ ગોઠવવામાં આવી હતી અને આ ટ્રેપમાં એએસઆઈ સાગર પ્રધાન વતી તેમનો વચેટીયો પાંચ લાખ રૂપિયાની લાંચ લેતા સુરતના અલકાપુરી સર્કલ પાસે પકડાઈ ગયો હતો.

ચૂંટણી પંચ તટસ્થ રીતે કાર્યવાહી કરે તો કુંભાણી કાયદાકીય સકંજામાં ફસાશે

# કોંગ્રેસ ઉમેદવાર કુંભાણીએ કરાવેલ ખોટી સહીઓ તપાસના દાયરામાં આવી શકે તેમ છે : મુખ્ય ચૂંટણી અધિકારી

## આ બાબતે જિ. કલેક્ટર અને ચૂંટણી અધિકારી પાસેથી અમે ડિટેઈલ રિપોર્ટ મંગાવવાના છીએ, તપાસના અંતે કસૂરવાર હશે તો પગલાં લેવાશે, ચૂંટણી પંચ ત્યારે જ પગલાં લઈ શકે જયારે રિપોર્ટ મળે

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૪

સુરતની લોકસભાની ચૂંટણી સમગ્ર દેશનું ધ્યાન કેન્દ્રીત કરી ગઈ છે. ત્યારે કોંગ્રેસના ઉમેદવારે ફોર્મ પરત ખેંચીને બરાબર ફસાયા હોય તેવું સામે આવી રહયુ છે. કોંગ્રેસના ઉમેદવારે જે સમર્થકો પાસે ખોટી સહીઓ કરાવી છે. તે તપાસનો વિષય બન્યો છે. આ એક ગંભીર પ્રકારનો ગુનો છે. જો ચૂંટણી પંચ કોઈ પગલાં લેશે, તો કોંગ્રેસના પૂર્વ ઉમેદવારને હવે નવી મુશ્કેલીનો સામનો કરવો પડશે.

નામાંકન પત્રમાં કરેલી સહીઓ જો ખોટી હોય તો કોંગ્રેસના ઉમેદવાર નિલેષ કુંભાણી સામે પગલાં કેમ નહીં ?, તેવા એક સવાલના જવાબમાં રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી પી. ભારતીએ કહયુ કે, કોંગ્રેસના ઉમેદવાર અને ડમી ઉમેદવારનું ફોર્મ સમર્થકોની ખોટી સહીના કારણે રદ થયું હતું. તે નિયમસરની પ્રક્રિયા છે. પરંતુ, ઉમેદવારે કરાવેલી ખોટી સહીઓ તપાસના દાયરામાં આવી શકે તેમ છે.ખોટી સહીઓ બાબતે જિલ્લા કલેક્ટર અને ચૂંટણી અધિકારી પાસેથી અમે ડિટેઈલ રિપોર્ટ મંગાવવાના છીએ. તપાસના અંતે કસૂરવાર હશે, તો પગલાં પણ લેવાશે. ચૂંટણી પંચ ત્યારે જ પગલાં લઈ શકે છે. જ્યારે રિપોર્ટ મળે. પરંતુ ખોટી સહીઓ એ ઈન્વેસ્ટીગેશનનો મુદ્દો તો છે. ભાજપના ઉમેદવાર મુકેશ દલાલને સાંસદનું સર્ટિફિકેટ આપતાં પહેલાં ચૂંટણી પંચ રિપોર્ટ મંગાવી શક્યું હોત. પરંતુ, આટલો મોડો રિપોર્ટ મંગાવવાનું કારણ શું છે. તેવા સવાલના જવાબમાં પંચ પાસે યોગ્ય જવાબ ન હતો.માત્ર એટલું કહેવાયું છે ચૂંટણી પ્રક્રિયામાં આવતી કાર્યવાહી કરવામાં આવી છે. જો કે અમારી સમક્ષ હજી સુધી કોઈ ફરિયાદ આવી નથી.સુરતમાં કોંગ્રેસ-સિવાયના બીજા પક્ષ અને અપક્ષ-ઉમેદવારોને શોધવા માટે કેમ પોલીસ-દોડાવવામાં આવી હતી. તેવા સવાલના-જવાબમાં સમશેરસિંઘે કું હતું કે, કોઈ ઉમેદવાર રક્ષણ માગે તો પોલીસ તેને પ્રોટેક્શન આપતી હોય છે. પરંતુ, આ કિસ્સામાં કોઈ ઉમેદવાર ગૂમ થયો નથી કે પોલીસ તેને શોધવા ગઈ નથી. જો ઉમેદવારના ઉમેદવારી ફોર્મમાં દરખાસ્ત કરનારની ખોટી-બોગસ સહીઓ કરવામાં આવી હતી. તો આ પ્રમાણે ભારતીય દંડ સંહિતાની કલમ-૪૬૪, ૪૬૫, ૪૬૮, ૪૭૧, ૧૨૦ (બી) મુજબ ગુનો બને છે. જો દરખાસ્ત કરનારાઓ દ્વારા અમારી સહી નથી. તે અંગેનું ખોટું સોગંદનામું કરવામાં આવ્યું હોય તો ભારતીય દંડ સંહિતાની કલમ-૧૯૧, ૧૯૨, ૧૯૩, ૧૯૬, ૧૯૯, ૨૦૦, મુજબ ગુનો બને છે. આ કલમો હેઠળ બેથી સાત વર્ષ સુધીની સજાની જોગવાઈ છે.

# અમદાવાદ ખાતે ૧લી મેથી ગુજરાત સુપર લીગનો પ્રારંભ

## ● ૧૦ રાજ્યોના ફૂટબોલ ખેલાડીઓ ભાગ લેશે ● પરિમલ નથવાણીએ GSL ટ્રોફીનું અનાવરણ કર્યું



અમદાવાદ, તા.૨૪

રાજ્યમાં ફૂટબોલની રમતમાં ક્રાંતી લાવવા અમદાવાદમાં ગુજરાત સુપરલીગનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી પહેલી મેથી અમદાવાદના ઈકા એરેના ખાતે ગુજરાત સુપર લીગનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. આ ટૂર્નામેન્ટ ૧થી ૧૨ મે સુધી યોજાશે. ૧૨ મે એ ફાઈનલ રમાશે. આ રાજ્યની પહેલી ફ્રેન્ચાઈસી આધારિત ફૂટબોલ ટૂર્નામેન્ટ છે. રાજ્યસભાના સાંસદ અને ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિયેશનના પ્રમુખ પરિમલ નથવાણી માર્ગદર્શનમાં ગુજરાત સુપર લીગ ગુજરાતની પ્રથમ ફ્રેન્ચાઈઝી આધારિત ફૂટબોલ લીગ તરીકે ઈતિહાસ સર્જશે. ત્યારે GSLની ટ્રોફીનું પરિમલ નથવાણીના હસ્તે અનાવરણ કરવામાં આવ્યું હતું. જેમાં GSLમાં ભાગ લેનાર ટીમના માલિક, કોચ સહિતના સમર્થકો હાજર રહ્યા હતા. ગુજરાતમાં ફૂટબોલની રમતને વધુ મજબૂત કરવા માટે GSFA દ્વારા આ પહેલ કરવામાં આવી છે. આ ટૂર્નામેન્ટના મુખ્ય સહયોગી સ્પોન્સર ગુજરાત પ્રવાસન નિગમ અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા છે. આ લીગમાં ૧૦ રાજ્યોના ફૂટબોલ ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે.

માનવતાને શર્મસાર કરતી દર્દનાક ઘટના

# સુરતમાં ૧૮ વર્ષીય માનસિક દિવ્યાંગ યુવતી સાથે નરાધમે દુષ્કર્મ ગુજાર્યું

## યુવતીને પેટમાં દુઃખાવો થતાં સમગ્ર ઘટના સામે આવી

અમદાવાદ, તા.૨૪

સુરતમાં માનવતાને શર્મસાર કરતો દર્દનાક કિસ્સો સામે આવ્યો છે. સુરતના અમરોલી પોલીસ મથક વિસ્તારમાં એક માનસિક દિવ્યાંગ યુવતી સાથે દુષ્કર્મની ઘટના બની છે. યુવતીને ગર્ભ રહી જતા આખો મામલો સામે આવ્યો હતો.

સમગ્ર મામલે પોલીસ ફરિયાદ થતાં પોલીસે આરોપીની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે. આ અંગે અમરોલી પોલીસ પાસેથી મળતી વિગત પ્રમાણે અમરોલી છાપરાભાઠા વિસ્તારમાં યુપીવાસી પરિવાર સાથે ૧૮ વર્ષીય દિવ્યાંગ યુવતી રહે છે. યુવતી માનસિક રીતે દિવ્યાંગ છે, જેથી કાકા-કાકી સાથે રહે છે. યુવતીના માતા વતનમાં રહે છે. ત્યારે થોડા દિવસ પહેલાં યુવતીને અચાનક પેટમાં દુખાવો ઉપડ્યો હતો અને ઉલટીઓ થવા લાગતા તેમના કાકા કાકી તેમને હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં તબીબી પરીક્ષણમાં બહાર આવ્યું હતું કે, યુવતીને ત્રણ મહિનાનો ગર્ભ છે. આ વાત સાંભળી કાકા કાકીના પગ તળેથી જમીન સરકી ગઈ હતી. સમગ્ર મામલે યુવતીને ઘરે લાવી કાકા-કાકીએ પૂછપરછ કરી હતી. આ દરમિયાન યુવતીએ તેની ભાષામાં જણાવ્યું હતું કે બાજુમાં રહેતા પ્રદીપ ધર્મરાજ પટેલે તેની સાથે દુષ્કર્મ આચર્યું છે. યુવતી ત્રણેક મહિના પહેલા ઘરે એકલી હતી. આ દરમિયાન આરોપી પ્રદીપ પટેલે દુષ્કર્મ આચર્યું હતું. દુષ્કર્મ આચર્યા બાદ નરાધમે યુવતીને ધમકી આપી હતી કે, જો પોતે કોઈને આ વાત કહેશે તો જાનથી મારી નાખશે. જો કે સમગ્ર મામલે યુવતીના કાકા કાકીએ અમરોલી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે નરાધમ પ્રદીપ ધર્મરાજ પટેલની ધરપકડ કરી છે. ઉલ્લેખનીય છે કે પકડાયેલ આરોપી પરિણીત છે અને એક સંતાનનો પિતા છે. હાલ તો પોલીસે સમગ્ર મામલે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### પોલીસે પાડોશી ઢગાની ધરપકડ કરી

# UNRWAનો સ્ટાફ હમાસ જેવા સંગઠનોને સમર્થન આપે છે તેવા આરોપો અંગે ઈઝરાયેલે હજુ સુધી પુરાવા આપ્યા નથી

**જાન્યુઆરીમાં, ઈઝરાયેલે જાહેરમાં આક્ષેપ કર્યો હતો કે યુનાઇટેડ નેશન્સ રિલીફ એન્ડ વર્ક્સ એજન્સી ફોર પેલેસ્ટીન રેફ્યુજીસ (UNRWA)ના કેટલાક સ્ટાફ સભ્યો ઓક્ટોબર ૭માં હમાસ દ્વારા કરવામાં આવેલા ઈઝરાયેલ પરના હુમલામાં સામેલ હતા**

(એજન્સી) તા.૨૪

ઈઝરાયેલે જાહેરમાં દાવો કર્યો છે કે UNRWAના કર્મચારીઓ અનેક લડાયક સંગઠનોના સભ્યો છે. જો કે, ઈઝરાયેલે હજુ સુધી આના આધારભૂત પુરાવા આપવાના બાકી છે. UNRWA દ્વારા તટસ્થતાના માનવતાવાદી સિદ્ધાંતનું પાલન સુનિશ્ચિત કરવા માટેની પદ્ધતિઓ અને પ્રક્રિયાઓની સ્વતંત્ર સમીક્ષાના અંતિમ અહેવાલમાં આ વાત કહેવામાં આવી છે. યુએન સેક્રેટરી-જનરલે આ અંતિમ અહેવાલ મેળવ્યો હતો, તેમણે સ્વતંત્ર સમીક્ષા જૂથની નિમણૂક કરી હતી. યુએનઆરડબ્લ્યુએ ૩૦,૦૦૦ લોકોને રોજગારી આપે છે અને વેસ્ટ બેંક, જોર્ડન, લેબેનોન, સીરિયામાં ૫૯ લાખ પેલેસ્ટીન શરણાર્થીઓને સેવા આપે છે.

આ બહુપ્રતિક્ષિત અંતિમ અહેવાલમાં જાણવા મળ્યું છે કે ૧૯૪૯માં જનરલ એસેમ્બલી દ્વારા સ્થપાયેલ UNRWA, તેના કામમાં નિષ્પક્ષ રહે તે સુનિશ્ચિત કરવા અને નિયમિતપણે ઈઝરાયેલને કર્મચારીઓની સૂચિ પ્રદાન કરવામાં આવે માટે છે અને ઈઝરાયેલી સરકારે UNRWAને કોઈપણ ચિંતા વિશે જાણ કરી નથી.

UNRWA ખાતે નિયમોનો સમૂહ અને મિકેનિઝમ્સ અને પ્રક્રિયાઓ યુએન સિસ્ટમમાં વિસ્તૃત છે, મને વિશ્વાસ છે કે આ પગલાં અમલમાં મૂકવાથી UNRWAને તેનો આદેશ પૂરો કરવામાં મદદ મળશે. આંતરરાષ્ટ્રીય સમુદાયને એજન્સી સાથે સાથે મળીને કામ કરવા માટે પ્રોત્સાહિત કરતા જેથી તે તેના મિશનને પૂર્ણ કરી શકે અને જ્યારે તેઓ ત્યાં હોય ત્યારે પડકારોને દૂર કરી શકે.

રિપોર્ટની ભલામણોમાં કેન્દ્રીય તટસ્થતા તપાસ એકમ બનાવવા, તમામ સ્ટાફ માટે અપડેટેડ નૈતિક સંહિતા અને સંલગ્ન તાલીમ અને ભરતી પ્રક્રિયાના પ્રારંભિક તબક્કે UNRWA અરજદારોને તપાસવા માટે વધારાના માર્ગોને ઓળખવા અને અમલમાં મૂકવાનો સમાવેશ થાય છે. આ રિપોર્ટમાં સંવેદનશીલ પ્રોજેક્ટ્સ માટે તૃતીય-પક્ષ દેખરેખ અને પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે માળખું સ્થાપિત કરવાનું પણ સૂચન કર્યું હતું.

યુએન સેક્રેટરી-જનરલના પ્રવક્તાએ કહ્યું કે યુએન ચીફ કોલોનાના રિપોર્ટમાં સમાવિષ્ટ ભલામણોને સ્વીકારે છે. તેમણે કમિશનર જનરલ ફિલિપ લેઝારિની સાથે સંમત થયા છે કે UNRWA, સેક્રેટરી-જનરલના સમર્થન સાથે અંતિમ અહેવાલમાં સમાવિષ્ટ ભલામણોને અમલમાં મૂકવા માટે એક કાર્ય યોજના સ્થાપિત કરશે. સમીક્ષા જૂથના અંતિમ અહેવાલ મુજબ, UNRWA વિરુદ્ધ ઈઝરાયેલના દાવાઓને પગલે લગભગ $૪૫ કરોડની રકમનું ભંડોળ સસ્પેન્ડ કરવામાં આવ્યું હતું. ઈઝરાયેલના આક્ષેપોની સીધી અસરને લીધે UNRWAની કાર્ય ચાલુ રાખવાની ક્ષમતાને અવરોધિત કરી છે. માત્ર સ્વૈચ્છિક દાન પર




કાર્યરત, UNRWAએ યુનાઇટેડ સ્ટેટ્સ સહિતના મોટા દાતાઓએ એજન્સી માટેના ભંડોળને રદ અથવા સ્થગિત કર્યા છે. એપ્રિલમાં, વોશિંગ્ટને ૨૦૨૫ સુધી UNRWA માટે ભંડોળ પર પ્રતિબંધ મૂક્યો હતો, પરંતુ અન્ય દાતાઓએ વધારાના ભંડોળનું વચન આપ્યું છે અથવા તેમના દાન આપ્યા છે. નવા અહેવાલમાં UNRWAના દાતાઓ સાથે તેની નાણાકીય પરિસ્થિતિ અને તટસ્થતાના આક્ષેપો અને ઉલ્લંઘનો અંગે સંચારનું આવર્તન વધારવા અને પારદર્શિતાની ભલામણ કરવામાં આવી છે. સમીક્ષા જૂથે અખંડિતતા અને સંબંધિત મુદ્દાઓ પર UNRWAને સમર્થન આપવા માટે રસ ધરાવતા દાતાઓ માટે નિયમિત અપડેટ્સની ભલામણ કરી છે.

યુએન એજન્સીના ૧,૦૦૦ સ્થાપનોમાં શાળાઓ, આરોગ્યસંભાળ કેન્દ્રો અને વેરહાઉસનો સમાવેશ થાય છે, સમીક્ષા જૂથે જણાવ્યું હતું કે UNRWAએ શિક્ષણમાં તટસ્થતા સુનિશ્ચિત કરવા પર સતત કામ કર્યું છે કારણ કે તે ગાઝા સહિત ૨૦,૦૦૦ શૈક્ષણિક સ્ટાફ સાથે ૭૦૬ શાળાઓમાં ૫,૦૦,૦૦૦ વિદ્યાર્થીઓને પ્રાથમિક અને પ્રારંભિક શિક્ષણ પ્રદાન કરે છે, જ્યાં હાલમાં તમામ બાળકો શાળાના વિનાશને પગલે શાળાની બહાર રહ્યા છે. અહેવાલમાં યજમાન દેશો, ઈઝરાયેલ અને પેલેસ્ટીની ઓથોરિટીના તમામ પાઠ્યપુસ્તકોની સામગ્રીની સમીક્ષા સહિત અનેક પગલાંની ભલામણ કરવામાં આવી છે.

આ અહેવાલમાં જણાવાયું છે કે ઈઝરાયેલ અને પેલેસ્ટીનીઓ વચ્ચે UNRWA ગાઝા, જોર્ડન, લેબેનોન, સીરિયા અને પેલેસ્ટીની શરણાર્થીઓને જીવનરક્ષક માનવતાવાદી સહાય અને આવશ્યક સામાજિક સેવાઓ, ખાસ કરીને આરોગ્ય અને શિક્ષણમાં સહાયતા પ્રદાન કરે છે. ઘણા લોકો UNRWAને માનવતાવાદી જીવનરેખા ગણે છે. યુએનના વડાએ જણાવ્યું હતું કે તેઓ દાતા સમુદાય, યજમાન દેશો અને સ્ટાફના નવા અહેવાલની અંતિમ ભલામણોના અમલીકરણમાં સંપૂર્ણ સહયોગ કરવા માટેના સહકાર પર વિશ્વાસ કરે છે. સેક્રેટરી-જનરલ તમામ હિતધારકોને UNRWAને સક્રિયપણે સમર્થન આપવા અપીલ કરે છે, કારણ કે તે આ પ્રદેશમાં પેલેસ્ટીન શરણાર્થીઓ માટે જીવનરેખા છે.

# યમનના હૌથીઓએ લાલ સમુદ્ર અને અરબ સમુદ્રમાં હુમલાઓમાં વધારો કરવાની હાકલ કરી


(એજન્સી) તા. ૨૪

યમનના હૌથી જૂથે ગઈકાલે તેમના દળોને લાલ સમુદ્ર, આરબ સમુદ્ર અને હિંદ મહાસાગરમાં ઈઝરાયેલ સાથે જોડાયેલા જહાજો સામે તેમની કામગીરી વધારવા વિનંતી કરી હતી.

દક્ષિણ ગાઝા પટ્ટીમાં ખાન યુનિસમાં તેના આક્રમણ દરમિયાન ઈઝરાયેલી સૈન્ય દ્વારા માર્યા ગયેલા સેંકડો પેલેસ્ટીનીઓની સામૂહિક કબરોની શોધ પછી હૌથીઓ દ્વારા જારી કરાયેલા નિવેદનમાં જૂથની અલ-મસિરાહ ચેનલ દ્વારા આ અહેવાલ આપવામાં આવ્યો છે.

જૂથના રાજકીય કાર્યાલયે તેમના નિવેદનમાં જણાવ્યું હતું કે, ‘સતત સાતમા મહિનામાં, ઈઝરાયેલી દુશ્મનના નરસંહારના ગુનાઓ ચાલુ છે, નવીનતમ ખાન યુનિસના નાસેર મેડિકલ કોમ્પ્લેક્સમાં ઘાતકી હત્યાકાંડ તેમાંથી એક છે.’

તેમણે ઉમેર્યું, ‘ગાઝા અને વેસ્ટબેંકના કબજે કરેલા પેલેસ્ટીની લોકો જે નરસંહારના ગુનાઓનો સામનો કરી રહ્યા છે તે ઝિઓનિસ્ટ તિરસ્કાર અને અપરાધના વરવા સ્તરને પ્રતિબિંબિત કરે છે,’ આ જૂથે હૌથીઓ સાથે જોડાયેલા યમનના સશસ્ત્ર દળોને હાકલ કરી હતી, લાલ સમુદ્ર અને અરબ સમુદ્ર અને હિંદ મહાસાગરમાં ઈઝરાયેલ સાથે જોડાયેલા જહાજો સામે તેમની



કાર્યવાહી વધારવા માટે હાકલ કરી હતી.

હૌથી જૂથે પેલેસ્ટીની લોકોના સમર્થનમાં યમનના લોકોના સતત સમર્થન અને ગાઝામાં તેમના બહાદુર પ્રતિકાર પર ભાર મૂક્યો. જૂથે ઉમેર્યું, ‘જો તે અમેરિકા અને પશ્ચિમી સમર્થન અને અરબનું શરમજનક મૌન અને યુએનની શક્તિહીનતા ન હોય, તો પેલેસ્ટિનિયન લોકો સામે ઝિઓનિસ્ટ ગુનાઓ થયા ન હોત.’

# નાસીર હોસ્પિટલની સામૂહિક કબરમાંથી વધુ ૭૩ પેલેસ્ટીનીઓના મૃતદેહ મળી આવ્યા

(એજન્સી) તા. ૨૪

ગાઝાની સરકારી મીડિયા ઓફિસે જણાવ્યું હતું કે, ગઈકાલે ખાન યુનિસમાં નાસીર મેડિકલ કોમ્પ્લેક્સના મેદાનના એક સામૂહિક કબરમાંથી ૭૩ પેલેસ્ટીનીઓના મૃતદેહ મળી આવ્યા હતા. ૪૨ મૃતદેહની ઓળખ કરવામાં આવી હતી જ્યારે બાકીના ઓળખ થઈ નથી, ઈઝરાયેલી સેનાએ તેમને જાણીજોઈને રેતીમાં ઊંડે દફનાવીને અને તેમના પર કચરો નાખીને છુપાવ્યા હોવાના જાણ થઈ છે. સરકારી મીડિયા ઓફિસના વડા, સલામા મારૂફે જણાવ્યું હતું કે, ‘જ્યારે ઈઝરાયેલી કબજેદાર સૈન્યએ હુમલો કર્યો ત્યારે નાસેર મેડિકલ કોમ્પ્લેક્સની અંદર રહેલા લગભગ ૨,૦૦૦ પેલેસ્ટીનીઓનું ક્યાં છે તે હજુ પણ અજ્ઞાત છે, તેઓની ધરપકડ કરવામાં આવી હતી કે માર્યા છે તે જાણી શકાયું નથી. તેમના મૃતદેહોને છુપાવવામાં આવ્યા હતા.’

મારૂફે જણાવ્યું હતું કે, ‘ચોથા દિવસે, સરકારી કર્મચારીઓએ ખાન યુનિસના નાસીર મેડિકલ કોમ્પ્લેક્સમાં સામૂહિક કબરમાંથી પીડિતોના મૃતદેહો કાઢવાનું ચાલુ રાખ્યું હતું.’ સોમવારે ૭૩ પીડિતોના મૃતદેહ મળી આવ્યા હતા, શુક્રવારથી અત્યાર સુધીમાં ૨૮૩ મૃતદેહો મળી આવ્યા છે.

તેમણે કહ્યું, ‘મહિલાઓ, બાળકો, વૃદ્ધ લોકો અને ઘાયલ લોકોના મૃતદેહ પણ સામૂહિક કબરમાંથી મળી આવ્યા હતા, જ્યારે તેમાંથી કેટલાકને હાથકડી પહેરાવવામાં આવી હતી અને તેમના કપડા ઉતારવામાં આવ્યા હતા, જે દર્શાવે છે કે તેઓને ઠંડા લોહીમાં ફાંસી આપવામાં આવી હતી.’

તેમણે માન્યું હતું કે ઈઝરાયેલી કબજેદાર સૈન્ય દ્વારા બે વાર નાસીર મેડિકલ કોમ્પ્લેક્સ પર હુમલો કરીને અને તેમના કેટલાક વિભાગોને નષ્ટ કરવાનો ઘોર અપરાધ ઈઝરાયેલની બર્બરતા અને તેની સેનાની અનૈતિકતાની હદ દર્શાવે છે, જે જીવનની તમામ જરૂરિયાતો અને ગાઝા પટ્ટીની અંદર અસ્તિત્વના



સાધનોનો નાશ કરે છે. મારૂફે ઇન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ (ICC)ના પ્રોસીક્યુટર જનરલને ગાઝા સિટીમાં નાસીર મેડિકલ કોમ્પ્લેક્સ અને અલ-શિફા મેડિકલ કોમ્પ્લેક્સમાં ઈઝરાયેલી હત્યાકાંડની તપાસ શરૂ કરવાની માંગ કરી હતી.

રવિવારે, સિવિલ ડિફેન્સના પ્રવક્તા, મેજર મહમૂદ બસલે જણાવ્યું હતું કે ગાઝાના કેટલાક વિસ્તારોમાંથી ઈઝરાયેલી કબજાની સૈન્યની પીછેહઠ બાદ લગભગ ૨,૦૦૦ પેલેસ્ટીનીઓ ગુમ થયા હોવાનું જાણવા મળ્યું છે. ૭ એપ્રિલના રોજ, ઈઝરાયેલી સૈન્યએ ગ્રાઉન્ડ આક્રમણ શરૂ કર્યાના ચાર મહિના પછી ખાન યુનિસથી તેની પીછેહઠ કરવાની જાહેરાત કરી જેના કારણે શહેરનો નાશ થયો. સતત ૧૯૯માં દિવસે ઈઝરાયેલી કબજાની સેનાએ ગાઝા પટ્ટી પર આક્રમણ ચાલુ રાખ્યું છે, જેના કારણે ૩૪,૦૪૯ પેલેસ્ટીનીઓ મૃત્યુ પામ્યા છે અને ૭૬,૯૦૧ અન્ય ઘાયલ થયા છે. પેલેસ્ટીનીઓ અને આંતરરાષ્ટ્રીય સંગઠનો અનુસાર, ગાઝા સ્ટ્રીપની લગભગ ૮૫ ટકા વસ્તી બળજબરીથી વિસ્થાપિત કરવામાં આવી છે.

# કેમ્પસમાં અંધાધૂંધી : પેલેસ્ટીન તરફી દેખાવો તીવ્ર થતાં અમેરિકી યુનિવર્સિટીઓમાં ભારે આક્રોશ

(એજન્સી) તા.૨૪

ગત સપ્તાહે કોલંબિયા યેલ અને ન્યૂ યોર્ક યુનિવર્સિટી જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓ સહિત સમગ્ર યુનાઇટેડ સ્ટેટ્સના કેમ્પસ ઉગ્ર દેખાવોનું કેન્દ્ર બની ગયા છે. સ્ટુડન્ટ્સ ફોર જસ્ટિસ ઈન પેલેસ્ટીન અને જ્યુઈશ વોઈસ ફોર પીસ જેવા વિદ્યાર્થી જૂથો દ્વારા આયોજિત આ વિરોધ પ્રદર્શનોએ મજબૂત માંગણીઓ ઉઠાવી છે, જે નોંધપાત્ર વિક્ષેપો અને વ્યાપક પોલીસ પ્રતિસાદ તરફ દોરી ગઈ છે.

**સમાચાર ડ્રાઈવિંગ**

● વિરોધોનો ચરૂ જે મહિનાઓથી ધીમે-ધીમે ઊકળી રહ્યો હતો. તેમાં ગત ગુરૂવારે નોંધપાત્ર રીતે ઉકળાટ ત્યારે વધી ગયો, જ્યારે કોલંબિયા યુનિવર્સિટીના ઉપલા મેનહટન કેમ્પસમાં છાવણી સ્થાપી રહેલા ૧૦૦થી વધુ પેલેસ્ટીની તરફી પ્રદર્શનકારોની ધરપકડ કરવામાં આવી. ત્યારથી અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં અસંખ્ય ધરપકડો કરવામાં આવી છે. જેમાંથી ઘણા પ્રદર્શનકર્તાઓ અતિક્રમણ અથવા અવ્યવસ્થિત વર્તનના આરોપોનો સામનો કરી રહ્યા છે. કોલંબિયાની નજીક સ્થિત ન્યુ યોર્ક યુનિવર્સિટીમાં પણ પરિસ્થિતિ વધુ વણસી હતી. પોલીસે અહેવાલ આપ્યો કે, સોમવારે મોડી રાત્રે ૧૩૩ વિરોધીઓની ધરપકડ કરવામાં આવી હતી. જેમાંથી તમામને પછીથી અવ્યવસ્થિત વર્તન માટે કોર્ટના સમન્સ સાથે મુક્ત કરવામાં આવ્યા હતા.

● પ્રત્યક્ષદર્શીઓના અહેવાલો અને સત્તાવાર નિવેદનો અનુસાર ઘણા NYPD અધિકારીઓ પર હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં એક અધિકારીને ખુરશી મારવામાં આવી હતી અને અન્ય પર કાચની બોટલો વડે હુમલો કરવામાં આવ્યો હતો. એનવાયપીડીએ એક નિવેદનમાં ઘટનાઓની પુષ્ટિ કરી, અહેવાલ આપ્યો કે, હુમલાઓને કારણે ઘણા અધિકારીઓને ઈજાઓ થઈ છે. ‘‘અધિકારીઓને ફેંકવામાં આવેલા અસ્ત્રોથી નિશાન બનાવવામાં આવ્યા હતા અને એક અધિકારીને ખુરશી વડે મારવામાં આવ્યો હતો.

● વધુમાં કનેક્ટિકટની યેલ યુનિવર્સિટીમાં સોમવારે ૬૦ વ્યક્તિઓની અટકાયત કરવામાં આવી હતી. જેમાંથી ૪૭ વિદ્યાર્થીઓ હતા. કારણ કે, તેઓએ કેમ્પસ પ્લાઝા ખાલી કરવાની વારંવાર કરવામાં આવેલ વિનંતીઓને અવગણી હતી, જ્યાં તેઓએ છાવણીની સ્થાપના કરી હતી. યેલના પ્રમુખ પીટર સાલોવેએ ટિપ્પણી કરી હતી કે, પ્રદર્શનકારીઓએ વિરોધને બંધ કરવા અને યુનિવર્સિટીના ટ્રસ્ટીઓ સાથે ચર્ચામાં જોડાવાની દરખાસ્તને નકારી કાઢી હતી. વધતી જતી સલામતીની ચિંતાઓને જોતાં સત્તાવાળાઓને છાવણીને વિખેરી નાખવા અને ધરપકડ સાથે આગળ વધવાની ફરજ પડી હતી.

● મિડવેસ્ટમાં મિશિગન યુનિવર્સિટીએ મંગળવાર સુધીમાં લગભગ ૪૦ તંબુઓને સમાવી લેવા માટે તેનો વિરોધ વધતો જોયો, જ્યારે મિનેસોટા યુનિવર્સિટીએ કેમ્પસ લાઈબ્રેરીની સામે એક છાવણી તોડી પાડ્યા પછી નવ યુદ્ધ વિરોધી પ્રદર્શનકારીઓની ધરપકડ કરવામાં આવી. બાદમાં તે જ તે દિવસે પછીથી એક નોંધપાત્ર રેલી થઈ, જેમાં સેંકડો લોકો અટકાયતમાં લેવાયેલા લોકોની મુક્તિ માટે હાકલ કરવા ભેગા થયા.

● વેસ્ટ કોસ્ટ પર, કેલિફોર્નિયા સ્ટેટ પોલીટેકનિક યુનિવર્સિટી, હમ્બોલ્ટે સોમવારે રાત્રે એક બિલ્ડિંગ પર કબજો જમાવવાના પ્રદર્શનને પગલે બુધવાર સુધી તેનું કેમ્પસ બંધ રાખવાનું પગલું ભર્યું. યુનિવર્સિટીએ તેની વેબસાઇટ પર પુષ્ટિ કરી છે કે, ત્રણ વિરોધીઓની ધરપકડ કરવામાં આવી હતી અને વર્ગો અસ્થાયી ધોરણે ઑનલાઈન ફોર્મેટમાં ફેરવવામાં આવ્યા હતા.

● કોલંબિયાથી યેલ સુધીની યુનિવર્સિટીઓ ઐતિહાસિક કેમ્પસ વિરોધની યાદ અપાવે તેવી સક્રિયતાની લહેર જોઈ રહી છે. વિરોધીઓએ અનેક માંગણીઓ મૂકી છે :

● ગાઝામાં તાત્કાલિક યુદ્ધવિરામઃ વિદ્યાર્થીઓ પ્રદેશમાં દુશ્મનાવટનો અંત લાવવાની હિમાયત કરી રહ્યા છે.

● ઈઝરાયેલને યુએસ લશ્કરી સહાય સમાપ્ત કરો : એક નિર્ણાયક માંગ એ છે કે, યુ.એસ. દ્વારા ઈઝરાયેલને આપવામાં આવતી તમામ લશ્કરી સહાયને બંધ કરવી.

● યુનિવર્સિટીનું વિનિવેશ : વિરોધીઓ તેમની યુનિવર્સિટીઓને શસ્ત્ર સપ્લાયર્સ અને સંઘર્ષમાંથી નફો કરતી અન્ય કંપનીઓમાંથી વિનિવેશ કરવા માટે હાકલ કરી રહ્યા છે.

● વિરોધ કરનારાઓ માટે માફી : વિરોધ પ્રદર્શનમાં તેમની સંડોવણી બદલ શિસ્તબદ્ધ કાર્યવાહીનો સામનો કરી રહેલા વિદ્યાર્થીઓ અને શિક્ષકોને માફી આપવાની માંગે કરવામાં આવી છે.

● વિરોધ કરનારાઓની રચના




● વિરોધોએ વિવિધ જૂથોને આકર્ષ્યા છે. જેમાં યહૂદી અને મુસ્લિમ પશ્ચાદભૂના વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીનો સમાવેશ થાય છે, જે કેમ્પસમાં પેલેસ્ટિનિયન સંબંધી મુદ્દાઓ માટે સમર્થનની બહુપક્ષીય પ્રકૃતિનું નિદર્શન કરે છે.

● જેમ જેમ વિરોધ વેગ પકડી રહ્યો છે તેમ તેમ યુનિવર્સિટીઓએ પરિસ્થિતિને કાબુમાં રાખવા માટે વિવિધ પગલાં લીધાં છેઃ

● કોલંબિયા યુનિવર્સિટી : ઉગ્રતા પછી, કોલંબિયાના રાષ્ટ્રપતિએ વિરોધકર્તાઓને વિખેરી નાખવા માટે એનવાયપીડીને બોલાવ્યા, જેના કારણે ૧૦૦થી વધુ ધરપકડ કરવામાં આવી.

● યેલ યુનિવર્સિટી : ૬૦થી વધુ વિરોધીઓની કેમ્પસ પોલીસ દ્વારા અનેક ચેતવણીઓ પછી પણ ન વિખેરાવા બદલ ધરપકડ કરવામાં આવી હતી.

● NYU : યુનિવર્સિટીની વિનંતી છતાં પ્રદર્શનો અટક્યાં ન હોવાથી મોટી પોલીસ હાજરીને કારણે ૧૨૦ લોકોની ધરપકડ કરવામાં આવી.

● કેમ્પસ જીવન પર અસર

● કોલંબિયા યુનિવર્સિટીએ વિક્ષેપોને ઘટાડવા માટે બાકીના સેમેસ્ટર માટે હાઈબ્રિડ ક્લાસ ફોર્મેટ પસંદ કર્યું.

● કેલિફોર્નિયા સ્ટેટ પોલીટેકનિક યુનિવર્સિટી, હમ્બોલ્ટે વિરોધીઓએ વહીવટી બિલ્ડિંગ પર કબજો કર્યા પછી અસ્થાયી ધોરણે તમામ વ્યક્તિગત વર્ગો રદ કર્યા.

● પ્રદર્શનો યુએસ વિદેશ નીતિ પ્રત્યે વ્યાપક અસંતોષ અને રોકાણ અને ભાગીદારી દ્વારા વૈશ્વિક સંઘર્ષોમાં યુનિવર્સિટીની સંડોવણીને પ્રતિબિંબિત કરે છે.

● ચળવળે મુક્ત અભિવ્યક્તિને ઉત્તેજન આપવા અને સમુદાયની સલામતી સુનિશ્ચિત કરવા વચ્ચે નાજુક સંતુલન જાળવવા માટેના કેમ્પસના પ્રયત્નો પર પણ પ્રકાશ પાડ્યો છે.

● સાહિત્ય વિષે પીએચડી કરી રહેલ વિદ્યાર્થી ક્રિશ્ચિયન ડેલિયોને કહ્યું ‘‘આપણે બધાએ વિરોધ કરવા, આપણાં અવાજો લોકો સુધી પહોંચાડવા માટે આ પ્રકારની જગ્યાઓનો ઉપયોગ કરવા સક્ષમ હોવા જોઈએ.

કોલંબિયાની બર્નાર્ડ કૉલેજની યહૂદી વિદ્યાર્થી સારાહ બોરુસે જણાવ્યું હતું કે, ‘‘મારા કૉલેજ વહીવટીતંત્ર, કૉંગ્રેસમાં મારા પ્રતિનિધિઓ અને મારા પોતાના પ્રમુખે સતત યહૂદી સમુદાય માટે પ્રવક્તા તરીકે કામ કર્યું છે, જે વિરોધી ઝાયોનવાદને યહૂદી-વિરોધીવાદ સાથે સરખાવે છે.’’ તેણીએ અસંમતિ ધરાવતા લોકો સામે લેવામાં આવેલા દમનકારી પગલાં અંગે પણ ખેદ વ્યક્ત કરતા કહ્યું કે ‘‘તેઓ અમને ચૂપ કરે છે, અમને સસ્પેન્ડ કરે છે.’’

● કોલંબિયા યુનિવર્સિટીના પ્રમુખ મિનોચે શફિક ઝઘડાનું કેન્દ્રબિંદુ રહ્યા છે, તેમણે વિરોધ કરનારાઓને વિખેરવા માટે ન્યુ યોર્ક પોલીસને બોલાવી તેમના આ પગલાંને કારણે દેખાવો વધુ ઉગ્ર બન્યા.

કોલંબિયાના જાહેર બાબતોના વાઇસ પ્રેસિડેન્ટ બેન ચાંગે સોમવારે પત્રકારોને જણાવ્યું હતું કે ‘‘વિદ્યાર્થીઓને વિરોધ કરવાનો અધિકાર છે, પરંતુ તેઓને કેમ્પસ જીવનને ખલેલ પહોંચાડવાની અથવા હેરાન કરવાની અને ડરાવવાની મંજૂરી નથી.’’

● ‘‘અમે અમારા યહૂદી વિદ્યાર્થીઓ પાસેથી જે તકલીફો સાંભળી રહ્યા છીએ તેના પર કાર્ય કરી રહ્યા છીએ,’’ તેમણે કહ્યું કે, યુનિવર્સિટીના અધિકારીઓ પ્રદર્શનકારીઓ સાથે ‘‘સદભાવનાથી’’ બેઠક કરી રહ્યા હતા.

બાઈડેન ટ્રમ્પઃ રાજકારણીઓ વાતાવરણ ડહોળે છે

● એક ડેમોક્રેટ એવા રાષ્ટ્રપતિ જો બાઈડેન, જે ઇઝરાયેલ માટેના તેમના સમર્થન પર પ્રદર્શનકારીઓના પ્રતિભાવનો સામનો કરી રહ્યા છે, તેમણે સોમવારે મીડિયાને સંબોધતા કહ્યું કે, તેમણે ‘‘સેમિટિક વિરોધ’’ અને ‘‘જેઓ સમજી શકતા નથી કે પેલેસ્ટિનિયનો સાથે શું ચાલી રહ્યું છે’’ તે બંનેની નિંદા કરી.

# હમાસના નેતાઓને દોહાથી દેશનિકાલ કરવામાં આવશે એવા અહેવાલોને કતાર, તુર્કીએ ફગાવી દીધા

(એજન્સી) ગાઝા, તા.૨૪

એનાદોલુ એજન્સીના અહેવાલ મુજબ, દોહા હમાસના નેતાઓને દેશનિકાલ કરવાની યોજના બનાવી રહ્યું છે, એવા અહેવાલોને તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગને અને કતારના વિદેશ મંત્રાલયે ફગાવી દીધા છે. ઈરાકથી પરત ફર્યા પછી પત્રકારો સાથે વાત કરતા એર્દોગને કહ્યું કે, કતાર આવું પગલું ભરશે એવું તેઓ માનતા નથી તેમણે ઉમેર્યું હતું કે, હમાસના નેતાઓના ઠેકાણાને બદલે ગાઝાની પરિસ્થિતિ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

તુર્કીના પ્રમુખે કહ્યું કે, તેમને એવી કોઈ માહિતી મળી નથી કે જેના પરથી સંકેત મળે કે કતાર તેના પ્રદેશમાંથી હમાસના નેતાઓને દેશનિકાલ કરશે, તેમણે ઉમેર્યું હતું કે, તેમણે કતારના અમીર શેખ તમીમ અલ-થાનીને આવા પગલાનું સૂચન કરતા સાંભળ્યા નથી. તેમના પ્રત્યે તેમનું વલણ હંમેશા પરિવારના સભ્ય જેવું હોય છે અને મને નથી લાગતું કે ભવિષ્યમાં આ સ્થિતિ બદલાશે. તેમની વાત મૂકતા કતારના વિદેશ મંત્રાલયના પ્રવક્તા માજેદ અલ-અન્સારીએ જણાવ્યું હતું કે, મધ્યસ્થી પ્રયત્નો ચાલુ છે ત્યારે હમાસના નેતાઓને દોહામાંથી દૂર




કરવાનો કોઈ અર્થ નથી. તેમણે કહ્યું કે, કતાર મધ્યસ્થી પ્રયત્નો માટે પ્રતિબદ્ધ છે પરંતુ તેની સામેના હુમલાઓથી હતાશાને કારણે તેની ભૂમિકાનું પુનઃ મૂલ્યાંકન કરી રહ્યું છે. ગયા શનિવારના દિવસે યુએસ મીડિયાએ હમાસના નેતાઓ સંભવતઃ કતારથી બીજા દેશમાં જવાના સમાચારો પ્રસારિત કર્યા હતા. હમાસે આ સમાચારને નકારી કાઢ્યા હતા.

# ગૂગલે વિરોધ કરવા બદલ વધુ ૨૦ કર્મચારીઓને કાઢી મૂક્યા : ઈઝરાયેલ સાથે સોદો કરી શકે

(એજન્સી) તા.૨૪

કર્મચારીઓનું પ્રતિનિધિત્વ કરતા જૂથે જણાવ્યું હતું કે, ઈઝરાયેલી સરકાર સાથે કંપનીના ક્લાઉડ-કમ્પ્યુટિંગ કોન્ટ્રાક્ટનો વિરોધ કરતા ગૂગલે સોમવારે વધુ ૨૦ કામદારોને નોકરીથી કાઢી મૂક્યા હતા. જેથી કાઢી મૂકેલા કર્મચારીઓની કુલ સંખ્યા ૫૦થી વધુ થઈ ગઈ હતી.

ગૂગલના પ્રવક્તાએ પુષ્ટિ કરી હતી કે, કંપનીએ ૧૬ એપ્રિલે થયેલા વિરોધમાં તેમની તપાસ ચાલુ રાખતા વધુ કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂક્યા હતા, જેમાં ગાઝા પટ્ટી પર ઈઝરાયેલી યુદ્ધની નિંદા કરતી ન્યૂયોર્ક સિટી અને સનીવેલ, તેમજ કેલિફોર્નિયામાં ફર્મની ઓફિસમાં ધરણાનો સમાવેશ થતો હતો. પ્રવક્તાએ જણાવ્યું હતું કે, ગૂગલે ૧૬ એપ્રિલના રોજ અમારી ઈમારતોની અંદર ભૌતિક વિક્ષેપ અંગે તપાસ હાથ ધરી હતી. પ્રવક્તાએ ઉમેર્યું હતું કે, ‘આ ઘટનાઓ માટે અમારી તપાસ હવે પૂર્ણ થઈ છે અને જેઓ વિરોધ પ્રવૃત્તિમાં સીધા સામેલ હોવાનું જણાયું હતા તેવા વધારાના કર્મચારીઓની રોજગારીને હવે સમાપ્ત કરી દીધી છે.’

ગૂગલના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, જેમની નોકરી સમાપ્ત કરવામાં આવી હતી તેમાંથી દરેક વ્યક્તિ વ્યક્તિગત રીતે અને નિશ્ચિતપણે અમારી ઈમારતોની અંદર વિક્ષેપકારક પ્રવૃત્તિમાં સામેલ હતા. અમે કાળજીપૂર્વક પુષ્ટિ અને પુનઃ પુષ્ટિ કરી છે. જો કે, ગૂગલના કર્મચારીઓ આ આરોપોનો વિરોધ કરે છે, CEO સુંદર પિચાઈએ કંપની-વ્યાપી મેમોમાં કર્મચારીઓને ‘વ્યક્તિગત પ્લેટફોર્મ’ તરીકે અથવા ‘વિક્ષેપજનક મુદ્દાઓ વિશે લડવા અથવા રાજકારણની ચર્ચા કરવા’ કંપનીનો ઉપયોગ ન કરવાના કહ્યાના ઘણા દિવસો પછી કર્મચારીઓને કાઢવામાં આવ્યા હતા.

દરમિયાન, જેન ચુંગ (રંગભેદ માટે કોઈ ટેક (Tech)ના પ્રવક્તા) જે જૂથ ૨૦૨૧થી ઈઝરાયેલી સરકાર સાથે ગૂગલ અને એમેઝોનના કરારો




સામે વિરોધનું નેતૃત્વ કરી રહ્યું છે, તેમણે જણાવ્યું હતું કે, ગૂગલ ‘અસંમતિને દબાવવા, તેમના કર્મચારીઓને મૌન કરવાનો પ્રયાસ કરી રહ્યું છે.

તાજેતરના દિવસોમાં યેલ અને કોલંબિયા યુનિવર્સિટીઓમાં વિરોધીઓની ધરપકડ કરવામાં આવી છે, જે વિયેતનામ યુદ્ધ દરમિયાન જુલમ અને અવાજોને શાંત કરવાના આરોપો ફેલાવે છે.

સંયુક્ત રાષ્ટ્રના ડેટા અનુસાર, ૧૫ એપ્રિલના રોજ કાર્યકરોએ ગાઝામાં યુદ્ધનો વિરોધ કરવા માટે સમગ્ર યુનાઈટેડ સ્ટેટ્સમાં હાઈવે, પુલ અને એરપોર્ટના પ્રવેશદ્વારોને અવરોધિત કર્યા હતા.

રસ્તાઓ પર ઈઝરાયેલના ચાલુ બોમ્બમારાથી ૩૪,૧૫૧ પેલેસ્ટીની માર્યા ગયા અને ૭૭,૮૪ અન્ય ઘાયલ થયા છે અને ગાઝા સ્ટ્રીપની લગભગ ૧૭ લાખ વસ્તીનું વિસ્થાપન થયું છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ......

ગુજરાત ટુડે

# વડાપ્રધાન પદની ગરિમાને લાંછન લગાડતું ભાષણ

નરેન્દ્ર મોદી એ માત્ર ભાજપના કે હિન્દુઓના જ નહીં પણ સમગ્ર ભારતના વડાપ્રધાન છે અને દેશના હિન્દુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ સહિત પ્રત્યેક ભારતીયના વડાપ્રધાન છે ત્યારે તેમના દરેક ક્રિયાકલાપ દ્વારા તે પ્રતિબિંબિત થવું જોઈએ પરંતુ કમનસીબે એવું થઈ રહ્યું નથી અને તેમનો દેશના સૌથી મોટા અલ્પસંખ્યક સમુદાય એટલે કે ૨૦ કરોડથી વધુ ભારતીય મુસ્લિમો પ્રત્યેનો દ્વેષ સમયાંતરે ડોકિયાં કરી જાય છે. ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે પણ તેમણે પાંચના પચ્ચીસ જેવા દાખલાઓ આપી ચોક્કસ સમુદાયને ટાર્ગેટ કર્યો હતો અને મતોનું ધ્રુવીકરણ કરવામાં સફળતા મેળવી હતી... મેરીટ એટલે કે ગુણવત્તાની કસોટી પર નહીં પરંતુ ધ્રુવીકરણ દ્વારા સહેલાઈથી સત્તા મળી જતી હોવાથી નરેન્દ્રભાઈને ૮૫ વિરૂદ્ધ ૧૫ ટકાની ફોર્મ્યુલા ખૂબ માફક આવી ગઈ છે કારણ કે તેઓ ગુજરાતમાં હતા ત્યારે અને હવે દિલ્હીમાં છે ત્યારે પણ આ ફોર્મ્યુલા થકી સતત જીતતા આવ્યા છે પરંતુ આ ફોર્મ્યુલા કેટલી ખતરનાક અને દેશ સાથે અગનખેલ સમાન છે એનો અંદાજ એમને કેમ નથી આવતો એ આશ્ચર્યની બાબત છે અથવા તો અંદાજ હોવા છતાં માત્રને માત્ર જીતવા માટે તે આ 'પરાક્રમ' કરી રહ્યાનું જણાઈ રહ્યું છે.

આમ તો બારેમાસ ચુનાવી મોડમાં રહેનારા પ્રધાનમંત્રી ખરેખર જ્યારે સામાન્ય ચૂંટણીઓ આવે છે ત્યારે ખરા રંગમાં આવી જાય છે અને આ એમનો ખરો રંગ ભગવો છે એ કહેવાની જરૂર છે ખરી ? તેઓ એ કદાચ ઈરાદાપૂર્વક ભૂલી જાય છે કે તેઓ સમગ્ર ભારતના વડાપ્રધાન છે અને માત્ર ભાજપના જ નેતા તરીકે ભાષણો કરવા લાગે છે. અધૂરામાં પૂરૂં એમની આખી ટોળકી પછી તે અમિત શાહ હોય, યોગી આદિત્યનાથ હોય કે પછી જયશંકર હોય તે બધાએ જ હમણા કેસરિયા કરી લીધાનું સમજાઈ રહ્યું છે. હાલમાં રાજસ્થાનના બાંસવાડા ખાતે એક ચૂંટણી સભાને સંબોધતા મોદીએ જે ટિપ્પણીઓ કરી તે ખરેખર ખૂબ જ આઘાતજનક છે. માત્ર નરેન્દ્ર મોદીની આ ટિપ્પણીઓ હોત તો હજી સમજી શકાત પરંતુ વડાપ્રધાન મોદીની આ ટિપ્પણીઓ જરા પણ ઉચિત નથી બલ્કે વડાપ્રધાન પદનો હળાહળ અનાદર છે. આજથી અઢારેક વરસ પહેલા (યાદ રહે કે ૧૮ વર્ષમાં એક આખી પેઢી -જનરેશન નવી આવી જાય છે) મનમોહનસિંહ જ્યારે વડાપ્રધાન હતા ત્યારે એટલે કે ૨૦૦૬નો વીડિયો ટાંકીને હમણાં ૨૦૨૪માં મોદીએ જે એકતરફી વાત કરી છે એ આઘાતજનક છે. તેમણે મનમોહનસિંઘના ભાષણનો અનર્થ કરીને દેશવાસીઓને ઊંધા પાટે ચડાવવાના પ્રયાસમાં કહ્યું કે મનમોહનસિંઘ એટલે કે કોંગ્રેસ તમારી સંપત્તિ લઈને તેને દેશના મુસ્લિમોમાં વહેંચી દેશે... પ્રથમ મુદ્દાની વાત તો એ છે કે કોંગ્રેસ કે મનમોહનસિંઘે ક્યારેય આવું કહ્યું નથી.... તેમનું પ્રવચન અત્યારે પણ અક્ષરસઃ ઉપલબ્ધ છે અને એમાં એમણે સ્પષ્ટ કહ્યું છે કે દેશના સંસાધનો પર સૌથી પહેલો હક એસસી-એસટી અને લઘુમતીઓનો અર્થાત દેશના જે સૌથી વંચિત વર્ગો છે એ દલિત, પછાત, આદિવાસીઓ અને લઘુમતીઓ અને એમાંય મુસ્લિમોનો છે... મતલબ કે દેશનો સૌથી મોટો હિસ્સો જો વિકાસથી વંચિત હોય તો દેશના સંસાધનો પર પહેલો અધિકાર આ તબકાનો છે અને એમાં ખોટું શું છે ? તમારા પરિવારમાં ભોજન તમે પહેલા કોને આપશો ? જે ભૂખ્યા હોય એમને કે જેમનું પેટ ભરેલું હોય એમને ? મનમોહનસિંઘે તો આ વાસ્તવિકતાને ધ્યાનમાં રાખીને દેશના વંચિત એવા કરોડો લોકોને આશ્વાસન આપ્યું હતું અને એમાં કશું જ અજુગતું ન હતું. ત્યારેય કોઈને અજુગતું ન હતું લાગ્યું અને અઢાર વર્ષ દરમ્યાન પણ કોઈએ કંઈ કહ્યું નથી. ખુદ ભાજપ પણ ૧૮ વર્ષ સુધી મૂંગો રહ્યો હતો. અરે ખુદ વડાપ્રધાન મોદી પણ દસ વર્ષ પોતાના કાર્યકાળ દરમ્યાન કંઈ બોલ્યા નથી... ઉલ્ટાનું હમણાં મનમોહનસિંઘ રાજ્યસભામાંથી નિવૃત્ત થયા ત્યારે મોદીએ તેમના ભારે આદરભાવ સાથે વખાણ કર્યા હતા ત્યારે તેમને યાદ ન હતું આવ્યું કે મનમોહનસિંઘે હિંદુ બહેનો-માતાઓના મંગળસૂત્રો સુદ્ધા આંચકી લઈને મુસલમાનોમાં વહેંચી દેવાનું કહ્યું છે ???

હદ તો ત્યાં થઈ રહી છે કે આ દેશની આઝાદીથી લઈને વિકાસ સુધીમાં અને તે પૂર્વે પણ ભારતના વિકાસમાં સદીઓથી જેમનો પૂરેપૂરો ફાળો રહ્યો છે તે ભારતીય મુસ્લિમો વિરૂદ્ધ તેઓ એક રીતે જોઈએ તો હિન્દુઓમાં નફરત ભરી રહ્યા છે. શું વડાપ્રધાન તરીકે તેમને આ શોભે છે ? આટલી વિભાજનકારી કક્ષાની માનસિકતા ભાજપના કોઈ નેતાની હોઈ શકે પરંતુ આપણા ભારતના પ્રધાનમંત્રીની તો કદાપિ ન હોઈ શકે... પરંતુ અફસોસની વાત છે કે આવી માનસિકતાનું પ્રદર્શન ખુલ્લેઆમ નરેન્દ્ર મોદીએ કર્યું છે. અહીં સવાલ ચૂંટણી કે ભાજપ કોંગ્રેસનો નથી... ચૂંટણીઓ તો અનેક આવી અને ગઈ પરંતુ સવાલ દેશની એકતાનો છે. આવી ટિપ્પણીઓ દેશની એકતા પર કરાયેલો હુમલો છે. વળી આ દેશના વીસ કરોડથી વધુ મુસ્લિમોના ગૌરવ અને આત્મસન્માન પર કરાયેલો હુમલો છે. જેઓ ભારતના નખશિખ નાગરિકો, મતદારો છે, કરદાતાઓ છે એમને તમે ઘૂસણખોરો કે વધુ બાળકો પેદા કરનારા તરીકે ચિન્હિત કરી દો એ કેટલું આઘાતજનક કહેવાય ?

વળી ખુદ મોદી 'વિશ્વગુરૂ' તરીકે દુનિયાભરમાં પોતાને કે દેશને 'પ્રમોટ' કરી રહ્યા છે અને છેલ્લા દાયકામાં દુનિયા વધુને વધુ સાંકડી એટલે કે સોશિયલ મીડિયા વગેરેને કારણે પરસ્પરથી ખૂબ જ નજીક આવી ગઈ છે. આજે બાઈડેન, પુતિન કે મોદી શું કરે છે, શું બોલે છે એ આંખના પલકારામાં સમગ્ર વિશ્વ જોઈ, સાંભળી અને વિચારી શકે છે અને તેના પર પ્રતિક્રિયા પણ આપે છે ત્યારે મોદીએ ભલે રાજસ્થાનના રણમાં ઉપરોક્ત ભાષણ આપ્યું હોય પરંતુ તેના પડઘા દુનિયાભરમાં સંભળાઈ રહ્યા છે કે જુઓ વિશ્વની સૌથી મોટી લોકશાહીના વડાપ્રધાન શું બોલી રહ્યા છે. પોતાની અગાઉની બે મુદતો સુધી એટલે કે દસ વર્ષ સુધી તેઓ દેશના વડાપ્રધાન રહી ચૂક્યા છે ત્યારે દુનિયા તેમને ઓળખે છે અને દેશ-વિદેશના લોકો તેમને ધ્યાનથી સાંભળે છે ત્યારે નરેન્દ્ર મોદીએ ભાજપને ખાતર નહીં પણ ભારતને ખાતર દેશની આમન્યાનો ખ્યાલ રાખવો જોઈતો હતો. બાકી ચૂંટણી પંચ પાસે ઘણી બધી સત્તાઓ છે પરંતુ વડાપ્રધાન સામે તે કોઈ પગલાં લે તેવી શકયતા બહુ જ પાતળી જણાય છે.

# કર્ણાટકમાં પ્રતિષ્ઠાની લડાઇ : આ દક્ષિણ રાજ્ય ભાજપની સંભાવનાઓને કેવી રીતે નુકસાન પહોંચાડી શકે છે

**ભાજપ અથવા એનડીએ માટે અગાઉની ચૂંટણીના તેના રેકોર્ડને વટાવવો એ એક ઊંચો ક્રમ છે કારણ કે રાજ્યમાં કોંગ્રેસ સરકારની લોકપ્રિયતાની લહેર ચાલુ છે, ખાસ કરીને ગ્રામીણ મતદારો અને મહિલાઓમાં.**

(ભાગ-૨)

દૃષ્ટિકોણ

- તમન્ના નસીર


જ્યાં સુધી ભાજપનો સંબંધ છે ત્યાં સુધી, સત્તાવિરોધી લહેર ટાળવા માટે, એક સમજદાર યોજના મૂકવામાં આવી છે, જે ઘણા મતવિસ્તારોમાં વર્તમાન સાંસદોને પૂર્વ પ્રધાનો સાથે બદલવાની છે - જેમ કે પૂર્વ મુખ્યપ્રધાનો હાવેરીથી બસવરાજ બોમાઈ અને બેલાગવીથી જગદીશ શેટ્ટર (જેઓ કોંગ્રેસમાંથી ભાજપમાં પાછા ફર્યા છે) અને પૂર્વ રાજ્ય મંત્રીઓ જેમ કે બેલ્લારીથી બી. શ્રીરામુલુ, ચિક્કાબલ્લાપુરથી કે. સુધાકર, તુમકુરુથી વી. સોમન્ના અને ચિત્રદુર્ગમાંથી ગોવિંદ કરજોલ. ભાજપે આ રણનીતિ અપનાવી છે કારણ કે કર્ણાટકમાં ચૂંટણી સ્થાનિક મુદ્દાઓ પર લડવામાં આવી રહી છે અને અગાઉની બે લોકસભા ચૂંટણીઓથી વિપરીત મોદી લહેર નથી. કર્ણાટક ચૂંટણીના ઐતિહાસિક વલણો પર ટિપ્પણી કરતા, વરિષ્ઠ રાજકીય કટારલેખક રાજશેખર હટાગુંડીએ જણાવ્યું હતું કે, "ભાજપે ૧૯૯૨માં બાબરી મસ્જિદ શહીદ બાદ કર્ણાટકના રાજકારણને સાંપ્રદાયિક બનાવવાનો પ્રયાસ કર્યો છે. તેઓ ૧૯૯૯-૨૦૦૪ વચ્ચે મોટા પ્રમાણમાં સફળ રહ્યા હતા જ્યારે તેઓ સતત બાબા બુદન ગીરી જેવા મુદ્દા ઉઠાવતા હતા. એસ.એમ. કૃષ્ણા તે સમયે મુખ્યમંત્રી હતા. ૨૦૦૪માં, કર્ણાટકમાં વિધાનસભા અને સંસદીય ચૂંટણીઓ એકસાથે યોજાઈ હતી; પ્રથમ વખત, ભાજપે રાજ્યમાં બે આંકડાને સ્પર્શ કર્યો અને લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસ કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું. પરંતુ, જેડી(એસ) અને કોંગ્રેસે એ જ વર્ષે વિધાનસભા ચૂંટણીમાં ભાજપ કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું હતું. કર્ણાટકના રાજકારણમાં તે બિન્દુથી ટ્રેન્ડ બદલાવાનો શરૂ થયો." ૨૦૧૯માં, ભાજપે કર્ણાટકમાં ૫૧.૨%ના વોટ શેર સાથે ૨૫ બેઠકો જીતી હતી - જે બેઠકોની સંખ્યા અને વોટ શેર બંનેની દ્રષ્ટિએ તેનું શ્રેષ્ઠ પ્રદર્શન હતું - જ્યારે કોંગ્રેસ પાર્ટી, JD(S) અને અપક્ષોએ એક-એક બેઠક જીતી હતી. ભગવા પાર્ટીએ ૨૦૧૪ અને ૨૦૦૯ની સામાન્ય ચૂંટણીઓમાં અનુક્રમે ૧૭ અને ૧૯ બેઠકો જીતી હતી. ૨૦૦૪ની લોકસભાની ચૂંટણીમાં, ભાજપે ૧૮ બેઠકો જીતી હતી જ્યારે કોંગ્રેસ માત્ર આઠ બેઠકો જીતવામાં સફળ રહી હતી અને જેડી (એસ) બે બેઠકો પર વિજયી રહી હતી.

**'કુદરતી સ્થાનાંતરણ'**

JD(S)-BJP ભાગીદારીને કુમારસ્વામી દ્વારા "કુદરતી ગઠબંધન" તરીકે ગણાવવામાં આવી હતી પરંતુ પક્ષો વચ્ચે મતોનું "કુદરતી" સ્થાનાંતરણ થશે કે કેમ તે જોવાનું બાકી છે. "JD-BJP એ સ્વાભાવિક ગઠબંધન છે કારણ કે દેવેગૌડાના જીવનની રાજનીતિ કૉંગ્રેસ વિરોધની આસપાસ ફરે છે, જોકે તેઓ (કોંગ્રેસ અને જેડીએસ) ક્યારેક સાથે રહ્યા છે, કોંગ્રેસે દેવગૌડાને તેમના વડાપ્રધાનપદ દરમિયાન બહારથી ટેકો આપ્યો હતો. હું એ હકીકતને ઓછી આંકતો નથી કે ભાજપ-જેડીએસ ગઠબંધન કોંગ્રેસ-જેડીએસ ગઠબંધન કરતાં વધુ સારું હોઈ શકે છે. આ એક રાજકીય ગઠબંધન છે જેને વૈચારિક ગઠબંધન સાથે ભૂલ ન કરવી જોઈએ. ઈન્ડિયા ગઠબંધનના મોટાભાગના ઘટકો પણ એનડીએના ભાગીદાર હતા," શ્રીનિવાસરાજુએ કહ્યું. ભાજપ અથવા એનડીએ માટે અગાઉની ચૂંટણીના તેના રેકોર્ડને વટાવવું, જો કે, એક મુશ્કેલ કાર્ય હોઈ શકે છે કારણ કે રાજ્યની કોંગ્રેસ સરકાર પાંચ ગેરંટીઓને કારણે ખાસ કરીને ગ્રામીણ મતદારો અને મહિલાઓમાં લોકપ્રિયતાની લહેર ચલાવી રહી છે (સિદ્ધારમૈયા સરકાર દ્વારા સત્તામાં આવ્યા પછી પ્રચારના વચનો પૂરા કરવામાં આવ્યા હતા.) કર્ણાટકમાં કોંગ્રેસ આ વખતે ૧૦-૧૨ બેઠકો જીતી શકે છે. જો કે, તેઓ ફક્ત બાંયધરી પર આધાર રાખી શકતા નથી અને તેમની સંખ્યામાં નોંધપાત્ર વધારાની અપેક્ષા રાખી શકે છે. કોંગ્રેસના વ્યૂહરચનાકારો અને ઉમેદવારોએ તેને સમજવાની જરૂર છે," હટાગુંડીએ કહ્યું, "મતદારોએ ગેરંટીનો લાભ પહેલેથી જ લઈ લીધો છે. એમપી ચૂંટણીઓ માટે, મુદ્દાઓ અલગ છે અને ભાજપે દેશ ભક્તિ (દેશભક્તિ)ની વાર્તા બનાવી છે જે સિદ્ધારમૈયાની પ્રચંડ લોકપ્રિયતા હોવા છતાં તેમના માટે એક હદ સુધી કામ કરી રહી છે. યુવા અને ઉચ્ચ જાતિના મતદારો ભાજપની સાથે હોય તેવું લાગે છે પરંતુ તેઓ ગત વખત જેટલી બેઠકો જીતે તેવી શક્યતા નથી. સમજણપૂર્વક, તે ત્રણેય પક્ષો માટે કરો અથવા મરોની સ્થિતિ છે. હવે, આ પ્રતિષ્ઠાની લડાઈઓ અને વારસાગત અથડામણો કેવી રીતે થાય છે અને કોંગ્રેસ પાછલી સંસદીય ચૂંટણીઓમાં તેના ખરાબ પ્રદર્શનથી કેટલી હદે પાછી આવી શકે છે તે આ ચૂંટણીની નિર્ણાયક વાર્તા હોઈ શકે છે અને સાદી બહુમતીના માર્ગમાં ભાજપ માટે શું આવી શકે છે. **(સમાપ્ત)** **(સૌ. : ધ વાયર.ઈન)**

# ભારતના મહત્ત્વના મુસ્લિમ સ્વાતંત્ર્ય સેનાનીઓની યાદી

## મગફૂર અહમદ અજાઝી



મગફૂર અહમદ અજાઝીનો જન્મ ૩જી માર્ચ ૧૯૦૦ના રોજ બિહારના મુઝફ્ફરપુર જિલ્લામાં થયો હતો. તે નોર્થ બ્રુક ઝિલા સ્કૂલમાં અભ્યાસ કરતાં હતા. પરંતુ રોલેટ એક્ટનો વિરોધ કરવા અને ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં ભાગ લેવા બદલ તેમને શાળામાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા. તેમનું શિક્ષણ પૂર્ણ કર્યા પછી તેઓ અસહકાર ચળવળમાં જોડાયા અને લગભગ તમામ સ્વતંત્રતા ચળવળમાં સક્રિયપણે ભાગ લીધો હતો. તેમને "ષડયંત્ર કેસ"માં ઘણી વખત જેલમાં મોકલવામાં આવ્યા હતા. ૧૯૨૩માં તેમની પત્ની અને વર્ષ ૧૯૪૨માં તેમના પુત્રનું અવસાન થયું ત્યારે પણ તેમણે ભારતની સ્વતંત્રતા માટે લડવાનું ચાલુ રાખ્યું હતું. મગફૂર અહમદ અજાઝીએ જિન્નાહના દ્વિ-રાષ્ટ્ર સિદ્ધાંત અને પાકિસ્તાનની રચનાનો વિરોધ કર્યો હતો અને તેનો સામનો કરવા માટે તેમણે અખિલ ભારતીય જમહુર મુસ્લિમ લીગની સ્થાપના કરી. મુહમ્મદ અલી ઝીણા અને મુસ્લિમ લીગના સમર્થક અજાઝી-ગદ્દર-એ-કૌમ કહીને તેમની મજાક ઉડાવતા હતા. મુસ્લિમ લીગના કાર્યકરો તેના ઘર પર થૂંકતા પણ હતા અને તેને માનસિક રીતે હેરાન કરવા માટે દરેક રીતનો ઉપયોગ કરતા હતા. ૧૯૪૭માં ભારતને આઝાદી મળ્યા બાદ તેમણે ભારતમાં શિક્ષણ તેમજ ઉર્દૂ ભાષાના ઉત્થાન માટે પોતાનું જીવન સમર્પિત કર્યું હતું. ૨૬ સપ્ટેમ્બર ૧૯૬૬ના રોજ મુઝફ્ફરપુર શહેરમાં તેમના નિવાસસ્થાને તેમનું અવસાન થયું હતું. ફખરુદ્દીન અલી અહમદે કહ્યું હતું કે, ડૉ. અજાઝી ભારતની આઝાદીની લડતમાં મોખરે હતા, તેમના જીવનની વાર્તા દેશના એક મહત્વપૂર્ણ યુગની અનોખી અને રસપ્રદ વાર્તા છે. તેમના સન્માનમાં મુઝફ્ફરપુર મ્યુનિસિપલ બોર્ડ દ્વારા તેમના નિવાસસ્થાન તરફ જતા રસ્તાનું નામ ડૉ. અજાઝી માર્ગ રાખ્યું હતું.

**(સૌ.: નોલેજ ઓફ ઈન્ડિયા.કોમ)**

**દેશની આઝાદીના મુસ્લિમવીરો**

ભારતીય સ્વતંત્રતા ચળવળ એ વિશ્વના ઈતિહાસમાં સૌથી લાંબો સ્વતંત્રતા સંગ્રામ છે. ભારતના નેતાઓને બ્રિટિશ સામ્રાજ્યથી આઝાદી મેળવવામાં લગભગ ૯૦ વર્ષ લાગ્યા હતા. વિવિધ જાતિઓ અને રજવાડાઓના શાસકોએ સમયાંતરે બ્રિટિશ સામ્રાજ્ય સામે બળવો કર્યો હોવા છતાં તેમનો બળવો અમુક ચોક્કસ ક્ષેત્રમાં મર્યાદિત હતો અને તે સમગ્ર રાષ્ટ્ર માટે ન હતો. પ્રથમ મોટો બળવો જે સમગ્ર ભારતીય મુખ્ય ભૂમિમાં એકસાથે થયો હતો તે ૧૮૫૭નો બળવો હતો જ્યારે ભારતના મોટાભાગના ઉત્તરીય ભાગમાં બહાદુર શાહ જાફરના બેનર હેઠળ એક થયા હતા. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થાપના ૧૮૮૫માં કરવામાં આવી હતી અને ૧૯૦૫માં (બંગ ભંગ ચળવળ) સાથે રાષ્ટ્રવાદ અને સ્વતંત્રતાની એક વિશાળ લહેર શરૂ થઈ હતી. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે ૧૯૩૦માં બ્રિટિશ શાસનથી સંપૂર્ણ સ્વતંત્રતાની માંગ કરી હતી અને અંતે, ભારતે ૧૯૪૭માં તેની સ્વતંત્રતા હાંસલ કરી લીધી હતી. સમાજના લગભગ દરેક વર્ગે સ્વતંત્રતા સંગ્રામમાં ભાગ લીધો અને આઝાદી પછી, ભારત સરકારે લગભગ દરેક વ્યક્તિના યોગદાનને સન્માનિત કર્યું હતું. ઈસ્લામ એ ભારતમાં બીજા નંબરનો સૌથી મોટો ધર્મ છે અને સ્વાતત્રતા પહેલાના વર્ષો દરમિયાન હજારો મુસ્લિમો હિંદુઓ સાથે મળીને લડ્યા હતા પરંતુ સમય જતાં, મુસ્લિમ સ્વતંત્રતા સેનાનીઓના નામ ઈતિહાસ તેમજ પાઠ્યપુસ્તકોમાંથી કાઢી નાખવામાં આવ્યા છે. ભારતના ભાગલા અને પાકિસ્તાનની રચના માટે પણ મુસ્લિમોને દોષી ઠેરવવામાં આવે છે. આઝાદીના ૭૦ વર્ષ પછી, જો આપણે ભારતના ત્રણ મુસ્લિમ સ્વતંત્રતા સેનાનીઓ વિશે કોઈને પૂછીએ, તો મોટાભાગના લોકો આ પ્રશ્નનો જવાબ આપી શકશે નહીં. ઈતિહાસના પાઠ્ય પુસ્તકોમાં પણ અશફાકુલ્લા ખાન, સર સૈયદ અહમદ ખાન, ખાન અબ્દુલ ગફાર ખાન, મૌલાના અબુલ કલામ આઝાદ અને અન્ય કેટલાક નેતાઓ જેવા માત્ર કેટલાક નેતાઓને આવરી લેવામાં આવ્યા છે. જ્યારે મેં ગૂગલ પર સર્ચ કર્યું ત્યારે ભાગ્યે જ કેટલીક વેબસાઈટ્સ હતી જે ભારતના મુસ્લિમ સ્વતંત્રતા સેનાનીઓની વિગતવાર યાદી આપે છે અને વિકિપીડિયા પેજ પણ જ્યારે મુસ્લિમ સ્વતંત્રતા સેનાનીઓ માટે સર્ચ કરવામાં આવે ત્યારે કોઈ પરિણામ દર્શાવતુ નથી. તો હવે સવાલ એ થાય છે કે આ માટે કોઈ ચોક્કસ ડેટા કેમ નથી અથવા એ સાચું છે કે ભારતીય સ્વતંત્રતા ચળવળમાં મુસ્લિમોનું યોગદાન ઘણું ઓછું છે ? મેં ભારતીય સ્વતંત્રતા ચળવળને લગતી વિવિધ યાદીઓ, વેબસાઈટ્સ, પુસ્તકો અને સામયિકો શોધવાનું શરૂ કર્યું અને અંતે ભારતના મુસ્લિમ સ્વતંત્રતા સેનાનીઓની યાદી સામે આવી હતી. હું આશા રાખું છું કે આ લેખ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં મુસ્લિમોના યોગદાન વિશેની ખોટી દંતકથાઓને રદિયો આપશે અને જેઓ સ્વતંત્રતા ચળવળને ધર્મ અને જાતિના લેન્સથી પણ જુએ છે તેમને યોગ્ય માર્ગદર્શન આપશે.

# ભાવનગર બોગસ બિલિંગ કૌભાંડમાં સલીમ દૌલા ૩૦મી સુધી રિમાન્ડ પર

ભાવનગર, તા.૨૪


બોગસ બિલિંગ કૌભાંડમાં ફરાર સલીમ દૌલા આખરે ઝડપાયો છે ત્યારે તેની પાસેથી અનેક વિગતો સામે આવવાની સંભાવના છે. હાલ તેના ૩૦મી એપ્રીલ સુધીના રિમાન્ડ મંજૂર કરાયા છે દરમિયાન તે મો ખોલે તો નવા કૌભાંડો પણ બહાર આવવાની શક્યતા નકારી શકાય નહીં !

સ્ટેટ જીએસટી વિભાગના અધિકારીઓની એક ટીમ તપાસઅર્થે ભાવનગર આવી હતી. ક્રેસન્ટ વિસ્તારમાં ખાનગી રીતે આવેલી સ્ટેટ જીએસટી વિભાગની ટીમે સાંજના સમયે આધાર ૨.૦ કૌભાંડ સાથે જોડાયેલા આરોપી સલીમને ઝડપી લીધો હતો. આધાર ૨.૦ કૌભાંડ ઉજાગર થયાંના બે મહિના બાદ સ્ટેટ જીએસટી વિભાગને મોટી સફળતા મળી છે. લાંબા સમયથી ફરાર આરોપી ભાવનગરમાં હોવાના બાતમીના આધારે અચાનક સ્ટેટ જીએસટી વિભાગની ટીમે ભાવનગરના સ્થાનિક અધિકારીઓને સાથે રાખીને તપાસ કરી આરોપીને અમદાવાદ લઈ ગઈ હતી.

ક્રેસેંટ વિસ્તારમાં સાંજના સમયે સ્ટેટ જીએસટી વિભાગની એક ટીમ સ્થાનિક અધિકારીઓને સાથે રાખી સલીમને ઝડપી લીધો હતો. સ્ટેટ જીએસટી દ્વારા ભાવનગરમાં ચાલતા બોગસ બિલિંગના આધાર ૧.૦ અને આધાર ૨.૦ એમ બે કૌભાંડ ઉજાગર કરવામાં આવ્યા હતા. જેમાં આધાર ૨.૦માં પાંચ આરોપીઓની ધરપકડ થઈ હતી. આધાર ૨.૦ ઉજાગર થયાના આશરે બે મહિના બાદ સ્ટેટ જીએસટી વિભાગને મોટી સફળતા મળી છે. આમાં સંડોવાયેલા સલીમ દૌલા લાંબા સમયથી ફરાર હતો. જે ભાવનગર હોવાની બાતમીના આધારે સ્ટેટ જીએસટી વિભાગની ટીમે ક્રેસન્ટ વિસ્તારમાંથી ઝડપી લીધો હતો. સ્ટેટ જીએસટી વિભાગના સ્થાનિક અધિકારીઓને સાથે રાખીને આવેલી ટીમે ક્રેસન્ટ વિસ્તારમાં સાંજના સમયે ઘર અને આરોપીને શોધવાની કવાયત આદરી હતી અને મોડી સાંજે સલીમ દૌલાને ઝડપી અમદાવાદ લઈ જવાયો હતો. જીએસટી વિભાગ દ્વારા આરોપીને અમદાવાદ લઈ જઈ રિમાન્ડની તજવીજ હાથ ધરતા સલીમ દૌલાના ૩૦ તારીખ સુધીના રિમાન્ડ મંજુર થયાં છે. આરોપીના રિમાન્ડમાં આગામી દિવસોમાં કોઈ નવા ખુલાસા થવાની સંભાવના જાવાઈ રહી છે.

# દિલ્હી ખાતે યોજાનાર સેપક ટકરાવ રેફરીની પરીક્ષામાં ડીસાના યુવકની પસંદગી

ડીસા, તા.૨૪



ડીસા શહેરમાં રહેતા આકાશ ધૈરાવ નાનપણથી જ ક્રિકેટ રમે છે. આ યુવાન હાલમાં ક્રિકેટની સાથે શાળાના વિદ્યાર્થીઓને ટેબલ-ટેનીસ, ચેસ, હોકી, વોલિબોલ સહિતની જુદી-જુદી રમતોનું કોચિંગ પણ આપે છે, ત્યારે તાજેતરમાં આણંદ ખાતે ગુજરાત સેપક ટકરાવ એસોસિએશન દ્વારા રેફરી માટેની પરીક્ષા યોજાઈ હતી. જેમાં સમગ્ર ગુજરાતના જુદા-જુદા જિલ્લામાંથી ૨૫ જેટલા લોકોએ ભાગ લીધો હતો. જેમાંથી પાંચની પસંદગી કરવામાં આવી છે. જેમાં સમગ્ર બનાસકાંઠા જિલ્લામાંથી ડીસા શહેરના આકાશ ધૈરાવની પણ પસંદગી થતાં તેણે ડીસા સહિત સમગ્રબનાસકાંઠા જિલ્લાનુંગૌરવ વધાર્યું છે. આ યુવાન સહિત પસંદગી પામેલા પાંચ યુવાનો આગામી સમયે દિલ્હી ખાતે યોજાનાર સેપટ ટકરાવ રેફરી માટેની પરીક્ષા આપવા જશે.


### મતદાર યાદીમાંથી નામ ગાયબ થઈ જતા

# બોડેલીના ઉચાપાન ખાતે ૧૨૦ વર્ષના જૈફ વયના મતદાર રોશનબીબી મતદાનથી વંચિત રહેશે

બોડેલી, તા.૨૪

છોટાઉદેપુર જિલ્લાના બોડેલીના ઉચાપાન ખાતે ૧૨૦ વર્ષની ઉંમર છતા સ્વસ્થ અવસ્થામાં રોશન બીબીનું મતદારયાદીમાંથી નામ ગાયબ થતાં મતદાનથી વંચિત રહેશે 'જિલ્લામાં સૌથી વધુ ઉંમરના બોડેલી તાલુકાના ઉચાપાનના મતદાર મત નહી નાખી શકે મતદાતા કોઈ પણ મત દાન કર્યા વગર કોઈના રહે તેને લઇ કમિશનને મુહિમ પણ ચલાવી પરંતુ કોઈએ તસ્દી ના લીધી'

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના ઊંચાપાન ગામમાં અને છોટાઉદેપુર જિલ્લામાં લગભગ સૌથી વધુ ઉંમરના મતદાતા રોશન બીબી કાસમ ખાન પઠાણ જેઓ પોતાના પરિવાર સાથે જ રહે છે. તેઓની પાસે હાલમા ચૂંટણી કાર્ડ રેશનકાર્ડમાં પણ નામ હાલમા ચાલી રહ્યું છે. ત્યારે હાલમાં જ ગણતરીના દિવસોમાં લોકસભાની ચૂંટણી પૂર્વે ભાગ લેવા તેઓ આતુર તો હતા પરંતુ મતદાર યાદીમાં છબરડા સામે આવ્યા છે. લોકસભા ચૂંટણીમાં મતદાન કરાવવા પ્રયત્ન કર્યા હતા પરંતુ કોઈ કારણોસર મતદાર યાદીમાંથી નામ નીકળી જતા તંત્ર દ્વારા કોઈએ પણ નક્કર જવાબ ન આપતા લોકસભા ચૂંટણી પર્વેનો લાભ લેવા રોશનબીબી કાસમખાન પઠાણ પોતાનો મતનો અધિકાર આપવાથી દૂર રહેશે તેમ લાગી રહ્યું છે. મહત્ત્વની વાત કરીએ તો છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના ઉચાપાન ગામમાં ૧૨૦ વર્ષના રોશન બીબી હાલની



(તસવીર : સોયેબ ખત્રી, બોડેલી)

પરિસ્થિતિમાં પણ પોતે જ પગભર ચાલીને શૌચક્રિયા કરવા જાય છે તેમ જાણવા મળી રહ્યું છે.

## ડભોઈ-સાથોદ રોડ પર ટ્રેક્ટર બાઈક વચ્ચે અકસ્માત : એકનું મોત

ડભોઈ, તા.૨૪

ડભોઇ સાથોદ રોડ ઉપર રેલ્વે ઓવરબ્રીજ પાસે બાઈક નંબર gj 06 na 4709 તેમજ ટ્રેક્ટર નંબર S su 23BL 2513 વચ્ચે અકસ્માત સર્જાતા બાઈક સવારે બે યુવાનો રોડ ઉપર ફંગોળાઈ જતા મેહુલ વસાવા નામના યુવાનને માથાના ભાગે અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટના સ્થળે કરૂણ મોત નીપજ્યું હતું જ્યારે અન્ય યુવાનનો આબાદ બચાવ થયો હતો તેમ જ ટ્રેક્ટર ચાલક ટ્રેક્ટર મૂકી ફરાર થઈ ગયો હતો બનાવે અંગે ડભોઇ પોલીસે ઘટનાસ્થળે પહોંચી અકસ્માતનો ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

### ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા 'આપના દ્વારે' કાર્યક્રમ અંતર્ગત

# પાંચ કોલેજમાં વિદ્યાર્થીઓને વિવિધ અભ્યાસક્રમો અંગે માહિતી અપાશે

(સંવાદદાતા દ્વારા) પાટણ,તા.૨૩

ઉત્તર ગુજરાતની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ખાતે વિવિધ અભ્યાસક્રમો ચાલી રહ્યા છે જેમાં વધુને વધુ વિદ્યાર્થીઓ લાભ લઈ શકે તે હેતુથી યુનિવર્સિટી દ્વારા એક વિશેષ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવનાર છે. યુનિવર્સિટી આપના દ્વારે કાર્યક્રમ અંતર્ગત પાટણ જિલ્લાની ૫ કોલેજોમાં અધ્યાપકો જશે અને વિદ્યાર્થીઓને વિવિધ અભ્યાસક્રમો અંગેની માહિતી આપશે. વિદ્યાર્થીઓની ઉજજવળ કારકિર્દી માટે ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં વિવિધ ફેકલ્ટીમાં સારી કારકિર્દીના તકો સાથે વિદેશમાં અભ્યાસ કરવાની પણ તકો રહેલી છે. તેથી આગામી તા.૨૪ એપ્રિલથી શરૂ થતા આ કેમ્પેઈનનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થી શિક્ષાર્થી બને તેવો છે. વિદ્યાર્થીઓની અંદર પુસ્તકના જ્ઞાનની સાથે કેળવણી પણ આવે તે માટે યુનિ.ના અધ્યાપકો પ્રયાસ કરી રહ્યા છે. તા.૨૪ એપ્રિલના રોજ પાટણની શ્રી અને શ્રીમતી પી.કે. કોટાવાલા કોલેજ, તા.૨૫ એપ્રિલના રોજ મ્યુ. આર્ટસ એન્ડ અ.બૉંક. સાયન્સ કોલેજ, મહેસાણા, તા.૨૬ એપ્રિલના રોજ જી.ડી.મોદી આર્ટસ કોલેજ, પાલનપુર, તા.૨૭ એપ્રિલના રોજ શ્રી એસ.એસ.એમ. આર્ટસ એન્ડ શ્રી એમ.એમ.પી. કોમર્સ કોલેજ, હિંમતનગર અને અંતમાં તા.૨૯ એપ્રિલના રોજ શ્રી એસ.કે.એસ. એન્ડ શ્રી કે.ઓ.એમ. આર્ટસ કોલેજ મોડાસા ખાતે આ કેમ્પેઈનનું આયોજન કરવામાં આવ્યું છે. તેવું યુનિ.ના કુલસચિવની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# સાબરકાંઠા સંસદીય મતવિસ્તાર માટે અન્ય જિલ્લાના ૧૨ હજારથી વધુ ફોર્મ આવ્યા

હિંમતનગર, તા.૨૪

૦૫ સાબરકાંઠા સંસદીય મતવિસ્તારમાં આગામી લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ માટે સરકારી કર્મચારી મતદાનથી વંચિત ન રહે તે માટે રાજ્યકક્ષાએ પોસ્ટલ બેલેટ માટેના ફોર્મ નં.૧૨ના એક્ષચેન્જ મેળો યોજાયો હતો. ૦૫ સાબરકાંઠા સંસદીય મતવિસ્તાર સાબરકાંઠા-અરવલ્લીમાં સમાવિષ્ટ ૭ વિધાનસભા બેઠકો માટે અન્ય જિલ્લામાં ચૂંટણીમાં ફરજ બજાવતા ૧૨ હજારથી વધુ સરકારી કર્મચારીના પોસ્ટલ બેલેટ ફોર્મ નં.૧૨ જિલ્લામાં આવ્યા છે. જેની ચકાસણી મતદાર યાદી સાથે કરવામાં આવી રહી છે. આ સાથે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા અન્ય જિલ્લાના ૧૫૦૦ કર્મચારીઓના ફોર્મ નં.૧૨ આ એક્ષચેન્જ મેલા થકી જે તે સંસદીય મતવિસ્તારમાં પહોંચાડવામાં આવ્યા હતા. ગુજરાત રાજ્યની ૨૬ લોકસભા સંસદીય બેઠકો માટે ૩૩-૩૩ જિલ્લાના સરકારી કર્મચારીઓ દ્વારા પોસ્ટલ બેલેટ થકી ૧૦૦% મતદાન થાય તે માટે એક નવીન પહેલ કરાઈ છે. જેમાં એક જ જગ્યાએ ફોર્મ અને ત્યારબાદ જે તે વિસ્તારના પોસ્ટલ બેલેટની આપ-લે થવાથી રાજ્યના એક પણ નાગરિક પોતાના મતાધિકારથી વંચિત ન રહે તેમજ આ પ્રક્રિયા સરળ અને સહજ બની રહેશે. અગાઉના સમયમાં પોસ્ટ દ્વારા પોસ્ટલ બેલેટ વિતરણ થતું હોઈ કેટલાક લોકોને કોઇ કારણોસર બેલેટ ન મળવાથી કે મોડું મળવાથી મતદાનથી વંચિત રહી જતા હતા. જેના કારણે રાજ્ય ચુંટણી પંચ દ્વારા આ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. તા.૧૮ એપ્રિલે પ્રથમ એક્ષચેન્જ મેળો યોજાયો હતો. બીજો એક્ષચેન્જ મેળો તા.૨૭ એપ્રિલ ૨૦૨૪ના રોજ યોજાશે. જેમાં પોસ્ટલ બેલેટની આપ-લે થશે. જ્યારે ત્રીજા મેળામાં મતદાન થયેલ પોસ્ટલ બેલેટની આપ-લે થશે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ...... ગુજરાત ટુડે

# વડાપ્રધાન પદની ગરિમાને લાંછન લગાડતું ભાષણ

નરેન્દ્ર મોદી એ માત્ર ભાજપના કે હિન્દુઓના જ નહીં પણ સમગ્ર ભારતના વડાપ્રધાન છે અને દેશના હિન્દુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ સહિત પ્રત્યેક ભારતીયના વડાપ્રધાન છે ત્યારે તેમના દરેક ક્રિયાકલાપ દ્વારા તે પ્રતિબિંબિત થવું જોઈએ પરંતુ કમનસીબે એવું થઈ રહ્યું નથી અને તેમનો દેશના સૌથી મોટા અલ્પસંખ્યક સમુદાય એટલે કે ૨૦ કરોડથી વધુ ભારતીય મુસ્લિમો પ્રત્યેનો દ્વેષ સમયાંતરે ડોકિયાં કરી જાય છે. ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે પણ તેમણે પાંચના પચ્ચીસ જેવા દાખલાઓ આપી ચોક્કસ સમુદાયને ટાર્ગેટ કર્યો હતો અને મતોનું ધ્રુવીકરણ કરવામાં સફળતા મેળવી હતી... મેરીટ એટલે કે ગુણવત્તાની કસોટી પર નહીં પરંતુ ધ્રુવીકરણ દ્વારા સહેલાઈથી સત્તા મળી જતી હોવાથી નરેન્દ્રભાઈને ૮૫ વિરૂદ્ધ ૧૫ ટકાની ફોર્મ્યુલા ખૂબ માફક આવી ગઈ છે કારણ કે તેઓ ગુજરાતમાં હતા ત્યારે અને હવે દિલ્હીમાં છે ત્યારે પણ આ ફોર્મ્યુલા થકી સતત જીતતા આવ્યા છે પરંતુ આ ફોર્મ્યુલા કેટલી ખતરનાક અને દેશ સાથે અગનખેલ સમાન છે એનો અંદાજ એમને કેમ નથી આવતો એ આશ્ચર્યની બાબત છે અથવા તો અંદાજ હોવા છતાં માત્રને માત્ર જીતવા માટે તે આ 'પરાક્રમ' કરી રહ્યાનું જણાઈ રહ્યું છે.

આમ તો બારેમાસ ચુનાવી મોડમાં રહેનારા પ્રધાનમંત્રી ખરેખર જ્યારે સામાન્ય ચૂંટણીઓ આવે છે ત્યારે ખરા રંગમાં આવી જાય છે અને આ એમનો ખરો રંગ ભગવો છે એ કહેવાની જરૂર છે ખરી ? તેઓ એ કદાચ ઈરાદાપૂર્વક ભૂલી જાય છે કે તેઓ સમગ્ર ભારતના વડાપ્રધાન છે અને માત્ર ભાજપના જ નેતા તરીકે ભાષણો કરવા લાગે છે. અધૂરામાં પૂરૂં એમની આખી ટોળકી પછી તે અમિત શાહ હોય, યોગી આદિત્યનાથ હોય કે પછી જયશંકર હોય તે બધાએ જ હમણા કેસરિયા કરી લીધાનું સમજાઈ રહ્યું છે. હાલમાં રાજસ્થાનના બાંસવાડા ખાતે એક ચૂંટણી સભાને સંબોધતા મોદીએ જે ટિપ્પણીઓ કરી તે ખરેખર ખૂબ જ આઘાતજનક છે. માત્ર નરેન્દ્ર મોદીની આ ટિપ્પણીઓ હોત તો હજી સમજી શકાત પરંતુ વડાપ્રધાન મોદીની આ ટિપ્પણીઓ જરા પણ ઉચિત નથી બલ્કે વડાપ્રધાન પદનો હળાહળ અનાદર છે. આજથી અઢારેક વરસ પહેલા (યાદ રહે કે ૧૮ વર્ષમાં એક આખી પેઢી -જનરેશન નવી આવી જાય છે) મનમોહનસિંહ જ્યારે વડાપ્રધાન હતા ત્યારે એટલે કે ૨૦૦૬નો વીડિયો ટાંકીને હમણાં ૨૦૨૪માં મોદીએ જે એકતરફી વાત કરી છે એ આઘાતજનક છે. તેમણે મનમોહનસિંઘના ભાષણનો અનર્થ કરીને દેશવાસીઓને ઊંધા પાટે ચડાવવાના પ્રયાસમાં કહ્યું કે મનમોહનસિંઘ એટલે કે કોંગ્રેસ તમારી સંપત્તિ લઈને તેને દેશના મુસ્લિમોમાં વહેંચી દેશે... પ્રથમ મુદ્દાની વાત તો એ છે કે કોંગ્રેસ કે મનમોહનસિંઘે ક્યારેય આવું કહ્યું નથી.... તેમનું પ્રવચન અત્યારે પણ અક્ષરસઃ ઉપલબ્ધ છે અને એમાં એમણે સ્પષ્ટ કહ્યું છે કે દેશના સંસાધનો પર સૌથી પહેલો હક એસસી-એસટી અને લઘુમતીઓનો અર્થાત દેશના જે સૌથી વંચિત વર્ગો છે એ દલિત, પછાત, આદિવાસીઓ અને લઘુમતીઓ અને એમાંય મુસ્લિમોનો છે... મતલબ કે દેશનો સૌથી મોટો હિસ્સો જો વિકાસથી વંચિત હોય તો દેશના સંસાધનો પર પહેલો અધિકાર આ તબકાનો છે અને એમાં ખોટું શું છે ? તમારા પરિવારમાં ભોજન તમે પહેલા કોને આપશો ? જે ભૂખ્યા હોય એમને કે જેમનું પેટ ભરેલું હોય એમને ? મનમોહનસિંઘે તો આ વાસ્તવિકતાને ધ્યાનમાં રાખીને દેશના વંચિત એવા કરોડો લોકોને આશ્વાસન આપ્યું હતું અને એમાં કશું જ અજુગતું ન હતું. ત્યારેય કોઈને અજુગતું ન હતું લાગ્યું અને અઢાર વર્ષ દરમ્યાન પણ કોઈએ કંઈ કહ્યું નથી. ખુદ ભાજપ પણ ૧૮ વર્ષ સુધી મૂંગો રહ્યો હતો. અરે ખુદ વડાપ્રધાન મોદી પણ દસ વર્ષ પોતાના કાર્યકાળ દરમ્યાન કંઈ બોલ્યા નથી... ઉલ્ટાનું હમણાં મનમોહનસિંઘ રાજ્યસભામાંથી નિવૃત્ત થયા ત્યારે મોદીએ તેમના ભારે આદરભાવ સાથે વખાણ કર્યા હતા ત્યારે તેમને યાદ ન હતું આવ્યું કે મનમોહનસિંઘે હિંદુ બહેનો-માતાઓના મંગળસૂત્રો સુદ્ધા આંચકી લઈને મુસલમાનોમાં વહેંચી દેવાનું કહ્યું છે ???

હદ તો ત્યાં થઈ રહી છે કે આ દેશની આઝાદીથી લઈને વિકાસ સુધીમાં અને તે પૂર્વે પણ ભારતના વિકાસમાં સદીઓથી જેમનો પૂરેપૂરો ફાળો રહ્યો છે તે ભારતીય મુસ્લિમો વિરૂદ્ધ તેઓ એક રીતે જોઈએ તો હિન્દુઓમાં નફરત ભરી રહ્યા છે. શું વડાપ્રધાન તરીકે તેમને આ શોભે છે ? આટલી વિભાજનકારી કક્ષાની માનસિકતા ભાજપના કોઈ નેતાની હોઈ શકે પરંતુ આપણા ભારતના પ્રધાનમંત્રીની તો કદાપિ ન હોઈ શકે... પરંતુ અફસોસની વાત છે કે આવી માનસિકતાનું પ્રદર્શન ખુલ્લેઆમ નરેન્દ્ર મોદીએ કર્યું છે. અહીં સવાલ ચૂંટણી કે ભાજપ કોંગ્રેસનો નથી... ચૂંટણીઓ તો અનેક આવી અને ગઈ પરંતુ સવાલ દેશની એકતાનો છે. આવી ટિપ્પણીઓ દેશની એકતા પર કરાયેલો હુમલો છે. વળી આ દેશના વીસ કરોડથી વધુ મુસ્લિમોના ગૌરવ અને આત્મસન્માન પર કરાયેલો હુમલો છે. જેઓ ભારતના નખશિખ નાગરિકો, મતદારો છે, કરદાતાઓ છે એમને તમે ઘૂસણખોરો કે વધુ બાળકો પેદા કરનારા તરીકે ચિન્હિત કરી દો એ કેટલું આઘાતજનક કહેવાય ?

વળી ખુદ મોદી 'વિશ્વગુરૂ' તરીકે દુનિયાભરમાં પોતાને કે દેશને 'પ્રમોટ' કરી રહ્યા છે અને છેલ્લા દાયકામાં દુનિયા વધુને વધુ સાંકડી એટલે કે સોશિયલ મીડિયા વગેરેને કારણે પરસ્પરથી ખૂબ જ નજીક આવી ગઈ છે. આજે બાઈડેન, પુતિન કે મોદી શું કરે છે, શું બોલે છે એ આંખના પલકારામાં સમગ્ર વિશ્વ જોઈ, સાંભળી અને વિચારી શકે છે અને તેના પર પ્રતિક્રિયા પણ આપે છે ત્યારે મોદીએ ભલે રાજસ્થાનના રણમાં ઉપરોક્ત ભાષણ આપ્યું હોય પરંતુ તેના પડઘા દુનિયાભરમાં સંભળાઈ રહ્યા છે કે જુઓ વિશ્વની સૌથી મોટી લોકશાહીના વડાપ્રધાન શું બોલી રહ્યા છે. પોતાની અગાઉની બે મુદતો સુધી એટલે કે દસ વર્ષ સુધી તેઓ દેશના વડાપ્રધાન રહી ચૂક્યા છે ત્યારે દુનિયા તેમને ઓળખે છે અને દેશ-વિદેશના લોકો તેમને ધ્યાનથી સાંભળે છે ત્યારે નરેન્દ્ર મોદીએ ભાજપને ખાતર નહીં પણ ભારતને ખાતર દેશની આમન્યાનો ખ્યાલ રાખવો જોઈતો હતો. બાકી ચૂંટણી પંચ પાસે ઘણી બધી સત્તાઓ છે પરંતુ વડાપ્રધાન સામે તે કોઈ પગલાં લે તેવી શકયતા બહુ જ પાતળી જણાય છે.

# કર્ણાટકમાં પ્રતિષ્ઠાની લડાઇ : આ દક્ષિણ રાજ્ય ભાજપની સંભાવનાઓને કેવી રીતે નુકસાન પહોંચાડી શકે છે

**ભાજપ અથવા એનડીએ માટે અગાઉની ચૂંટણીના તેના રેકોર્ડને વટાવવો એ એક ઊંચો ક્રમ છે કારણ કે રાજ્યમાં કોંગ્રેસ સરકારની લોકપ્રિયતાની લહેર ચાલુ છે, ખાસ કરીને ગ્રામીણ મતદારો અને મહિલાઓમાં**

(ભાગ-૨)

દ્રષ્ટિકોણ

- તમન્ના નસીર

જ્યાં સુધી ભાજપનો સંબંધ છે ત્યાં સુધી, સત્તાવિરોધી લહેર ટાળવા માટે, એક સમજદાર યોજના મૂકવામાં આવી છે, જે ઘણા મતવિસ્તારોમાં વર્તમાન સાંસદોને પૂર્વ પ્રધાનો સાથે બદલવાની છે - જેમ કે પૂર્વ મુખ્યમંત્રી હાવેરીથી બસવરાજ બોમાઈ અને બેલાગવીથી જગદીશ શેટ્ટર (જેઓ કોંગ્રેસમાંથી ભાજપમાં પાછા ફર્યા છે) અને પૂર્વ રાજ્ય મંત્રીઓ જેમ કે બેલ્લારીથી બી. શ્રીરામુલુ, ચિક્કાબલ્લાપુરથી કે. સુધાકર, તુમકુરુથી વી. સોમન્ના અને ચિત્રદુર્ગમાંથી ગોવિંદ કરજોલ. ભાજપે આ રણનીતિ અપનાવી છે કારણ કે કર્ણાટકમાં ચૂંટણી સ્થાનિક મુદ્દાઓ પર લડવામાં આવી રહી છે અને અગાઉની બે લોકસભા ચૂંટણીઓથી વિપરીત મોદી લહેર નથી. કર્ણાટક ચૂંટણીના ઐતિહાસિક વલણો પર ટિપ્પણી કરતા, વરિષ્ઠ રાજકીય કટારલેખક રાજશેખર હટાગુંડીએ જણાવ્યું હતું કે, "ભાજપે ૧૯૯૨માં બાબરી મસ્જિદ શહીદ બાદ કર્ણાટકના રાજકારણને સાંપ્રદાયિક બનાવવાનો પ્રયાસ કર્યો છે. તેઓ ૧૯૯૯-૨૦૦૪ વચ્ચે મોટા પ્રમાણમાં સફળ રહ્યા હતા જ્યારે તેઓ સતત બાબા બુદન ગીરી જેવા મુદ્દા ઉઠાવતા હતા. એસ.એમ. કૃષ્ણા તે સમયે મુખ્યમંત્રી હતા. ૨૦૦૪માં, કર્ણાટકમાં વિધાનસભા અને સંસદીય ચૂંટણીઓ એકસાથે યોજાઈ હતી; પ્રથમ વખત, ભાજપે રાજ્યમાં બે આંકડાને સ્પર્શ કર્યું અને લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસ કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું. પરંતુ, જેડી(એસ) અને કોંગ્રેસે એ જ વર્ષે વિધાનસભા ચૂંટણીમાં ભાજપ કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું હતું. કર્ણાટકના રાજકારણમાં તે બિન્દુથી ટ્રેન્ડ બદલાવાનો શરૂ થયો." ૨૦૧૯માં, ભાજપે કર્ણાટકમાં ૫૧.૨%ના વોટ શેર સાથે ૨૫ બેઠકો જીતી હતી - જે બેઠકોની સંખ્યા અને વોટ શેર બંનેની દ્રષ્ટિએ તેનું શ્રેષ્ઠ પ્રદર્શન હતું - જ્યારે કોંગ્રેસ પાર્ટી, JD(S) અને અપક્ષોએ એક-એક બેઠક જીતી હતી. ભગવા પાર્ટીએ ૨૦૧૪ અને ૨૦૦૯ની સામાન્ય ચૂંટણીઓમાં અનુક્રમે ૧૭ અને ૧૯ બેઠકો જીતી હતી. ૨૦૦૪ની લોકસભાની ચૂંટણીમાં, ભાજપે ૧૮ બેઠકો જીતી હતી જ્યારે કોંગ્રેસ માત્ર આઠ બેઠકો જીતવામાં સફળ રહી હતી અને જેડી (એસ) બે બેઠકો પર વિજયી રહી હતી.

**'કુદરતી સ્થાનાંતરણ'**


JD(S)-BJP ભાગીદારીને કુમારસ્વામી દ્વારા "કુદરતી ગઠબંધન" તરીકે ગણાવવામાં આવી હતી પરંતુ પક્ષો વચ્ચે મતોનું "કુદરતી" સ્થાનાંતરણ થશે કે કેમ તે જોવાનું બાકી છે. "JD-BJP એ સ્વાભાવિક ગઠબંધન છે કારણ કે દેવેગૌડાના જીવનની રાજનીતિ કોંગ્રેસ વિરોધની આસપાસ ફરે છે, જોકે તેઓ (કોંગ્રેસ અને જેડીએસ) ક્યારેક સાથે રહ્યા છે, કોંગ્રેસે દેવગૌડાને તેમના વડાપ્રધાનપદ દરમિયાન બહારથી ટેકો આપ્યો હતો. હું એ હકીકતને ઓછી આંકતો નથી કે ભાજપ-જેડીએસ ગઠબંધન કોંગ્રેસ-જેડીએસ ગઠબંધન કરતાં વધુ સારું હોઈ શકે છે. એ રાજકીય ગઠબંધન છે જેને વૈચારિક ગઠબંધન સાથે ભૂલ ન કરવી જોઈએ. જેડીએસ ગઠબંધનના મોટાભાગના ઘટકો પણ એનડીએના ભાગીદાર હતા," શ્રીનિવાસરાજુએ કહ્યું. ભાજપ અથવા એનડીએ માટે અગાઉની ચૂંટણીના તેના રેકોર્ડને વટાવવો, જો કે, એક મુશ્કેલ કાર્ય હોઈ શકે છે કારણ કે રાજ્યની કોંગ્રેસ સરકાર પાંચ ગેરંટીઓને કારણે ખાસ કરીને ગ્રામીણ મતદારો અને મહિલાઓમાં લોકપ્રિયતાની લહેર ચલાવી રહી છે (સિદ્ધારમૈયા સરકાર દ્વારા સત્તામાં આવ્યા પછી પ્રચારના વચનો પૂરા કરવામાં આવ્યા હતા.) કર્ણાટકમાં કોંગ્રેસ આ વખતે ૧૦-૧૨ બેઠકો જીતી શકે છે. જો કે, તેઓ ફક્ત ગેરંટી પર આધાર રાખી શકતા નથી અને તેમની સંખ્યામાં નોંધપાત્ર વધારાની અપેક્ષા રાખી શકે છે. કોંગ્રેસના વ્યૂહરચનાકારો અને ઉમેદવારોએ તેને સમજવાની જરૂર છે," હટાગુંડીએ કહ્યું, "મતદારોએ ગેરંટીના લાભ પહેલેથી જ લઈ લીધા છે. લોકસભા ચૂંટણીઓમાં મોદી, મુદ્દાઓ અલગ છે અને ભાજપે દેશ ભક્તિ (દેશભક્તિ)ની વાર્તા બનાવી છે જે સિદ્ધારમૈયાની પ્રચંડ લોકપ્રિયતા હોવા છતાં તેમના માટે એક હદ સુધી કામ કરી શકે છે. યુવા અને ઉચ્ચ જાતિના મતદારો ભાજપની સાથે હોય તેવું લાગે છે પરંતુ તેઓ ગત વખત જેટલી બેઠકો જીતે તેવી શક્યતા નથી. સમજણપૂર્વક, તે ત્રણેય પક્ષો માટે કરો અથવા મરોની સ્થિતિ છે. હવે, આ પ્રતિષ્ઠાની લડાઈઓ અને વારસાગત અથડામણો કેવી રીતે થાય છે અને કોંગ્રેસ પાછલી સંસદીય ચૂંટણીઓમાં તેના ખરાબ પ્રદર્શનથી કેટલી હદે પાછી આવી શકે છે તે આ ચૂંટણીની નિર્ણાયક વાર્તા હોઈ શકે છે અને સાદી બહુમતીના માર્ગમાં ભાજપ માટે શું આવી શકે છે. (સમાપ્ત) (સૌ. : ધ વાયર.ઈન)

# ભારતના મહત્ત્વના મુસ્લિમ સ્વાતંત્ર્ય સેનાનીઓની યાદી

**દેશની આઝાદીના મુસ્લિમવીરો**

ભારતીય સ્વતંત્રતા ચળવળ એ વિશ્વના ઈતિહાસમાં સૌથી લાંબો સ્વતંત્રતા સંગ્રામ છે. ભારતના નેતાઓને બ્રિટિશ સામ્રાજ્યથી આઝાદી મેળવવામાં લગભગ ૯૦ વર્ષ લાગ્યા હતા. વિવિધ જાતિઓ અને રજવાડાઓના શાસકોએ સમયાંતરે બ્રિટિશ સામ્રાજ્ય સામે બળવો કર્યો હોવા છતાં તેમનો બળવો અમુક ચોક્કસ ક્ષેત્રમાં મર્યાદિત હતો અને તે સમગ્ર રાષ્ટ્ર માટે ન હતો. પ્રથમ મોટો બળવો જે સમગ્ર ભારતીય મુખ્ય ભૂમિમાં એકસાથે થયો હતો તે ૧૮૫૭નો બળવો હતો જ્યારે ભારતના મોટાભાગના ઉત્તરીય ભાગમાં બહાદુર શાહ જાફરના બેનર હેઠળ એક થયા હતા. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થાપના ૧૮૮૫માં કરવામાં આવી હતી અને ૧૯૦૫માં (બંગ ભંગ ચળવળ) સાથે રાષ્ટ્રવાદ અને સ્વતંત્રતાની એક વિશાળ લહેર શરૂ થઈ હતી. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે ૧૯૩૦માં બ્રિટિશ શાસનથી સંપૂર્ણ સ્વતંત્રતાની માંગ કરી હતી અને અંતે, ભારતે ૧૯૪૭માં તેની સ્વતંત્રતા હાંસલ કરી લીધી હતી. સમાજના લગભગ દરેક વર્ગે સ્વતંત્રતા સંગ્રામમાં ભાગ લીધો અને આઝાદી પછી, ભારત સરકારે લગભગ દરેક વ્યક્તિના યોગદાનને સન્માનિત કર્યું હતું. ઈસ્લામ એ ભારતમાં બીજા નંબરનો સૌથી મોટો ધર્મ છે અને સ્વાતત્રતા પહેલાના વર્ષો દરમિયાન હજારો મુસ્લિમો હિંદુઓ સાથે મળીને લડ્યા હતા પરંતુ સમય જતાં, મુસ્લિમ સ્વતંત્રતા સેનાનીઓના નામ ઈતિહાસ તેમજ પાઠ્યપુસ્તકોમાંથી કાઢી નાખવામાં આવ્યા છે. ભારતના ભાગલા અને પાકિસ્તાનની રચના માટે પણ મુસ્લિમોને દોષી ઠેરવવામાં આવે છે. આઝાદીના ૭૦ વર્ષ પછી, જો આપણે ભારતના ત્રણ મુસ્લિમ સ્વતંત્રતા સેનાનીઓ વિશે કોઈને પૂછીએ, તો મોટાભાગના લોકો આ પ્રશ્નનો જવાબ આપી શકશે નહીં. ઈતિહાસના પાઠ્ય પુસ્તકોમાં પણ અશફાકુલ્લા ખાન, સર સૈયદ અહમદ ખાન, ખાન અબ્દુલ ગફાર ખાન, મૌલાના અબુલ કલામ આઝાદ અને અન્ય કેટલાક નેતાઓ જેવા માત્ર કેટલાક નેતાઓને આવરી લેવામાં આવ્યા છે. જ્યારે મેં ગૂગલ પર સર્ચ કર્યું ત્યારે ભાગ્યે જ કેટલીક વેબસાઈટ્સ હતી જે ભારતના મુસ્લિમ સ્વતંત્રતા સેનાનીઓની વિગતવાર યાદી આપે છે અને વિકિપીડિયા પેજ પણ જ્યારે મુસ્લિમ સ્વતંત્રતા સેનાનીઓ માટે સર્ચ કરવામાં આવે ત્યારે કોઈ પરિણામ દર્શાવતુ નથી. તો હવે સવાલ એ થાય છે કે આ માટે કોઈ ચોક્કસ ડેટા કેમ નથી અથવા એ સાચું છે કે ભારતીય સ્વતંત્રતા ચળવળમાં મુસ્લિમોનું યોગદાન ઘણું ઓછું છે ? મેં ભારતીય સ્વતંત્રતા ચળવળને લગતી વિવિધ યાદીઓ, વેબસાઈટ્સ, પુસ્તકો અને સામયિકો શોધવાનું શરૂ કર્યું અને અંતે ભારતના મુસ્લિમ સ્વતંત્રતા સેનાનીઓની યાદી સામે આવી હતી. હું આશા રાખું છું કે આ લેખ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં મુસ્લિમોના યોગદાન વિશેની ખોટી દંતકથાઓને રદિયો આપશે અને જેઓ સ્વતંત્રતા ચળવળને ધર્મ અને જાતિના લેન્સથી પણ જુએ છે તેમને યોગ્ય માર્ગદર્શન આપશે.

## મગફૂર અહમદ અજાઝી



મગફૂર અહમદ અજાઝીનો જન્મ ૩જી માર્ચ ૧૯૦૦ના રોજ બિહારના મુઝફ્ફરપુર જિલ્લામાં થયો હતો. તે નોર્થ બ્રુક ઝિલા સ્કૂલમાં અભ્યાસ કરતાં હતા. પરંતુ રોલેટ એક્ટનો વિરોધ કરવા અને ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં ભાગ લેવા બદલ તેમને શાળામાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા. તેમનું શિક્ષણ પૂર્ણ કર્યા પછી તેઓ અસહકાર ચળવળમાં જોડાયા અને લગભગ તમામ સ્વતંત્રતા ચળવળમાં સક્રિયપણે ભાગ લીધો હતો. તેમને "ષડયંત્ર કેસ"માં ઘણી વખત જેલમાં મોકલવામાં આવ્યા હતા. ૧૯૨૩માં તેમની પત્ની અને વર્ષ ૧૯૪૨માં તેમના પુત્રનું અવસાન થયું ત્યારે પણ તેમણે ભારતની સ્વતંત્રતા માટે લડવાનું ચાલુ રાખ્યું હતું. મગફૂર અહમદ અજાઝીએ જિન્નાહના દ્વિ-રાષ્ટ્ર સિદ્ધાંત અને પાકિસ્તાનની રચનાનો વિરોધ કર્યો હતો અને તેનો સામનો કરવા માટે તેમણે અખિલ ભારતીય જમહુર મુસ્લિમ લીગની સ્થાપના કરી. મુહમ્મદ અલી ઝીણા અને મુસ્લિમ લીગના સમર્થક અજાઝી-ગદ્દર-એ-કૌમ કહીને તેમની મજાક ઉડાવતા હતા. મુસ્લિમ લીગના કાર્યકરો તેના ઘર પર થૂંકતા પણ હતા અને તેને માનસિક રીતે હેરાન કરવા માટે દરેક રીતનો ઉપયોગ કરતા હતા. ૧૯૪૭માં ભારતને આઝાદી મળ્યા બાદ તેમણે ભારતમાં શિક્ષણ તેમજ ઉર્દૂ ભાષાના ઉત્થાન માટે પોતાનું જીવન સમર્પિત કર્યું હતું. ૨૬ સપ્ટેમ્બર ૧૯૬૬ના રોજ મુઝફ્ફરપુર શહેરમાં તેમના નિવાસસ્થાને તેમનું અવસાન થયું હતું. ફખરુદ્દીન અલી અહમદે કહ્યું હતું કે, ડૉ. અજાઝી ભારતની આઝાદીની લડતમાં મોખરે હતા, તેમના જીવનની વાર્તા દેશના એક મહત્વપૂર્ણ યુગની અનોખી અને રસપ્રદ વાર્તા છે. તેમના સન્માનમાં મુઝફ્ફરપુર મ્યુનિસિપલ બોર્ડ દ્વારા તેમના નિવાસસ્થાન તરફ જતા રસ્તાનું નામ ડૉ. અજાઝી માર્ગ રાખ્યું હતું.

(સૌ.: નોલેજ ઓફ ઈન્ડિયા.કોમ)

# કોટક મહિન્દ્રા બેંક પર ઓનલાઈન, મોબાઈલ બેંકિંગ અને ક્રેડિટ કાર્ડના નવા ગ્રાહકો ઉમેરવા સામે રિઝર્વ બેંકનો પ્રતિબંધ

**RBIએ કોટક મહિન્દ્રા બેંક પર નિયંત્રણો લાદ્યા છે, IT સંબંધી ખામીઓ અને આઉટેજને કારણે નવા ગ્રાહકો ઉમેરવા અને ક્રેડિટ કાર્ડ ઈશ્યુ કરવા પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે**

(એજન્સી) મુંબઈ, તા.૨૪

કોટક મહિન્દ્રા બેંકને મોટો ઝટકો આપતા રિઝર્વ બેંકે બુધવારે ખાનગી ક્ષેત્રની ત્રીજા ક્રમની સૌથી મોટી ધિરાણકર્તાને તત્કાલ પ્રભાવથી તેની ઓનલાઈન અને મોબાઈલ બેંકિંગ ચેનલો દ્વારા નવા ક્રેડિટ કાર્ડ ગ્રાહકો ઉમેરવાનું અને નવી ધિરાણ જારી કરવાનું બંધ કરવા અને અટકાવવાનો આદેશ આપ્યો. જો કે, ક્રેડિટ કાર્ડ સહિત બેંકના વર્તમાન ગ્રાહકોની સેવાઓ પૂર્વવ્રત રહેશે. નિયમનકારે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૨ અને ૨૦૨૩ માટે રિઝર્વ બેંકની બેંકની આઈટી ચકાસણી દરમ્યાન ધ્યાન દોરવામાં આવેલ ક્ષતિઓને વ્યાપક અને સમયસર રીતે નિવારવામાં તેની સતત નિષ્ફળતાને કારણે ઉદ્‌ભવેલી નોંધપાત્ર ચિંતાઓને આધારે આ પગલાં ભરવા પડ્યા હતા. 'ગંભીર ખામીઓ અને આઈટી ઈન્વેન્ટરી મેનેજમેન્ટ નિયમોનું ઉલ્લંઘન, પેચ અને ચેન્જ મેનેજમેન્ટ, યુઝર એક્સેસ મેનેજમેન્ટ, વેન્ડર રિસ્ક મેનેજમેન્ટ, ડેટા સિક્યુરિટી અને ડેટા લીક નિવારણ વ્યૂહરચના, બિઝનેસ સાતત્ય અને આપત્તિ પુનઃપ્રાપ્તિની કઠોરતા અને કવાયત્ વગેરે ક્ષેત્રોમાં ક્ષતિઓ અવલોકન આરબીઆઇના આઈટી ઓડીટમાં કરવામાં આવ્યું છે.' આકરા પગલાના કારણોને વધુ સમજાવતા મધ્યસ્થ બેંકે જણાવ્યું હતું કે, સત્તત બે વર્ષથી બેંક તેના IT જોખમ માહિતી સુરક્ષા શાસનમાં ઉણપ ધરાવતી હતી જે રિઝર્વ બેંક દ્વારા જારી કરાયેલ સુધારાત્મક કાર્ય યોજનાઓ સાથે નોંધપાત્ર રીતે વિસંગત હતું. અનુગામી આકારણીઓ દરમિયાન, બેંક ૨૦૨૨ અને ૨૦૨૩ માટે રિઝર્વ બેંક દ્વારા જારી કરાયેલ સુધારાત્મક કાર્ય યોજનાઓ સાથે નોંધપાત્ર રીતે બિન-અનુપાલન કરતી હોવાનું જણાયું હતું, કારણ કે, બેંક દ્વારા સબમિટ કરવામાં આવેલ અનુપાલન ક્યાં તો અપૂરતા, ખોટા અથવા તકલાદી હોવાનું જણાયું હતું. મજબૂત આઈટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને આઈટી રિસ્ક મેનેજમેન્ટ ફ્રેમવર્કની ગેરહાજરીમાં બેંકની કોર બેંકિંગ સિસ્ટમ અને તેની ઓનલાઈન અને ડિજિટલ બેંકિંગ ચેનલોને છેલ્લા બે વર્ષમાં વારંવાર અને નોંધપાત્ર આઉટેજનો સામનો કરવો પડ્યો છે, તાજેતરમાં જ આવો એક વિક્ષેપ એક ૧૫ એપ્રિલ, ૨૦૨૪ના રોજ સર્જાયો હતો જેના કારણે ગ્રાહકોને ખૂબ જ અસુવિધાનો સામનો કરવો પડ્યો હોવાનું આરબીઆઇના પરિપત્રમાં જણાવવામાં આવ્યું હતું. સેન્ટ્રલ બેંકે જણાવ્યું હતું કે, 'બેંક તેની વૃદ્ધિ સાથે અનુરૂપ IT સિસ્ટમ્સ અને નિયંત્રણો બનાવવામાં નિષ્ફળતાને કારણે જરૂરી ઓપરેશનલ સ્થિતિ સ્થાપકતા બનાવવામાં ભૌતિક રીતે નિષ્ફળ રહી હોવાનું જણાયું છે.' છેલ્લા બે વર્ષમાં રિઝર્વ બેંક તેની IT સ્થિતિ સ્થાપકતાને મજબૂત કરવાના હેતુથી આ તમામ ચિંતાઓ પર બેંક સાથે સતત ઉચ્ચ સ્તરીય સંપર્કમાં હતી પરંતુ પરિણામો સંતોષકારક ન હતા. એવું પણ અવલોકન કરવામાં આવ્યું છે કે, મોડેથી ક્રેડિટ કાર્ડને લગતા વ્યવહારો સહિત બેંકના ડિજિટલ વ્યવહારોના પ્રમાણમાં ઝડપી વૃદ્ધિ થઈ છે, જે IT સિસ્ટમ્સ પર વધુ ભારણ બનાવી રહી છે. તેણે કહ્યું, 'આથી રિઝર્વ બેંકે ગ્રાહકોના હિતમાં અને કોઈપણ સંભવિત લાંબા સમય સુધી આઉટેજને રોકવા માટે ઉપર જણાવ્યા મુજબ બેંક પર અમુક વ્યાપારી પ્રતિબંધો મૂકવાનો નિર્ણય કર્યો છે જે માત્ર બેંકની કાર્યક્ષમ ગ્રાહક સેવા પ્રદાન કરવાની ક્ષમતાને જ નહીં પરંતુ બેંકની ડિજિટલ બેંકિંગ અને પેમેન્ટ સિસ્ટમ્સની નાણાકીય ઈકોસિસ્ટમ ક્ષમતાને પણ ગંભીર અસર કરી શકે છે. બેંકને 'RBIની પૂર્વ મંજૂરી સાથે એક વ્યાપક બાહ્ય ઓડિટ હાથ ધરવાનો' આદેશ પણ આપવામાં આવ્યો છે. બેંક મેનેજમેન્ટ તત્કાલ ટિપ્પણી માટે ઉપલબ્ધ નહોતું.

# જેલમાં બંધ શેખ શાહજહાં કેમેરા સમક્ષ ભાંગી પડ્યો, ભાજપે કહ્યું : 'સીન વિખાઈ ગયા'

**કોર્ટમાં સુનાવણી બાદ પુત્રીને મળ્યા બાદ શેખ શાહજહાં ભાંગી પડ્યા હતા, ભાજપે આ ઘટના પર પ્રતિક્રિયા આપતા કહ્યું કે, સંદેશખાલી કેસના અન્ય તમામ આરોપીઓનું ભાવિ આવું જ હશે**

(એજન્સી) કોલકાતા, તા.૨૪

- શેખ શાહજહાં તેની પુત્રીને મળ્યા પછી ભાંગી પડે છે.
- વીડિયોમાં શાહજહાં મીટિંગ પછી પોતાના આંસુ લૂછતો દેખાય છે.
- ઈડીના અધિકારીઓ પરના હુમલાને લગતા કેસના સંબંધમાં તેની ધરપકડ કરવામાં આવી હતી.

પશ્ચિમ બંગાળના બસીરહાટમાં કોર્ટમાં સુનાવણી બાદ મંગળવારે સસ્પેન્ડેડ તૃણમૂલ કોંગ્રેસ (TMC) નેતા શેખ શાહજહાં તેમની પુત્રીને મળ્યા બાદ ભાંગી પડ્યા હતા. શાહજહાંને બસીરહાટમાં સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશનના અધિકારીઓ દ્વારા સ્થાનિક કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. કોર્ટમાંથી બહાર નીકળતી વખતે તેણે તેની પુત્રીની ઝલક જોઈ અને રડી પડ્યો. આ ઘટનાના વિડિયોમાં શાહજહાં પોલીસ વેનની અંદર બેઠો હતો અને તેની પુત્રી સાથેની ટૂંકી વાતચીત બાદ તેના આંસુ લૂછતો જોવા મળ્યો હતો. TMCના પૂર્વ મજબૂત નેતા શાહજહાં પર પશ્ચિમ બંગાળના સંદેશખાલીમાં અનેક મહિલાઓ દ્વારા જાતીય હિંસા અને જમીન હડપ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના અધિકારીઓ પર હુમલા સંબંધિત કેસના સંબંધમાં ૫૫ દિવસ ફરાર રહ્યા પછી ૨૯ ફેબ્રુઆરીએ તેની ધરપકડ કરવામાં આવી હતી. તેમની ધરપકડ કરવી જોઈએ" એમ કહી કલકત્તા હાઈકોર્ટે ટીએમસી નેતા સામે પગલાં લેવામાં વિલંબ માટે રાજ્ય પોલીસની ટીકા કરી તેના ત્રણ દિવસ પછી શાહજહાંની ધરપકડ થઈ, તેની ધરપકડ બાદ પશ્ચિમ બંગાળ પોલીસે તેની કસ્ટડી સીબીઆઈને ટ્રાન્સફર કરી હતી.

**શાહજહાંએ પોતાનો સ્વેગ ગુમાવ્યો : ભાજપ :-** શાહજહાંનો રડવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ બીજેપી આઈટી સેલના વડા અમિત માલવિયાએ ટીએમસીના પૂર્વ નેતા પર કટાક્ષ કર્યો હતો. તેમને મમતા બેનરજીનો 'પોસ્ટર બોય' ગણાવતા માલવિયાએ કહ્યું કે, શાહજહાં 'નિસહાય બાળક'ની જેમ રડી રહ્યો હતો. માલવીયાએ X પરની ટિપ્પણીમાં જણાવ્યું કે, 'સ્વેગ અદૃશ્ય થઈ ગયો છે. મમતા બેનરજીનો પોસ્ટર બોય - બળાત્કારી શેખ શાહજહાં એક અસહાય બાળકની જેમ રડી રહ્યો છે. ગુનેગાર અનુબ્રતો મંડલ જેલમાં છે. આ તે ભાગ્ય છે જે સઓકત મોલ્લા, જહાંગીર ખાન અને અન્ય જેવા લોકો માટે રાહ જોઈ રહ્યું છે, જેમણે સમગ્ર બંગાળમાં આતંક મચાવતું શાસન કર્યું છે. જ્યારે કાયદો તેનો દંડો પછાડે છે ત્યારે કોઈ તમને બચાવવા આવશે નહીં, મમતા બેનરજી તો નહીં જ આવે. તે તો તેમના મંત્રીને પણ બચાવી શકયા નથી.

# પાકિસ્તાન અને ઈરાને કહ્યું : કાશ્મીરના મુદ્દાનો ઉકેલ શાંતિપૂર્ણ રીતે થવો જોઈએ

(એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૪

પાકિસ્તાનની મુલાકાતે ગયેલા ઈરાનના રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ રઈસી ૩ દિવસ રોકાયા બાદ હવે શ્રીલંકા જવા રવાના થઈ ગયા છે. રઈસીના ગયા બાદ ઈરાન અને પાકિસ્તાને સંયુક્ત નિવેદન જાહેર કર્યું છે. આ નિવેદનમાં ઈરાને કાશ્મીર મુદ્દે પોતાનો મત વ્યક્ત કર્યો છે. પાકિસ્તાનના વિદેશ મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા સંયુક્ત નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, બંને દેશોએ કાશ્મીર મુદ્દાને ત્યાંના લોકોની ઈચ્છા અને આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર વાતચીત અને શાંતિપૂર્ણ માધ્યમથી ઉકેલવા પર ભાર મૂક્યો હતો. અગાઉ, રઈસીએ પ્રેસ કોન્ફરન્સ દરમિયાન કાશ્મીરનો ઉલ્લેખ કર્યો ત્યારે શાહબાઝ શરીફથી પોતાને દૂર કરી દીધા હતા, જે વિશ્વની સામે પાકિસ્તાનના વડાપ્રધાનનું મોટું અપમાન હતું. ઈરાનના રાષ્ટ્રપતિ કરાચીથી શ્રીલંકા જવા રવાના થયા. આ પછી ઈરાન અને પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે સંયુક્ત નિવેદન જાહેર કર્યું છે. જેમાં બંને પક્ષોએ મુક્ત વેપાર કરાર, ઈરાન-પાકિસ્તાન ગેસ પાઈપલાઈન, કાશ્મીર, અફઘાનિસ્તાન, ઈસ્લામોફોબિયા, આતંકવાદ વિરોધી સહયોગનો ઉલ્લેખ કર્યો છે. કાશ્મીર પર ઈરાન અને પાકિસ્તાને કહ્યું, 'બંને પક્ષોએ કાશ્મીર મુદ્દાને વાતચીત અને શાંતિપૂર્ણ માધ્યમથી ઉકેલવા પર ભાર મૂક્યો જે ત્યાંના લોકોની ઈચ્છા અને આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર છે.' ઈરાનનું આ નિવેદન ઘણું માપવામાં આવી રહ્યું છે જેના કારણે મિત્ર ભારતને કોઈ સમસ્યાનો સામનો કરવો ન પડે. આ રીતે ચોતરફ ટીકા બાદ, પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે કોઈક રીતે ઈરાનને કાશ્મીર પર નિવેદન આપવા માટે રાજી કર્યું. તે પણ ત્યારે જ્યારે શાહબાઝ શરીફે ઈરાન અને ભારતની મિત્રતામાં તિરાડ પાડવા માટે રાયસીની સામે કાશ્મીરના ગુણગાન ગાવાનું શરૂ કર્યું. શાહબાઝ શરીફે કાશ્મીરની સ્થિતિને ગાઝા સાથે સરખાવવાનો પ્રયાસ કર્યો. ઈરાન અને પાકિસ્તાને આખરે ગેસ પાઈપલાઈન પર પોતાનું ટૂંકું નિવેદન પણ આપ્યું છે. ઈરાન અને પાકિસ્તાને કહ્યું, 'બંને દેશો વીજળી વેપાર, પાવર ટ્રાન્સમિશન લાઈનો અને ઈરાન-પાકિસ્તાન ગેસ પાઈપલાઈન સહિત ઊર્જા ક્ષેત્રે સહયોગના મહત્ત્વ પર ભાર મૂકે છે. બંને દેશોના નેતાઓ આગામી પાંચ વર્ષમાં દ્વિપક્ષીય વેપારને ૧૦ અબજ ડૉલર સુધી વધારવા પર સહમત થયા છે. ઈરાન અને પાકિસ્તાન વચ્ચે ગેસ પાઈપલાઈન પર આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે અમેરિકાએ ખુલ્લેઆમ પ્રતિબંધોની ધમકી આપી છે.

# IMDએ ઘણા રાજ્યોમાં ગંભીર હીટવેવ માટે રેડ એલર્ટ જારી કર્યું છે, કેટલાક રાજ્યોમાં વરસાદની શક્યતા; જાણો સંપૂર્ણ આગાહી

**IMD અનુસાર દરિયાકાંઠાના ઓડિશા, ગંગા કાંઠાનું પશ્ચિમ બંગાળ અને પેટા-હિમાલયના પશ્ચિમ બંગાળ અને સિક્કિમના અલગ-અલગ વિસ્તારોમાં અને આંતરિક કર્ણાટકમાં આગામી પાંચ દિવસ સુધી ગંભીર હીટવેવ (લૂ)ની સંભાવના છે**

(એજન્સી) તા.૨૪

IMD અનુસાર આગામી પાંચ દિવસ સુધી પૂર્વ અને દક્ષિણ દ્વીપકલ્પ ભારતમાં હીટવેવનો લાંબો સમય રહેવાનું અનુમાન છે. બિહાર, ઝારખંડ, દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ, તેલંગાણા, રાયલસીમા અને દરિયાકાંઠાના કર્ણાટકના અલગ ભાગોમાં પણ આ સમયગાળા દરમિયાન હીટવેવની સ્થિતિ જોવા મળે તેવી આગાહી છે. IMDએ એક રિલીઝમાં જણાવ્યું હતું કે, 'બિહાર, ઝારખંડ, દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ અને યાનમ, તેલંગાણા, રાયલસીમામાં આગલા પાંચ દિવસમાં ૨૪મીથી ૨૬મીએ દરિયાકાંઠાના કર્ણાટકમાં ૨૪મી અને ૨૫મીએ તમિલનાડુમાં; ૨૫મીથી ૨૮મીએ પૂર્વ ઉત્તરપ્રદેશ અને પશ્ચિમ ઉત્તરપ્રદેશમાં ૨૫મી અને ૨૬મી અને ૨૮મી એપ્રિલના રોજ કોંકણમાં ગરમીની લહેરની સ્થિતિ તીવ્ર રહેશે.' ગંગાના પશ્ચિમ બંગાળ માટે રેડ એલર્ટ પણ જારી કર્યું છે, જે તમામ વય જૂથોમાં ગરમીની બીમારીઓ અને હીટ સ્ટ્રોકની સંભાવના છે. આ ઉપરાંત IMDએ ઓરિસ્સા, બિહાર, કોસ્ટલ આંધ્રપ્રદેશ અને યાનમ, આંતરિક કર્ણાટક અને રાયલસીમા માટે નારંગી ચેતવણીઓ પણ જારી કરી છે. ઉપરાંત ૨૬ એપ્રિલથી ૨૮ એપ્રિલ સુધી ઉત્તરપશ્ચિમ ભારતમાં વાવાઝોડા અને વીજળીના ચમકારા પછી વરસાદના નવા સ્પેલ તરીકે કેટલાક પ્રદેશો માટે વરસાદની આગાહી કરવામાં આવી છે. IMD અનુસાર ઉત્તરપૂર્વ ભારતમાં ૨૪, ૨૬ અને ૨૮, એપ્રિલના રોજ છૂટાછવાયા સ્થળોએ વાવાઝોડા, વીજળી અને તોફાની પવન સાથે ભારે વરસાદ પડી શકે છે. અરૂણાચલપ્રદેશમાં પણ વરસાદની અપેક્ષા છે. આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં ૨૪-૨૮ એપ્રિલ સુધી છૂટાછવાયા વરસાદની શક્યતા છે. ૨૪ એપ્રિલથી ૨૭ એપ્રિલ દરમિયાન મધ્ય મહારાષ્ટ્ર, મરાઠવાડા, વિદર્ભ, છત્તીસગઢ, દક્ષિણ મધ્યપ્રદેશ અને આંતરિક કર્ણાટકમાં પણ હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે.

# મુખ્યમંત્રી મરિયમના મોટર કાફલાની અડફેટે મૃત્યુ પામેલા શખ્સના પરિવારને ૨૫ લાખ રૂપિયા વળતર મળ્યું

(એજન્સી) લાહોર, તા.૨૪

અહેવાલ મુજબ, મુખ્યમંત્રી મરિયમ નવાઝના પ્રોટોકોલ વાહન સાથે સંકળાયેલી ઘટનાના જવાબમાં, સરકારે મૃતક યુવકના પરિવારને પાકીસ્તાની ૨૫ લાખ રૂપિયાનો ચેક આપ્યો હતો, જેમણે પાંચ દિવસ પહેલા અકસ્માતમાં જીવ ગુમાવ્યો હતો. મુખ્યમંત્રીના નિર્દેશ પર કાર્ય કરતા, નારોવાલના ડેપ્યુટી કમિશનર સૈયદ હસન રઝા અને MPA અહમદ ઈકબાલે જેસર ગામમાં પીડિતા, મુહમ્મદ અબુબકરના નિવાસસ્થાનની મુલાકાત લીધી. તેઓએ દુઃખી માતા-પિતા પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને મુખ્યમંત્રી તરફથી પણ સંવેદના વ્યક્ત કરી હતી. અહેવાલ મુજબ, મુખ્યમંત્રી વતી, તેઓએ અબુબકરના પિતા ફખર અયાઝને પાકિસ્તાની ૨૫ લાખ રૂપિયાનો ચેક સોંપ્યો. એમપીએ અહમદ ઈકબાલે પીડિત પરિવાર સાથે સરકારનું દુઃખ વ્યક્ત કર્યું. ૧૮ એપ્રિલના રોજ, નારોવાલ-શકરગઢ રોડ પર મુખ્યમંત્રીની પ્રોટોકોલ કારથી ટકરાવતા અકસ્માતમાં ૨૩ વર્ષીય અબુબકરનું કરૂણ મોત થયું હતું. તે બૈસાખી ઉત્સવની ત્રણ દિવસીય ઉજવણી માટે નારોવાલથી કરતારપુર જઈ રહ્યો હતો નારોવાલ પોલીસના અહેવાલો અનુસાર, બે મોટરસાયકલ, જેમાંથી એક અબુબકરની હતી, એકબીજા સાથે અથડાઈ અને ત્યારબાદ, એક 'સરકારી વાહન'એ તેને ટક્કર માર્યું હતું, પરિણામે તેનું અકાળે મૃત્યુ થયું હતું. મરિયમ નવાઝે આ ઘટનાની તાત્કાલિક નોંધ લીધી અને ડીસી પાસેથી આ બાબત અંગે વ્યાપક અહેવાલની વિનંતી કરી હતી. ડોન અહેવાલ મુજબ, અબુબકર ફિલિંગ સ્ટેશન પર નોકરી કરતો હતો, જ્યારે તેના પિતા ફખર અયાઝ મજૂર તરીકે કામ કરતા હતા. મુખ્યમંત્રીએ અધિકારીઓને અધિકૃત વાહનના ડ્રાઈવર સામે જરૂરી કાયદાકીય પગલાં લેવાનો પણ નિર્દેશ આપ્યો હતો. અકસ્માત થયો હોવા છતાં ઘાયલોને હોસ્પિટલ લઈ જવા માટે સીએમની મોટર કાફલો રોકાઈ ન હતી. મૃતકના પિતરાઈ ભાઈ અલી રિઝવાને જણાવ્યું કે અબુબકર ઘરેથી ફિલિંગ સ્ટેશન પર જઈ રહ્યો હતો જ્યાં તે નોકરી કરતો હતો. તેના પુત્રના મૃત્યુના સમાચાર સાંભળ્યા પછી, અબુબકરના પિતા ફખર અયાઝ તેના આઘાતથી બેહોશ થઈ ગયા હતા. ત્યારબાદ તેને નારોવાલની જિલ્લા મુખ્યાલય હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તે બે કલાક સુધી સારવાર હેઠળ રહ્યો હતો.

# રાજસ્થાન : કોટા-બુંદીમાં ઓમ બિરલા માટે આ ચૂંટણી મુશ્કેલ બની રહી છે

(એજન્સી) તા.૨૪

૨૦૧૯માં, જ્યારે ઓમ બિરલા સતત બીજી વખત કોટાથી ચૂંટણી જીતીને લોકસભામાં પ્રવેશ્યા, ત્યારે પાર્ટીએ તેમને લોકસભા સ્પીકર બનાવીને આશ્ચર્યચકિત કર્યા હતા. ઓમ બિરલાને પ્રખ્યાત બિરલા બિઝનેસ પરિવાર સાથે કોઈ લેવાદેવા નથી. તેના પિતા કોટામાં એક નાની દુકાનના માલિક હતા. લોકસભા સ્પીકરની બેઠક સંસદમાં સૌથી પ્રતિષ્ઠિત પદ છે. સ્પીકર ગૃહમાં સર્વોચ્ચ સત્તા હોય છે અને સંસદ ભવનના રક્ષક પણ છે. એવું કહેવાય છે કે અમિત શાહ સાથેના સંબંધોને લીધે બિરલાને આ પ્રખ્યાત પદ મળ્યું છે.

સ્પીકર તરીકે ઓમ બિરલાએ લોકસભાની અધ્યક્ષતા કરી. પરંતુ એ જ ઓમ બિરલા જે કોટાના શૈક્ષણિક હબમાં વિદ્યાર્થી નેતા તરીકેની કારકિર્દીની શરૂઆત કર્યા પછી લોકસભાના સ્પીકર બન્યા હતા, તેઓ હવે કોટાના ભગવા ગઢમાં મુશ્કેલ બની રહ્યા છે. કોટાના લોકપ્રિય બીજેપી નેતા પ્રહલાદગુંજલ, જેઓ સતત બીજી વખત પૂર્વ શહેરી વિકાસ પ્રધાન શાંતિ કુમાર ધારીવાલ સામે હારી ગયા હતા, તે કોંગ્રેસમાં ગયા છે. તેમને પૂર્વ રમતગમત પ્રધાન અશોક ચંદના દ્વારા કોંગ્રેસમાં સામેલ કરવામાં આવ્યા હતા, જેઓ ગુંજલની જેમ ગુર્જર સમુદાયના છે.

ગુંજલે કોંગ્રેસમાં જોડાવામાં અને બિરલા સામે લોકસભાની ચૂંટણી લડવામાં રસ દર્શાવ્યો હતો. ગુંજલ હંમેશા બિરલાની ટીકા કરતા રહ્યા છે, તેમણે આરોપ લગાવ્યો હતો કે તેઓ કોટાને પોતાની જાગીર બનાવી રહ્યા છે, જેમાં બીજેપીના અન્ય કાર્યકરો માટે કોઈ જગ્યા નથી. બિરલાનો ભાજપ પર સંપૂર્ણ નિયંત્રણ છે અને રાહુલ ગાંધી નમ્ર વ્યક્તિ છે, તેમના માટે ગરીબો અને દલિત લોકો કોંગ્રેસ પરિવારના વાસ્તવિક સભ્યો છે. કોંગ્રેસમાં કોઈ વ્યક્તિગત પરિવાર નથી. પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ ગોવિંદ સિંહ દોતસરા, પૂર્વ મુખ્ય પ્રધાન અશોક ગેહલોત અને પૂર્વ નાયબ મુખ્ય પ્રધાન સચિન પાયલોટ ગુંજલને કોંગ્રેસ પરિવારમાં સામેલ કરવા માટે સંમત થયા છે. કોટામાં તેમના હરીફ બિરલાની લોકપ્રિયતા હજુ પણ છે; પરંતુ કોટામાં મતદારોમાં વિભાજન છે. ધારીવાલ કોટામાં તેમના કામ માટે જાણીતા છે અને તેમણે ચંબલ રિવરફ્રન્ટ બનાવીને અને કોટામાં રહેતા ૩ લાખ વિદ્યાર્થીઓ માટે રસ્તાઓ, ગટર, લાઈટિંગ, ઉદ્યાનો અને અન્ય નાગરિક સુવિધાઓમાં સુધારો કરીને શહેરની કાયાપલટ કરી છે અને અહીં તેમના સમર્થકો પણ છે. અશોક ગેહલોત સરકારે એરપોર્ટ માટે મફત જમીન આપી હતી, પરંતુ બિરલા નાગરિક ઉડ્ડયન મંત્રાલયને એરપોર્ટ પર કામ શરૂ કરવા માટે મનાવી શક્યા ન હતા. બીજી તરફ ધારીવાલે કોંગ્રેસના શાસનમાં શહેરની કાયાપલટ કરી નાખી છે.

ધારીવાલ ગુંજલના પ્રવેશથી નાખુશ હતા અને શરૂઆતમાં તેમના સમાવેશનો વિરોધ કર્યો હતો. ધારીવાલ સક્રિયપણે ગુંજલ



માટે ઝુંબેશ ચલાવી રહ્યા હોવાથી બંને વચ્ચેની તમામ કડવાશ હવે દૂર થઈ ગઈ હોય તેવું લાગે છે. ધારીવાલ કોટામાં સારી લોકપ્રિયતા ધરાવે છે, ખાસ કરીને કોટા ઉત્તરમાં ૫૦,૦૦૦થી વધુ લઘુમતી મતદારો છે. કોટાના પૂર્વ કોંગ્રેસ સાંસદ રામનારાયણ મીણા કહે છે કે, ગુંજલ માટે કોટા અને બુંદી જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં ખૂબ જ સારી તક છે. ગુર્જરો ઉપરાંત, મીણા સમુદાય પણ તેમને મત આપશે.

ગુર્જર અને મીણા સમુદાયના ૪ લાખ મત છે. બંને સમુદાયો મોટાભાગે ખેડૂતો છે. ઓમ બિરલાએ તેમના ભાઈઓને કારણે ભાજપના કાર્યકરોના ક્રોધનો સામનો કરવો પડી રહ્યો છે, જેઓ માત્ર કોટા જ નહીં, બુંદી જિલ્લામાં પણ ભાજપની રાજનીતિને નિયંત્રિત કરી રહ્યા છે. ભાજપના કાર્યકરો બિરલાના એકાધિકારને તોડવા માટે ગુંજલની સફળતા માટે પ્રાર્થના કરી રહ્યા છે. ભાજપ ચૂંટણીના પ્રથમ તબક્કામાં ઓછા મતદાનનું વિશ્લેષણ કરી રહી છે, ત્યારે બિરલા કેમ્પની વ્યૂહરચના એ સુનિશ્ચિત કરવાની છે કે ગ્રામીણ મતદારો મોટી સંખ્યામાં ન આવે. તે તેમની તકોને નુકસાન પહોંચાડશે. ધારીવાલના તમામ સમર્થકો હવે ગુંજલને મત આપશે.

કોંગ્રેસને રાજ્યની રાજધાની જયપુરમાં રાજ્ય ચૂંટણી પંચના કાર્યાલયમાં બિરલાની પુત્રી અંજલિ બિરલાની ફરિયાદ કરવાની ફરજ પડી છે, જે એક IAS અધિકારી છે, જે તેના પિતા માટે સક્રિયપણે પ્રચાર કરી રહી છે. છેલ્લા બે દાયકામાં, લોકસભાના અધ્યક્ષ તરીકે ફરજ બજાવનાર કોઈપણ વ્યક્તિ ફરીથી નીચલા ગૃહમાં પ્રવેશવામાં નિષ્ફળ રહ્યો છે. કેટલાક પૂર્વ સ્પીકર્સ પછીની ચૂંટણીમાં હારી ગયા છે; કેટલાકે ચૂંટણી ન લડવાનું પસંદ કર્યું અથવા તેમના પક્ષો દ્વારા પસાર કરવામાં આવ્યા ન હતા. એન. સંજીવ રેડ્ડી, જેઓ ભારતના રાષ્ટ્રપતિ બન્યા હતા તેઓ એકમાત્ર એવા નેતા છે જેઓ બે વખત અધ્યક્ષ તરીકે ચૂંટાયા છે. એવું લાગતું નથી કે ઓમ બિરલા આ વખતે આ પરંપરા તોડી શકશે.

# રાહુલ ગાંધી અમેઠીથી પુનરાગમન અંગે વિચારી રહ્યા છે? અમેઠીના નિવાસસ્થાનની સજાવટ કરાઈ માટે અટકળો વધી રહી છે

### અમેઠીમાંથી તેમની સંભવિત ઉમેદવારી અંગે મૌન હોવા છતાં સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ સાથે ગાઝિયાબાદમાં એક પ્રેસ વાર્તાલાપ દરમિયાન રાહુલ ગાંધીની તાજેતરની ટિપ્પણી સકારાત્મક દષ્ટિકોણનો સંકેત આપે છે

(એજન્સી) તા.૨૪

આગામી લોકસભા ચૂંટણી માટે રાહુલ ગાંધીના અમેઠીમાં સંભવિત વાપસીને લઈને અટકળો વધી રહી છે, યુપી શહેરમાં તેમના નિવાસસ્થાન પર સાફ સફાઈ અને નવીનીકરણ દર્શાવતા વિડીયો વાયરલ થઈ રહ્યા છે. અમેઠીમાંથી તેમની સંભવિત ઉમેદવારી અંગે મૌન હોવા છતાં, સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ સાથે ગાઝિયાબાદમાં એક પ્રેસ વાર્તાલાપ દરમિયાન રાહુલ ગાંધીની તાજેતરની ટિપ્પણી સકારાત્મક દષ્ટિકોણનો સંકેત આપે છે. તેમણે કહ્યું કે, આવા નિર્ણયો અમારી પાર્ટીમાં કેન્દ્રીય ચૂંટણી સમિતિ દ્વારા લેવામાં આવે છે, અને હું તેનું પાલન કરીશ. અમેઠીમાં ૨૦ મેના રોજ પાંચમા તબક્કા માટે ચૂંટણી જંગ થવાનો છે. ઐતિહાસિક રીતે, કોંગ્રેસનો ગઢ ગણાતા અમેઠીમાં ૨૦૧૯માં નાટકીય પરિવર્તન જોવા મળ્યું અને ભારતીય જનતા પાર્ટીના સ્મૃતિ ઈરાનીએ રાહુલ ગાંધી પર ૫૫,૧૨૦ મતોથી વિજય મેળવ્યો હતો. સપા



અને કોંગ્રેસે ઉત્તરપ્રદેશ લોકસભા ચૂંટણી માટે ગઠબંધન કર્યું છે. કોંગ્રેસે ૧૭ બેઠકો માટે લક્ષ્ય રાખ્યું છે, જ્યારે એસપી અને કેટલાક સાથી પક્ષો રાજ્યની બાકીની ૬૩ બેઠકો પર લડશે. લોકસભામાં ઉત્તરપ્રદેશની ૮૦ સીટો છે.

# ભારતીય રેલવેએ UTSonMobile એપ્લિકેશન દ્વારા પેપરલેસ ટિકિટ બુકિંગ માટે બાહ્ય મર્યાદા જીઓ-ફેન્સિંગ પ્રતિબંધો દૂર કર્યા

### મુસાફરો હવે કોઈપણ સ્થાનેથી બિન-અનામત શ્રેણીઓ માટે પેપરલેસ ટિકિટ બુક કરી શકે છે, જેમાં ઉપનગરીય અને બિન-ઉપનગરીય મુસાફરીનો સમાવેશ થાય છે. જો કે, આંતરિક મર્યાદાના નિયમો યથાવત છે, જે માત્ર સ્ટેશન પરિસરની બહાર ટિકિટ બુકિંગને મંજૂરી આપે છે

(એજન્સી) તા.૨૪


દેશમાં મુસાફરોની સગવડ વધારવા અને ટિકિટિંગ પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવાના હેતુ સાથે એક મહત્વપૂર્ણ પગલામાં, ભારતીય રેલવેએ મંગળવારે UTS મોબાઈલ એપ્લિકેશન દ્વારા પેપરલેસ ટિકિટ બુક કરવા માટે બાહ્ય મર્યાદાના જીઓ-ફેન્સિંગ અંતર પ્રતિબંધોને દૂર કરવાની જાહેરાત કરી છે. હવે તેની તાત્કાલિક અસરથી, મુસાફરો હવે કોઈપણ સ્થાનેથી બિન-અનામત શ્રેણીઓ માટે પેપરલેસ ટિકિટ બુક કરી શકે છે, જેમાં ઉપનગરીય અને બિન-ઉપનગરીય મુસાફરીનો સમાવેશ થાય છે. જો કે, આંતરિક મર્યાદાના નિયમો યથાવત છે, જે ફક્ત સ્ટેશન પરિસરની બહાર ટિકિટ બુકિંગને મંજૂરી આપે છે.

**UTS એપ માટે બુકિંગ**

આ નિર્ણય, UTS એપ દ્વારા પેપરલેસ ટિકિટ બુકિંગ માટે અગાઉની ૨૦ અને ૫૦-કિલોમીટરની બાહ્ય મર્યાદાઓને નાબૂદ કરે છે. આ પરિવર્તનકારી પગલું પ્રવાસીઓની સગવડતા વધારવા અને ટિકિટિંગ પ્રક્રિયાને આધુનિક બનાવવા માટે નોંધપાત્ર પ્રગતિ છે.

**રેલવે બોર્ડનો નિર્ણય**

અગાઉ, મુસાફરોને યુટીએસ એપ દ્વારા પેપરલેસ ટિકિટ બુક કરવા માટે ૨૦ (ઉપનગરીય ટિકિટ) અને ૫૦ (બિન ઉપનગરીય ટિકિટ) કિલોમીટરની બાહ્ય મર્યાદા અંતર સુધી પ્રતિબંધિત હતા. જે ટિકિટનું આયોજન અને ખરીદ કરવાની તેમની ક્ષમતાને મર્યાદિત કરે છે. જો કે, રેલવે બોર્ડના આ તાજેતરના નિર્ણય સાથે, આ અવરોધો દૂર કરવામાં આવ્યા છે, જે ટિકિટિંગ સેવાઓના ડિજિટલ પરિવર્તનમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. રેલવેના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે બાહ્ય




મર્યાદાના અંતરના નિયંત્રણો દૂર કરવાથી મુસાફરો માટે નવા માર્ગો ખૂલી ગયા છે, જેનાથી તેઓ અવરોધો વિના એકીકૃત રીતે ટિકિટ બુક કરી શકે છે. આ પગલાથી ખાસ કરીને મુંબઈ શહેરને ફાયદો થાય છે, જ્યાં લાખો મુસાફરો તેમની દૈનિક મુસાફરીની જરૂરિયાતો માટે UTS એપ પર આધાર રાખે છે. યુટીએસ મોબાઈલ એપ ટિકિટિંગ પ્રક્રિયાઓને આધુનિક બનાવવા માટે ગેમ-ચેન્જર છે, જે મુસાફરોને ટિકિટ ખરીદવાની અનુકૂળ અને કાર્યક્ષમ રીત પ્રદાન કરે છે, ભૌતિક ટિકિટોની જરૂરિયાત અને લાંબી કતારોમાંથી મુક્તિ આપે છે. બાહ્ય મર્યાદાના નિયંત્રણો હટાવવાથી, મુસાફરો હવે તેમની મુસાફરીના આયોજનમાં વધુ સુગમતા અને સ્વતંત્રતા મેળવી શકે છે. મુંબઈ શહેરને તેના વ્યાપક કોમ્પ્યુટર નેટવર્ક દ્વારા આ નીતિ પરિવર્તનથી ઘણો ફાયદો થશે. લાખો મુસાફરો દૈનિક મુસાફરી માટે યુટીએસ એપ પર આધાર રાખે છે, બાહ્ય મર્યાદાના નિયંત્રણો દૂર થવાથી ટિકિટ બુકિંગમાં ક્રાંતિ આવશે અને લાખો લોકો માટે મુસાફરી સુવ્યવસ્થિત થશે.

# આધાર અપડેટ શુલ્ક : આધાર વિગતો અપડેટ કરાવવા માટે તમારે કેટલી ફી ચૂકવવી પડશે?

### આધાર કાર્ડ અપડેટ : જો તમારે તમારા આધાર કાર્ડની વિગતો, જેમ કે તમારું નામ, સરનામું, ફોટો અથવા અન્ય વિગતો બદલવાની જરૂર હોય તો તમારે ફી ચૂકવવી પડી શકે છે. તમારા ઈ-આધાર કાર્ડની પ્રિન્ટેડ કોપી મેળવવા માટે તમે આધાર નોંધણી કેન્દ્રની મુલાકાત લઈ શકો છો અને રૂા.૩૦ની ફી ચૂકવવી પડશે

(એજન્સી) તા.૨૪

તમે તમારો આધાર ક્યાં અપડેટ કરો છો અને કોણ સેવા પ્રદાન કરે છે તેના આધારે ફી પણ અલગ હોઈ શકે છે. જો તમારે તમારા આધાર કાર્ડની વિગતો અપડેટ કરવાની જરૂર હોય, જેમ કે તમારું નામ, સરનામું, ફોટો અથવા અન્ય વિગતો બદલવી, તો તમારે ફી ચૂકવવી પડી શકે છે. તમે શું અપડેટ કરી રહ્યાં છો તેના પર તેનું શુલ્ક નિર્ભર કરે છે. પછી ભલે તે તમારી વ્યક્તિગત માહિતી હોય, તમારી બાયોમેટ્રિક્સ હોય અથવા બંને હોય.

તમારા આધાર કાર્ડને અપડેટ કરવા માટે અમુક ફી ચૂકવવાની જરૂર પડી શકે છે:

● **બાયોમેટ્રિક અપડેટ્સ :** જો તમારે તમારી ફિંગરપ્રિન્ટ્સ અથવા આઈરિસ સ્કેન બદલવાની જરૂર હોય, તો ફી રૂા.૧૦૦ છે.

● **વસ્તી વિષયક અપડેટ્સ :** તમારા નામ, જન્મ તારીખ અથવા સરનામામાં ફેરફાર કરવા માટે, કેન્દ્ર પર ફી રૂા.૫૦ છે.

● **બંનેનું સંયોજન :** જો તમારે બાયોમેટ્રિક અને વસ્તી વિષયક વિગતો બંને અપડેટ કરવાની જરૂર હોય, તો તમારે બંનેની ફી કુલ રૂા.૧૫૦ ચૂકવવાની રહેશે.

તમારા ઈ-આધાર કાર્ડની પ્રિન્ટેડ કોપી મેળવવા માટે, તમે આધાર નોંધણી કેન્દ્રની મુલાકાત લઈ શકો છો અને રૂા.૩૦ ફી ચૂકવીને મેળવી શકો છો. જો તમે પહેલીવાર આધાર માટે અરજી કરી રહ્યાં છો, તો કોઈ ચાર્જ લાગતો નથી.

૫થી ૧૫ વર્ષની વયના બાળકો માટે, તેમની બાયોમેટ્રિક વિગતો અપડેટ કરવી ફરજિયાત છે પરંતુ તે કોઈપણ ખર્ચ વિના કરવામાં આવે છે. તેથી, જ્યારે પ્રિન્ટેડ ઈ-આધાર મેળવવા માટે ફી લેવામાં આવે છે, બાળકો માટે પ્રથમ વખત નોંધણી અને બાયોમેટ્રિક અપડેટ્સ મફત છે.

**આધાર કાર્ડ અપડેટ - વારંવાર પૂછાતા પ્રશ્નોના જવાબો**

શું મારે એ જ આધાર નોંધણી કેન્દ્ર પર જવું પડશે જ્યાં મેં મારી વિગતો અપડેટ કરવા માટે મૂળ રૂપે સાઈન અપ કર્યું છે?

ના, તમે તમારી વસ્તી વિષયક અથવા બાયોમેટ્રિક વિગતો અપડેટ કરવા માટે કોઈપણ આધાર નોંધણી/અપડેટ કેન્દ્રની મુલાકાત લઈ શકો છો. તમે તમારું સરનામું અથવા દસ્તાવેજો (જેમ કે POI અને POA) ઑનલાઈન પણ અપડેટ કરી શકો છો.

**જો મારી વિનંતી નકારવામાં આવે તો હું મારું નામ કેવી રીતે અપડેટ કરી શકું?**

તમે માન્ય દસ્તાવેજો રજૂ કરીને તમારા આધાર કાર્ડ પર તમારું નામ બે વાર બદલી શકો છો. જો તમને આ મર્યાદાથી આગળ વધારાના અપડેટ્સની જરૂર હોય, તો તમારે નામ બદલવા માટે ગેઝેટ સૂચના પ્રદાન કરવી જોઈએ અને આ પગલાંને અનુસરો:

**૧. જરૂરી દસ્તાવેજો સાથે કેન્દ્રની મુલાકાત લો:**

● નામ બદલવા માટે ગેઝેટ નોટિફિકેશનને નજીકના આધાર એનરોલમેન્ટ સેન્ટર પર જાઓ.

● કોઈપણ સહાયક દસ્તાવેજ લાવો જે ફોટોગ્રાફ સાથે તમારું જૂનું નામ દર્શાવે છે, જેમ કે છૂટાછેડાનું હુકમનામું, દત્તક પ્રમાણપત્ર અથવા લગ્નનું પ્રમાણપત્ર.

**૨. અપવાદ પ્રક્રિયા માટે UIDAIનો સંપર્ક કરો:**

● જો નામ અપડેટ માટેની તમારી વિનંતી નકારી કાઢવામાં આવે છે કારણ કે તમે મર્યાદા પૂર્ણ કરી લીધી છે, તો પ્રાદેશિક




કાર્યાલય દ્વારા અપવાદ પ્રક્રિયાની વિનંતી કરવા માટે ૧૯૪૭ પર કૉલ કરો અથવા help@uidai.net.in પર ઈમેઈલ કરો.

● **તમારું એનરોલમેન્ટ ID (EID) પ્રદાન કરો**

ઈમેઈલ કરતી વખતે, તમારી સૌથી તાજેતરની નોંધણીમાંથી EID સ્લિપ, નામ બદલવા માટેની ગેઝેટ સૂચના અને ફોટોગ્રાફ સાથે તમારું જૂનું નામ દર્શાવતો કોઈપણ સહાયક દસ્તાવેજ સામેલ કરો.

**૪. વિગતવાર પ્રક્રિયા અનુસરો**

અપવાદ હેઠળ નામ અને લિંગ અપડેટ વિનંતીઓ માટે UIDAI માર્ગદર્શિકાનો સંદર્ભ લો.

**શું મારે એનરોલમેન્ટ સેન્ટર પર મારું આધાર કાર્ડ અપડેટ કરવા માટે અસલ દસ્તાવેજો લાવવાની જરૂર છે?**

હા, તમારી માહિતી અપડેટ કરતી વખતે તમારે આધાર નોંધણી કેન્દ્ર પર મૂળ દસ્તાવેજો લાવવા આવશ્યક છે. ઑપરેટરે તેને સ્કેન કર્યા પછી તમારા મૂળ દસ્તાવેજો પાછા મેળવી લો.

**આધાર અપડેટ કરવામાં કેટલો સમય લાગે છે?**

સામાન્ય રીતે, ૯૦% અપડેટ વિનંતીઓ ૩૦ દિવસમાં પૂર્ણ થાય છે.

**જો મેં નોંધણી દરમિયાન ઉપયોગમાં લીધેલો મારો મોબાઈલ નંબર ખોવાઈ ગયો હોય તો શું?**

તમારા આધાર કાર્ડ પર તમારો મોબાઈલ નંબર અપડેટ કરવા માટે, તમે કોઈપણ આધાર નોંધણી કેન્દ્રની મુલાકાત લઈ શકો છો અથવા પોસ્ટમેન સેવાનો ઉપયોગ કરી શકો છો. તમારે કોઈપણ દસ્તાવેજો અથવા તમારો જૂનો મોબાઈલ નંબર આપવાની જરૂર નથી. તમે તમારો મોબાઈલ નંબર ઓનલાઈન અપડેટ કરી શકતા નથી.

**હું મારો મોબાઈલ નંબર ક્યાં અપડેટ કરી શકું?**

આધાર નોંધણી કેન્દ્રમાં સેવાઓના આધારે વિવિધ વિગતો અપડેટ કરી શકો છો:

● **વસ્તી વિષયક વિગતો :** નામ, સરનામું, જન્મ તારીખ, જાતિ, મોબાઈલ નંબર, ઈમેલ આઈડી અને સહાયક દસ્તાવેજો (ઓળખનો પુરાવો અને સરનામાનો પુરાવો).

● **બાયોમેટ્રિક વિગતો :** ફિંગરપ્રિન્ટ્સ, આઈરિસ અને ફોટોગ્રાફ.

તમારી નજીકમાં આધાર નોંધણી કેન્દ્ર શોધવા અને કઈ સેવાઓ ઉપલબ્ધ છે તે તપાસવા માટે, ભુવન પોર્ટલની મુલાકાત લો.

**શું અપડેટ પછી મારો આધાર નંબર બદલાશે?**

ના, કોઈપણ અપડેટ પછી તમારો આધાર નંબર હંમેશા એક જ રહેશે.

# લખીમપુરખેરીમાં ખેડૂતોને કચડી નાખનાર SUVની માલિકી અજય મિશ્રાની એફિડેવિટમાં જાહેર કરવામાં આવી નથી; સમાજવાદી પાર્ટીએ ECના 'બેવડા ધોરણો'ની ટીકા કરી

### મિશ્રાના પુત્ર આશિષ હાલમાં ૨૦૨૧માં ટિકોનિયામાં ૪ ખેડૂતો અને એક પત્રકારને કચડી નાખવાના કેસમાં ટ્રાયલનો સામનો કરી રહ્યો છે, ટેનીએ સ્વીકાર્યું છે કે આ કાર તેના નામે નોંધાયેલ છે

(એજન્સી) લખનૌ, તા.૨૪

લખીમપુરખેરીમાં ચાર ખેડૂતો અને એક પત્રકારને કચડી નાખનાર મહિન્દ્રા થાર એસયુવીની ૨૦૨૧ની ઘટના માટે તેમના પુત્રની સુનાવણી ચાલી રહી છે, ત્યારે કેન્દ્રીય રાજ્યમંત્રી અજય મિશ્રા 'ટેની' ખેરી મતવિસ્તારમાંથી લોકસભાની ચૂંટણી લડી રહ્યા છે, તેમણે તેના સોગંદનામામાં કહ્યું છે કે તેમની પાસે કોઈ વાહનોની માલિકી નથી. જો કે તેણે અગાઉ સ્વીકાર્યું હતું કે આ એસયુવી તેમના નામે નોંધાયેલ છે.



મિશ્રાના ચૂંટણી સોગંદનામામાં તેમની જંગમ સંપત્તિ ૧,૮૭,૦૪,૦૮૫ રૂપિયાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેમાં બેંકોમાં થાપણો, જ્વેલરી અને અંબિકા રાઈસ મિલ્સમાં રોકાણનો સમાવેશ થાય છે. પરંતુ મોટર વાહન/વાહન/વિમાન/યાટના મથાળા હેઠળ તેમણે શૂન્યનો ઉલ્લેખ કર્યો છે. એફિડેવિટ મુજબ તેમની પત્ની પાસે ૩૬,૮૧,૭૨૨.૪૬ રૂપિયાની જંગમ સંપત્તિ છે.

ટેનીની ઘોષણા સામે વાંધો ઉઠાવતા, સમાજવાદી પાર્ટીએ કહ્યું છે કે ભારતીય ચૂંટણી પંચે તેના ખજુરાવ ઉમેદવારનું નામાંકન ફોર્મ માત્ર સહીના અભાવે રદ કર્યું છે, તેથી ટેનીનું નામાંકન ફોર્મ પણ રદ કરવું જોઈએ કારણ કે તેણે ખોટી માહિતી આપી છે. આ વાહન UP31AS1000ની વિગતો સાથે એસપી દ્વારા શેર કરાયેલ સ્ક્રીનશૉટ અજયકુમાર મિશ્રા તેના માલિક છે. યુપી પરિવહન વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ પુષ્ટિ આપી હતી કે સ્ક્રીનશૉટમાંની વાહનની વિગતો મેળવવા માટે ઉપયોગમાં લેવાતી મોબાઈલ એપ્લિકેશનમાંથી લેવામાં આવી હતી અને તે અધિકૃત અને સાચી છે.

એસપીએ કહ્યું છે કે, તેમણે સોગંધનામામાં બતાવ્યું છે કે તેની પાસે કોઈ વાહન નથી જ્યારે ટિકોનિયા (લખીમપુરખેરી) કેસમાં વપરાયેલી થાર જીપ આરટીઓ (પ્રાદેશિક પરિવહન કચેરી)ના રેકોર્ડમાં નોંધાયેલી છે. તે હવે કેસ પ્રોપર્ટી છે. આ વાહનનો ઉલ્લેખ આ કેસમાં નોંધાયેલી એફઆઈઆરમાં પણ જોવા મળ્યો હતો. કાયદેસર રીતે, સોગંદનામામાં આ વાહનનો ઉલ્લેખ હોવો જોઈએ, પરંતુ વાહનોની સંખ્યા શૂન્ય તરીકે દર્શાવવામાં આવી છે. તે સોગંદનામામાં ખોટી માહિતીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેથી, તેમની ઉમેદવારી રદ થવી જોઈએ. ECI દ્વારા નોમિનેશન ફોર્મની ચકાસણીમાં 'બેવડા ધોરણો' રાખવામા આવે છે.

એસપી ખજુરાવ ઉમેદવારનું નામાંકન એક નાનકડા મુદ્દા પર, માત્ર સહી ન હોવાને કારણે રદ કરવામાં આવ્યું છે, પરંતુ અમે જોઈ રહ્યા છીએ કે ચૂંટણી પંચ એ હકીકત અંગે કોઈ સંજ્ઞાન લેતું નથી કે અજય મિશ્રા, જેમના પુત્ર પર હાલમાં જે વાહનનો ઉપયોગ કરીને ખેડૂતોને કચડી નાખવાના કેસનો સામનો કરવો પડી રહ્યો છે તે તેના પિતાના નામે નોંધાયેલ છે, અને તેઓએ તેના સોગંદનામામાં ખોટા તથ્યો આપ્યા છે. મેં સોશિયલ મીડિયા પર ચૂંટણી પંચને ટેગ કર્યું છે, પરંતુ કોઈ પ્રતિસાદ મળ્યો નથી. અમારી પાર્ટી ચૂંટણી પંચને લેખિત ફરિયાદ પણ કરી રહી છે.

મૃતક ખેડૂતોના સંબંધીઓ અને પત્રકાર રમણ કશ્યપે પણ રાજ્યમંત્રીની ઉમેદવારી રદ કરવાની માંગ કરી હતી. પત્રકાર રમણ કશ્યપના ભાઈ પવન કશ્યપે જણાવ્યું હતું કે વિશેષ તપાસ ટીમએ ૨૦૨૨માં સબમિટ કરેલી ૫,૦૦૦ પાનાની ચાર્જશીટમાં જણાવ્યું હતું કે આ ઘટના રાજ્યમંત્રી દ્વારા ષડયંત્રના ભાગરૂપે પૂર્વ આયોજિત રીતે રચવામાં આવી હતી. આ વાહન અજય મિશ્રાએ ૨૦૧૭માં ખરીદ્યું હતું જ્યારે આ ઘટના ૨૦૨૧માં બની હતી.

પવન કશ્યપે દાવો કર્યો હતો કે સુપ્રીમ કોર્ટે તેમને શરતી જામીન આપ્યા હોવા છતાં અને યુપીમાં તેમના પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો હોવા છતાં, આશિષ મિશ્રા લખીમપુર ખેરીમાં ઘણી વખત જોવામાં આવ્યો હતો. મેં તેને ઓછામાં ઓછા બે વાર આ વિસ્તારમાં જોયો છે. તેમના સમર્થકોએ હોળીની ઉજવણી દરમિયાન તેમની હાજરીનો વિડિયો પણ શેર કર્યો હતો જ્યાં તેઓ તેમની સાથે હોળીની ઉજવણી કરી રહ્યા હતા અને જાહેર જનતાને સાયકલના વિતરણના અન્ય એક કાર્યક્રમમાં પણ તેઓ હતા. આ કેસના મુખ્ય આરોપી આશિષ મિશ્રાની હાલ લખીમપુર ખેરી કોર્ટમાં સુનાવણી ચાલી રહી છે. સુપ્રીમ કોર્ટે આ વર્ષે જાન્યુઆરીમાં તેમને જામીન આપ્યા હતા. તેમણે એ આધાર પર રાહતની માંગણી કરતી અરજી દાખલ કરી હતી કે તેમની માતાને આરએમએલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી અને તેમની પુત્રીને પગમાં વિકૃતિ માટે સારવારની જરૂર હતી, તેથી તે દરમિયાન તેણે તેમની સાથે રહેવાની જરૂર છે.

# લોકસભા ઉમેદવાર શોભનાબેન બારૈયાની સભામાં ક્ષત્રિયોએ ભારે વિરોધ કરતા સભાઓ અટકાવી દેવાઈ

## ગૃહમંત્રી સંઘવી હિંમતનગર દોડી આવ્યા, એક ખાનગી હોટલમાં ક્ષત્રિય આગેવાનો સાથે બંધબારણે બેઠક યોજી પરંતુ ક્ષત્રિયો ટસના મસ ન થતાં વિલા મોઢે પરત ફરવું પડ્યું


(તસવીર : વારિસ સૈયદ, હિંમતનગર)

હિંમતનગર, તા.૨૪

સાબરકાંઠા અરવલ્લી લોકસભાના ઉમેદવાર શોભનાબેન બારૈયાની પસંદગી થઈ છે ત્યારથી ભાજપા કાર્યકર્તાઓ અને આગેવાનોમાં નારાજગી જોવા મળી રહી છે. તેમાં પરષોત્તમ રૂપાલાના વિવાદિત નિવેદને બળતામાં ઘી હોમવાનું કામ કર્યું હતું, સમગ્ર ગુજરાત તેમજ અન્ય રાજ્યમાં રૂપાલાના નિવેદનનો ભારે વિરોધ થઈ રહ્યો છે બે દિવસ પહેલા વડાલીમાં અને ગઈકાલે ખેડબ્રહ્મા અને આજે માલપુર ખાતે નવીન કાર્યાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે પણ ક્ષત્રિય રાજપૂત સંકલન સમિતિના લોકોએ સુત્રોચ્ચાર કરી ભારે વિરોધ વચ્ચે ભાજપા કાર્યાલય ખુલતાની સાથે બંધ કરી દેવું પડ્યું હતું અને જય ભવાની ભાજપ જવાનીના ઉગ્ર સુત્રોચ્ચાર કર્યા હતા અન્ય માહિતી મુજબ હિંમતનગરના હાપા, દેધરોટા, દેરોલ, પોલાજપુર, કાનડા, પ્રેમપુર, રંગપુર, મુનપુર, સાચોદર, કાટવાડ જેવા ૧૦ ગામોમાં ભાજપા લોકસભા ઉમેદવાર શોભનાબેન બારૈયાની સભાઓમાં ક્ષત્રિય સમાજે ઉગ્ર સુત્રોચ્ચાર કરી સભાઓનો વિરોધ કરી સભાઓ રોકી દેવા ફરજ પાડી હતી અને જ્યાં પણ સભાઓની જાણકારી મળે ત્યાં થતા શ્રત્રિય સમાજના લોકો પહોંચી જઈ સભાઓનો વિરોધ કર્યાની માહિતી મળતા ગુજરાતના ગૃહમંત્રી હર્ષ સંઘવી અને પ્રદેશ મંત્રી રત્નાકર હિંમતનગર દોડી આવી ડેમેજ કંટ્રોલ કરવાની કોશિશ કરી હતી તેઓ હિંમતનગરની એક ખાનગી હોટલમાં ક્ષત્રિય સમાજના આશરે ૬૦ જેટલાં આગેવાનો અને કાર્યકર્તાઓ જોડે બંધ બારણે મીટિંગ કરી હતી પરંતુ પ્રાપ્ત માહિતી મુજબ ક્ષત્રિય સમાજ ટસના મસ થવાનું નામના લેતા ભાજપના નેતાઓને વીલા મોઢે પરત ફરવું પડ્યું હતું.

### રૂપાલાએ ક્ષત્રિય સમાજની બહેન-દીકરીઓ વિશે કરેલ વાણીવિલાસ મામલે

# સુરેન્દ્રનગરના ધામાથી ક્ષત્રિય સમાજનો ધર્મરથ પાટડી પહોંચ્યો : મુસ્લિમ સમાજે ટેકો જાહેર કર્યો



સુરેન્દ્રનગર, તા.૨૪

સુરેન્દ્રનગર જિલ્લામાં ક્ષત્રિય સમાજનો ધર્મરથ સતત ત્રણ દિવસ જિલ્લાના ગામડે-ગામડે ફરી ભાજપ વિરૂદ્ધ મતદાન કરવા પ્રચાર પ્રસાર કરવા ધામાથી નીકળી ઝીંઝુવાડા થઈ પાટડી પહોંચ્યો છે. ત્યારે ધામાથી નીકળેલો ક્ષત્રિય સમાજનો ધર્મરથ પાટડી, લખતર, ધ્રાંગધ્રા, હળવદ, થાન, ચોટીલા, મુળી, સાયલા, લીંબડી, વઢવાણ થઈને ત્રીજા દિવસે સુરેન્દ્રનગરના મંદિરે પહોંચશે. રાજકોટ લોકસભા સીટના ભાજપના ઉમેદવાર પુરૂષોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજની મહિલાઓ વિશે કરેલી આપત્તિજનક ટિપ્પણી બાદ રોષે ભરાયેલા ક્ષત્રિય સમાજે પુરૂષોત્તમ રૂપાલાની લોકસભાની ટિકિટ રદ કરવાની માંગણી સાથે ગામેગામ ઉગ્ર આંદોલનની શરૂઆત કરી હતી. પરંતુ ભાજપે પુરૂષોત્તમ રૂપાલાની ટિકિટ રદ કરવાના બદલે એમને જ ઉમેદવાર તરીકે યથાવત્‌ રાખતા ગુજરાતના ક્ષત્રિય સમાજે આંદોલન પાર્ટ-૨ની જાહેરાત કરી હતી. જે અંતર્ગત આજે સુરેન્દ્રનગર જિલ્લામાં ક્ષત્રિય સમાજનો ધર્મરથ ભાજપ વિરૂદ્ધ મતદાન કરવા પ્રચાર પ્રસાર કરવા ધામાથી નીકળી ઝીંઝુવાડા થઈ પાટડી પહોંચ્યો છે. પાટડીના ધામાથી નીકળેલો ક્ષત્રિય સમાજનો ધર્મ રથ પાટડી, લખતર, ધ્રાંગધ્રા, હળવદ, થાન, ચોટીલા, મુળી, સાયલા, લીંબડી, વઢવાણ થઈને ત્રીજા દિવસે સુરેન્દ્રનગર શક્તિમાતાના મંદિરે પહોંચશે. જેમાં પાટડી તાલુકાના જૈનાબાદમા ક્ષત્રિય સમાજના રથનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું અને મુસ્લિમ સમાજ દ્વારા ક્ષત્રિય સમાજને સંપૂર્ણ ટેકો જાહેર કરવામાં આવ્યો હતો.

# વડોદરાની ખાનગી હોસ્પિટલમાં પ્રસૂતા અને ગર્ભસ્થ શિશુનું મોત : તબીબ પર બેદરકારીનો આક્ષેપ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૪

ગોત્રી રોડ વિસ્તારમાં રહેતી મહિલાને નવ મહિના પૂર્ણ થવાને થોડા જ દિવસો બાકી હતા ત્યારે તેને બે દિવસ પહેલા દુઃખાવો ઉપડતા પતિ તેને સારવાર માટે સુભાનપુરા વિસ્તારમાં આવેલી બાલાજી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી. જ્યાં તેને કોઈ પણ સારવાર વગર માત્ર ગેસ થયો હોવાના આધારે ઈન્જેકશન આપવામાં આવતા હતા. ગત રાત્રી દરમ્યાન તેનું શરીર ઠંડું પડી જતા પતિએ તાત્કાલિક ડિલિવરી કરવા માટેની વિનંતી પણ કરી હતી. પરંતુ હોસ્પિટલની બેદરકારીના કારણે તેઓએ કોઈ જ પગલા ન લેતા આખરે તેના ધબકારા બંધ થઈ ગયા હતા. માતાનું મૃત્યુ થયું હતું પરંતુ બાળકના ધબકારા ચાલુ જ હતા. પરંતુ ડૉક્ટરે કોઈ પગલા ન લેતા બાળક પણ ખોવાનો વારો આવ્યો તેવો આક્ષેપ મહિલાના પતિએ લગાવ્યો હતો.

ગોત્રી વિસ્તારમાં રહેતા ૪૦ વર્ષીય અંકિતા મયુર ડીહિંગીયાને આઠ મહિના અને ૨૨ દિવસનો ગર્ભ હતો. જેથી તેમના પતિ મયુરે તેઓને ગત બે દિવસ અગાઉ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કર્યા હતા. જ્યાં હોસ્પિટલમાં નક્કી કરવામાં આવ્યું હતું કે પ્રોબ્લેમ સીરિયસ હોવાથી તેની આજે જ ડિલિવરી કરી દેવામાં આવે તે માટે બે યુનિટ બ્લડ પણ મંગાવવામાં આવ્યું હતું. તેઓ દ્વારા ઈન્દુ બ્લડ બેન્કમાંથી બ્લડ પણ લઈ આવ્યા હતા પરંતુ ઓપરેશન કરવામાં ન આવ્યું હતું જેથી તેમની પત્ની અંકિતાને મુશ્કેલીઓ વધી ગઈ હતી જેથી તેઓ આખરે ગુસ્સે ભરાતા નર્સ તેઓને આઈસીઓમાં લઈ ગઈ હતી. જ્યાં લઈ જતા પહેલા જ તેના મોઢામાંથી ફીણ નીકળવા માંડ્યું હતું. જેથી ગભરાયેલા સ્ટાફ દ્વારા સતત તેને પંપિંગ આપવામાં આવી રહ્યું હતું તે છતાં પણ મારી પત્ની બચી ન હતી હોસ્પિટલની બેદરકારીના કારણે અને પેશન્ટ માટેની નિષ્કાળથી ના કારણે મારી આઠ વર્ષની પુત્રીને માતા ખોવી પડી હતી અને મને પત્ની સાથે જ મારા બાળકને પણ ખોવાનો વારો આવ્યો છે તેમ મયુરે જણાવ્યું હતું. બેદરકારીના કારણે આ પરિસ્થિતિ ઊભી થતા હોસ્પિટલમાં હોબાળો મચ્યો હતો. જેને કારણે ગોરવા પોલીસે એડી દાખલ કરીને મહિલાનું પેનલ પોસ્ટમોર્ટમ કારવ્યું હતું.

### સાયબર ક્રાઈમથી પોલીસ પણ અસુરક્ષિત

# અરવલ્લી એસ.પી. કચેરીમાં ફરજ બજાવતી મહિલાકર્મીએ સાયબર ફ્રોડમાં ૯૫,૦૦૦ ગુમાવ્યા

મોડાસા, તા.૨૪

સાયબર ક્રાઈમથી સામાન્ય માણસ તો ઠીક પોલીસ પણ અસુરક્ષિત છે. જિલ્લા પોલીસ અધિક્ષક કચેરીમાં ફરજ બજાવતી મહિલા કર્મી સાયબર ગઠિયાની જાળમાં આબાદ ફસાઈ ફ્રોડનો ભોગ બની હતી. અરવલ્લી જિલ્લા પોલીસ અધિક્ષક કચેરીમાં ક્લાર્ક તરીકે ફરજ બજાવતા તન્હા સાવન કુમાર પટેલ ખરીદી માટે એક્સિસ બેંકનું ક્રેડિટ કાર્ડ ધરાવે છે થોડા દિવસ અગાઉ તેમના મોબાઈલ પર એક યુવતીએ કોલ કરી મુંબઈ બ્રાંચના ક્રેડિટ વિભાગમાંથી આરએમ તરીકે ઓળખ આપી હતી મહિલા કર્મીએ તેમણે બેંકમાંથી ક્યારે ફોન આવતો ન હોવાનું જણાવતા અન્ય મોબાઈલથી ટેક્સ મેસેજથી તેમના ખાતાની માહિતી મોકલી વિશ્વાસ કેળવી મહિલા કર્મીને ક્રેડિડ કાર્ડથી હપ્તામાં સોનું ખરીદી કરવાની ઓફર આપતાં મહિલા કર્મી લલચાઈ ગયા હતા અને ક્રેડિટ કાર્ડની માહિતી અને જન્મ તારીખ પૂછ્યા બાદ થોડી વારમાં ઓટીપી આવતા મહિલા કર્મી પાસે ઓટીપી માંગી ઈએમઆઇ સેટ કરૂં છું કહી ઓટીપી મેળવી લીધા પછી બે ટ્રાન્ઝેક્શન મારફતે રૂા.૯૫,૭૨૬ રૂપિયા ખંખેરી લેતા મહિલાકર્મી હોંફળી ફાફળી બની એક્સિસ બેંકમાં દોડી ગયા હતા. ક્રેડિટ કાર્ડ બ્લોક કરાવી દીધું હતું. મહિલા કર્મી આબાદ સાયબર ગઠિયાનો ભોગ બનતા સાયબર ક્રાઈમનો સપર્ક કરતા મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવી હતી. મોડાસા ટાઉન પોલીસે તન્હા સાવન કુમાર પટેલની ફરિયાદના આધારે મોબાઈલ ધારક અજાણ્યા શખ્સ સામે વિશ્વાસઘાત, છેતરપિંડી અને સાયબરફ્રોડનો ગુનો નોંધાવ્યો હતો.

# સુનોખ ગામ નજીક લાકડાં ભરેલી ટ્રકમાં આગ લાગતાં ટ્રક બળીને ખાખ



મોડાસા, તા.૨૪

અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર સુનોખ ગામ નજીકથી પસાર થતી લાકડા ભરેલી ટ્રકમાં આગ લાગતા ભારે અફડાતફડી મચી હતી ટ્રકમાં આગ લાગતા ડ્રાઈવર-ક્લીનર સમયસુચકતા વાપરી ટ્રકમાંથી કૂદી પડતાં આબાદ બચાવ થયો હતો ટ્રકમાં આગ લાગતા મોડાસા ફાયર બ્રિગેડને જાણ કરાતા ફાયર ફાયટર સાથે તાબડતોડ સ્થળ પર પહોચી પાણીનો છંટકાવની કામગીરી શરૂ કરતા બ્રાઉઝર મશીનમાં તકનીકી ખામીના લીધે પાણી બહાર નહીં આવતા ફાયર બ્રિગેડની ટીમ લાચાર બની હતી ફાયર બ્રિગેડની આંખો સામે ટ્રક આગમાં ખાખ થઈ જતા લોકોમાં ભારે રોષ ફેલાયો હતો જવાબદાર તંત્ર દ્વારા ફાયર બ્રિગેડના બેદરકાર અધિકારી અને કર્મચારી સામે દંડાત્મક કામગીરી કરવામાં આવેની લોકમાંગ પ્રબળ બની છે.

# ડીસાની બનાસ નદીના પુલ નજીક બે કાર વચ્ચે અકસ્માત સર્જાતા ચાર ઈજાગ્રસ્ત

ડીસા, તા.૨૪

ડીસા નેશનલ હાઈવે પર બનાસ નદીના પુલ પાસે બે કાર વચ્ચે અકસ્માત સર્જાતા ચાર વ્યક્તિઓને ગંભીર ઈજા થવા પામી હતી. જેમાં થરાના ઠક્કર પરિવારની મહિલા તેમજ તેના બે સંતાનોને ઈજા થઈ હતી. ઈજાગ્રસ્તોને ડીસા સિવિલ હોસ્પિટલ બાદ વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા.

ડીસા વિસ્તારમાં છેલ્લા ત્રણ દિવસથી સતત અકસ્માતોના પ્રમાણમાં વધારો થઈ રહ્યો છે. ત્યારે આજે ડીસા નેશનલ હાઈવે પર બનાસ નદીના પુલ પાસે પેટ્રોલ પંપની સામે બે કાર સામસામે અથડાતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ચાર વ્યક્તિઓને ગંભીર ઈજા થઈ હતી. ઈજાગ્રસ્તોમાં થરાના અંશુભાઈ ગૌરવભાઈ ઠક્કર, નવીનભાઈ બચુભાઈ પ્રજાપતિ, રીંકલબેન ગૌરવભાઈ ઠક્કર, નેન્સી ગૌરવભાઈ ઠક્કરને ગંભીર ઈજા થતાં ૧૦૮ ઈમરજન્સી વાન દ્વારા ડીસા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. જો કે, વધુ ઈજા પહોંચેલા તમામને ડીસાની ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. અકસ્માત બાદ ટ્રાફિક જામ ન થાય તે માટે પોલીસે બંને વાહનોને તાત્કાલિક સ્થળ પરથી સાઈડમાં કરી દીધા હતા.

### રૂપાલાના ક્ષત્રિય સમાજ વિશે વાણીવિલાસ મામલે

# લખતર ખાતે ક્ષત્રિય સમાજની મીટિંગ યોજાઈ ભાજપ વિરૂદ્ધ મતદાન કરવા ચર્ચા કરાઈ




સુરેન્દ્રનગર, તા.૨૪

સુરેન્દ્રનગર જિલ્લાના લખતર ખાતે દરબારગઢમાં ક્ષત્રિય સમાજની બેઠક યોજાઈ હતી. બેઠકને લઈને રાજકારણ ગરમાયું છે. જેમાં પુરૂષોત્તમ રૂપાલાના અપમાનજનક નિવેદનનો વિરોધ કરી ભાજપ વિરૂદ્ધ મતદાન કરવા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ક્ષત્રિય સમાજના આગેવાનો, હોદ્દેદારો અને યુવાનો મોટી સંખ્યામાં બેઠકમાં જોડાયા હતા. રાજકોટ ભાજપ લોકસભાના ઉમેદવાર પુરૂષોતમ રૂપાલા દ્વારા જે ક્ષત્રિય સમાજ વિશે અભદ્ર ટિપ્પણી કરવામાં આવી હતી. ત્યારબાદ ક્ષત્રિય સમાજ દ્વારા એમની ટિકિટ રદ કરવા રજૂઆત કરવામાં આવી હતી અને દરેક તાલુકા અને જિલ્લામાં ક્ષત્રિય સમાજ દ્વારા આવેદનપત્રો પણ આપવામાં આવ્યા હતા અને કેસો પણ કરવામા આવ્યા હતા. પણ ક્ષત્રિય સમાજની ક્યાંય રજૂઆત ધ્યાનમાં ના લેવામાં આવી અને ક્ષત્રિય સમાજની અવગણના કરી નાખી હતી. ત્યારે લખતર ખાતે દરબાર ગઢમાં ક્ષત્રિય સમાજની બેઠક યોજાઈ હતી. જેમાં પુરૂષોત્તમ રૂપાલાના અપમાનજનક નિવેદનનો વિરોધ કરી ભાજપ વિરૂદ્ધ મતદાન કરવા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

# મેઘરજમાં ભાજપ કાર્યાલયના ઉદ્‌ઘાટન વેળા ક્ષત્રિય સમાજનો ભાજપ વિરૂદ્ધ સૂત્રોચ્ચાર



મેઘરજ, તા.૨૪

મેઘરજ નગરમાં આજે ભાજપ કાર્યાલયના ઉદ્‌ઘાટન સમયે ક્ષત્રિય સમાજના યુવાનો દ્વારા ભાજપ વિરોધી સૂત્રોચ્ચાર કરી વિરોધ દર્શાવ્યો હતો. સાબરકાઠા લોકસભા ભાજપના ઉમેદવાર શોભનાબેન બારૈયાની કાર્યાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે મેઘરજ તાલુકા ક્ષત્રિય સમાજના યુવાનો દ્વારા રાજકોટ લોક સભાના ઉમેદવાર પુરષોત્તમ રૂપાલાના વિરોધમાં સૂત્રોચ્ચાર કરી વિરોધ દર્શાવ્યો હતો. ત્યારે કાર્યાલયના ઉદ્‌ઘાટનનો કાર્યક્રમ થોડી વાર માટે થંભાવી દેવાયો હતો. કાર્યક્રમમાં ભાજપ કાર્યકર્તાઓની પાંખી હાજરી જોવા મળી હતી. ક્ષત્રિય સમાજના યુવાનો સૂત્રોચ્ચાર કરાતા ભાજપ સંગઠનને કાર્યાલયમાં પુરાઈ જવું પડ્યું હતું તેમજ પોલીસ વાહનો સાથે કાફલો ખડકી દેવાયો હતો.

**Name Change**
Old Name : **Sunasara Aishaben Mahamadfarook**
New Name : **Sunasara Aaisha Farookbhai**
**Address : Islampura, Mominnagar, At. Po. Kakoshi, Ta. Sidhpur, Dist. Patan, Gujarat-384290**

**નામ બદલેલ છે**
મારૂં જૂનું નામ **ખદીજા મુરતુજા નીમકવાલા** હતું જે બદલી નવુ નામ **ખદીજાબેન મુરતુઝા નમકવાલા** રાખેલ છે જેની સર્વેએ નોંધ લેવી.
સરનામું : ખદીજાબેન મુરતુઝા નમકવાલા, બી-૧૭૫૨/૧ બુરહાની વિલા, ચોકસીવાડ, લાલબજાર, પાસે, ભરૂચ.

### ઓનલાઈન પ્લેટફોર્મ પર

# બ્રાન્ડેડ શૂઝની શોપિંગ કરી ૮૪ લાખની છેતરપિંડીમાં ડેન્ટિસ્ટના રિમાન્ડ પૂર્ણ થતાં જેલ હવાલે

નડિયાદ, તા.૨૪

માતર તાલુકાના સોખડાના ડેન્ટિસ્ટ યુવકે ઓનલાઇન પ્લેટફોર્મ પર બ્રાન્ડેડ શૂઝની શોપિંગ કરી ૮૪ લાખની છેતરપિંડી કરી હતી પોલીસે તારીખ ૨૩મી સુધીના રિમાન્ડ લીધા હતા પરંતુ આ રિમાન્ડ દરમિયાન ડૉક્ટર પાસેથી કોઈ મહત્ત્વની માહિતી હાથ લાગી નથી જ્યારે ડેન્ટિસ્ટે રિમાન્ડ દરમિયાન પોતાના દાંત ભીસી રાખ્યા હોય તેવું લાગતું હતું. જો કે, પોલીસે આ રિમાન્ડ દરમિયાન દિલ્હી ખાતેના તેના મિત્રની સંપૂર્ણ માહિતી ભેગી કરી લીધી છે ટૂંક સમયમાં જ તેને પકડી પાડવામાં આવશે.

આ અંગે મળતી માહિતી મુજબ ખેડા જિલ્લાના માતર તાલુકાના સોખડા ગામે આશાપુરી સોસાયટીમાં રહેતા પાર્થ મનોજકુમાર શર્મા એ નાઈકી બ્રાન્ડેડના મોટા પ્રમાણમાં નકલી બુટ પરત આવેલ છે અને આ બધા બુટની ઓનલાઇન શોપિંગ પ્લેટફોર્મ મિન્ત્રા ડિઝાઇન પ્રા.લિ. ઉપરથી કરેલ છે. એટલે કે, આ યુવક નાઈકી બ્રાન્ડેડના ઓનલાઈન બુટ મંગાવતો હતો અને એ બુટ કાઢ્યા બાદ તેની જગ્યાએ ડુપ્લિકેટ બુટ મૂકીને પરત કરતો હતો કેશ ઓન ડિલેવરીના નાણાં બુટ પરત થઈ ગયા બાદ તેને પાછા મળી જતા હતા અને આ બ્રાન્ડેડ કંપનીના બુટ તે તેના સોર્સ દ્વારા અન્યને વેચી દીધો હતો. આ તમામ માહિતી બહાર આવી હતી જેથી ઈન્સ્ટાકાર્ટ પ્રા.લિ. કંપનીમાં એન્ફોર્સમેન્ટ ઓફિસરને રિટર્ન સેન્ટરમાંથી મળેલી હકીકતના આધારે તપાસ હાથ ધરતા આ યુવકનું કારસ્તાન પકડાયું હતું. આ યુવકે ૫૦૦થી વધારે અલગ અલગ ખોટી આઈડી અને ખોટા સરનામાના ઉપરથી ઉપરોક્ત ઓનલાઇન શોપિંગના પ્લેટફોર્મ પર ઉપયોગ કરી અલગ-અલગ મોબાઈલ ઉપરથી ઉપરોક્ત બ્રાન્ડના બુટ ઓર્ડર કર્યા હતા. વધુમાં પાર્થ શર્માએ ૨૨ જુન ૨૦૨૩થી ૧૫ માર્ચ ૨૦૨૪ સુધી નવ મહિનામાં ૧૦૭૩ વખત આ બ્રાન્ડેડ હાઈ વેલ્યુ બુટ જેની કિંમત રૂપિયા ૮૪ લાખ થાય છે જેનો ઓર્ડર કરી છેતરપિંડી આચરી હતી. ખેડા એલસીબી પોલીસે આ પાર્થની ધરપકડ કર્યા બાદ કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ માંગતા કોર્ટે તારીખે ૨૩મી સુધીના રિમાન્ડ આપ્યા હતા મહત્ત્વની વાત એ છે કે, આ ભેજાબાજ પાર્થ ડેન્ટિસ્ટ ડોક્ટર છે તેના ફાધર પણ ડેન્ટિસ્ટ ડોક્ટર તરીકે પ્રેક્ટિસ કરે છે. એલસીબી પોલીસ રિમાન્ડ દરમિયાન ડૉક્ટર પાસેથી મહત્ત્વની માહિતી કઢાવી શકી નહીં. જો કે, ભેજાબાજ ડૉક્ટર પોલીસની પૂછપરછમાં ગોળ ગોળ જવાબ આપતો હતો. ખેડા એલસીબી પીઆઈને પૂછતા તેમણે જણાવ્યું હતું કે, રિમાન્ડ દરમિયાન તેના દિલ્હી ખાતેના મિત્રની માહિતી મળી ગઈ છે તેને ટૂંક સમયમાં જ પકડી પાડવામાં આવશે.

## પાંડેસરામાં બાઈકની અડફેટે યુવકનું મોત : બે બાળકોએ પિતાની છત્રછાયા ગુમાવી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૪

પાંડેસરા વિસ્તારમાં એક બાઈકે યુવકને અડફેટે લીધો હતો. જેથી યુવકને ગંભીર ઈજાઓ પહોંચી હતી. બાદમાં યુવકને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જયાં ટૂંકી સારવાર દરમિયાન યુવકનું મોત નિપજ્યું હતું. બે બાળકોના પિતાનું મોત નીપજતાં પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. મૂળ ઉત્તરપ્રદેશના વતની હાલ પાંડેસરા વિસ્તારમાં રહેતા વિજયપાલ ચૌધરી નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. વિજયપાલ આજે જોબ પરથી ઘર તરફ આવી રહ્યા હતા. ત્યારે પાંડેસરા કૈલાસ ચોકડી પાસે જીજે-૦૫-એચવી-૪૩૩૮ નંબરની બાઈકે ટક્કર મારી હતી. જેથી વિજય ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. ત્યારબાદ રાહદારીઓએ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતા તે દોડી આવી હતી. જેથી ઈજાગ્રસ્ત વિજયને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. પરંતુ હોસ્પિટલમાં ટૂંકી સારવાર દરમિયાન વિજયનું મોત નિપજ્યું હતું. મૃતક વિજય ઘરમાં કમાનાર એક જ હતો, તે સાળા સાથે રહેતો હતો. જ્યારે બે બાળકો અને પત્ની વતનમાં રહે છે. વિજયના સંતાનોમાં એક ૧૦ વર્ષનું બાળક અને બીજું ૭ વર્ષનું બાળક છે. વિજયના મોતને લઈને પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

## થરાદ માર્કેટ યાર્ડના બારદાનમાં અચાનક આગ લાગી

ડીસા, તા.૨૪

બનાસકાંઠા જિલ્લાના સરહદી પંથકમાં ઉનાળાની સિઝનમાં આગ લાગવાના બનાવો દિનપ્રતિદિન વધી રહ્યા છે. ત્યારે થરાદના અનાજ માર્કેટયાર્ડમાં આવેલ શેડ (ગોડાઉન)માં પ્લોટ નં.૧૭૧ના માલિક પટેલ મદનલાલ પીથાજીના પડેલ બારદાનમાં અચાનક રાતના ૧૦ વાગ્યાની આસપાસ આગ લાગી હતી. આગ લાગતાં માર્કેટમાં અફરાતફરી મચી જવા પામી હતી. થરાદ નગરપાલિકાના ફાયર વિભાગને કોલ કરતાં ફાયર ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી.

**Name Change**
Old Name : **Sunasara Anas Mahamadfarook**
New Name : **Sunasara Anas Farookbhai**
**Address : Islampura, Mominnagar, At. Po. Kakoshi, Ta. Sidhpur, Dist. Patan, Gujarat-384290**

**નામ બદલેલ છે**
મારૂં જૂનું નામ **મુરતુજા અબ્બાસઅલી નીમકવાલા** હતું જે બદલી નવું નામ **મુરતુઝા અબ્બાસભાઈ નમકવાલા** રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.
સરનામું : મુરતુઝા અબ્બાસભાઈ નમકવાલા, બી-૧૭૫૨/૧, બુરહાની વિલા, ચોકસીવાડ, લાલબજાર પાસે, ભરૂચ.


પાલેજ ખાતે ઉર્ષ પ્રસંગે ડૉ.મતાઉદ્દીન ચિસ્તી પ્રેરણાદાયક ઉદ્‌બોધન કરતા તસવીરમાં દ્દશ્યમાન જણાય છે.
(તસવીર : ઐયુબ મોદી, પાલેજ)

# પાલેજ ખાતે મોટામિયાં ચિશ્તી ત્રીજા (ર.અ.)નો વાર્ષિક ઉર્ષ-મેળો સંપન્ન

પાલેજ, તા.૨૪ : પાલેજ ચિશ્તીયા કમ્પાઉન્ડ ખાતે આયોજિત ઉર્ષ મેળા પ્રસંગે ડૉ.મતાઉદ્દીન ચિસ્તી એ તેમનાં પ્રેરણા દાયક વક્તવ્યમાં ઘેર ઘેર ગાય પાળો, ઘેર ઘેર વૃક્ષો વાવો, માનવસેવા કોમી એકતા, ભાઈચારો, વ્યસનમુક્તિ, શિક્ષણ, ઘેર ઘેર સંસ્કાર મેળવો, તેમજ આધ્યાત્મિક પ્રગતિ જેવા ઉપદેશ આપતી પરંપરાગત ઐતિહાસિક મોટામિયાં માંગરોલની ગાદી વિશે વિસ્તૃત પરિચિત શૈલીમાં હજારોની મેદની વચ્ચે પ્રેરક ઉદબોધન કર્યું હતું. પાલેજ ખાતે આવેલ વિશ્વ વિખ્યાત ખ્વાજા મોટામિયાં ચિશ્તી ત્રીજા (રહ.) સાહેબનો વાર્ષિક ઉર્સ-મેળો દર વર્ષે ચૈત્ર સુદપૂનમે બે દિવસ માટે ઉજવાય છે દેશ-વિદેશથી અહીં લાખોની સંખ્યામાં વિવિધ કોમના અકિદતમંદોએ આવી કોમી એકતાનું ઉદાહરણ પૂરૂં પાડ્યું હતું. આ વર્ષે તા. ૨૨મી એપ્રિલ સોમવારે સંદલ શરીફની ઉજવણી થઇ હતી અને ૨૩મી એપ્રિલ મંગળવારના ઉર્સની ઉજવણી કરવામાં આવી હતી. અને કવ્વાલીનો કાર્યક્રમ યોજાયો હતો. મોટામિયાં માંગરોલની ગાદીના વર્તમાન ગાદીપતિ- સજ્જાદાનશીન હજરત ખ્વાજા સલીમુદ્દીન ફરીદુદ્દીન ચિશ્તી, તથા તેઓના સુપુત્ર અને ઉત્તરાધિકારી ડૉ મતાઉદ્દીન સલીમુદ્દીન ચિશ્તી, મોઇનુદ્દીન ફરીદુદ્દીન ચિશ્તી, ફરીદુદ્દીન મોઇનુઉદ્દીન ચિશ્તી, નિઝામુદ્દીન મતાઉદ્દીન ચિશ્તી, બદરુદ્દીન મતાઉદ્દીન ચિશ્તી તથા કુટુંબીજનોની ઉપસ્થિતિમાં દેશમાં ભાઈચારો અને શાંતિ બની રહે તે માટે વિશેષ દુઆ કરવામાં આવેલ હતી, અત્રે બે દિવસીય મેળામાં હિન્દુ-મુસ્લિમ ભાઈઓ, બેહનો વિદેશથી પધારેલ મેહમાનો, ખૂબ મોટી સંખ્યા ઉપસ્થિત રહી કોમી એકતાનું વિશેષ ઉદાહરણ પૂરૂં પાડ્યું હતું.

**રોકાણકાર શૈક્ષણિક અને જાગૃતિ પહેલ**

મ્યુચ્યુઅલ ફંડ્સ વિશે વધુ જાણકારી મેળવવા માટે અમારી સાથે જોડાઓ.

**તારીખ અને સ્થળઃ**

ગુરૂવાર, 25 એપ્રિલ 2024; સાંજે 6:30 વાગ્યાથી.
પરિવાર રેસ્ટોરન્ટ એન્ડ બેન્ક્વેટ, ત્રીજો માળ, એમ સ્ક્વેર મોલ, તિથલ રોડ, વલસાડ – 396001, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ હિતેશ ખેની, મોબાઈલ : 95103 09027.

શુક્રવાર, 26 એપ્રિલ 2024; સાંજે 6:00 વાગ્યાથી.
ફોર્ચ્યુન પાર્ક ગેલેક્સી, નેશનલ હાઇવે નં. 8, જીઆઈડીસી, વાપી – 396 19, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ ગજ્જર સોહિલ, મોબાઈલ : 99097 87506.

શુક્રવાર, 26 એપ્રિલ 2024; સાંજે 6:00 થી રાત્રે 8:00 વાગ્યા સુધી.
હોટેલ ઠાકર થલ, રાજકમલ ચોક, અમરેલી – 365 601, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ ભાવેશ ચોપડા, મોબાઈલ : 79902 61828.

શુક્રવાર, 26 એપ્રિલ 2024; સાંજે 6:30 વાગ્યાથી.
હોટેલ તારા સન્સ, યશ કોમ્પ્લેક્સ પાછળ, ગેરી રોડ, ગોત્રી, વડોદરા, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ કશ્યપ શુક્લ, મોબાઈલ : 98255 27423.

શુક્રવાર, 26 એપ્રિલ 2024; સાંજે 6:30 વાગ્યાથી.
ગ્રાન્ડ મર્ક્યુર સૂર્ય પેલેસ, પારસી અગિયારીની સામે, સરોદ, સયાજીગંજ, વડોદરા – 390 020, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ વિવેક મગનાની, મોબાઈલ : 74055 07713.

શુક્રવાર, 26 એપ્રિલ 2024; સાંજે 6:30 વાગ્યાથી.
ગ્રાન્ડ મર્ક્યુર સૂર્ય પેલેસ, પારસી અગિયારીની સામે, સરોદ, સયાજીગંજ, વડોદરા – 390 020, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ અશ્વિની જોષી, મોબાઈલ : 81609 01639.

શુક્રવાર, 26 એપ્રિલ 2024; સાંજે 6:30 વાગ્યાથી.
હોટેલ ફૂડઝોન, રેલ્વે ક્રોસિંગ પાસે, પાટણ – 384 265, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ રોનિત રાવલ, મોબાઈલ : 90168 55774.

શુક્રવાર, 26 એપ્રિલ 2024; સાંજે 7:00 વાગ્યાથી.
હોટેલ કલાતીત ઈન્ટરનેશનલ, ડીએસપી બંગલો પાસે, તીન બત્તી, જામનગર, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ પિયુષ સાવલાણી, મોબાઈલ : 79843 56913.

શનિવાર, 27 એપ્રિલ 2024; સાંજે 6:30 વાગ્યાથી.
હોટેલ બ્લ્યુઆઈવી, ગણેશ મંદિર પાસે, 80 ફૂટ રોડ, આણંદ, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ નિરલ જોષી, મોબાઈલ : 70166 95863.

શનિવાર, 27 એપ્રિલ 2024; સાંજે 7:00 વાગ્યાથી.
ધ અમોર બેન્કવેટ્સ, બીપીસીએલ પેટ્રોલ પંપની બાજુમાં, વી આર મોલ પાસે, એરપોર્ટ રોડ, સુરત – 395 007, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ હર્ષિલ ઝવેરી, મોબાઈલ : 84604 15230.

શનિવાર, 27 એપ્રિલ 2024 અને રવિવાર, 28 એપ્રિલ 2024; સાંજે 7:00 વાગ્યાથી.
હોટેલ રસોઈ, કાળુભા રોડ, કાલાનાળા, ભાવનગર – 364 001, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ કૃષ્ણ શર્મા, મોબાઈલ : 84012 18195.

રવિવાર, 28 એપ્રિલ 2024; સવારે 11:00 વાગ્યાથી.
ધીરજ બાગ, ગુજરાત સોસાયટી, સૂર્યા બાગ પાસે, મહુવા, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ ચિંતન દલવાડી, મોબાઈલ : 98255 71968.

રવિવાર, 28 એપ્રિલ 2024; સવારે 11:00થી બપોરે 1:30 વાગ્યા સુધી.
રીજેન્ટા હોટેલ, એબીસી ચોકડી પાસે, ભરૂચ – 392015, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ દીપક ચૌહાણ, મોબાઈલ : 94089 75787.

28 એપ્રિલ 2024; સાંજે 6:30 વાગ્યાથી.
હોટેલ વનટેન, ઓફ નાયરા પેટ્રોલ પંપ, વિસનગર રોડ, મહેસાણા – 384 001, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ રોનિત રાવલ, મોબાઈલ : 90168 55774.

નોંધણી ફરજિયાત છે. નોંધણીનો સમય સવારે 9:30 થી સાંજે 5:00 સુધીનો જ રહેશે. વોક–ઈન્સને મંજૂરી નથી.

Azadi Ka Amrit Mahotsav — HDFC MUTUAL FUND — BHAROSA APNO KA
An Investor Education and Awareness Initiative

મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ કરવા વન–ટાઈમ નો યોર કસ્ટમર (કેવાયસી) પૂર્ણ કરવાની પ્રક્રિયા વિશે વધુ જાણવા માટે વિઝિટ કરો https://www.hdfcfund.com/information/key-know-how. રોકાણકારોએ નોંધણીકૃત મ્યુચ્યુઅલ ફંડ્સ સાથે જ લેણદેણ કરવી જોઈએ, જેની વિગતો સેબીની વેબસાઈટ (www.sebi.gov.in/intermediaries.html) પર વેરિફાઈ કરી શકાશે. કોઈ પણ પૂછપરછ, ફરિયાદ અને તકરાર નિવારણ માટે રોકાણકારો એએમસી અને/ અથવા રોકાણકાર સંબંધ અધિકારીનો સંપર્ક કરી શકે છે. ઉપરાંત રોકાણકારોને એએમસીને પ્રત્યક્ષ ફરિયાદ પણ કરી શકે છે. જો એએમસી દ્વારા આપવામાં આવેલા ઉકેલથી સંતોષ નહીં હોય તો https://scores.gov.in પર સ્કોર્સ પોર્ટલ થકી ફરિયાદ નોંધાવી શકે છે. સ્કોર્સ પોર્ટલ પર રોકાણકારો સેબીને ઓનલાઈન ફરિયાદ કરી શકે છે અને ત્યારબાદ તેની સ્થિતિ જોઈ શકે છે. જો રોકાણકારોને એએમસી પાસે પ્રત્યક્ષ ઉપસ્થિત કરેલી અથવા સ્કોર્સ પોર્ટલ થકી કરેલી ફરિયાદના ઉકેલથી સંતોષ નહીં થાય તો તેઓ https://smartodr.in/login સ્માર્ટ ઓડીઆર પર કોઈ પણ ફરિયાદ કરી શકે છે.

**મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણો બજારનાં જોખમોને અધીન હોય છે, સર્વ યોજના સંબંધી દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો.**

લોકસભા ચૂંટણીને લઈ પ્રચારમાં જોતરાશે સ્ટાર પ્રચારકો

# ભાજપમાંથી વડાપ્રધાન મોદી તથા અમિત શાહ તો કોંગ્રેસના પ્રિયંકા અને રાહુલ ગુજરાત ગજવશે

## તા.૧-૨ મે એ ૬ જેટલી સભા મોદી સંબોધશે : પ્રિયંકા તા.૨૭મીએ ધરમપુરમાં કરશે પ્રચાર

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૪

દેશમાં સાત તબક્કામાં યોજાનાર લોકસભા ચૂંટણી ૨૦૨૪ના બીજા તબક્કાનું મતદાન પૂરું થતાં ભાજપના રાષ્ટ્રીય નેતાઓ ગુજરાતની ૨૬ પૈકી ૨૫ બેઠકો માટે ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર શરૂ કરી દેવાયો છે. ગુજરાતના સ્થાપના દિનના દિવસે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રચારનો આરંભ કરે તેવી રીતે આયોજન કરાયું છે. વડાપ્રધાન ૧-૨ મે એમ બે દિવસમાં જ છ જાહેર સભાઓ ગજવશે. સંભવતઃ વડોદરામાં રોડ શો પણ કરી શકે છે. વડાપ્રધાનના પ્રવાસ પહેલા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પણ ત્રણ દિવસ પોતાના હોમ સ્ટેટમાં ભાજપના પ્રચાર માટે આવવાના છે.

વડાપ્રધાનનો પ્રવાસ દક્ષિણ ગુજરાતની બેઠકો સિવાય કચ્છ-સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતને આવરી લેશે. જેમાં દરેક સભામાં આસપાસની ત્રણ-ચાર બેઠકોને આવરી લેવાશે. રાજ્યની હવે ૨૫ બેઠકો પર જ ખરાખરીનો જંગ રહ્યો છે. ભાજપ માટે આણંદ, રાજકોટ, બનાસકાંઠા, વલસાડ, સુરેન્દ્રનગર, જામનગર જેવી બેઠકો પર ક્ષત્રિયોનો પડકાર છે. ક્ષત્રિય સમાજ સાથે હાલ અલગ અલગ જિલ્લાઓમાં જઈ પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકર અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી બેઠકો યોજી મામલો થાળે પાડવાના પ્રયાસો કરી રહ્યા છે. જોકે, આમાં હજુ સુધી ફળદાયી સફળતા મળતી હોવાના કોઈ સંકેત મળ્યા નથી.

ગુજરાતમાં ત્રીજા તબક્કામાં એટલે કે ૭ મેના રોજ મતદાન યોજાશે. ૫ મેના રોજ પ્રચારના પડઘમ શાંત થાય એ પહેલાં ભાજપના નેતાઓ નાની નાની સભાઓ, બેઠકો, સામાજિક બેઠકો યોજી પ્રચાર કરી રહ્યા છે. જાણવા મળતી માહિતી મુજબ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ તા.૨૭થી ૨૯ એપ્રિલ દરમિયાન દાહોદ, પંચમહાલની એક સંયુક્ત સભા યોજશે. અમિત શાહ બારડોલીથી ૨૭મીએ પોતાનો પ્રચાર પ્રવાસ શરૂ કરશે. સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં પણ અમિત શાહની સભાઓ ગોઠવાઈ રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના સ્થાપના દિને બનાસકાંઠાથી પ્રચાર પ્રવાસનો આરંભ કરવાના છે.

તો બીજી તરફ એપ્રિલ મહિનાના છેલ્લા સપ્તાહમાં કોંગ્રેસના અનેક દિગ્ગજ નેતાઓ ચૂંટણી પ્રચાર માટે ગુજરાત આવી રહ્યા છે. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અને લોકસભા સાંસદ રાહુલ ગાંધી અને કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી પણ ગુજરાત આવી રહ્યા છે. આગામી ૨૭ એપ્રિલના રોજ પ્રિયંકા ગાંધી વલસાડમાં સભા સંબોધશે, તો આગામી ૨૯ એપ્રિલના રોજ રાહુલ ગાંધી પાટણમાં સભા સંબોધશે.

વધુમાં, કોંગ્રેસના દિગ્ગજ નેતા અભિષેક મનુ સિંઘવી ૨૮ એપ્રિલના રોજ ગુજરાત આવશે અને ચૂંટણી પ્રચાર કરશે તો સાથે સાથે પવન ખેરા, સુપ્રિયા શ્રીનેટ સહિતના પ્રવકતાઓ પણ જનસભાને સંબોધન કરશે. વધુમાં છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ અને રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોત પણ ગુજરાત આવશે અને જનસભાઓ કરશે.

ધાર્મિક કાર્યક્રમને મુદ્દે બોલાચાલી બાદ ઝઘડો થતાં પથ્થરમારો કરાયો

# અમદાવાદના વસ્ત્રાપુર ગામમાં એક જ કોમના બે જૂથો વચ્ચે અથડામણ : એક મહિલાનું મૃત્યુ

## ડીસીપી, એસીપી સહિતનો પોલીસ કાફલો દોડી આવતા આખરે મામલો થયો શાંત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૪

શહેરના વસ્ત્રાપુર ગામમાં બે જૂથ વચ્ચે અથડામણ થવાના અહેવાલો પ્રાપ્ત થઈ રહ્યા છે. એક જ કોમના બે જૂથ આમને સામને આવી ગયા હતા. આ બાદ બન્ને વચ્ચે પથ્થમારો સર્જાયો હતો. જેને લઈને એક મહિલાનું મોત પણ નીપજ્યું હોવાની વિગતો પ્રાપ્ત થઈ રહી છે.

આ અંગેની પ્રાપ્ત થતી વિગતો અનુસાર પથ્થરમારાની ઘટનાનો મેસેજ મળતા જ વસ્ત્રાપુર પોલીસની આઠથી વધુ ગાડીઓ અને સ્ટાફ ઘટનાસ્થળે પહોંચ્યો હતો. PI, ACP અને DCP કક્ષાના અધિકારીઓએ તાત્કાલિક સ્થળ પર પહોંચીને મામલો શાંત પાડ્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ, અહીં આવેલા રાધે કૃષ્ણ મંદિરમાં દર પાંચ વર્ષે થતાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ત્રણ નામ લખાવવા બાબતે મામલો બિચક્યો હતો. જેમાં



બે પક્ષના ૨૦થી વધુ માણસો આમને સામને આવી ગયા હતા અને બાદમાં પથ્થરમારો થયો હતો.

વસ્ત્રાપુર ગામમાં આવેલા ભરવાડવાસમાં ૩૦થી ૩૫ વર્ષ જૂનુ રાધે કૃષ્ણ મંદિર આવેલુ છે. દર પાંચ વર્ષે આ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજવામાં આવે છે. આ મંદિરમાં યોજાતા ધાર્મિક કાર્યક્રમમાં નામ લખાવવા બાબતે એક જ કોમના બે પક્ષના લોકો ભેગા થયા હતા. ત્રણેક દિવસ પહેલા પણ આ બાબતે બોલાચાલી ઝઘડો થયો હતો. જો કે, તે બાબતે કોઈ કાર્યવાહી થઈ ન હતી. તેવામાં બુધવારે સવારે પણ માથાકૂટ થયા બાદ સમાધાન થયુ હતું. ત્યાં સાંજે ફરી આ મામલે ધિંગાણું સર્જાયું હતું. એક જ કોમના બે પક્ષના ૨૦થી વધુ લોકો સામસામે આવી ગયા હતા. જોતજોતામાં બંને પક્ષના લોકો વચ્ચે પથ્થરમારો થયો હતો અને કેટલાક લોકોએ લાકડીઓ વડે હુમલો કર્યો હતો. ઘટનાને લઈને વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનના પીઆઈ એલ. એલ. ચાવડા, ઈન્ચાર્જ ડીસીપી સફીન હસન સહિત ૩૦થી વધુ પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો અને ગણતરીના સમયમાં પરિસ્થિતી કાબૂમાં લીધી હતી. આ મામલે ઈન્ચાર્જ ઝોન ૧ DCP અમદાવાદ સફિન હસને જણાવ્યું હતું કે, વસ્ત્રાપુર ગામના ભરવાડ વાસમાં મંદીરના જીર્ણોદ્ધાર માટે જે પત્રિકા છપાવવાની છે તેને લઈને ઘણા સમયથી વિવાદ ચાલી રહ્યો હતો. જેને લઈને એક જ સમાજના બન્ને જૂથ વચ્ચે પથ્થરમારો થયો હતો. જેમાં કુલ ૭ લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ તમામ લોકોને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા છે. આ ઉપરાંત, પથ્થરમારા દરમિયાન ૭૦ વર્ષીય લીરીબેન મેવાડાનું મોત નીપજ્યું હતું. આ સાથે જ તેમણે કહ્યું કે, આ ઘટનામાં જે પણ લોકો સંડોવાયેલા છે તેના પર કાયદેસરની કાર્યવાહી કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

અગાઉ પણ અધિકારીએ નાણાં લીધા હતા, બીજીવાર માંગતા ACBમાં ફરિયાદ કરી

# ફૂડ અને ડ્રગ્સના મહિલા અધિકારી રૂા.૨૦ હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપાઈ ગયા

## રૂા.એક લાખની લાંચ માંગી હતી; ACBએ છટકું ગોઠવી પકડ્યા : કાયદેસર કાર્યવાહી કરાઈ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૪

એક તરફ સરકાર ભ્રષ્ટાચાર મુક્ત વહીવટી તંત્રની વાતો કરી રહી છે તો બીજી બાજુ સરકારી અધિકારીઓ જ લાંચના ખપ્પરમાં ખદબદી રહ્યા હોવાનો જોવા મળી રહ્યું છે. એન્ટિ કરપ્શન બ્યુરો દ્વારા અવારનવાર આ પ્રકારના લાંચિયા અધિકારીઓને ઝડપી પાડવામાં આવતા હોય છે ગુજરાતની આર્થિક રાજધાની ગણાતા અમદાવાદમાં આજે એક મહિલા અધિકારી લાંચ લેતા ACBના હાથે ઝડપાઈ ગયા છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ એન્ટિ કરપ્શન બ્યુરોને અમદાવાદના વસ્ત્રાપુર ખાતે આવેલ બહુમાળી ભવન ખાતે ફૂડ એન્ડ ડ્રગ્સના મહિલા અધિકારી લાંચ લેતા હોવાની ફરિયાદ મળી હતી. ફરિયાદના આધારે લાંચિયા અધિકારીને ઝડપી પાડવા માટે ACB દ્વારા ટ્રેપ ગોઠવવામાં આવ્યું હતું. જેમાં ફૂડ એન્ડ ડ્રગ્સના મહિલા અધિકારી લાંચ લેતા ઝડપાઈ ગયા હતા.

જાણવા મળી રહ્યું છે કે ફૂડ એન્ડ ડ્રગ્સના મહિલા અધિકારી ડ્રગ્સ ઈન્સ્પેક્ટર દર્શના મોદી રંગેહાથ ઝડપાયા છે. ACB દ્વારા મહિલા અધિકારીની ૨૦ હજારની લાંચ લેતા ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સમગ્ર મામલે ACB દ્વારા જણાવવામાં આવ્યું છે કે મહિલા અધિકારીએ ફરિયાદીને દવાના પ્રિસ્ક્રીપશનની નોંધ ન હોવાનું કહીને ૧ લાખ રૂપિયાની લાંચ માંગી હતી. જેતે સમયે ફરિયાદી પાસેથી મહિલા અધિકારીએ ૧૦ હજાર રૂપિયા લીધા હતા. જો કે, બાદમાં વધુ ૨૦ હજારની માંગ કરતાં ACB દ્વારા છટકું ગોઠવવામાં આવ્યું અને ડ્રગ્સ ઈન્સ્પેક્ટર દર્શના મોદી ૨૦ હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા.

# પશ્ચિમ રેલવે આજે સાબરમતી-પટના વિશેષ ટ્રેન દોડાવશે

અમદાવાદ, તા.૨૪

પશ્ચિમ રેલવેએ મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને સાબરમતી અને પટના વચ્ચે વિશેષ ભાડા પર વધુ એક વિશેષ ટ્રેન દોડાવવાનો નિર્ણય કર્યો છે. ટ્રેન નંબર ૦૯૪૭૭ સાબરમતી-પટના સ્પેશિયલ સાબરમતીથી ગુરુવાર, ૨૫ એપ્રિલ ૨૦૨૪ના રોજ ૨૩:૩૦ કલાકે ઉપડશે અને ત્રીજા દિવસે ૦૮:૩૦ કલાકે પટના પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૪૭૮ પટના-સાબરમતી સ્પેશિયલ ૨૭ એપ્રિલ, ૨૦૨૪ શનિવારના રોજ પટનાથી ૧૧:૩૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૯:૪૦ કલાકે સાબરમતી પહોંચશે. ટ્રેન નંબર ૦૯૪૭૭નું બુકિંગ ૨૫ એપ્રિલ, ૨૦૨૪થી પેસેન્જર રિઝર્વેશન સેન્ટર્સ અને IRCTCની વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનના ઓપરેટિંગ સમય, સ્ટોપ અને સ્ટ્રક્ચર સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.inની મુલાકાત લઈ શકે છે.

આગામી સાત દિવસ વાતાવરણ શુષ્ક રહેશે

# રાજ્યમાં ફરી એકવાર ધીમે-ધીમે જોર પકડતી ગરમી : આણંદમાં પારો ૪૧.૭ ડિગ્રી

## અનેક સ્થળોએ પારો ૪૦ ડિગ્રીની આસપાસ

અમદાવાદ, તા.૨૪

રાજ્યમાં ફરી એકવાર ગરમીનો પારો ઊંચકાઈ રહ્યો છે. પવનની દિશા બદલાતા ગરમીનું પ્રમાણ વધી રહ્યું છે. ૨૪ કલાકમાં ૧થી ૨ ડિગ્રી જેટલું તાપમાન વધ્યું છે જ્યારે આગામી બે દિવસ બાદ ૨થી ૩ ડિગ્રી તાપમાન વધશે જેને કારણે લોકો તીવ્ર ગરમીનો અનુભવ કરશે. આજે ૪૧.૭ ડિગ્રી તાપમાન સાથે વલ્લભ વિદ્યાનગર રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. જ્યારે કેટલાક સ્થળોએ પારો ૪૦ ડિગ્રીની નજીક રહેવા પામ્યો હતો. જ્યારે આગામી ૨૪ કલાક બાદ ફરી એકવાર ગરમીમાં તીવ્ર વધારો જોવા મળશે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી ૨૪ કલાકમાં અમદાવાદનું મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ આસપાસ રહેશે. ગુજરાતના દરિયાકાંઠાની સ્થિતિ અંગે વાત કરતા તેમણે જણાવ્યુ છે કે, દરિયાકાંઠે પવનની દિશા ઉત્તર પશ્ચિમની રહેશે. આ સાથે તેમણે જણાવ્યું કે, હાલ કોઈ ડિસકમ્ફર્ટની સ્થિતિ રહેશે નહીં. ઉનાળાના બળબળતા તાપ વચ્ચે ખેતી કાર્યોમાં રાજ્યના ખેડૂતો હીટવેવથી બચી શકે તે માટે ખેતી નિયામકની કચેરી દ્વારા હીટવેવ સામે લેવાના સાવચેતીના પગલાઓ અંગે સામાન્ય એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે. આ એડવાઈઝરીમાં સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાતના મગફળી, કેળ, ઉનાળુ મગ, ઉનાળુ ડાંગર, ઉનાળુ શાકભાજી, ઉનાળુ બાજરી પકવતા ખેડૂતોને ખેતી કાર્યોમાં યોગ્ય કાળજી લેવા અનુરોધ કરાયો છે. આ એડવાઈઝરીમાં જણાવાયું છે કે, હીટવેવ દરમિયાન ખેતરમાં ઉભા પાકને હળવું તેમજ વારંવાર પિયત આપવું. પાકને ઊંચા તાપમાનથી બચાવવા શાકભાજીના ખેતરમાં નીંદણ ન કરવું. બપોરના કલાકો દરમ્યાન ખેતીની પ્રવૃતિઓ બંધ રાખવી. વાત કરીએ તાપમાનની રાજ્યમાં વલ્લભ વિદ્યાનગર ખાતે ૪૧.૭, અમદાવાદમાં ૪૦.૮, સુરેન્દ્રનગરમાં ૪૦.૭, વડોદરામાં ૪૦.૬, રાજકોટમાં ૪૦.૫, અમરેલીમાં ૪૦.૫, ગાંધીનગરમાં ૪૦.૪, ડીસામાં ૩૯.૪, ભૂજમાં ૩૯.૦ જયારે ભાવનગરમાં તાપમાન ૩૮.૨ ડિગ્રી નોંધાયું હતું.

નવો કરાર પોલીસમાં જમા ન કરાવતા

# કાંકરિયા તળાવમાં બોટિંગ તથા વોટર સ્પોર્ટ્સ એક્ટિવિટી બંધ કરવા આદેશ

અમદાવાદ, તા.૨૪

અમદાવાદ શહેરના કાંકરિયા તળાવમાં ચાલતી બોટિંગની પ્રવૃત્તિને બંધ કરવામાં આવી છે. વડોદરાના હરણી તળાવ દુર્ઘટનામાં બાળકોના થયેલા મૃત્યુ બાદ ગુજરાત હાઈકોર્ટે લીધેલી ગંભીર નોંધ બાદ અમદાવાદ શહેર પોલીસ દ્વારા શહેરના કાંકરિયા અને રિવરફ્રન્ટ ખાતે ચાલતી બોટિંગ પ્રવૃત્તિમાં નવી સેફ્ટીની શરતો અને જોગવાઈ સાથે કરાર કરવા અંગે જણાવવામાં આવ્યું હતું. જોકે, કાંકરિયા તળાવમાં બોટિંગ અને વોટર સ્પોર્ટ એક્ટિવિટી અંગેનો નવો કરાર પોલીસમાં જમા કરાવવામાં ન આવ્યો હોવાને પગલે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કાંકરિયા તળાવમાં ખોડલ કોર્પોરેશન દ્વારા ચલાવવામાં આવતી વોટર સ્પોર્ટ્સ એક્ટિવિટી અને બોટિંગ બંધ કરવા માટેનો આદેશ કરવામાં આવ્યો છે. અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે જે બોટિંગ પ્રવૃત્તિ ચાલી રહી છે તેને પણ બંધ કરવામાં આવી છે. આ અંગે મળતી માહિતી મુજબ વડોદરા હરણી તળાવમાં બોટ ઊંધી વળી જતા બાળકોના મૃત્યુ થયા હતા. જે મામલે ગુજરાત હાઈકોર્ટ દ્વારા ગંભીર નોંધ લઈ સુઓમોટો કરવામાં આવી હતી. આ મામલે રાજ્યમાં ચાલતી બોટિંગ પ્રવૃત્તિઓ પર સુપર વિઝન અને મોનિટરિંગ કરવા માટેના આદેશ આપવામાં આવ્યા હતા. ગુજરાત હાઈકોર્ટની ગંભીર નોંધ બાદ શહેર પોલીસ દ્વારા રાજ્યમાં તળાવ અને જળાશયોમાં ચાલતી બોટિંગ પ્રવૃત્તિઓમાં કેટલીક બાબતોનો સમાવેશ કરવા જણાવવામાં આવ્યું હતું. જે અંગેનો નવો કરાર કરી અને શહેર ટ્રાફિક પોલીસને આ કરાર ૨૨ એપ્રિલ પહેલા જમા કરાવવા માટે જણાવવામાં આવ્યું હતું. પરંતુ શહેરના કાંકરિયા તળાવમાં ખોડલ કોર્પોરેશન દ્વારા ચલાવવામાં આવતા બોટિંગ અને વોટર સ્પોર્ટ્સ એક્ટિવિટી અંગેનો નવો કરાર જમા કરાવવામાં ન આવતા કાંકરિયા અધિકારી દ્વારા ખોડલ કોર્પોરેશન(જેવી)ને તાત્કાલિક ધોરણે આ પ્રવૃત્તિઓ બંધ કરવા માટે જણાવવામાં આવ્યું છે. જેથી હવે કાંકરિયા તળાવમાં જ્યાં સુધી સેફ્ટીને લઈ નવી શરતો અને જોગવાઈઓ મુજબ કરાર કરવામાં નહીં આવે ત્યાં સુધી બોટિંગ અને વોટર સ્પોર્ટ્સ એક્ટિવિટી બંધ રહેશે.

# મોરબી ખાતે રામનવમી શોભાયાત્રા વેળા આપ (સ.અ.વ.)ની શાનમાં ગુસ્તાખી કરનાર કટ્ટરવાદી આરતીના આગોતરા જામીન નામંજૂર

(સંવાદદાતા દ્વારા)

મોરબી, તા.૨૪

મોરબી ખાતે રામનવમીની શોભાયાત્રા દરમિયાન ઈસ્લામ ધર્મના પયગમ્બર આપ (સ.અ.વ.)ની શાનમાં ગુસ્તાખી કરનાર કટ્ટરવાદી મહિલા આરતી જાકાસણીયાની આગોતરા જામીન અરજી સ્થાનિક કોર્ટે નામંજૂર કરી છે.

મોરબીમાં તા.૧૭ એપ્રિલના રોજનો રામનવમીનો નિમિત્તે શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રા દરમિયાન મચ્છીપીઠ મુસ્લિમ વિસ્તારમાં ગેબનશાહપીરની દરગાહ ચોકમા સિલેકટેડ સ્થળે શોભાયાત્રા પહોંચતા કટ્ટરવાદી મહિલા આરતી નીલેશભાઈ જાકાસણીયાએ શોભાયાત્રાના ડી.જે. સાઉન્ડમાં ભજન ચાલુ હોય તે બંધ કરી પોતાના હાથમાં માઈક્રોફોન લઈને મુસ્લિમ ધર્મની લાગણી દુભાય અને બંને કોમ વચ્ચે ધિક્કાર અને દુશ્મનાવટ ઊભી થાય તેવા હેતુથી ઈસ્લામ ધર્મના પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સાહેબ વિશે અવિવેકી નારાઓ લગાવી વૈયમનસ્ય ઊભું કરવા અને સુલેહશાંતીનો ભંગ થાય તેવા બદ ઈરાદાથી નારાઓ લગાવી બદ કૃત્ય કરતા પોલીસે અજાણી મહિલા વિરૂદ્ધ ભારતીય દંડ સહિતાની કલમ-૧૫૩ (એ) ૨૯૫ (એ) ૫૦૪ મુજબ ગુનો નોંધ્યો હતો.

રામનવમીની શોભાયાત્રા દરમિયાન ઈસ્લામ ધર્મના મહાન પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સાહેબના નામથી અવિવેકી શબ્દો ઉચ્ચારી નારાઓ લગાવતા મુસ્લિમોની લાગણી દુભાતા મુસ્લિમ અગ્રણીઓ અને યુવાનોના ટોળેટોળા એકત્ર થતા એ ડિવિઝનના પી.આઈ.હુકુમતસિંહ જાડેજા અને મોરબી શહેર ખતીબ અબ્દુલ રશીદમિયાં બાપુ તેમજ



મુસ્લિમ અગ્રણીઓએ મામલો થાળે પાડ્યો હતો અને બીજા દિવસે મુસ્લિમ સમાજના ધર્મગુરૂઓ અને સમાજના અગ્રણીઓ બહોળી સંખ્યામા એ-ડિવિઝન પોલીસ મથકે આ બનાવની પોલીસ ફરિયાદ નોંધાવવાની રજૂઆત કરવા જતા પીઆઈએ સંતોષકારક જવાબ આપી તટસ્થ કામગીરીના ભાગરૂપે બનાવની પોલીસે આરોપી વિરૂદ્ધ ગુનો રજિસ્ટ્રર કર્યો હતો પરંતુ આ કોમી એકતા તોડવાના પ્રયાસ રૂપે બફાટ સાથે નારા બોલી હઝરત મુહમ્મદ પયગમ્બર (સ.અ.વ) સાહેબની શાનમા ગુસ્તાખી કરનાર આરોપી વિધર્મી મહિલા અને તેના પરદા પાછળ ભુમીકા ભજવતા માથાઓ કોણ છે તેની તટસ્થ પણે તપાસ કરી અટક કરવા મુસ્લિમ સમાજે રજૂઆત કરી હતી.

ત્યારે વિધર્મી મહિલા આરોપી આરતી નિલેશભાઈ જાકાસણીયાએ તેના વકીલ મારફતે મોરબીની કોર્ટમાં આગોતર જામીન અરજી લાખલ કરતા ફરિયાદી ફારૂકભાઈ આદમભાઈ અધામના વકીલ અને તેની સાથે મુસ્લિમ સમાજના વકીલો ફરિયાદી તરફે જવાબ વાંધામાં વકીલાતનામુ મૂક્યું હતું અને વાંધા જવાબો રજૂ કરતા કોર્ટે મહિલા આરોપી આરતી નીલેશભાઈ જાકાસણીયાના આગોતર જામીન નામંજૂર કર્યા હતા. હવે જોવાનુ એ રહ્યું કે એ-ડિવિઝન પોલીસ આરોપીની ધરપકડ કરશે ? કે પછી ફરી રાજકીય અને સંગઠનના દબાણથી હાથ પર હાથ રાખીને બેસી રહેશે તેવી મુસ્લિમ સમાજમાં ચર્ચા જાગી હતી.

## ડિજિટલ બેંકિંગ અંગે જાગૃતિ લાવવા ૧૬ હજારથી વધુ વર્કશોપ યોજાયા

અમદાવાદ, તા.૨૪

ડિજિટલ બેંકિંગ અંગે જાગૃતિ પેદા કરવાના અભિયાનના ભાગરૂપે એચડીએફસી બેંકે સમગ્ર ભારતમાં સલામત બેંકિંગની વર્કશોપ્સની એક શ્રેણી યોજી હતી. બેંકે આવી ૧૬,૬૦૦થી વધારે વર્કશોપ્સ યોજીને ૨,૦૦,૨૨૪થી વધારે નાગરિકોને ડિજિટલ બેંકિંગના સલામત વ્યવહારો અંગે માહિતગાર કર્યા હતા. આ સંવાદાત્મક સેશન્સ મારફતે સહભાગીઓને ડિજિટલ બેંકિંગના સલામત વ્યવહારો અંગે ઊંડી જાણકારી પ્રાપ્ત થઈ હતી. જેથી કરીને તેઓ સાયબર ફ્રોડનો ભોગ બનતા અટકે.

## શૈક્ષણિક શ્રેષ્ઠતાને પ્રોત્સાહન આપવા કોલેજમાં કાર્યક્રમ યોજાયો

અમદાવાદ, તા.૨૪

નવગુજરાત અને ગ્રુપ ઓફ કોલેજીસનો હિસ્સો ગણાતી પ્રિન્સિપાલ એમ.સી. શાહ કોમર્સ કોલેજે ગ્રાન્ડ એકેડેમિક પોર્ટલની સાથે ભેગા મળીને હાલમાં જ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૦૨૪ માટે એક વ્યાપક ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય ફેકલ્ટીના સભ્યોમાં શૈક્ષણિક શ્રેષ્ઠતાને પ્રોત્સાહન આપવાનો હતો. એક અઠવાડિયા માટે યોજાયેલી આ પહેલમાં શિક્ષણશાસ્ત્રની નવી પદ્ધતિઓ, ટેક્નોલોજીના ક્ષેત્રે સાધવામાં આવેલી પ્રગતિઓ અને શૈક્ષણિક પ્રક્રિયાઓના રી-એન્જિનિયરિંગ અંગે ઊંડાણપૂર્વક વિચારણા કરવા માટે શિક્ષકો અને નિષ્ણાતો એકઠા થયા હતા.

# LRD-PSIની ભરતીમાં અત્યાર સુધી ૭.૮૧ લાખ ઉમેદવારોની અરજી આવી

## ● ફોર્મ ભરવાની અંતિમ તારીખ ૩૦ એપ્રિલ ● ભરતીને લઈ મૂંઝવણ હોય તો વેબસાઈટ જોઈ શકાય

અમદાવાદ, તા.૨૪

પોલીસની નોકરીનું સપનું જોનારા યુવાઓ માટે હાલમાં LRD-PSI ભરતી ચાલી રહી છે. જેના માટે ફોર્મ ભરવા માટે માત્ર ૭ દિવસ બાકી છે. ફોર્મ ભરવાની અંતિમ તારીખ ૩૦ એપ્રિલ સુધીની છે. અત્યાર સુધીમાં ભરતી બોર્ડને કુલ ૭,૮૧,૦૦૦ અરજી મળી છે જેમાંથી ૬,૪૫,૦૦૦ અરજીઓ કન્ફર્મ પણ થઈ ગઈ છે. ફોર્મ ભરવા માટે હવે ૭ જેટલા દિવસનો સમય બાકી રહ્યો છે. એવામાં ઘણા ઉમેદવારોને હજુ ફોર્મ ભરવાના બાકી છે અને અરજી કરવામાં કેટલીક મુંઝવણો અનુભવી રહ્યા છે. એવામાં ભરતી બોર્ડના પ્રમુખ હસમુખ પટેલે કેટલાક ટ્વીટ કરીને ઉમેદવારોને સૂચનો આપી છે કે, પોલીસ ભરતીમાં અરજી કરવા માટે હવે છેલ્લા સાત દિવસ બાકી છે. છેલ્લા દિવસોમાં વધુ લોકો એક સાથે અરજી કરવાના કારણે અરજી તથા દસ્તાવેજ અપલોડ કરવામાં મુશ્કેલી પડી શકે. જેથી જેને પણ અરજી કરવી હોય તે ઝડપથી કરી લે. ઉમેદવારોને અરજી કરવામાં મુશ્કેલી પડે તો આ અંગે વેબસાઈટ પર મુકેલ પ્રશ્નોત્તરી તથા youtube વિડીયો જોઈ લે જેથી કોઈપણ કારણસર તેમની અરજી રદ ન થાય. અને અરજી કરવામાં કેટલીક મુંઝવણો અનુભવી રહ્યા છે. એવામાં ભરતી બોર્ડના પ્રમુખ હસમુખ પટેલે કેટલાક ટ્વીટ કરીને ઉમેદવારોને સૂચનો આપ્યા છે. વેબસાઈટ પર લોકરક્ષક ભરતી બોર્ડ દ્વારા ઉમેદવારોને અનુભવાતા પ્રશ્નોના જવાબો મૂક્યા છે. જેમાં ફોર્મ ભરવાથી લઈને કયા કયા મહત્વપૂર્ણ દસ્તાવેજો તેમણે અરજી સાથે અપલોડ કરવાના રહેશે. તે તમામ પ્રકારની મુંઝવણો ને લઈ વિસ્તારથી માહિતી આપવામાં આવી છે.


**રોકાણકાર શૈક્ષણિક અને જાગૃતિ પહેલ**

મ્યુચ્યુઅલ ફંડ્સ વિશે વધુ જાણકારી મેળવવા માટે અમારી સાથે જોડાઓ.

**તારીખ અને સ્થળઃ**

ગુરૂવાર, 25 એપ્રિલ 2024; સાંજે 6:30 વાગ્યાથી.
પરિવાર રેસ્ટોરન્ટ એન્ડ બેન્ક્વેટ, ત્રીજો માળ, એમ સ્ક્વેર મોલ, તિથલ રોડ, વલસાડ – 396001, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ હિતેશ ખેની, મોબાઈલ : 95103 09027.

શુક્રવાર, 26 એપ્રિલ 2024; સાંજે 6:00 વાગ્યાથી.
ફોર્ચ્યુન પાર્ક ગેલેક્સી, નેશનલ હાઈવે નં. 8, જીઆઈડીસી, વાપી – 396 19, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ ગજ્જર સોહિલ, મોબાઈલ : 99097 87506.

શુક્રવાર, 26 એપ્રિલ 2024; સાંજે 6:00 થી રાત્રે 8:00 વાગ્યા સુધી.
હોટેલ ઠાકર થલ, રાજકમલ ચોક, અમરેલી – 365 601, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ ભાવેશ ચોપડા, મોબાઈલ : 79902 61828.

શુક્રવાર, 26 એપ્રિલ 2024; સાંજે 6:30 વાગ્યાથી.
હોટેલ તારા સન્સ, યશ કોમ્પ્લેક્સ પાછળ, ગેરી રોડ, ગોત્રી, વડોદરા, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ કશ્યપ શુક્લ, મોબાઈલ : 98255 27423.

શુક્રવાર, 26 એપ્રિલ 2024; સાંજે 6:30 વાગ્યાથી.
ગ્રાન્ડ મર્ક્યુર સૂર્ય પેલેસ, પારસી અગિયારીની સામે, સરોદ, સયાજીગંજ, વડોદરા – 390 020, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ વિવેક મગનાની, મોબાઈલ : 74055 07713.

શુક્રવાર, 26 એપ્રિલ 2024; સાંજે 6:30 વાગ્યાથી.
ગ્રાન્ડ મર્ક્યુર સૂર્ય પેલેસ, પારસી અગિયારીની સામે, સરોદ, સયાજીગંજ, વડોદરા – 390 020, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ અશ્વિની જોષી, મોબાઈલ : 81609 01639.

શુક્રવાર, 26 એપ્રિલ 2024; સાંજે 6:30 વાગ્યાથી.
હોટેલ ફૂડઝોન, રેલ્વે ક્રોસિંગ પાસે, પાટણ – 384 265, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ રોનિત રાવલ, મોબાઈલ : 90168 55774.

શુક્રવાર, 26 એપ્રિલ 2024; સાંજે 7:00 વાગ્યાથી.
હોટેલ કલાતીત ઈન્ટરનેશનલ, ડીએસપી બંગલો પાસે, તીન બત્તી, જામનગર, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ પિયુષ સાવલાણી, મોબાઈલ : 79843 56913.

શનિવાર, 27 એપ્રિલ 2024; સાંજે 6:30 વાગ્યાથી.
હોટેલ બ્લ્યુઆઈવી, ગણેશ મંદિર પાસે, 80 ફૂટ રોડ, આણંદ, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ નિરલ જોષી, મોબાઈલ : 70166 95863.

શનિવાર, 27 એપ્રિલ 2024; સાંજે 7:00 વાગ્યાથી.
ધ અમોર બેન્કવેટ્સ, બીપીસીએલ પેટ્રોલ પંપની બાજુમાં, વી આર મોલ પાસે, એરપોર્ટ રોડ, સુરત – 395 007, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ હર્ષિલ ઝવેરી, મોબાઈલ : 84604 15230.

શનિવાર, 27 એપ્રિલ 2024 અને રવિવાર, 28 એપ્રિલ 2024; સાંજે 7:00 વાગ્યાથી.
હોટેલ રસોઈ, કાળુભા રોડ, કાલાનાળા, ભાવનગર – 364 001, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ કૃષ્ણ શર્મા, મોબાઈલ : 84012 18195.

રવિવાર, 28 એપ્રિલ 2024; સવારે 11:00 વાગ્યાથી.
ધીરજ બાગ, ગુજરાત સોસાયટી, સૂર્યા બાગ પાસે, મહુવા, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ ચિંતન દલવાડી, મોબાઈલ : 98255 71968.

રવિવાર, 28 એપ્રિલ 2024; સવારે 11:00થી બપોરે 1:30 વાગ્યા સુધી.
રીજેન્ટા હોટેલ, એબીસી ચોકડી પાસે, ભરૂચ – 392015, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ દીપક ચૌહાણ, મોબાઈલ : 94089 75787.

28 એપ્રિલ 2024; સાંજે 6:30 વાગ્યાથી.
હોટેલ વનટેન, ઓફ નાયરા પેટ્રોલ પંપ, વિસનગર રોડ, મહેસાણા – 384 001, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ રોનિત રાવલ, મોબાઈલ : 90168 55774.

નોંધણી ફરજિયાત છે. નોંધણીનો સમય સવારે 9:30 થી સાંજે 5:00 સુધીનો જ રહેશે. વોક-ઈન્સને મંજૂરી નથી.

Azadi Ka Amrit Mahotsav HDFC MUTUAL FUND BHAROSA APNO KA

An Investor Education and Awareness Initiative

મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ કરવા વન-ટાઈમ નો યોર કસ્ટમર (કેવાયસી) પૂર્ણ કરવાની પ્રક્રિયા વિશે વધુ જાણવા માટે વિઝિટ કરો https://www.hdfcfund.com/information/key-know-how. રોકાણકારોએ નોંધણીકૃત મ્યુચ્યુઅલ ફંડ્સ સાથે જ લેણદેણ કરવી જોઈએ, જેની વિગતો સેબીની વેબસાઈટ (www.sebi.gov.in/intermediaries.html) પર વેરિફાઈ કરી શકાશે. કોઈ પણ પૂછપરછ, ફરિયાદ અને તકરાર નિવારણ માટે રોકાણકારો એએમસી અને/ અથવા રોકાણકાર સંબંધ અધિકારીનો સંપર્ક કરી શકે છે. ઉપરાંત રોકાણકારોને એએમસીને પ્રત્યક્ષ ફરિયાદ પણ કરી શકે છે. જો એએમસી દ્વારા આપવામાં આવેલા ઉકેલથી સંતોષ નહીં હોય તો https://scores.gov.in પર સ્કોર્સ પોર્ટલ થકી ફરિયાદ નોંધાવી શકે છે. સ્કોર્સ પોર્ટલ પર રોકાણકારો સેબીને ઓનલાઈન ફરિયાદ કરી શકે છે અને ત્યારબાદ તેની સ્થિતિ જોઈ શકે છે. જો રોકાણકારોને એએમસી પાસે પ્રત્યક્ષ ઉપસ્થિત કરેલી અથવા સ્કોર્સ પોર્ટલ થકી કરેલી ફરિયાદના ઉકેલથી સંતોષ નહીં થાય તો તેઓ https://smartodr.in/login સ્માર્ટ ઓડીઆર પર કોઈ પણ ફરિયાદ કરી શકે છે.

**મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણો બજારનાં જોખમોને અધીન હોય છે, સર્વ યોજના સંબંધી દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો.**

# યોગી આદિત્યનાથે કોંગ્રેસ પર શરિયા કાયદાનું વચન આપવાનો આરોપ લગાવ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

કોંગ્રેસ દેશભરમાં શરિયા કાયદો લાગુ કરવા માંગે છે, ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અને ભાજપના નેતા યોગી આદિત્યનાથે મંગળવારના દિવસે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દાવો કર્યો હતો કે, પાર્ટીએ મુસ્લિમ સમુદાયમાં લોકોની સંપત્તિનું ફરીથી વિતરણ કરવાનું વચન આપ્યું હતું.

યુપીના સીએમ અને ભાજપના સ્ટાર પ્રચારકે કહ્યું કે, કોંગ્રેસે તેના લોકસભા ચૂંટણી ઘોષણા પત્રમાં વચન આપ્યું હતું.

યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે અમરોહામાં રેલીમાં કહ્યું, કોંગ્રેસ અને તેના સહયોગીઓએ દેશ સાથે દગો કર્યો છે અને ફરી એકવાર તેમનો ખોટો ઘોષણા પત્ર લઈને તમારી પાસે આવ્યા છે. તેઓ કહે છે કે, જો તેઓ સરકાર બનાવશે તો અમે શરિયા કાયદો લાગુ કરીશું.

તેમણે ઉમેર્યું, તમે કહો કે આ દેશ બાબા સાહેબ ભીમરાવ આંબેડકર દ્વારા બનાવેલા બંધારણથી ચાલશે કે શરિયતથી ચાલશે.

તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્રિપલ તલાકની પ્રથા બંધ કરી હોવાથી મુસ્લિમ કાયદો લાગુ કરવામાં આવશે.

યોગી આદિત્યનાથે કહ્યું, આ બેશરમ લોકોની હાલત જુઓ. એક તરફ, તેઓ તમારી સંપત્તિ પર નજર રાખે છે અને બીજી તરફ તેઓ માફિયા અને ગુનેગારોને તેમના ગળાનો હાર બનાવી રહ્યા છે અને તેમના નામ પર ફાતિહા પઢી રહ્યા છે.

દેશના સંસાધનો પર મુસ્લિમોનો પ્રથમ અધિકાર છે તેવી ૨૦૦૬માં પૂર્વ પીએમ મનમોહનસિંહની ટિપ્પણીનો ઉલ્લેખ



કરતાં યોગી આદિત્યનાથે કહ્યું કે, દલિત, પછાત વર્ગ, ખડગવંશી, પાલ, ગરીબ અને ખેડૂતો જેવા હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયો ક્યાં જશે.

યોગી આદિત્યનાથે એવો પણ દાવો કર્યો હતો કે, પીએમ મોદીએ ભારતમાં આતંકવાદનો નાશ કર્યો છે.

તેમણે કહ્યું કે, જો ક્યાંક ફટાકડા ફૂટે તો પણ પાકિસ્તાન સ્પષ્ટ કરે છે કે, તે તેમાં સામેલ નથી. તેમણે કહ્યું કે, પાકિસ્તાનને ડર છે કે, જો ભારતમાં આતંકવાદી ઘટના બને છે તો તેને પરિણામ ભોગવવું પડશે.

શરિયા એ ઈસ્લામિક સ્ક્રિપ્ટર્સ, મુખ્યત્વે કુર્આન અને હદીસ પર આધારિત ધાર્મિક કાયદાઓનો સમૂહ છે.

પીએમ મોદીએ આજે કહ્યું કે, તેમની ટિપ્પણીએ કોંગ્રેસ અને ભારતીય જૂથને ગભરાટની સ્થિતિમાં મોકલી દીધા છે.

# ૧૪ વર્ષના મુસ્લિમ રિક્ષા ડ્રાઈવરને ગાઝિયાબાદ પોલીસે માર માર્યાનો વીડિયો વાયરલ થયા પછી સ્વરા ભાસ્કરે યુપીના મુખ્યમંત્રીને સવાલ કર્યો : ‘શું આ તમારૂં શાસન છે ?’

(એજન્સી) તા.૨૪

બોલિવૂડ અભિનેત્રી સ્વરા ભાસ્કરે ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદમાં એક પોલીસ અધિકારીને બેરહેમીથી ઓટો-રિક્ષા ચાલકને માર મારતો ચોંકાવનારો વીડિયો શેર કર્યો છે. વીડિયોમાં એક પોલીસ અધિકારી, એક ઈ-રિક્ષા ચાલકને તેના વાળ ખેંચીને નિર્દયતાથી મારતો જોઈ શકાય છે.

કેટલાક મીડિયા અહેવાલોમાં જણાવવામાં આવ્યું છે કે, ઈન્સ્પેક્ટરની ઓળખ ભાનુ પ્રકાશ તરીકે થઈ હતી. તેણે ૧૪ વર્ષીય સોહેલને એક વિવાદમાં માર માર્યો હતો. જો કે, ખરેખર શું થયું તે હજુ સુધી જાણી શકાયું નથી.

આઘાતજનક અને દુઃખદાયક વીડિયો સામે આવ્યા પછી તરત જ સ્વરાએ તેના અધિકૃત X એકાઉન્ટ પરથી યુપીના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથને રાજ્યમાં તેમના ‘મહાન શાસન’ વિશે પ્રશ્ન કર્યો હતો. મીડિયા રિપોર્ટ્સમાં એવું પણ જણાવવામાં આવ્યું છે કે, હાલમાં વાયરલ થયેલા વીડિયોમાં જે પોલીસ દેખાય છે તેણે અગાઉ પણ જાહેરમાં ગુંડાગીરી કરી હતી.

ઘણા સોશિયલ મીડિયા યુઝર્સે અધિકારીની નિંદા કરવા માટે પોતપોતાના એકાઉન્ટ પર જઈને અધિકારીઓને તેમની સામે કડક પગલાં લેવા જણાવ્યું હતું. આજની શરૂઆતમાં ગાઝિયાબાદ પોલીસના સત્તાવાર X હેન્ડલે માહિતી આપી હતી કે, તેઓએ આ મામલાની નોંધ લીધી છે.



તેમની પોસ્ટ મુજબ, ‘એસીપી વેવ સિટીને તપાસ કરવા અને કાયદેસરની કાર્યવાહી કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.’

સ્વરા તેના સ્પષ્ટવક્તા વ્યક્તિત્વ માટે જાણીતી છે અને અભિનેત્રી વિવિધ રાજકીય અને અન્ય મુદ્દાઓ પર તેના મંતવ્યો અને અભિપ્રાયો વ્યક્ત કરવામાં ક્યારેય ડરતી નથી.

દરમિયાન વર્ક ફ્રન્ટ પર અભિનેત્રી છેલ્લે ફિલ્મ જહાં ચાર યારમાં જોવા મળી હતી. તેણીએ હજુ સુધી તેના આગામી પ્રોજેક્ટ્સની જાહેરાત કરી નથી.

સ્વરાએ ૨૦૨૩માં ફહાદ અહમદ સાથે લગ્ન કર્યા અને ગયા વર્ષે સપ્ટેમ્બરમાં તેણે એક પુત્રીને જન્મ આપ્યો છે.

# ‘ધ કેરાલા સ્ટોરી’ : કેથલિકોએ મતદાન પહેલાં હિન્દુત્વની આ ફિલ્મ શા માટે ફરીથી રિલીઝ કરી ?

## ‘લવ જેહાદ’ માટે ખ્રિસ્તી ધર્મગુરૂઓના સમર્થનનો દુરૂપયોગ કરીને ભાજપે કેરળમાં પોતાનું સ્થાન બનાવવાનો છેલ્લો પ્રયાસ કર્યો છે, પાર્ટીએ કેરળમાં હજુ સુધી કોઈ લોકસભા બેઠક જીતી નથી

(એજન્સી) તા.૨૪

કોઈ ફિલ્મ ફરીથી રીલીઝ થાય તે ભાગ્યે જ જોવા મળે છે. જ્યારે આવું થાય છે, તે મોટે ભાગે તેના અયોગ્ય ઉપયોગ માટે હોય છે. કેરળમાં ગયા વર્ષે જ થિયેટરોમાં આવી ગયેલી ફિલ્મની ફરીથી સ્ક્રીનિંગ એક ધાર્મિક જૂથ કેથોલિક દ્વારા કરવામાં આવે છે. ધ કેરલા સ્ટોરી ફરીથી રિલીઝ થવાનો સમય પણ વિચિત્ર છે. ચૂંટણીના ત્રણ અઠવાડિયા પહેલા જ તે ફરીથી રીલીઝ કરવામાં આવી છે.

ધ કેરળ સ્ટોરી ફિલ્મ એ કેરળમાં મુસ્લિમોને માત્ર આતંકવાદીઓ તરીકે જ નહીં પરંતુ અન્ય સમુદાયોની મહિલાઓને ઈસ્લામમાં પરિવર્તિત કરવા અને પછી તેમને પવિત્ર યુદ્ધો માટે ભરતી કરવા માટે પ્રલોભિત કરે છે એવું દર્શાવે છે. આ ફિલ્મે શરૂઆતમાં આવી મહિલાઓની સંખ્યા ૩૨,૦૦૦ દર્શાવી હતી પરંતુ પાછળથી ટ્રેલરમાં ફેરફાર કરીને જણાવ્યું હતું કે આ ફિલ્મ ત્રણ છોકરીઓની સત્ય વાર્તાઓ પર આધારિત છે.

કેથલિક રાજ્યનું સૌથી મોટું ખ્રિસ્તી જૂથ છે અને સૌથી વધુ પ્રભાવશાળી છે. કેરળમાં, આ સમુદાય ત્રણ સ્વતંત્ર ચર્ચ હેઠળ સંગઠિત છે જેમાંથી સિરો-માલાબાર ચર્ચ સૌથી મોટું છે. ધ કેરલા સ્ટોરીના ચાહકો આ જૂથના છે. ૪ એપ્રિલના રોજ, ઈડુક્કીના પહાડી જિલ્લાના દરેક પરગણામાં આયોજિત વેકેશન બાઈબલ વર્ગોમાં હાજરી આપતા કિશોરવયના બાળકો માટે ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવી હતી.

જાહેર પ્રસારણકર્તા દૂરદર્શને પહેલેથી જ ૫ એપ્રિલે આ ફિલ્મના પ્રસારણની જાહેરાત કરી દીધી હતી. ભારતીય જનતા પાર્ટી સિવાય રાજ્યના પક્ષો નારાજ હતા. રાજકીય પક્ષોએ દૂરદર્શન કાર્યાલયો તરફ કૂચ કરી અને મોદી સરકારની યોજનાની ટીકા કરતા નિવેદનો આપ્યા હતા. રાજ્યની કેથોલિક બિશપ્સ કાઉન્સિલ પણ આ યોજનાના સમર્થનમાં બહાર આવી. તેમના કમિશન ફોર સોશ્યલ હાર્મની એન્ડ વિજિલન્સે એક નિવેદન બહાર પાડ્યું હતું કે તેઓ ‘‘પ્રેમજાળ’’ વિશે ચેતવણી આપવાનું ચાલુ રાખશે.

આ ફિલ્મ દાવો કરે છે કે ‘‘પવિત્ર યુદ્ધ’’ માટે કેરળમાંથી બિન-મુસ્લિમ મહિલાઓની સામૂહિક ભરતી કરવામાં આવી હતી. એ વાત સાચી છે કે કેટલીક મહિલાઓએ ઈસ્લામ ધર્મ અંગીકાર કર્યો અને પતિ સાથે અફઘાનિસ્તાન ગઈ. પરંતુ વાસ્તવિકતા સાથે સમાનતા ત્યાં સમાપ્ત થાય છે. રાજ્યમાંથી માત્ર ચાર મહિલાઓ જ વોર ઝોનમાં ગઈ હોવાનું જાણવા મળ્યું છે. તેમાંથી એક મુસ્લિમ છે. અન્ય બેએ એવા પુરૂષો સાથે લગ્ન કર્યા જેઓ ખ્રિસ્તી ધર્મમાંથી પરિવર્તિત થયા હતા. તમામ મહિલાઓ હવે અફઘાન જેલમાં છે. તેમના પતિ મૃત્યુ પામ્યા છે. કેરળમાં લગ્ન માટે અથવા ધર્મ પ્રત્યેના પ્રેમને કારણે ધર્માંતરણની કુલ સંખ્યા ઓછી છે. ગેઝેટ નોટિફિકેશન મુજબ ૨૦૨૦માં માત્ર ૧૪૪ લોકોએ ઈસ્લામ કબૂલ કર્યો હતો. સૌથી વધુ ફાયદો હિંદુ ધર્મને થયો જેમાં ૫૦૬ આ કુલ ધાર્મિક ધર્માંતરણનો ૪૭% હિસ્સો છે. ખ્રિસ્તી ધર્મ ૧૧૯ ધર્માંતરણ સાથે ત્રીજા સ્થાને છે.

૨૬મી એપ્રિલે મતદાન છે. કેરળ ભાજપ માટે અભેદ્ય કિલ્લો




છે. તે દેશનું એકમાત્ર રાજ્ય છે જ્યાં ભાજપ એક પણ સંસદની બેઠક જીતી શક્યું નથી, તેમ છતાં આ પક્ષની પિતૃ સંસ્થા, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, અહીં અન્ય વિસ્તારની તુલનામાં સૌથી વધુ શાખાઓ હોવાનો ગર્વ કરે છે. ખ્રિસ્તીઓ એ રાજ્યની વસ્તીના ૧૮.૪% છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ મુસ્લિમોની વસ્તી ૨૬.૬% છે. બંને સમુદાયો હિન્દુત્વનો સખત વિરોધ કરે છે. તેઓના પોતાના રાજકીય સંગઠનો છે જે કોંગ્રેસ સાથે અને ક્યારેક ડાબેરી મોરચા સાથે જોડાણ કરે છે.

પરંતુ ધીમે ધીમે, પાદરીઓએ ‘‘લવ જેહાદ’’ના સમર્થનમાં જાહેર નિવેદનો આપવાનું શરૂ કર્યું. કેટલાક લોકો મુસ્લિમ આતંકવાદીઓ પર નજર રાખવા માટે હાકલ કરતા હતા. અનેક જાગ્રત જૂથો બનાવવામાં આવ્યા હતા. ચર્ચ હેઠળના કાઉન્સેલિંગ કેન્દ્રોએ સંભવિત ધર્માંતરિત લોકો માટે વિશેષ ‘‘બચાવ’’ મિશન શરૂ કર્યા હતા. ઉત્તરીય કેરળના એક પંથકમાં ‘‘લવ જેહાદીઓ’’ની મોડસ ઓપરેન્ડી અને તેમાંથી દીકરીઓને કેવી રીતે બચાવવી તે અંગે એક પુસ્તક બહાર પાડ્યું અને વિવાદના ડરથી તે પાછું ખેંચી લેવામાં આવ્યું હતું.

૨૦૨૧ સુધીમાં, ‘‘લવ જેહાદ’’ના વિચારને સમર્થન એ કેરળ કેથોલિક બિશપ્સ કોન્ફરન્સની સત્તાવાર સ્થિતિ બની ગઈ હતી. સપ્ટેમ્બર ૨૦૨૧માં, કેથોલિક બિશપ જોસેફ કલરંગટ્ટે ખુલ્લેઆમ મુસ્લિમોને ‘‘ડ્રગ-પેડલર્સ’’ ગણાવ્યા હતા. તેમણે દાવો કર્યો હતો કે બિન-મુસ્લિમોને માદક દ્રવ્યોના વ્યસનમાં ધકેલવાની મુસ્લિમો દ્વારા આ એક યોજના હતી જેને ‘‘નાર્કોટિક જેહાદ’’ કહે છે.

ભાજપ અને સંઘ પરિવારનું પ્રતિનિધિમંડળ બિશપ અને અન્ય લોકો સાથે મળ્યા. કેન્દ્રીય મંત્રીઓના આશ્રય હેઠળ બેક ચેનલો ખોલવામાં આવી હતી. ખ્રિસ્તી ધર્મગુરુઓએ ભાજપના નેતાઓ પ્રત્યે સ્નેહ દર્શાવ્યો હતો. ત્યારબાદ, મણિપુરમાં મે મહિનામાં હિંસા ફાટી નીકળી હતી. મણિપુરમાં સાંપ્રદાયિક હિંસાએ આ યોજનાઓને ઊંધી પાડી દીધી. ખ્રિસ્તી સમુદાય સામેની હિંસા અને કેન્દ્ર સરકારની કથિત નિષ્ક્રિયતાએ પાદરીઓને ભાજપના નેતાઓથી દૂર રહેવાની ફરજ પાડી. તેઓએ સરકારની ટીકા કરતા નિવેદનો આપવાનું શરૂ કર્યું. પરંતુ ચૂંટણી નજીક આવી ગઈ હતી. દૂરદર્શન પર કેરળ સ્ટોરીનું પ્રસારણ એ લાગણીઓને ઉશ્કેરવાનો તેમનો છેલ્લો પ્રયાસ હતો. ધર્મ પરિવર્તનની ફરી ચર્ચા થઈ રહી છે. પરંતુ ભાજપ કેરળમાં બિનસાંપ્રદાયિક પક્ષોના ગઢને તોડી શકશે કે કેમ તેની આગાહી કરવી ખૂબ જ મુશ્કેલ છે.

# મીરા રોડ અથડામણ વખતે અને ત્યારબાદ કરવામાં આવેલા ‘નફરતી’ ભાષણો અંગે ધારાસભ્યો નિતેશ રાણે અને ગીતા જૈન વિરૂદ્ધ કેસ નોંધાયો છે : બોમ્બે હાઈકોર્ટમાં પોલીસ

## હિંસાનો ભોગ બનેલા બે પીડિતો સહિત પાંચ અરજદારોએ કોર્ટમાં ધા નાંખી હતી કે, પોલીસ નેતાઓને પકડવામાં નિષ્ફળ રહી છે

(એજન્સી) મુંબઈ,તા.૨૪

મહારાષ્ટ્ર સરકારે, મંગળવારે બોમ્બે હાઈકોર્ટને જાણ કરી હતી કે, જાન્યુઆરીમાં થાણે જિલ્લાના મીરા રોડના નયા નગર વિસ્તારમાં ફાટી નીકળેલી સાંપ્રદાયિક અથડામણના સંદર્ભમાં, બે ધારાસભ્યો, નિતેશ રાણે અને ગીતા જૈન પર એફઆઈઆર નોંધવામાં આવી હતી.

રાણે બીજેપીના છે, જ્યારે જૈન એક અપક્ષ ધારાસભ્ય છે જે પાર્ટીને ટેકેદાર છે. મીરા-ભાઈંદર વસઈ-વિરાર પોલીસે, ૨૫ ફેબ્રુઆરીએ, મીરા રોડ પર કથિત રીતે દ્વેષપૂર્ણ ભાષણ આપવા બદલ તેલંગાણાના બીજેપી ધારાસભ્ય ટી. રાજા સિંહ અને નરેશ નાઈલ પર કેસ કર્યો હતો. કોર્ટે, મુંબઈ અને મીરા-ભાઈંદર વસઈ-વિરારના પોલીસ કમિશનરોને તે નક્કી કરવા કહ્યું હતું કે શું નફરતી ભાષણ માટે સંબંધિત નેતાઓ સામે એફઆઈઆર નોંધવામાં આવી શકે છે. રાજ્યના વકીલે રજૂઆત કરી હતી કે, પોલીસ કમિશનરોને ખાતરી છે કે નેતાઓ દ્વારા આ ગુનાઓ કરવામાં આવ્યા છે. ન્યાયમૂર્તિ રેવતી મોહિતે-ડેરે અને મંજુષા એ. દેશપાંડેની બેન્ચ એક અરજી પર સુનાવણી કરી રહી હતી, જેમાં અપ્રિય ભાષણ માટે ત્રણ ધારાસભ્યો સામે એફઆઈઆર નોંધવાની માંગ કરવામાં આવી હતી. હિંસાનો ભોગ બનેલા બે પીડિતો સહિત પાંચ અરજદારોએ જણાવ્યું હતું કે, તેઓને કોર્ટનો સંપર્ક કરવા માટે સંકેત આપવામાં આવ્યો હતો કારણ કે સુપ્રીમ કોર્ટના નિર્દેશો છતાં પોલીસ તેમના પોતાના પર નેતાઓ સામે કેસ નોંધવામાં નિષ્ફળ રહી હતી.

અરજદારો માટે હાજર થતાં વરિષ્ઠ વકીલ ગાયત્રી સિંહ તેમજ એડવોકેટ વિજય હિરેમથ અને હમઝા લાકડાવાલાએ દલીલ કરી હતી કે, ધારાસભ્યોના ભાષણો સ્પષ્ટપણે દર્શાવે છે કે, નફરતી ભાષણનો ગુનો કરવામાં આવ્યો હતો.

અરજદારોએ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૫૩ (હુલ્લડો કરાવવાના ઈરાદા સાથે ઉશ્કેરણી), ૧૫૩A, ૧૫૩B (જૂથો વચ્ચે દુશ્મનાવટને પ્રોત્સાહન આપવું), ૨૯૫A (પૂજાના સ્થળને અપવિત્ર કરવું), ૫૦૪ અને ૫૦૫ (જાહેર શાંતિ ભંગ કરનાર નિવેદનો, તોફાન ફેલાવવા) હેઠળ એફઆઈઆર નોંધવાની માંગ કરી હતી. ૧૫ એપ્રિલના રોજ, બેન્ચે કહ્યું હતું કે, તે શહેરના માલવાણી વિસ્તારમાં ૧૭ એપ્રિલના રોજ



રામ નવમીની જાહેર રેલી યોજવાથી રોકી શકતી નથી. કોર્ટે પોલીસને કહ્યું હતું કે, જો કોઈ ઉલ્લંઘન થાય તો સ્પીકર જે રાજકીય પક્ષના છે તેની સામે યોગ્ય પગલાં લેવા. સરકારી વકીલ હિતેન વેણેગાંવકરે મંગળવારે બેંચને માહિતી આપી હતી કે, પોલીસ કમિશનરોએ રાજકીય નેતાઓના ભાષણોની સામગ્રીનો અભ્યાસ કર્યો હતો અને મીરા ભાયંદરમાં નેતાઓ દ્વારા માનખુર્દ-ગોવંડી, ઘાટકોપર અને માલવાણી વિસ્તારોમાં કરાયેલા ભાષણો પર કલમ ૧૫૩A અને ૧૫૩B અને IPCની અન્ય જોગવાઈઓ હેઠળ ચાર એફઆઈઆર નોંધવામાં આવી હતી.


વેનેગાંવકરે રજૂઆત કરી હતી કે, નિતેશ રાણે સામે માનખુર્દ પોલીસ સ્ટેશનમાં IPC કલમ ૧૫૩ હેઠળ એફઆઈઆર નોંધવામાં આવી હતી, જ્યારે ઘાટકોપર પોલીસે તેમની અને એક સુભાષ આહિર વિરુદ્ધ કલમ ૧૫૩A અને ૫૦૬ હેઠળ ગુનો નોંધ્યો હતો. મીરા ભાયંદર પોલીસે રાણે અને ગીતા જૈન વિરુદ્ધ IPCની કલમ ૧૫૩A, ૧૫૩B, ૫૦૪ અને ૫૦૬ હેઠળ કેસ નોંધ્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે, માલવણી પોલીસે રાણે અને એક ભગવાન ઠાકુરની સમાન IPC જોગવાઈઓ હેઠળ ગુનો નોંધ્યો હતો. અરજદારોએ દલીલ કરી કે, નેતાઓ વિરુદ્ધ કલમ ૨૯૫A (પૂજાનું સ્થળ અપવિત્ર) લાગુ કરવામાં આવી ન હતી. વેનેગાંવકરે કહ્યું કે, પોલીસ કમિશનર તેના પર અભ્યાસ કરશે અને પછી એફિડેવિટ ફાઈલ કરશે. તેમણે નોંધ્યું હતું કે, જાન્યુઆરીમાં મીરા રોડમાં થયેલી હિંસાના સંબંધમાં પોલીસે ૧૩ ફરિયાદો પણ નોંધી હતી.

# અમને મોદી પર શરમ આવે છે : ભારતીય અમેરિકનોએ પીએમ મોદીની હેટ સ્પીચ પર આપી પ્રતિક્રિયા

## હું તમને વિનંતી કરું છું કે તમારા શબ્દોના પરિણામો પર વિચાર કરો અને સમાજના તમામ વર્ગો વચ્ચે સંવાદિતા, સમજણ અને એકતાને પ્રોત્સાહન આપીને વાસ્તવિક નેતૃત્વનું પ્રદર્શન કરો, આપણા રાષ્ટ્રનું ભાવિ વિવિધતાને સ્વીકારવાની અને બધા માટે સમાનતા અને ન્યાયના સિદ્ધાંતોને જાળવી રાખવાની આપણી ક્ષમતા પર આધારિત છે

(એજન્સી) તા.૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જ્યારથી જાહેર મંચ પર મુસ્લિમો અંગે ટિપ્પણી કરી છે અને તેમણે ઘૂસણખોરો તથા વધુ બાળકો પેદા કરતાં ગણાવ્યાં છે ત્યારથી તેમની ચોતરફી ટીકાઓ થઈ રહી છે. આ મામલાને ભાજપના લોકો વધુને વધુ ચગાવવાનો પ્રયાસ પણ કરી રહ્યા છે. આ મામલે હવે વિદેશથી પણ પ્રતિક્રિયા આવવા લાગી છે. અમેરિકાથી ભારતીય અમેરિકનોએ હવે આ મામલે પ્રતિક્રિયા આપતાં ભારે નારાજગી વ્યક્ત કરી હતી અને તેમણે પીએમ મોદીને તેમની આવી સ્પીચ પર પરિણામો ભોગવવાની ચેતવણી આપી હતી.



મારા હૃદયમાં નિરાશા અને ભારેપણુંની ગહન ભાવના સાથે હું ચૂંટણી પ્રચાર દરમિયાન મુસ્લિમો વિશેની તમારી તાજેતરની ઉશ્કેરણીજનક ટિપ્પણીઓ અંગે મારી નિરાશા વ્યક્ત કરવા માટે લખું છું. રાજસ્થાનના બાંસવાડામાં માત્ર બે દિવસ પહેલા બોલાયેલા તમારા શબ્દોએ વૈશ્વિક સ્તરે નાગરિકોમાં આક્રોશ અને ઊંડી ચિંતા જગાવી છે. એક ભારતીય અમેરિકન તરીકે, હું તમારા કાર્યોમાં શરમ અને નિરાશાની લાગણી અનુભવું છું, જેના કારણે આપણું માથું નીચું થઈ ગયું છે. જ્યારે અમે અમેરિકામાં આવીએ છીએ અને પાંચ વર્ષમાં અમેરિકી નાગરિક બનીએ છીએ, ત્યારે અમને અમેરિકન નાગરિક તરીકેના તમામ અધિકારો અને વિશેષાધિકારો આપવામાં આવે છે. તેમ છતાં, તમે ભારતના ૨૦૦ મિલિયન મુસ્લિમોને સંબોધો છો જેઓ ત્યાં સદીઓથી ઘૂસણખોરો તરીકે રહે છે. આ ખરેખર શરમજનક છે મોદીજી.

વિશ્વની સૌથી મોટી લોકશાહીના નેતા તરીકે, તે મહત્વપૂર્ણ છે કે તમે તમામ સમુદાયો માટે સર્વસમાવેશકતા, સહિષ્ણુતા અને આદરના મૂલ્યોને જાળવી રાખો. જો કે, તમારી વિભાજનકારી કાવતરાં માત્ર આ સિદ્ધાંતોનો વિરોધાભાસી નથી પરંતુ હાલના તણાવને પણ વધારે છે, ભય અને અવિશ્વાસનું વાતાવરણ બનાવે છે. તે ચિંતાજનક છે કે ભારત જેવા વૈવિધ્યસભર અને બહુલતાવાદી દેશમાં તમે રાજકીય લાભ માટે આવી વિભાજનકારી યુક્તિઓનો આશરો લેશો. તમારા શબ્દોમાં સાંપ્રદાયિક તંગદિલી ફેલાવવાની, વિખવાદ વાવવાની અને આપણા લાખો સાથી નાગરિકોની સુરક્ષાને જોખમમાં મૂકવાની ક્ષમતા છે.

તદુપરાંત, તમારી ટિપ્પણી માત્ર ઉશ્કેરણીજનક જ નથી પણ પાયાવિહોણી અને ભેદભાવપૂર્ણ પણ છે. તેઓ હાનિકારક સ્ટીરિયોટાઈપ્સને કાયમી બનાવે છે, અયોગ્ય રીતે સમગ્ર સમુદાયને લક્ષ્ય બનાવે છે અને આપણા સમાજમાં મુસ્લિમોને હાંસિયામાં ધકેલવામાં ફાળો આપે છે. તમામ નાગરિકોના અધિકારો અને ગરિમાનું રક્ષણ કરવાની જવાબદારી સોંપવામાં આવેલ નેતા તરીકે, તે આવશ્યક છે કે તમે તમારી દુઃખદાયક ટિપ્પણી માટે માફી માગો અને કોઈપણ પ્રકારના ભેદભાવ અથવા પૂર્વગ્રહની સ્પષ્ટ નિંદા કરો. હું તમને વિનંતી કરું છું કે તમારા શબ્દોના પરિણામો પર વિચાર કરો અને સમાજના તમામ વર્ગો વચ્ચે સંવાદિતા, સમજણ અને એકતાને પ્રોત્સાહન આપીને વાસ્તવિક નેતૃત્વનું પ્રદર્શન કરો. આપણા રાષ્ટ્રનું ભાવિ વિવિધતાને સ્વીકારવાની અને બધા માટે સમાનતા અને ન્યાયના સિદ્ધાંતોને જાળવી રાખવાની આપણી ક્ષમતા પર આધારિત છે.

# આસામમાં બીજા તબક્કાના મતદાનમાં મુસ્લિમ મતદારો નિર્ણાયક ભૂમિકા ભજવશે

## આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાની નીતિ સ્પષ્ટ છે, મુસ્લિમ પ્રભુત્વ ધરાવતા પ્રદેશોમાં રેલીઓને સંબોધતા મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, તેમની સરકારી યોજનાઓમાં કોઈ ભેદભાવ નથી અને લઘુમતી સમુદાયોના લોકો કલ્યાણના મુખ્ય લાભાર્થી છે


(એજન્સી) તા.૨૪

આસામમાં મતદાનનો સૌથી રસપ્રદ તબક્કો ચાલી રહ્યો છે, મુસ્લિમ મતદારો પાંચમાંથી ત્રણ લોકસભા મતવિસ્તારોમાં નિર્ણાયક ભૂમિકા ભજવે તેવી અપેક્ષા છે. કરીમગંજ, સિલચર (દક્ષિણ આસામની બંગાળી બહુમતી બરાક ખીણ), નાગાંવ, દરરંગ-ઉદલગુરી અને દીપુ જેવા પાંચ મતવિસ્તારના લોકો તેમના મતાધિકારનો ઉપયોગ કરશે. નાગાંવ કોંગ્રેસ પાસે છે જ્યારે અન્ય ભાજપ પાસે છે. દીપુ સીટ અનુસૂચિત જનજાતિ માટે અનામત છે, અન્યમાં બંગાળી ભાષી મુસ્લિમ વસ્તી નોંધપાત્ર છે. સિલચર અને કરીમગંજ સીટ પર બંગાળી હિંદુઓ પણ મોટી સંખ્યામાં મતદારો છે.

કરીમગંજ ૫૫.૭%થી વધુ મુસ્લિમ મતદારો છે, સિલચરમાં ૪૦% કરતા ઓછા, નાગાંવમાં ૫૮% અને દરરંગ-ઉદલગુરીમાં લગભગ ૪૦% મુસ્લિમ છે. કેટલાક મુસ્લિમ બહુમતી ધરાવતા વિધાનસભા વિભાગો, જે અગાઉના કાલિયાબોર સંસદીય બેઠકના ભાગ હતા, ગયા વર્ષની સીમાંકન કવાયત બાદ નાગાંવ બેઠકમાં ઉમેરવામાં આવ્યા હતા, જેનાથી તેના મુસ્લિમ મતદારોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો હતો.

મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વા સરમાએ જાહેર કર્યું હતું કે, પક્ષ ક્યારેય ‘મિયાં’ અથવા બંગાળ મૂળના મુસ્લિમો પાસેથી મત માંગશે નહીં. આ સમુદાય રાજ્યના ત્રણ મુસ્લિમ જૂથો પૈકી એક છે, અન્ય બે સ્વદેશી આસામી મુસ્લિમો અને હિન્દીભાષી મુસ્લિમો છે. તે મુસ્લિમો રાજ્યની વસ્તીના ૩૪ ટકાથી વધુ છે, જેમાં બંગાળ મૂળના સમુદાયનો સૌથી મોટો હિસ્સો છે.

વિધાનસભા અને સંસદીય બેઠકોના સીમાંકન બાદ કેટલાક મતવિસ્તારોમાં ચૂંટણીના સમીકરણો બદલાયા છે. નાગાંવની કેટલીક વિધાનસભા બેઠકો હોજાઈ અને લુમડિંગ, જેમાં મોટી સંખ્યામાં બંગાળી મૂળના હિંદુ મતદારો હતા અને ભાજપનો ગઢ હતો, તેને સંલગ્ન કાઝીરંગા સંસદીય મતવિસ્તાર સાથે જોડવામાં આવી છે. ગયા વર્ષની સીમાંકન કવાયત્ પછી નાગાંવમાં આઠ વિધાનસભા વિસ્તારો છે. ભાજપ પાસે જાગીરોડ, નાગાંવ અને મેરીગાંવ છે, જ્યારે લહરીઘાટ,



રૂપાહીહાટ, સામગુરી, રાહા અને બટાદ્રાવા કોંગ્રેસ પાસે છે અને ધિંગ એઆઈયુડીએફ પાસે છે.

મુસ્લિમ બહુમતી ધરાવતા ધુબરીમાં AIUDFના વડા બદરૂદ્દીન અજમલ આ બેઠક પરથી ત્રણ વખત ચૂંટાઈ આવ્યા છે, તેઓ કોંગ્રેસના ધારાસભ્ય રકીબુલ હુસૈન સામે લડશે. ભાજપે આ બેઠક રાજ્યમાં શાસક સાથી અસોમ ગણપરિષદ (એજીપી) માટે અલગ રાખી છે, જેણે જાવેદ ઈસ્લામને મેદાનમાં ઉતાર્યા છે.

આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાની નીતિ સ્પષ્ટ છે. મુસ્લિમ પ્રભુત્વ ધરાવતા પ્રદેશોમાં રેલીઓને સંબોધતા મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, તેમની સરકારી યોજનાઓમાં કોઈ ભેદભાવ નથી અને લઘુમતી સમુદાયોના લોકો કલ્યાણના મુખ્ય લાભાર્થી છે. મુખ્યમંત્રીએ પુનરોચ્ચાર કર્યો છે કે, રાજ્ય સરકારે તેમને નોકરીઓ, રસ્તાઓ અને સ્થાનિક ભ્રષ્ટાચારથી મુક્તિ આપી છે.

AIUDF લોકસભાની ૧૪માંથી ૩ સીટો - ધુબરી, નાગાંવ અને કરીમગંજ પર ચૂંટણી લડી રહી છે. AIUDFના વડા બદરૂદ્દીન અજમલે તાજેતરમાં કહ્યું કે, અમે ત્રણેય બેઠકો જીતીશું. અમે કોંગ્રેસને અન્ય ૧૧ બેઠકો આપી દીધી છે. સિલચરમાં સુક્લાબૈદ્ય અને કોંગ્રેસના સૂર્યકાંતા સરકાર વચ્ચે મુકાબલો થશે.

# મોરબી ખાતે રામનવમી શોભાયાત્રા વેળા આપ (સ.અ.વ.) સાહેબની શાનમાં ગુસ્તાખી કરનાર કટ્ટરવાદી આરતીના આગોતરા જામીન નામંજૂર

(સંવાદદાતા દ્વારા)

મોરબી, તા.૨૪

મોરબી ખાતે રામનવમીની શોભાયાત્રા દરમિયાન ઈસ્લામ ધર્મના પયગમ્બર આપ (સ.અ.વ.)ની શાનમાં ગુસ્તાખી કરનાર કટ્ટરવાદી મહિલા આરતી જાકાસણીયાની આગોતરા જામીન અરજી સ્થાનિક કોર્ટે નામંજૂર કરી છે.

મોરબીમાં તા.૧૭ એપ્રિલના રોજનો રામનવમીનો નિમિત્તે શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રા દરમિયાન મચ્છીપીઠ મુસ્લિમ વિસ્તારમાં ગેબનશાહપીરની દરગાહ ચોકમા સિલેકટેડ સ્થળે શોભાયાત્રા પહોંચતા કટ્ટરવાદી મહિલા આરતી નીલેશભાઈ જાકાસણીયાએ શોભાયાત્રાના ડી.જે. સાઉન્ડમાં ભજન ચાલુ હોય તે બંધ કરી પોતાના હાથમાં માઈક્રોફોન લઈને મુસ્લિમ ધર્મની લાગણી દુભાય અને બંને કોમ વચ્ચે ધિક્કાર અને દુશ્મનાવટ ઊભી થાય તેવા હેતુથી ઈસ્લામ ધર્મના પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સાહેબ વિશે અવિવેકી નારાઓ લગાવી વૈયમનસ્ય ઊભું કરવા અને સુલેહશાંતીનો ભંગ થાય તેવા બદ ઈરાદાથી નારાઓ લગાવી બદ કૃત્ય કરતા પોલીસે અજાણી મહિલા વિરૂદ્ધ ભારતીય દંડ



સહિતાની કલમ-૧૫૩ (એ) ૨૯૫ (એ) ૫૦૪ મુજબ ગુનો નોંધ્યો હતો.

રામનવમીની શોભાયાત્રા દરમિયાન ઈસ્લામ ધર્મના મહાન પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સાહેબના નામથી અવિવેકી શબ્દો ઉચ્ચારી નારાઓ લગાવતા મુસ્લિમોની લાગણી દુભાતા મુસ્લિમ અગ્રણીઓ અને યુવાનોના ટોળેટોળા એકત્ર થતા એ ડિવિઝનના પી.આઈ.હુકુમતસિંહ જાડેજા અને મોરબી શહેર ખતીબ અબ્દુલ રશીદમિયાં બાપુ તેમજ મુસ્લિમ અગ્રણીઓએ મામલો થાળે પાડ્યો હતો અને બીજા દિવસે મુસ્લિમ સમાજના ધર્મગુરૂઓ અને સમાજના અગ્રણીઓ બહોળી સંખ્યામા એ-ડિવિઝન પોલીસ મથકે આ બનાવની પોલીસ ફરિયાદ નોંધાવવાની રજૂઆત કરવા જતા પીઆઈએ સંતોષકારક જવાબ આપી તટસ્થ કામગીરીના ભાગરૂપે બનાવની પોલીસે આરોપી વિરૂદ્ધ ગુનો રજિસ્ટ્રર કર્યો હતો પરંતુ આ કોમી એકતા તોડવાના પ્રયાસ રૂપે બફાટ સાથે નારા બોલી હઝરત મુહમ્મદ પયગમ્બર (સ.અ.વ) સાહેબની શાનમા ગુસ્તાખી કરનાર આરોપી વિધર્મી મહિલા અને તેના પરદા પાછળ ભુમીકા ભજવતા માથાઓ કોણ છે તેની તટસ્થ પણે તપાસ કરી અટક કરવા મુસ્લિમ સમાજે રજૂઆત કરી હતી.

ત્યારે વિધર્મી મહિલા આરોપી આરતી નિલેશભાઈ જાકાસણીયાએ તેના વકીલ મારફતે મોરબીની કોર્ટમાં આગોતર જામીન અરજી લાખલ કરતા ફરિયાદી ફારૂકભાઈ આદમભાઈ અધામના વકીલ અને તેની સાથે મુસ્લિમ સમાજના વકીલો ફરિયાદી તરફે જવાબ વાંધામાં વકીલાતનામુ મૂક્યું હતું અને વાંધા જવાબો રજૂ કરતા કોર્ટે મહિલા આરોપી આરતી નીલેશભાઈ જાકાસણીયાના આગોતર જામીન નામંજૂર કર્યા હતા. હવે જોવાનુ એ રહ્યું કે એ-ડિવિઝન પોલીસ આરોપીની ધરપકડ કરશે ? કે પછી ફરી રાજકીય અને સંગઠનના દબાણથી હાથ પર હાથ રાખીને બેસી રહેશે તેવી મુસ્લિમ સમાજમાં ચર્ચા જાગી હતી.

## ભરૂચના દયાદરા-નબીપુરમાં જમીન સંપાદન મામલે વળતરની રકમમાં અનેક ગણો વધારો

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૪

ભરૂચ તાલુકામાં આવેલ દયાદરા-કુવાદર- નબીપુરમાં સંપાદિત થયેલી જમીન બદલ દયાદરા -તેમજ નબીપુર ગામના ખેડૂતોને ઓછું વળતર ચુકવવામાં આવતાં ખેડૂતો કોર્ટમાં ગયા હતા. જેમાં વકીલ છે. નસીમ જી. કાદરીની દલીલોને કોર્ટે ગ્રાહ્ય રાખી વળતરની રકમમાં અંદાજે ૨૫થી ૫૮ ગણો વધારો કરી હાલની બજાર કિંમત મુજબ ચૂકવણી કરવાનો હુકમ કર્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર ભરૂચ તાલુકાના દયાદરા કુવાદર તેમજ નબીપુર રસ્તાને જોડતા રસ્તાને પહોળો તેમજ મજબુતીકરણ કરવા માટે ખેડૂતોની જમીનો સંપાદિત કરવામાં આવી હતી. જેમાવર્ષ ૨૦૧૨માં ખેડૂતોને ખેતીની જમીન માટે પ્રતિ ચોમી ૩૭.૬૨ રૂપિયા જયારે બિનખેતીની જમીનના ૮૫ રૂપિયા નક્કી કર્યા હતાં. તે પ્રકારે નબીપુર ગામના ખેડૂતોને ખેતીની જમીન માટે ૪૪.૫૦ રૂપિયા પ્રતિ ચો.મી., તથા બિન ખેતીની જમીન માટે



૧૦૭ રૂપિયા નક્કી કરાયાં હતાં. જેની સામે ખેડૂતોએ વિરોધ નોંધાવી વધુ વળતર માટે કોર્ટમાં કેસ રજિસ્ટર કરાવ્યો હતો. જેમાં બન્ને કેસમાં એડવોકેટ ડો. નસીમ જી. કાદરી દ્વારા કોર્ટમાં જરૂરી પુરાવા રજૂ કરવા સાથે દલીલો રજૂ કરી હતી. જેને ધ્યાનમાં રાખી ભરૂચની એડિશનલ સિનિયર સિવિલ કોર્ટના જજ એસબી મહેતાએ બંને કેસમાં વળતર વધારાનો હુકમ કર્યો હતો. જેમાં દયદારાના ખેડૂતોને ખેતીની જમીન માટે પ્રતિ ચો.મી. ૨૧૪૫.૦૭ તેમજ બીન ખેતી જમીનને પ્રતિ ચો.મી. ૨૧૯૨.૪૫ રૂપિયા ઉપરાંત નબીપુરની સંપાદિત જમીન માટે ૧૨૮૫.૫૦ રૂપિયાનું વળતર ચુકવવા માટે હુકમ કર્યો હતો.

### બે મજૂરો સારવાર હેઠળ ખસેડાયા

# પાલનપુરના બાદરપુરાની પેપર મિલમાં ગેસ ગૂંગળામણથી ત્રણ મજૂરોનાં મોત

**મૃતકોનાં નામ**

૧. મનોજ રામ
૨. જયપ્રકાશ પાલ
૩. અજાણ્યો વ્યક્તિ



(તસવીર : અખ્તર ચૌહાણ, પાલનપુર)

(સંવાદદાતા દ્વારા)

પાલનપુર, તા.૨૪

પાલનપુરના બાદરપુરાની મહેશ્વરી પેપર મિલમાં ગેસ ગૂંગળામણથી ૩ મજૂરોના મોત નીપજ્યાં હતા. જ્યારે બે મજૂરો ને અસર થતાં સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયા હતા. પાલનપુર ડીસા હાઈવે પર આવેલા બાદરપુરા ગામ પાસે આવેલી મહેશ્વરી પેપર મિલમાં પેપર પલાડવા માટે ૪ કુંડીઓ બનાવી છે. જો કે, સપ્તાહથી મિલ બંધ હોવાથી અચાનક ગેસ એકઠો થયો હતો. ત્યારે ગત રાત્રે કુંડીમાં ઉતરેલા એક મજૂરનો શ્વાસ રૂંધાતા તે બેહોશ થઈ ગયો હતો. જેને બહાર કાઢવા અન્ય મજૂરો અંદર ઉતર્યા હતા પણ તેઓ પણ ગુંગળામણથી બેહોશ થઈ ગયા હતાં. દરમિયાન ૧૦૮ અને ફાયર વિભાગે દોડી આવી રેસ્ક્યુ હાથ ધર્યું હતું. જેમાં કુંડીમાંથી બહાર કાઢેલા ૫ મજૂરોને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં ફરજ પરના તબીબે ત્રણ મજૂરોને મૃત જાહેર કર્યા હતા. જો કે, અન્ય બે મજૂરો સારવાર હેઠળ છે. જેઓની તબિયત સુધારા પર છે. ત્યારે સમગ્ર મામલે ગઢ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી વિશે અભદ્ર વાણીવિલાસ કરનાર

# ભાજપના ભાયાણીના જૂનાગઢ જિલ્લામાં પ્રવેશ પર પ્રતિબંધની કોંગ્રેસ અગ્રણીઓ દ્વારા માગણી

### ભૂપત ભાયાણી સામે તાત્કાલિક ફોજદારી રાહે ગુનો દાખલ કરવા મુખ્ય નિર્વાચન અને ચૂંટણી વિભાગના સચિવ, જિલ્લા ચૂંટણી અધિકારીને પત્ર પાઠવી રજૂઆત કરાઈ

જૂનાગઢ, તા.૨૪

તાજેતરમાં વિવાદસર ખાતે ભાજપના ચૂંટણી કાર્યાલયના ઉદ્‌ઘાટન પ્રસગે યોજાયેલી સાભામાં ભાજપના વધુ એક નેતા ભુપત ભાયાણીએ રાહુલ ગાંધી વિશે વાણીવિલાસ કરતા તેના ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. રાહુલ ગાંધી સામે અભદ્ર ટિપ્પણી કરનાર ભૂપત ભાયાણી સામે ફોજદારી રાહે ગુનો દાખલ કરી તેમજ જ્યાં સુધી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી જૂનાગઢ જિલ્લામાં તેના પ્રવેશ ઉપર પ્રતિબંધ મૂકવાની માગણી જૂનાગઢ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ભરતભાઈ અમીપરા તેમજ જિલ્લા કોંગ્રેસ સમિતિના મહામંત્રી વી.ટી. સીડા દ્વારા કરવામાં આવી છે. આ અંગે ઉચ્ચ કક્ષાએ પત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી છે.

લોકસભા ચૂંટણીનો માહોલ ગરમા ગરમ રીતે ચાલી રહ્યો છે ત્યારે રાજકીય પક્ષોના ખાસ કરીને ભાજપ કથિત નેતાઓના વાણીવિલાસના કારણે ચૂંટણીના માહોલમાં વિવાદના પડઘા ગુંજી રહ્યા છે. રાજકોટની લોકસભાની બેઠકના ભાજપ ઉમેદવાર પરષોત્તમ રૂપાલાએ રાજા રજવાડા અંગેની કરેલી ટિપ્પણીને લઈને ક્ષત્રિય-રાજપૂત સમાજ ભારે નારાજ છે અને તેના પડઘા ગુજરાત સહિત દેશભરમાં પડી રહ્યા છે અને ક્ષત્રિય સમાજનું આંદોલન સતત ચાલુ રહ્યું છે. આ બનાવ હજુ શાંત પડ્યો નથી ત્યાં તાજેતરમાં વિસાવદર ખાતે ભાજપના ચૂંટણી કાર્યાલના ઉદ્‌ઘાટન વખતે જિલ્લા ભાજપ પ્રમુખ કિરીટ પટેલે રાજાઓની પટરાણીઓ અંગે જે નિવેદન કરેલ હતું તેનો પણ ભારે વિરોધ થયો છે. જો કે, કિરીટ પટેલે માફી માંગતી પોસ્ટ પણ જારી કરી હતી. દરમિયાન કિરીટ પટેલે કરેલ વિવાદિત નિવેદન અંગે કેશોદના અલ્પેશ ત્રાંબડિયાએ કિરીટ પટેલ સામે આચારસંહિતા ભંગની ફરિયાદ કરી છે. દરમિયાન વિસાદવર ખાતેની જ ભાજપના ચૂંટણી કાર્યાલય ઉદ્‌ઘાટન વખતે યોજાયેલી સભામાં ભૂપત ભાયાણીએ રાહુલ ગાંધી ઉપર ટિપ્પણી કરતા વિવાદ સર્જાયો છે અને ભૂપત ભાયાણી સામે ફોજદારી રાહે ગુનો દાખલ કરવાની માગણી ઉઠવા પામી છે. જૂનાગઢ જિલ્લા કોંગ્રસ પ્રમુખ ભરતભાઈ અમીપરા તથા જૂનાગઢ કોંગ્રેસ સમિતિના મહામંત્રી વી.ટી. સીડાએ એક વિસ્તૃત પત્ર મુખ્ય નિર્વાચન અને સચિવ ચૂંટણી વિભાગ ગુજરાત રાજય ગાંધીનગર તથા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર જૂનાગઢને પત્ર પાઠવી રજૂઆત કરતા જણાવેલ છે કે, લોકસભા ૨૦૨૪ની ચૂંટણીના અનુસંધાને આદર્શ આચારસંહિતા અમલમાં છે ત્યારે સતાના મદમાં આવી અને ભૂપત ભાયાણીએ રાહુલ ગાંધી વિશે જે નિવેદન કરેલ છે તેનો સખત શબ્દોમાં વખોડી કાઢવામાં આવેલ છે. એટલું જ નહીં ભૂપત ભાયાણી ગત વિધાનસભા ૨૦૨૨માં ચૂંટાઈ આવીને વિસાવદર અને ભેંસાણની જનતાને પણ દ્રોહ કરી એક જ વર્ષમાં ભાજપમાં ભળી જઈને દ્રોહ અને ગદ્દારી કરી છે.

વિસાવદર અને ભેંસાણની જનતા સાથે વિશ્વાસઘાત કરનાર ભુપત ભાયાણીએ દેશમાં જે પરિવારે બલીદાન આપેલ છે તેવા ગાંધી પરિવારના સભ્ય અને કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ અગ્રણી એવા રાહુલ ગાંધી વિરૂદ્ધ વાણીવિલાસ કરેલ છે તેને સખત શબ્દોમાં વખોડી કાઢી ભાજપના ભૂપત ભાયાણી સામે તાત્કાલિક ફોજદારી રાહે ગુનો દાખલ કરવાની માગણી કરી છે, એટલું જ નહીં ચૂંટણીની પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી ભુપત ભાયાણી જૂનાગઢ જિલ્લામાં પ્રવેશ પર પ્રતિબંધ મૂકવાની પણ માગણી કરવામાં આવી છે.

### હનુમાન જયંતી નિમિત્તે

# પોલીસની મનાઈ છતાં જોર-જોરથી સ્પીકર વગાડવા તથા ફટાકડા ફોડતા પૂજારીની અટકાયત

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા. ૨૪

હનુમાન જયંતિ નિમિતે શહેરમાંથી શોભાયાત્રા નીકળનારી હોય પોલીસ દ્વારા ફટાકડા ફોડવા તથા સ્પીકર જોરશોરથી વગાડવા મનાઇ ફરમાવી હતી. તેમ છતાં ફતેપુરા મંદિરના પુજારીએ ફટાકડા ફોડી સ્પીકર વગાડતા પોલીસે તેને પકડ્યો હતો. જેથી મંદિરના ભક્તો સહિતના લોકોએ

**જો કે પૂજારી સામે કોઈ ગુનો દાખલ ન કરાયો**

પોલીસને ઘેરી લીધી હતી અને ભારે ઉહાપોહ મચાવ્યો હતો. જેને લઇને આવેલી શોભાયાત્રાના પણ રોકવી પડી હતી. ફતેપુરા ચાર રસ્તા પાસેના મહાદેવના મંદિરના પુજારીએ સ્પીકર પર ગીત વગાડી રોડ પર ફટાકડા ફોડ્યા હતા. જેને લઈને પોલીસ તાત્કાલિક સ્થળ પર દોડી ગઇ હતી અને પુજારીને સિટી પોલીસ સ્ટેશનમાં લઇ ગઇ હતી. જેના પગલે મંદિરના અન્ય ભક્ત સહિતના લોકો દ્વારા પોલીસને ઘેરી લીધી હતી અને ઉહાપોહ મચાવી દીધી હતી. જોકે પોલીસ સુત્રોમાંથી જાણવા મળ્યા મુજબ મંદિરના પુજારીને માત્ર લઇ જવામા આવ્યા હતા. તેની સામે કોઇ ફરિયાદ કે ગુનો દાખલ કરવામાં આવ્યો નથી.

### સ્વાગત રેસિડેન્સી સોસાયટી, કઠોર દ્વારા

# કામરેજ તાલુકાના કઠોર ખાતે એક દિવસીય રમતોત્સવ યોજાયો



(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૪

સુરત જિલ્લાના કામરેજ તાલુકાના કઠોર ખાતે આવેલ સૌથી મોટી સ્વાગત રેસીડન્સી સોસાયટી દ્વારા એક દિવસના રમોત્સવનું સોસાયટીના રહીશો, વડીલો અને બાળકોની હાજરીમાં આયોજન કરવામાં આવ્યું હતું. આ રમોત્સવમાં ૦૫ વર્ષના બાળકથી ૧૭ વર્ષ સુધીના કિશોરોએ લીંબુ ચમચી, કોથળા કુદ, સ્કેટીંગ, સંગીત ખુરશી, બેડમીન્ટન જેવી રમતોમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો. સ્કેટીગની રમત સોસાયટીમાં આકર્ષકનું કેન્દ્ર બની હતી. વિજય થયેલાઓને આયોજકો દ્વારા મોમેન્ટો, મેડલ, તેમજ પુષ્પ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. આયોજકોએ પ્રસંગને અનુરૂપ પ્રવચન આપી જણાવ્યુ હતુ કે સમાજ અને સોસાયટીમાં એકતા અને સાફ સફાઈનું મહત્ત્વ સમજાવી સંગઠીત સમાજ હંમેશા વિકાશીલ હોય છે તેમ સમાજને સંદેશ આપેલ હતો. અંતે યાસીનભાઈ મુલ્તાનીએ સુંદર આયોજન બદલ ઈલ્યાસભાઈ શેખ - પ્રમુખ, જુબેર શેખ – ઉપ પ્રમુખ, ફીરોજ પટેલ - ખજાનચી, રમઝાનભાઈ પરમાર - સેક્રેટરી, સભ્યો આરીફભાઈ મેતર, શરીફ બત્તીવાલા, અજમલ મામું, અફઝલ મહીડા, હારૂનભાઈ, યુસુફ ફુટવાલા, ઉસ્માનભાઈ, પ્રોગ્રામ કનવીનર અતીક વહોરા, ઉવેશવહોરા, મૌલાના જાવીદ સીદીકી, આમીર સીદીકી સહીત હાજર તમામ રહીશો, બાળકો અને સાથ સહકાર આપનાર તમામ બિલ્ડીગના પ્રમુખોનો આભાર વ્યકત કરી પ્રોગ્રામનું સમાપન કરવામાં આવ્યું હતું. અમે સ્વાગત રેસીડેન્સીના પ્રમુખ - સેક્રેટરીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# વડોદરા વોર્ડ નં. ૧૦ના ભાજપના કાર્યકરોની દાદાગીરી પાનની દુકાનવાળાને ધમકાવતો વીડિયો વાયરલ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૪

વડોદરામાં વોર્ડ નંબર ૧૦ના ભાજપના બે કાર્યકરોની દાદાગીરી સામે આવી છે તેઓને દાદાગીરીનો વીડિયો સીસીટીવી કેમેરામાં કેદ થયો છે, જેમાં એક કાર્યકર દુકાન બંધ કરાવી દેવાની ધમકી આપે છે.

લોકસભાની ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટી દ્વારા ફેરણી કાઢવામાં આવી રહી છે. દરમિયાન વોર્ડ નંબર ૧૦માં એક દુકાનદાર સામે ભાજપના બે કાર્યકર્તાઓ દાદાગીરી કરતા હોવાનો વીડિયો સામે આવ્યો છે. આ બંને કાર્યકરોએ પાનના સંચાલક પાસે ખુરશી માંગી હતી. દુકાનદારે ખુરશી આપી હતી તેમ છતાં બંને કાર્યકરો ઉશ્કેરાઈ ગયા હતા અને દુકાનદાર સાથે બોલાચાલી કરી હતી. આ બંને કાર્યકરોના નામ બ્રિજેશ કાપડિયા અને વિક્રમ હોવાનું બહાર આવ્યું છે. આ પૈકી વિક્રમ દુકાનદારને દુકાન બંધ કરાવી દેવાની ધમકી આપતો હોવાનું પણ વીડિયોમાં જોવા મળી રહ્યું છે. જો કે, આ તમામ બાબતમાં વોર્ડ નંબર ૧૦ના કોર્પોરેટર મુક પ્રેક્ષક બનીને ઊભા રહ્યા હતા. આ ઘટના બાદ પાલિકાએ આ દુકાનદારને ૨૦૦૦નો દંડ પણ ફટકાર્યો હોવાનું જાણવા મળી રહ્યું છે.

### તાંદલજા પત્રકાર કોલોનીમાં

# ડ્રેનેજની સમસ્યાના પગલે લોકોમાં રોષ : ચૂંટણી બહિષ્કારની ચીમકી

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૪

વડોદરાના તાંદલજા વિસ્તારમાં ડ્રેનેજ લાઈનની સમસ્યા છેલ્લા ૬ મહિનાથી છે. ૫ ચેમ્બર બેસી જતા લોકોના ઘરના શૌચાલયમાં પાણી ઉભરાઈ રહ્યા છે. અનેકવિધ રજૂઆતો કરવા છતાં કોઈ નિરાકરણ ન આવતા સ્થાનિકોએ હવે ચૂંટણીના બહિષ્કારની ચીમકી ઉચ્ચારી છે. તાંદલજા વિસ્તારમાં આવેલી પત્રકાર કોલોની ખાતે છેલ્લા છ મહિનાથી ગટરની સમસ્યાથી લોકો પરેશાન થઇ ઉઠ્યા છે. આ વિસ્તારમાંથી પસાર થતી ગટરના ૫ ચેમ્બર તૂટી જતા ગટરલાઇન ઊભરાઈ રહી છે. સ્થાનિકો દ્વારા અનેકવિધ રજૂઆતો કરવામાં આવી હતી



શહેરના તાંદલજા વિસ્તારમાં પત્રકાર કોલોની માં છેલ્લા ૬ મહિના થી ડ્રેનેજની સમસ્યાના પ્રશ્ને મહિલા દ્વારા વિરોધ પ્રદર્શન કરી રોષ વ્યક્ત કરવામાં આવ્યો છે. **(તસવીર : અતિક શેખ, વડોદરા)**

છતાં સમસ્યા ઠેરની ઠેર છે. ઓનલાઇન પણ ફરિયાદો અનેકવાર કરવામાં આવી હતી, પરંતુ તેનું કોઈ નિરાકરણ આવ્યું નથી. વોર્ડ ૧૧ની કચેરી ખાતે રજૂઆતો કરવા જાય, ત્યારે ત્યાંથી ઉડાઉ જવાબ મળતા હોવાનું પણ સ્થાનિકોએ જણાવ્યું હતું. ત્યારે સ્થાનિકોએ પોતાની સમસ્યાનું જો નિરાકરણ નહિ આવે તો આગામી લોકસભાની ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી છે.



કારેલીબાગ વિસ્તારમાં લાઈનમાં ભંગાણના પગલે હજારો લિટર પાણી વહી વેડફાઈ રહ્યું છે, પરંતુ તંત્ર ઘોર નિંદ્રામાં છે.
(તસવીર : અતિક શેખ, વડોદરા)

## વડોદરાના કારેલીબાગમાં ભરઉનાળે વહેતી નદી : હજારો લિટર પાણીનો વેડફાટ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૪

સ્માર્ટ સિટી તરીકે ઓળખાતા વડોદરા શહેરમાં કારેલીબાગમાં ભર ઉનાળે નદીઓ વહી રહી છે. નાના ભૂલકાંઓ પાણીમાં રમતા જોવા મળ્યા છે, આ જોઈને કારેલીબાગના મનપાના અધિકારીઓ ઘોર નિંદ્રામાં દેખાઈ રહ્યાં છે. કાળઝાળ ગરમીમાં હજારો લિટર પાણીનો વેડફાટ થતાં રહેવાસીઓ રોષે ભરાયાં છે. એક બાજુ પાણી બચાવોની મોટી મોટી વાતો કરતી અને જાહેરાતો પાછળ લાખો રૂપિયાનો બગાડ રાજ્ય સરકાર કરે છે. બીજુંબાજુ લોકોને પીવાનું પાણી મળી રહ્યું નથી તો કારેલીબાગ મનપાના અધિકારીઓ ઘોર નિંદ્રામાં છે. અધિકારીની સામે પાણીની ટાંકીમાંથી પાણી વહી રહ્યું છે. નાગરિકોને પીવાનું પૂરતું પાણી આપી ન શકનાર સત્તાધીશો સામે પર નાગરિકોએ પાણીના વેડફાટ પર સવાલો ઉઠાવ્યા છે.

# સુરતના સચિન GIDCમાં ઊભેલા ડમ્પરમાં મોપેડ ઘૂસતાં એકનું મોત

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૪

સચિન જીઆઇડીસી વિસ્તારમાં દીપલી ચાર રસ્તા પાસેથી નજીકમાં એક ડમ્પર રોડની સાઈડમાં બંધ હાલતમાં પડ્યું હતું. આ દરમિયાન મોપેડ પર આવેલા બે મિત્રોની ગાડી અચાનક જ ઉભેલા ડમ્પરમાં ઘૂસી જતા બંને મિત્રોને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેમાં ચાલક યુવકનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું કરૂણ મોત નીપજયું હતું. જયારે તેના મિત્રને શરીરને ગંભીર ઈજાઓ થઈ હોવાથી તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. બનાવને પગલે સચિન જીઆઇડીસી પોલીસે મૃતક સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સચિન વિસ્તારમાં રહેતો જૈવિક શૈલેષભાઈ દુધાત્રા અને તેનો મિત્ર ક્રિષ્ના બંને પોતાની એક્ટિવા લઈ કોઈ કામ માટે જવા નીકળ્યા હતા. જૈવિકના મોતથી પરિવારમાં શોકની કાલીમા છવાઇ ગઇ હતી. આ બનાવને પગલે સચિન પાલડી કણદે પાસે યોગેશ્વર પાર્કમાં રહેતા તેના કાકા મિહિરભાઈ વિઠ્ઠલભાઈ દુધાત્રા એ આ મામલે સચિન જીઆઇડીસી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે જૈવિક દુધાત્રા સામે અકસ્માતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મુંબઈથી ગરૂડેશ્વર ફરવા આવેલા બે સગા ભાઈઓનું નદીમાં ડૂબી જવાથી મોત

### નાના ભાઈને બચાવવા મોટો ભાઈ પણ નદીમાં ઝંપલાવતા બંને ઊંડા પાણીમાં ગરક થયા હતા

રાજપીપળા, તા.૨૪

નર્મદા જિલ્લાના ગરૂડેશ્વરમાં બે ભાઈના મોતની ઘટના સામે આવી છે. મુંબઈથી ફરવા આવેલા પરિવારમાં એક ભાઈને પાણીમાં ડૂબતો જોઈને બીજો ભાઈ પણ ભાઈને બચાવવા માટે પોતાના જીવના જોખમે નદીમા કૂદી ગયો હતો. આ ઘટનામા બંને ભાઈ પાણીમા ગરકાવ થઈ ગયા હતા. ઘટનાની જાણ થતા ગામના લોકો ઘટના સ્થળ પર એકઠા થઈ ગયા હતા. લોકોએ સમગ્ર ઘટનાની જાણ પોલીસને કરતા તેઓ ઘટના સ્થળ પર પહોંચ્યા હતા. સ્થાનિક તરવૈયાની બે કલાક જેટલી મહેનત બાદ બંને ભાઈનો મૃતદેહ પાણીમાથી મળી આવ્યા હતા. પરંતુ પરિવારે બંને દીકરા ગુમાવતા તેમના ઉપર વજ્રઘાત થયો હતો.

મળેલી માહિતી અનુસાર આ ઘટના નર્મદા જિલ્લાના ગરૂડેશ્વરમાં બની હતી. મુંબઈથી એક પરિવાર ગરૂડેશ્વર ફરવા આવ્યો હતો. જ્યાં આ પરિવારનો નાનો દીકરો નદીમા નાહવા ગયો હતો પરંતુ નદીના પાણીમાં તે ડૂબવા લાગ્યો હતો. પાણીમા ડૂબતા નાના ભાઈને બચાવવા માટે મોટોભાઈ પાણીમાં કુદી ગયો હતો. પરંતુ બંને જણા નદીના વહેણમાં ઊંડા પાણીમાં ગરક થતાં કમનસીબે બંને ભાઈઓ ડૂબી જતા બંનેનું મોત થયું હતું.

ત્યારબાદ ઘટના સ્થળ પર લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. અને ગામના લોકોએ આ ઘટનાની જાણ પોલીસને કરતા પોલીસ ઘટના સ્થળ પર પહોંચી હતી. પોલીસની તપાસમા સામે આવ્યું હતું કે, પાણી ડૂબેલા બંને ભાઈઓના નામ વેંકટ રાજુ રાઠોડ ઉ.વ.૨૫ તથા વિશાલ રાજુ રાઠોડ ઉ.વ.૨૨ હાલ રહે.સેક્ટર - ૧૯, ખોપરખેરણે, વસી, નવી મુંબઈ, (મહારાષ્ટ્ર) મૂળ રહે.બનજારાટાંડા, ચિકનાગાવ જી.બિદર (કર્ણાટક) છે.

જ્યારે પોલીસ દ્વારા સ્થાનિક તરવૈયાઓની મદદથી પાણીમા ડૂબેલા બે ભાઈઓની શોધખોળ હાથ ધરતા બે કલાક જેટલી જહેમત બાદ બંને ભાઈઓના મૃતદેહ મળી આવ્યા હતા. બંને યુવકોના મૃતદેહ જોઈને પરિવારે હૈયાફાટ રૂદન કરી મુક્તા સમગ્ર પંથકમાં ગમગીની વ્યાપી હતી અને પરિવારમાં ભારે માતમ છવાયો હતો. ગરૂડેશ્વર પોલીસે અકસ્માત મોત નોંધ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# હાંસોટ તાલુકાની સગીરાનું અપહરણ કરી યુવકે દુષ્કર્મ આચર્યું

અંકલેશ્વર, તા.૨૪

હાંસોટ તાલુકાની એક સગીરાને તેના જ ગામના યુવકે અપહરણ કરી ઝાડીઓમાં લઈ જઈ દુષ્કર્મ આચર્યું હતું. પોલીસે પોસ્કોના ગુના હેઠળ યુવકની ધરપકડ કરી રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી છે. હાંસોટ તાલુકાના એક ગામમાં રહેતા જતિન પટેલ નામના યુવકે તેજ ગામની ૧૭ વર્ષીય સગીરાની એકલતાનો લાભ લઈ બળજબરી યુવકે અપહરણ કરી ઝાડીઓમાં લઈ જઈ દુષ્કર્મ આચર્યું હતું, જે અંગેની જાણ સગીરાએ પરિવારજનો કરતા તેના પરિવારજનોએ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા પોલીસે ગણતરીના કલાકોમાં નરાધમ જતિન પટેલની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. તેમજ આવતીકાલે કોર્ટમાં રજૂ કરી તેના રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

# વિરમગામ હાઈવે પર એસ.ટી. પલટી



વિરમગામ હાઈવે પર જખવાડા ગામ પાસે ઝાલોદથી જામનગર તરફ જતી દાહોદ-જામનગર એસટી બસના ડ્રાઈવરને અચાનક ચક્કર આવતા એસ ટી બસને સાઈડમાં ઊભી રાખવા જતા એસ ટી બસ રોડ સાઈડમાં ખાડામાં ઉતરી ગઈ હતી અને દીવાલ સાથે અથડાઈ હતી. બસના ડ્રાઈવર અને એક મુસાફરને સામાન્ય ઈજાઓ થતાં તાત્કાલિક એમ્બ્યુલન્સ દ્વારા તેમને હોસ્પિટલ ખાતે સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યાં હતા. **(તસવીર : ફારૂક ચૌહાણ, સુરેન્દ્રનગર)**

# સુપ્રીમ કોર્ટની ફટકાર પછી પતંજલિએ બીજી વખત જાહેર માફી છપાવી તે પણ કદમાં મોટી

**સુપ્રીમ કોર્ટે મંગળવારે પતંજલિના વકીલ મુકુલ રોહતગીને કહ્યું હતું કે, 'એવી રીતે માફી શું છપાવાની કે તેને માઈક્રોસ્કોપથી વાંચવી પડે, તમે જે સાઈઝમાં તમારી જાહેરાત છપાવી છે તેના કરતા મોટી સાઈઝમાં માફી પણ છપાવો, અમે એ જોવા માંગીએ છીએ'**

(એજન્સી) મુંબઈ, તા.૨૪

સુપ્રીમ કોર્ટે ભ્રામક જાહેરખબરના કેસમાં આકરી ઝાટકણી કાઢ્યા બાદ પતંજલિ, બાબા રામદેવ અને બાલકૃષ્ણએ વધુ એક 'માફીનામું' છપાવ્યું છે. તેઓ કોર્ટ પાસે બિનશરતી માફી માંગી છે. પતંજલિ પર અખબારોમાં જાહેરાતો આપીને એલોપેથી વિરુદ્ધ નકારાત્મક પ્રચાર કરવાનો આરોપ છે. હાલ આ કેસ સુપ્રીમ કોર્ટમાં સુનાવણી પર છે. ઉલ્લેખનીય છે કે, પતંજલિએ ગઈકાલે નાનું 'માફીનામું' છપાવ્યું હતું, જેના પર કોર્ટે નારાજગી વ્યક્ત કરી પૂછ્યું હતું કે, 'શું તે જાહેરાતની સાઈઝ તેની દવાઓની ભ્રામક જાહેરખબર જેટલી છે?' ત્યારબાદ આ મોટી જાહેરખબર ખબર આપી સાર્વજનીક માફી માંગવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે રામદેવ અને બાલ ક્રિષ્નાને ૩૦ એપ્રિલે કોર્ટમાં હાજર થવા હુકમ કર્યો હતો. પતંજલિએ બુધવારે (૨૪ એપ્રિલ) છપાવેલી 'સાર્વજનિક માફીનામા'માં લખ્યું છે કે, 'અમારા દ્વારા જાહેરાતો પ્રકાશિત કરવામાં થયેલી ભૂલ માટે અમે નિષ્ઠાપૂર્વક અને બિનશરતી માફી માંગીએ છીએ. આવી ભૂલ ફરી નહિ થાય. અમે સુપ્રીમ કોર્ટના નિર્દેશોનું સાવધાની સાથે પાલન કરવાનું વચન આપીએ છીએ.' પતંજલિએ આ પહેલા ૨૨ એપ્રિલે ૬૭ સમાચાર પત્રોમાં સાર્વજનિક માફીનામાની જાહેરખબર આપી હતી અને આવી ભુલ ફરી ભવિષ્યમાં ન કરવાની વાત કહી હતી. પતંજલિએ આ બાબતન માહિતી ૨૩ એપ્રિલે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ હિમા કોહલી અને ન્યાયાધીશ અમાનતુલ્લાહની બેંચને આપી હતી.

રામદેવના વકીલ મુકુલ રોહતગીએ ગઈકાલે કોર્ટ સમક્ષ દલીલ કરી હતી કે, અમે માફીનામુ રજૂ કરી ચૂક્યા છીએ. જેના પર જસ્ટિસ હિમા કોહલીએ પૂછ્યું કે, કાલે કેમ રજૂ કર્યું, હાલ અમે રજૂ કરેલા બંડલો જોઈ શકીશું નહિં. તમારે પહેલેથી જ રજૂ કરવુ હતું. જ્યારે જસ્ટિસ અમાનુલ્લાના માફીનામું ક્યા પ્રકાશિત થયું છે, તેના જવાબમાં રોહતગીએ જણાવ્યું હતું કે, ૬૭ અખબારોમાં પ્રકાશિત કરવામાં આવ્યું છે. જેના પર રૂ. ૧૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. બાદમાં કોહલીએ પૂછ્યું કે, તમારી ભ્રામક જાહેરાતોની સાઈઝમાં જ માફીનામુ પ્રકાશિત કર્યું હતું, તો તેનો જવાબ રોહતગીએ ના આપ્યો હતો.

# સુપ્રીમ કોર્ટના ચુકાદાના બે મહિના પછી ચૂંટણી બોન્ડ યોજનાની તપાસની માંગ કરતી નવી અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ

**અરજીમાં અરજદારોના વકીલ પ્રશાંત ભૂષણે જણાવ્યું હતું કે, કૌભાંડની હદનો નિર્ણય ફક્ત રૂા.૧૬,૫૦૦ કરોડના આંકડાના આધારે ન થવો જોઈએ, જે તમામ રાજકીય પક્ષો દ્વારા ચૂંટણી બોન્ડ દ્વારા એકત્રિત કરવામાં આવેલા ભંડોળનું પ્રતિનિધિત્વ કરે છે, તેમણે ધ્યાન દોર્યું કે દરેક રૂા.૧૦૦૦ કરોડના ઈલેક્ટોરલ બોન્ડ્સ માટેઆ બોન્ડ ખરીદનારી કંપનીઓએ તે રકમના ઓછામાં ઓછા ૧૦૦ ગણા મૂલ્યના કોન્ટ્રાક્ટ મેળવ્યા છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

સુપ્રીમ કોર્ટે ઈલેક્ટોરલ બોન્ડ સ્કીમને ફગાવી દીધા અને તેને 'ગેરબંધારણીય અને મનસ્વી' યોજના હોવાનો ચુકાદો આપ્યાના બે મહિના પછી 'કોમન કોઝ' નામની એનજીઓ દ્વારા કથિત રાજકીય પક્ષો અને તેમના દાતાઓ વચ્ચે 'પ્રો-ક્વો ક્વિડ દાખલાઓ'ની તપાસની માંગ કરતી અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવી છે. અરજીમાં અરજદારોના વકીલ પ્રશાંત ભૂષણે જણાવ્યું હતું કે, કૌભાંડની હદનો નિર્ણય ફક્ત રૂા.૧૬,૫૦૦ કરોડના આંકડાના આધારે ન થવો જોઈએ જે તમામ રાજકીય પક્ષો દ્વારા ચૂંટણી બોન્ડ દ્વારા એકત્રિત કરવામાં આવેલા ભંડોળનું પ્રતિનિધિત્વ કરે છે. તેમણે ધ્યાન દોર્યું કે દરેક રૂા.૧૦૦૦ કરોડના ઈલેક્ટોરલ બોન્ડ્સ માટે આ બોન્ડ ખરીદનારી કંપનીઓએ તે રકમના ઓછામાં ઓછા ૧૦૦ ગણા મૂલ્યના કોન્ટ્રાક્ટ મેળવ્યા છે. અરજદારોએ જણાવ્યું હતું કે, 'ECI દ્વારા તેની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરાયેલ ડેટા દર્શાવે છે કે, ચૂંટણી બોન્ડના ઉપયોગ દ્વારા છેલ્લા ૬ વર્ષમાં મોટા કોર્પોરેટ અને રાજકીય પક્ષો વચ્ચે કેવી રીતે પ્રો-ક્વો ગોઠવણ કરવામાં આવી છે. ડેટા દર્શાવે છે કે, ખાનગી કંપનીઓએ રાજકીય પક્ષોને કેન્દ્ર સરકાર હેઠળની એજન્સીઓ સામે રક્ષણ માટે 'પ્રોટેક્શન મની' તરીકે અથવા અનુચિત લાભોના બદલામાં 'લાંચ' તરીકે કરોડો રૂપિયા ફંડ તરીકે ચુકવ્યા છે. વધુમાં તેઓએ ઉમેર્યું, 'કેટલાક કિસ્સાઓમાં એવું જોવામાં આવ્યું છે કે, કેન્દ્ર અને/અથવા રાજ્યોમાં સત્તામાં રહેલા રાજકીય પક્ષોને જાહેરસેવકો અને જાહેર તિજોરીના ખર્ચે ખાનગી કોર્પોરેટ્સને લાભ આપવા માટે દેખીતી રીતે નીતિઓ અને/અથવા કાયદાઓમાં સુધારો કર્યો છે.' પિટિશનમાં સત્તાવાળાઓને એવા કેસોમાં દાનમાં આપવામાં આવેલી રકમની પુનઃ પ્રાપ્તિ કરવા માટે પણ કહેવામાં આવ્યું છે જ્યાં તેઓ 'ક્વિડ પ્રો ક્વો' વ્યવસ્થા દ્વારા ગુનાની કાર્યવાહી તરીકે ગણવામાં આવે છે. ચૂંટણી બોન્ડ યોજના કેન્દ્ર દ્વારા જાન્યુઆરી ૨૦૧૮માં રજૂ કરવામાં આવી હતી અને આ વર્ષે ૧૫ ફેબ્રુઆરીએ સુપ્રીમ કોર્ટે તેને ફગાવી દીધી હતી. વિપક્ષના ક્વિડ પ્રો ક્વોના આક્ષેપો છતાં સરકારે સતત કોઈપણ ગેરરીતિનો ઈન્કાર કર્યો છે.

# કોંગ્રેસના મેનિફેસ્ટો અંગેના મોદીના દાવાને પડકારીને કોંગ્રેસના નેતાઓએ કહ્યું : 'એક ફકરો દર્શાવો જેમાં તમે બોલ્યા છો તે લખેલું હોય'

(એજન્સી) તા.૨૪

પૂર્વ નાણાપ્રધાન અને મેનિફેસ્ટો પર કોંગ્રેસની સમિતિના અધ્યક્ષ અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા પી. ચિદમ્બરમે કહ્યું, 'વડાપ્રધાન મેનિફેસ્ટોમાં એક ફકરો દર્શાવે, જેમાં એ નિષ્કર્ષ નીકળતો હોય કે અમે કોઈપણ એક સંપ્રદાયને ખુશ કરીને પક્ષપાત કરી રહ્યા છીએ.' રાજસ્થાનમાં એક રેલી દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નિવેદન કર્યું હતું કે, કોંગ્રેસનો ઢંઢેરો, મુસ્લિમોને સંપત્તિના પુનઃ વિતરણની હિમાયત કરે છે. આ નિવેદનને લીધે રાજકીય વિવાદને ઉત્તેજિત થયો છે. ચિદમ્બરમે કોંગ્રેસના મેનિફેસ્ટોનો બચાવ કર્યો અને કહ્યું કે, 'અમે જાણીએ છીએ કે આ દેશમાં સામાજિક વિભાજન, સામાજિક અસમાનતા અને આર્થિક અસમાનતા છે. સૌથી વધુ અસરગ્રસ્ત લોકો SC, ST અને ગરીબો છે. ધર્મને ધ્યાનમાં લીધા વિના. જો ન્યાય લાવવામાં આવે તો સમાજના દરેક વર્ગને તુષ્ટિકરણ માનવામાં આવે છે.' ચિદમ્બરમે કહ્યું કે, તમિલનાડુના દૂરના ગામડાઓ સહિત સમગ્ર ભારતમાં કોંગ્રેસના ઘોષણાપત્રની વ્યાપક માન્યતા છે અને દાવો કર્યો કે ભાજપના ઢંઢેરામાં કોઈ દમ નથી. ચિદમ્બરમે કહ્યું કે, 'ભાજપનો ઢંઢેરો બે કલાકની અંદર કોઈ નિશાન છોડ્યા વિના ગાયબ થઈ ગયો. કોઈ તેના વિશે વાત કરતું નથી કારણ કે, તેમાં કંઈ છે જ નહીં. 'મોદી કી ગેરંટી' એવો રાજકીય પક્ષનો ઢંઢેરો હોઈ શકે નહીં, તેથી વડાપ્રધાન મોદી કોંગ્રેસના ઢંઢેરાની ઈર્ષ્યા કરે છે જે ચર્ચાનો મુદ્દો બની ગયો છે અને તેથી તે કોંગ્રેસના મેનિફેસ્ટોને કલંકિત કરી રહ્યા છે, હું તેમને વિનંતી કરીશ કે તે પહેલા અમારો મેનિફેસ્ટો વાંચે.'

**વડાપ્રધાન મોદીએ કોંગ્રેસ પર પક્ષપાતનો આરોપ લગાવ્યો છે :-** વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા અને કોંગ્રેસ પર અનામતને ધર્મ આધારે મુસ્લિમોની તરફેણનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે તેમના આરોપને પુનરોચ્ચાર કર્યો કે, પક્ષ ચોક્કસ જૂથો વચ્ચે લોકોની સંપત્તિની પુનઃ વહેંચણી માટે એક ઊંડા કાવતરામાં સામેલ છે. તેમની ટીકામાં મોદીએ એવો પણ દાવો કર્યો હતો કે, કોંગ્રેસના શાસનમાં મુક્તપણે કોઈની શ્રદ્ધાનું પાલન કરવું પડકારજનક છે, તે સૂચવે છે કે, હનુમાન ચાલીસા સાંભળવી પણ તેમના શાસન હેઠળ ગુનો બને છે.

# વધુ એક સભામાં જઈ રહ્યો છું, કહેતા જ ભાજપ નેતા નીતિન ગડકરી ઢળી પડ્યા, મહારાષ્ટ્રમાં ચૂંટણી રેલીમાં બની ઘટના

(એજન્સી) તા.૨૪

મહારાષ્ટ્રના યવતમાલમાં કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી બેભાન થઈ ગયા હતા. શુગર લેવલ ઘટી જવાના કારણે તેમની તબિયત લથડી હતી. ભાષણ દરમિયાન ગડકરીને ચક્કર આવ્યા અને તેઓ સ્ટેજ પર ઢળી પડ્યા હતા. જો કે સ્ટેજ પર હાજર લોકો તાત્કાલિક તેમને ઉઠાવીને સારવાર માટે લઈ ગયા. હવે તેમની તબિયત સ્થિર હોવાનું જાણવા મળી રહ્યું છે. જો કે, થોડીવાર બાદ નીતિન ગડકરીએ X પર પોસ્ટ કરી જણાવ્યું કે ગરમીને લઈને તે અસ્વસ્થ થયા હતા પરંતુ હવે સંપૂર્ણ રીતે તેઓ સ્વસ્થ અનુભવી રહ્યા છે. તેઓએ કહ્યું હતું કે હું એક અન્ય બેઠકમાં સામેલ થવા નીકળી રહ્યો છું બસ આટલું જ કહેતા તેઓ સ્ટેજ પર ઢળી પડ્યા હતા. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી નાગપુર બેઠકથી ભાજપના લોકસભા ઉમેદવાર છે. નાગપુર બેઠક પર પહેલા તબક્કામાં મતદાન થઈ ચૂક્યું છે. અહીં ગડકરીનો મુકાબલો કોંગ્રેસના વિકાસ ઠાકરે સામે છે. નીતિન ગડકરી અહીંથી ત્રીજી વખત ચૂંટણી લડી રહ્યા છે. આ પહેલીવાર નથી બન્યું કે જ્યારે ગડકરીની તબિયત અચાનક બગડી હોય. ૨૦૧૮માં પણ મહારાષ્ટ્રના અહમદનગરમાં એક કાર્યક્રમ દરમિયાન તેઓ અચાનક સ્ટેજ પર બેભાન થઈ ગયા હતા. આ દરમિયાન મહારાષ્ટ્રના તત્કાલિન રાજ્યપાલ વિદ્યાસાગર રાવ પણ તેમની સાથે હાજર હતા. રાજ્યપાલે જ તેમને સ્ટેજ પર સંભાળ્યા હતા.

# જેલમાં અરવિંદ કેજરીવાલની સાથે 'દુર્વ્યવહાર'ની વિરૂદ્ધ દેખાવ કરનારા આપ કાર્યકર્તાઓની અટકાયત કરાઈ

(એજન્સી) તા.૨૪

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની સાથે તિહાડ જેલમાં કથિત દુર્વ્યહારની વિરૂદ્ધ અહીં આઈટીઓ ચોક પર વિરોધ પ્રદર્શન દરમ્યાન બુધવારે ત્રણ આપ કાર્યકર્તાઓને થોડી વાર માટે કસ્ટડીમાં લેવામાં આવ્યા. આપના રાષ્ટ્રીય સંયોજક કેજરીવાલ દિલ્હી સરકારની હવે સમાપ્ત થઈ ચુકેલી ઉત્પાદક શુલ્કની તિથિ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં તિહાડ જેલમાં કેદ છે. તેમની પ્રવર્તમાન નિર્દેશાલયે ૨૧ માર્ચે ધરપકડ કરી હતી. વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ આપ ધારાસભ્ય કુલદીપ કુમારે કર્યું કારણ કે ડઝનો પાર્ટી સમર્થક સવારે ૯ વાગે આઈટીઓ ચોક સ્થિત આપ મુખ્યાલય પર એકઠા થયા. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે પ્રદર્શનકારીઓમાંથી કેટલાક ડોક્ટર હતા જેમણે એપ્રન પહેર્યા હતા. અધિકારીએ જણાવ્યું કે પ્રદર્શનકારીઓએ હાથોમાં પ્લેકાર્ડ લઈને માંગ કરી કે કેજરીવાલને ઈન્સ્યુલિન આપવામાં આવે. જ્યારે તે ડીડીયુ માર્ગ તરફ માર્ચ કરી રહ્યા હતા તો પોલીસે તેમને રોકી દીધા. અધિકારીએ જણાવ્યું કે તેમાંથી ત્રણને કસ્ટડીમાં લેવામાં આવ્યા પરંતુ કુલદીપ કુમાર અને બાકીને વિખેરી દેવામાં આવ્યા. કસ્ટડીમાં લેવામાં આવેલા ત્રણ લોકોમાં બે ડોક્ટર હતા. તેમને નજીકના પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા અને પછી જવા દેવામાં આવ્યા. પૂર્વ દિલ્હી લોકસભા સીટથી આપના ઉમેદવાર કુલદીપ કુમારે જણાવ્યું કે તે માત્ર પ્લેકાર્ડ લઈને ઊભા હતા માટે મારે તેના માટે તંત્ર પાસેથી પરવાનથીની જરૂર નથી.

# લોકસભા ચૂંટણીના બીજા તબક્કાની ૮૯ બેઠકો માટે પ્રચાર પડઘમ શાંત

**રાહુલ ગાંધીના મતવિસ્તાર વાયનાડ અને શશી થરૂરના વિસ્તાર તિરૂવનંતપુરમમાં મતદાન થશે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

૨૦૨૪ની લોકસભા ચૂંટણીના બીજા તબક્કા માટે હાઈ-વોલ્ટેજ પ્રચાર બુધવારની સાંજે સમાપ્ત થઈ ગયો હતો જેમાં ભાજપની આગેવાની હેઠળના NDA અને વિપક્ષી ઈન્ડિયા બ્લોકના ટોચના નેતાઓ મતદારોને રીઝવવાના છેલ્લા પ્રયાસો કરી રહ્યા હતા. લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં ૨૧ રાજ્યોની ૧૦૨ બેઠકો આવરી લેવામાં આવી હતી જેમાં ચૂંટણી પંચે લગભગ ૬૨% મતદાન નોંધાયાનું જાહેર કર્યું હતું. લોકસભા ચૂંટણી ૨૦૨૪ના બીજા તબક્કા માટેનું મતદાન શુક્રવારે ૨૬ એપ્રિલના રોજ નિર્ધારિત છે જેમાં મતદાન સવારે ૭ વાગ્યે શરૂ થશે અને સાંજે પાંચ વાગ્યે સમાપ્ત થશે જેમાં પહેલાથી હાજર રહેલા મતદારો માટે બફર પીરિયડ તરીકે વધારાનો કલાક આપવામાં આવશે. બીજા તબક્કાના પ્રચારનો અંત મતદાન દિવસ પહેલા ૪૮ કલાકના મૌન સમયગાળાની શરૂઆત દર્શાવે છે જેમાં ૧૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ૮૯ મતવિસ્તારોને આવરી લેવામાં આવે છે જેમાં બાહ્ય મણિપુર લોકસભા મતવિસ્તારના બાકીના ભાગનો સમાવેશ થાય છે.

ભારતના ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર લોકસભા ચૂંટણીના બીજા તબક્કામાં ૧૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના કુલ ૧૨૦૬ ઉમેદવારો સાથે મણિપુર સંસદીય મતવિસ્તારના ૪ ઉમેદવારો ચૂંટણી લડશે. ચૂંટણી પંચે અહેવાલ આપ્યો છે કે, ૮૯ સંસદીય મતવિસ્તારો માટે ૨૬૩૩ ઉમેદવારી પત્રો દાખલ કરવામાં આવ્યા હતા. ૨૬મી એપ્રિલે બીજા તબક્કાનું મતદાન થશે જેમાં ચકાસણી બાદ ૧૪૨૮ ઉમેદવારીપત્રો માન્ય જણાયા હતા જેમાં ઉમેદવારી પાછી ખેંચવાની છેલ્લી તા.૮મી એપ્રિલ હતી. કેરળ ૨૦ સંસદીય મતવિસ્તારોમાંથી ૫૦૦ ઉમેદવારીપત્રો સાથે સૌથી આગળ છે જ્યારે કર્ણાટક ૧૪ સીટો પરથી ૪૯૧ નોમિનેશન સાથે બીજા ક્રમે છે. ત્રિપુરાના સંસદીય મતવિસ્તારમાંથી ઓછામાં ઓછા ૧૪ ઉમેદવારીપત્રો પ્રાપ્ત થયા હતા જ્યારે મહારાષ્ટ્રના ૧૬ નાંદેડ સંસદીય મતવિસ્તારમાં મહત્તમ ૯૨ ઉમેદવારીપત્રો પ્રાપ્ત થયા હતા.

**શુક્રવારે દર્શાવેલા મતવિસ્તારોમાં મતદાન થશે :**

શુક્રવારે ચંદીગઢની ત્રણ, જમ્મુ-કાશ્મીરની એક, કર્ણાટકની ૧૪, કેરળની ૨૦, મધ્યપ્રદેશની ૭, મહારાષ્ટ્રની ૮, મણિપુરની ૧, રાજસ્થાનની ૧૩, ત્રિપુરાની ૧, ઉત્તરપ્રદેશની ૮ અને પશ્ચિમ બંગાળની ૩ લોકસભા બેઠકો પર મતદાન થશે. જેમ-જેમ પ્રચાર ઉગ્ર બન્યો છે તેમ પીએમ મોદીએ યુવા વિકાસ, મહિલા સશક્તિકરણ અને ખેડૂત અને સીમાંત સમુદાયોના કલ્યાણ પર ધ્યાન કેન્દ્રિત કરીને 'મોદી કી ગેરંટી' અભિયાન શરૂ કર્યું હતું. બીજી તરફ કોંગ્રેસે સમાજના વિવિધ વર્ગો માટે ન્યાયનું વચન આપતાં તેની 'ન્યાય' ગેરંટી પર ભાર મૂક્યો હતો. ભાજપે ભ્રષ્ટાચાર અને વંશવાદની રાજનીતિને લઈને ઈન્ડિયા બ્લોકને નિશાન બનાવ્યું હતું, જ્યારે વિપક્ષે ચૂંટણી બોન્ડ્સ, એજન્સીના દુરૂપયોગ, મોંઘવારી અને બેરોજગારીને લઈને સરકારની ટીકા કરી હતી. વાયનાડ જેવી મુખ્ય બેઠકો પર જ્યાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી ચૂંટણી લડી રહ્યા છે અને તિરૂવનંતપુરમ જ્યાં કોંગ્રેસના નેતા શશિ થરૂરનો ભાજપના રાજીવ ચંદ્રશેખરનો સામનો છે ત્યાં બીજા તબક્કામાં મતદાન થશે.

# સમાજવાદી પાર્ટી પ્રમુખ અખિલેશ યાદવ યુપીના કન્નૌજથી લોકસભા ચૂંટણી લડશે

(એજન્સી) તા.૨૪

અખિલેશ યાદવ કન્નૌજ લોકસભાથી ચૂંટણી લડશે તેવી અટકળો સતત ચાલી રહી છે અને હવે આ અટકળો પર સપાના મુખ્ય રાષ્ટ્રીય મહાસચિવ રામ ગોપાલ યાદવે મોટું નિવેદન આપ્યું છે. સપાના મહાસચિવ અને રાજ્યસભાના સાંસદ રામ ગોપાલ યાદવે અખિલેશની ઉમેદવારીની જાહેરાત કરી છે. તેમની પાર્ટીએ પણ આ મામલે એક્સ પર પોસ્ટ કરતાં જણાવ્યું હતું કે, ડીમ્પલ યાદવ અને મુલાયમસિંહ બાદ હવે અખિલેશ કન્નૌજથી લોકસભા મેદાને ઉતરવા તૈયાર છે. સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવે ઉત્તરપ્રદેશની કન્નૌજ લોકસભા બેઠક પરથી લોકસભા ચૂંટણી લડશે. આવતીકાલે તેઓ ઉમેદવારી નોંધાવશે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ડિમ્પલ યાદવે કન્નૌજથી SPની ટિકિટ પર ચૂંટણી લડ્યા હતા. જો કે, તેઓ ભાજપના સુબ્રત પાઠક સામે ચૂંટણી હારી ગયા હતા. કન્નૌજ પહેલાં અખિલેશ યાદવે પોતાના ભત્રીજા તેજપ્રતાવ યાદવને ઉમેદવાર બનાવવાની જાહેરાત કરી હતી. મળતી માહિતી મુજબ તેજ પ્રતાપ યાદવના નામની જાહેરાત થયા બાદ સ્થાનિક નેતાઓ અખિલેશ યાદવ પર ચૂંટણી લડવા માટે દબાણ કરી રહ્યા હતા. આ પછી માનવામાં આવી રહ્યું હતું કે, અખિલેશ પોતે આ સીટ પરથી ચૂંટણી લડશે. કન્નૌજ સમાજવાદી પાર્ટીનો ગઢ હતો. પરંતુ છેલ્લી ચૂંટણીમાં આ બેઠક પરથી ભાજપનો વિજય થયો હતો. હવે એવું માનવામાં આવે છે કે, અખિલેશ પોતાનો ગઢ પાછો મેળવવા માટે ચૂંટણી લડી રહ્યા છે. સમાજવાદી પાર્ટી યુપીમાં લોકસભાની ૮૦માથી મોટાભાગની સીટો પર ચૂંટણી લડી રહી છે. કોંગ્રેસ સાથેના ગઠબંધન હેઠળ તેને ૬૩ બેઠકો મળી છે. કોંગ્રેસ પાર્ટી તેના પરિવારના ગઢ અમેઠી અને રાયબરેલી સહિત ૧૭ બેઠકો પર ચૂંટણી લડશે. યુપીમાં ૨૦૨૪ની લોકસભા ચૂંટણીના સાત તબક્કામાં દરેકમાં મતદાન થશે.

# 'શરમજનક નિવેદન' : તેમના ચૂંટણી ભાષણો મુદ્દે PM મોદી પર શરદ પવારના પ્રહારો

**શરદ પવારે કહ્યું કે, દેશના વડાપ્રધાન તમામ લોકોનું નેતૃત્વ કરે અને દરેકના હિતોની ખાતરી કરે તેવી અપેક્ષા રાખવામાં આવે છે**

(એજન્સી) મુંબઈ, તા.૨૪

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના સ્થાપક શરદ પવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર લોકસભાની ચૂંટણી માટેના તેમના પ્રચાર ભાષણો પર આકરા પ્રહારો કરતા કહ્યું કે૪ તેમના ભાષણોમાં એક સમુદાય પરના તેમના હુમલાઓ અસ્વીકાર્ય અને શરમજનક છે.

મંગળવારે મોડી રાત્રે રાયગઢમાં શિવસેના (UBT)ના અનંત ગીતેના સમર્થનમાં એક પ્રચાર રેલીમાં NCP (શરદ ચંદ્ર)ના વડા એવા ૮૩ વર્ષીય પવારે કહ્યું કે, 'તેમનું નિવેદન શરમજનક છે કારણ કે, તેઓ દેશના વડાપ્રધાન છે, જેઓ બધાનું નેતૃત્વ કરે છે અને દરેકના હિતની ખાતરી કરે છે, પરંતુ તેઓ એક સમુદાય વિશે ખૂબ ખરાબ વાત કરી રહ્યા છે. ગીતે વર્તમાન સાંસદ અને એનસીપીના ઉમેદવાર સુનીલ તટકરે સામે લડી રહ્યા છે, જેમણે ગયા વર્ષે જુલાઈમાં એનસીપીના વિભાજન દરમિયાન નાયબ મુખ્યપ્રધાન અજિત પવાર તરફ તેમની નિષ્ઠા બદલી હતી.'

તેમણે ઉમેર્યું કે, 'મહિલાઓ અને બાળકો (મુસ્લિમ સમુદાયના)નો ઉલ્લેખ કરવો અને લોકોને પૂછવું કે શું તેઓ દેશની સંપત્તિ તેમને સોંપવા માંગે છે, તે એક દુર્ભાગ્યપૂર્ણ પરિસ્થિતિ છે જે ભૂતકાળમાં દેશમાં કોઈ અન્ય નેતાએ લાવી નથી.'

રવિવારે મોદીએ તેમની ટિપ્પણી દ્વારા એક વિવાદ ઊભો કરતાં કહ્યું હતું કે, કોંગ્રેસ શહેરી નક્સલીઓ અને ડાબેરીઓથી પ્રભાવિત છે અને તે મહિલાઓના મંગળસૂત્ર સહિત લોકોનું સોનું અને સંપત્તિ છીનવી લેશે અને તેને ફરીથી વહેંચવામાં આવશે.

મોદીએ રાજસ્થાનના બાંસવાડામાં કહ્યું કે, 'જ્યારે તેઓ (કોંગ્રેસ) અગાઉ સત્તામાં હતા, ત્યારે તેઓએ કહ્યું હતું કે, દેશના સંસાધનો પર પહેલો અધિકાર મુસ્લિમોનો છે. તો તેઓ કોને સંસાધનોનું પુનઃ વિતરણ કરશે ? જેમને વધુ બાળકો છે તેમને? જેઓ ઘૂસણખોરો છે તેમને ? કોંગ્રેસનો ઢંઢેરો કહે છે કે, તેઓ આપણી માતાઓ અને બહેનોની માલિકીના સોનાનો સ્ટોક લેશે અને પછી તેઓ તે સંપત્તિનું પુનઃ વિતરણ કરશે અને તેને તે મુસ્લિમોમાં વહેંચશે, જેમનો મનમોહનસિંહ સરકાર મુજબ, સંસાધનો પર પહેલો અધિકાર છે. આ શહેરી નક્સલી વિચારસરણી છે અને માતાઓ અને બહેનો, તેઓ તમારા મંગળસૂત્રને પણ છોડશે નહીં.'

ખાતરી કરવી હોય તો આર્કાઈવ્સ પર ઉપલબ્ધ ૨૦૦૬માં વડાપ્રધાન કાર્યાલય તરફથી કરવામાં આવેલી સ્પષ્ટતા જોઈ લે જો જે દર્શાવે છે કે, તે સમયે સરકારે સ્પષ્ટતા કરી હતી કે મનમોહનસિંહે કહ્યું હતું કે, તમામ વંચિત વર્ગોને ઉત્થાન આપવાની જરૂર છે અને તેથી સંસાધનો પર તેનો પ્રથમ અધિકાર છે.

વિરોધ પક્ષોએ PM મોદી પર ચૂંટણી ઝુંબેશને સાંપ્રદાયિક બનાવવાનો આરોપ લગાવ્યો છે, કોંગ્રેસના પ્રતિનિધિમંડળ સોમવારે ભારતના ચૂંટણી પંચને મળીને દલીલ કરી હતી કે, તેમના નિવેદનો આદર્શ આચાર સંહિતાનું ઉલ્લંઘન છે.

મંગળવારે ટોંકમાં રેલીમાં બોલતા મોદીએ કહ્યું કે, કોંગ્રેસે ભૂતકાળમાં આવા પ્રયાસો કર્યા હતા અને આરોપ મૂક્યો હતો કે, વિપક્ષ 'ડઘાઈ' ગયો હતો, કારણ કે, તેણે સત્યનો પર્દાફાશ કર્યો હતો.

પવારે કહ્યું કે, પીએમ મોદી દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીઓથી દેશમાં નફરત વધશે અને તમામ જાતિઓ અને સમુદાયોમાં વિશ્વાસ પુનઃ સ્થાપિત કરવાની સરકારની જવાબદારી છે. પવારે કહ્યું કે, 'તેમનું (PM મોદી) વર્તન દેશના હિતમાં નથી. અમારી પાસે પરિવર્તન લાવવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. તે એવી રીતે વાત કરે છે જે સમુદાય સામે દુશ્મનાવટ તરફ દોરી જાય છે,' પવારે કહ્યું.

# ઝારખંડના પૂર્વ CM હેમંત સોરેન સુપ્રીમ કોર્ટ પહોંચ્યા, કહ્યું : તેમની ધરપકડ સામેની અરજી પર હાઈકોર્ટ ચુકાદો નથી સંભળાવતી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

ઝારખંડના મુખ્યપ્રધાન હેમંત સોરેને બુધવારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું કે, કાળું નાણું શોધવાના કેસમાં ઈડી દ્વારા કરવામાં આવેલી ધરપકડને પડકારતી તેની અરજી પર વડી અદાલત નિર્ણય નથી આપી રહી. સોરેન તરફથી વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે જજ સંજીવ ખન્ના અને દીપાંકર દત્તાની બેંચને જણાવ્યું કે, હાઈકોર્ટે તેમની અરજી પર ૨૮ ફેબ્રુઆરીએ પોતાનો નિર્ણય અનામત રાખ્યો હતો, પરંતુ હજુ સુધી કોઈ ચુકાદો સંભળાવ્યો નથી. સિબ્બલે કહ્યું કે, સોરેને પોતાની ધરપકડના વિરોધમાં બીજી ફેબ્રુઆરીએ સુપ્રીમ કોર્ટના દ્વાર ખખડાવ્યા હતા, પરંતુ બેન્ચે તેમને રાહત મેળવવા માટે હાઈકોર્ટ જવા કહ્યું હતું. સિબ્બલે કહ્યું, અમે હેમંત સોરેનના કેસમાં કલમ ૩૨ હેઠળ અરજી દાખલ કરી છે. બેન્ચે કહ્યું કે, હાઈકોર્ટમાં જાઓ, અમે ચાર ફેબ્રુઆરીએ હાઈકોર્ટ ગયા અને પછી ૨૭-૨૮ ફેબ્રુયારીએ કેસની સુનાવણી થઈ હતી, પરંતુ અરજી ઉપર હજુ સુધી કોઈ ચુકાદો આવ્યો નથી. વરિષ્ઠ વકીલે કહ્યું કે, અમે ફરીથી હાઈકોર્ટ આવ્યા અને કહ્યું કે, જ્યાં સુધી ચુકાદો આપવામાં આવશે નહીં ત્યાં સુધી અમે ક્યાંય નહીં જઈ શકીએ. જજે કંઈ જ ના કહ્યું. તેઓ અંદર છે અને ચૂંટણી પૂર્ણ થઈ જશે' ત્યારે અમે ક્યાં જઈએ ? વરિષ્ઠ જજ સંજીવ ખન્ના અને દીપાંકર દત્તાની બેન્ચ સમક્ષ કપિલ સિબ્બલે કહ્યું હતું કે, હાઈકોર્ટે ૨૮ ફેબ્રુઆરીએ આ મામલે તેનો ચુકાદો અનામત રાખી લીધો હતો. જો કે, અત્યાર સુધી તેના પર કોઈ ચુકાદો સંભળાવવામાં આવ્યો નથી. એવું લાગે છે કે, જાણી જોઈને વિલંબ કરવામાં આવી રહ્યો છે.

# 'તેઓ રમખાણો સાથે સંકળાયેલા છે, એમના હાથ લોહીથી રંગાયેલા છે... લાલમાંથી ભગવા રંગમાં સામે આવી રહ્યા છે' : મમતાએ કથિત ભગવાકરણ અંગે મોદીને નિશાન બનાવતા ગોધરા રમખાણોને યાદ કર્યા

**મમતા બેનરજીની આ ટિપ્પણી સરકારી માલિકીની ટેલિવિઝન પ્રસારણકર્તા દૂરદર્શન દ્વારા તેના લોગોના રંગને નારંગી રંગમાં બદલવા અંગેની તાજેતરની જાહેરાત અંગે છે, વિપક્ષના સરકાર પર 'ભગવાકરણ'ના આક્ષેપો કરતી રહે છે**

(એજન્સી) તા.૨૪

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ બુધવારે ભગવાકરણની ચર્ચા અંગે ભારતીય જનતા પાર્ટી (BJP) પર નિશાન સાધ્યું હતું. વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ગુજરાતના મુખ્યમંત્રીના કાર્યકાળ દરમિયાન, ૨૦૦૨ના ગોધરા રમખાણોનો ઉલ્લેખ કરતા મમતાએ ભાજપના નેતૃત્વવાળી કેન્દ્રની ભગવાકરણની કથિત વૃત્તિ પર ટિપ્પણી કરી હતી. તેણીએ કટાક્ષ કર્યો કે, તેઓના હાથ લોહીથી રંગાયેલો છે... આ લોકો હવે લાલમાંથી ભગવા રંગમાં સામે આવી રહ્યા છે. આજે સાધુઓ પણ કેસરી રંગ પહેરતા નથી. તેઓએ દૂરદર્શનથી લઈને રેલવે સ્ટેશનો સુધી બધું જ કેસરી કરી દીધું છે. માત્ર તેઓ આકાશને કેસરી રંગનો કરી શકતા નથી. જો તેઓ આવું કરી શકતા હોત તો તેઓ આકાશને પણ કેસરી અને ચોખાના પાકને પણ કેસરી રંગથી રંગી દેત. મમતાએ પશ્ચિમ બંગાળના ગલસી, બર્ધમાન-દુર્ગાપુરમાં એક રેલી દરમિયાન આ ટિપ્પણી કરી હતી. મમતા બેનરજીની આ ટિપ્પણી સરકારી માલિકીની ટેલિવિઝન પ્રસારણકર્તા દૂરદર્શન દ્વારા તેના લોગોના રંગને નારંગી રંગમાં બદલવા અંગેની તાજેતરની જાહેરાત અંગે છે. વિપક્ષના સરકાર પર 'ભગવાકરણ'ના આક્ષેપો કરતી રહે છે. પ્રસાર ભારતીના પૂર્વ CEO, જવાહર સિરકારે પણ આ લોગોમાં બદલાવ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે, રાષ્ટ્રીય પ્રસારણકર્તા દૂરદર્શન તેના ઐતિહાસિક ફ્લેગશિપ લોગોને કેસરી રંગમાં રંગી રહ્યું છે. તેના પૂર્વ સીઈઓ તરીકે, હું તેના ભગવાકરણને એક ચેતવણી તરીકે જોઉં છું, તે હવે પ્રસાર ભારતી નથી, તે પ્રચાર ભારતી છે !



# 'કોંગ્રેસ મેનિફેસ્ટો કે, મુસ્લિમ લીગ મેનિફેસ્ટો' શીર્ષકવાળી ભાજપની સોશિયલ મીડિયા પોસ્ટ વિરુદ્ધ FIR

**કર્ણાટકના મુખ્ય ચૂંટણી અધિકારીએ જણાવ્યું કે, મલ્લેશ્વરમ વિધાનસભા મતવિસ્તારની ફ્લાઈંગ સ્કવોડ્સ ટીમ દ્વારા પોસ્ટ વિરુદ્ધ FIR દાખલ કરવામાં આવી છે**

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૨૪

ચૂંટણી પંચ (EC)ના અધિકારીઓએ જણાવ્યું હતું કે, ભાજપના સત્તાવાર હેન્ડલ દ્વારા ૨૪ એપ્રિલના રોજ કરવામાં આવેલ એક પોસ્ટ વિરુદ્ધ એક એફઆઈઆર નોંધવામાં આવી હતી જેમાં કથિત રીતે વિવિધ જૂથો અને વર્ગો વચ્ચે નફરત અને દુશ્મનાવટને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. કર્ણાટકના મુખ્ય ચૂંટણી અધિકારીએ જણાવ્યું કે, મલ્લેશ્વરમ વિધાનસભા મતવિસ્તારની ફ્લાઈંગ સ્ક્વોડ ટીમ દ્વારા ૨૩ એપ્રિલના રોજ 'કોંગ્રેસ મેનિફેસ્ટો અથવા મુસ્લિમ લીગ મેનિફેસ્ટો' શીર્ષકવાળી પોસ્ટ વિરુદ્ધ FIR દાખલ કરવામાં આવી છે.

**કોંગ્રેસ મેનિફેસ્ટો કે મુસ્લિમ લીગ મેનિફેસ્ટો ?**

- શૈક્ષણિક સંસ્થાઓમાં હિજાબનું અમલીકરણ.
- મુસ્લિમોને સંપત્તિનું વિતરણ.
- મુસ્લિમોને વિશેષ આરક્ષણ.
- પર્સનલ લો પ્રેક્ટિસ કરવાની સ્વતંત્રતા.
- મુસ્લિમોને ન્યાયાધીશ તરીકે સીધા નિયુક્ત કરવામાં આવશે.
- જાહેર જનતાને આદેશ અને pic.twitter.com/jMKpltBUmg

પોસ્ટમાં જણાવવામાં આવ્યું હતું કે, '૨૪ એપ્રિલે નાગરિકોના વિવિધ જૂથો અને વર્ગો વચ્ચે નફરત અને દુશ્મનાવટને પ્રોત્સાહન આપવા બદલ ભારતીય દંડ સંહિતાના લોકપ્રતિનિધિત્વ અધિનિયમની કલમ ૧૨૫ અને ૧૫૩ (ફક્ત હુલ્લડો કરાવવાના ઈરાદાથી ઉશ્કેરણી કરવી) હેઠળ એફઆઈઆર નોંધવામાં આવી છે.'

# ચૂંટણી વચનો પર વિવાદ વચ્ચે મહેબૂબા મુફ્તી : '૭૦ વર્ષમાં કોંગ્રેસનો શ્રેષ્ઠ ઢંઢેરો'

(એજન્સી) તા.૨૪

મહેબૂબા મુફ્તીની ટિપ્પણી PM નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ પાર્ટી પર તેના મેનિફેસ્ટો દ્વારા મુસ્લિમોની તરફેણ કરવાનો આરોપ લગાવવાની પૃષ્ઠભૂમિમાં આવી છે.

લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે કોંગ્રેસ પાર્ટીના મેનિફેસ્ટોમાં આપેલા વચનો પર વિવાદ વચ્ચે પીડીપીના પ્રમુખ અને અનંતનાગ-રાજૌરી સીટના ઉમેદવાર મહેબૂબા મુફ્તીએ મલ્લિકાર્જુન ખડગેની આગેવાની હેઠળની પાર્ટીના મેનિફેસ્ટોની પ્રશંસા કરી છે. તેને '૭૦ વર્ષમાં કોંગ્રેસનો સર્વશ્રેષ્ઠ ઢંઢેરો' ગણાવતા મુફ્તીએ કહ્યું કે, ભાજપના નેતૃત્વમાં એનડીએ નર્વસ છે.

મુફ્તીએ જણાવ્યું હતું કે, 'NDA નર્વસ છે અને ઈન્ડિયા બ્લોક ખૂબ જ સારૂં કામ કરી રહ્યું છે. કોંગ્રેસે જનહિતકારી ઢંઢેરો આપ્યો છે. તે ૭૦ વર્ષમાં કોંગ્રેસનો શ્રેષ્ઠ ઢંઢેરો છે અને તેના કારણે ભાજપના નેતાઓ હિન્દુ-મુસ્લિમ નિવેદનો આપી રહ્યા છે.'

મુફ્તીની ટિપ્પણી વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિતના ભાજપના નેતાઓની પૃષ્ઠભૂમિમાં આવી છે, જેમાં કોંગ્રેસ પાર્ટી તેના મેનિફેસ્ટો દ્વારા મુસ્લિમોને ખુશ કરવા અને તરફેણ કરવાનો આરોપ લગાવે છે. ભાજપે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના જો તેઓ સત્તા પર આવશે, તો 'સંપત્તિ પુનઃ વિતરણ' સર્વેક્ષણ કરવાના વચનની પણ ટીકા કરી છે.

**કોંગ્રેસ નેતા સામ પિત્રોડાની ટિપ્પણીએ નવો વિવાદ ઉભો કર્યો છે :-** દરમિયાન, કોંગ્રેસના નેતા સામ પિત્રોડાની વારસાગત કર અંગેની ટિપ્પણીએ નવો વિવાદ ઊભો કર્યો છે. પીએમ મોદીએ પિત્રોડાની ટિપ્પણીની આકરી ટીકા કરી અને દાવો કર્યો કે, તેનાથી લોકોને લૂંટવાના કોંગ્રેસ પક્ષના પ્રયાસોનો પર્દાફાશ થયો છે. તેમણે વિપક્ષ પર કટાક્ષ કરતા કહ્યું કે, 'કોંગ્રેસ કી લૂંટ, જિંદગી કે સાથ ભી, જિંદગી કે બાદ ભી.'

ભાજપના નેતા અને નાણાપ્રધાન નિર્મલા સીતારમણે પિત્રોડાની ટિપ્પણીની ટીકા કરી હતી અને આ વિચારને 'કોંગ્રેસનો કર આતંકવાદ' ગણાવ્યો હતો. એક્સ(અગાઉનું ટ્વિટર) પર સીતારમણે પોસ્ટ કર્યું કે, 'કોંગ્રેસની યોજના છે કે, 'જીવતાં-કર. મૃત્યુ પર - કર (વારસો). મધ્યમ અને મહત્ત્વાકાંક્ષી વર્ગોને નિશાન બનાવવાનો હેતુ છે. તેમની બચત અથવા નાની સંપતિ તેમના બાળકો પાસે જશે નહીં. ડૉ.મનમોહનસિંહની 'સંગઠિત લૂંટ અને કાયદેસરની લૂંટ' એક્શનમાં જોવા મળશે. કોંગ્રેસનો કર આતંકવાદ.'

તેમની ટિપ્પણી પર વિવાદ વચ્ચે પિત્રોડાએ તેમની ટિપ્પણી પર સ્પષ્ટતા જારી કરી છે. X (અગાઉ ટ્વિટર) પરની એક પોસ્ટમાં તેણે લખ્યું, 'મેં ટીવી પરની મારી સામાન્ય વાતચીતમાં માત્ર એક ઉદાહરણ તરીકે યુ.એસ.માં અમલી વારસાગત કરનો ઉલ્લેખ કર્યો હતો. શું હું તથ્યોનો ઉલ્લેખ ન કરી શકું? મેં કહ્યું કે, આ એવા પ્રકારના મુદ્દાઓ છે જેના પર લોકોએ ચર્ચા અને વિચારણા કરવી પડશે. આને કોંગ્રેસ સહિત કોઈપણ પક્ષની નીતિ સાથે કોઈ લેવાદેવા નથી.'

# જમ્મુ અને કાશ્મીરના BJPના ઉમેદવાર વિરુદ્ધ ફરિયાદ ચૂંટણી પંચને મોકલવામાં આવી : અધિકારી

(એજન્સી) જમ્મુ, તા.૨૪

જમ્મુ અને કાશ્મીરના મુખ્ય ચૂંટણી અધિકારીએ મંગળવારે જમ્મુ-રિયાસી સંસદીય મતવિસ્તારના ભાજપના ઉમેદવાર જુગલ કિશોર શર્માના સોગંદનામામાં વિસંગતતાઓ અંગેની ફરિયાદને 'યોગ્ય કાર્યવાહી' માટે ચૂંટણી પંચને મોકલી હતી.

J&K જોઈન્ટ સીઈઓએ બી.સી. પાત્રાને એક સંદેશાવ્યવહારમાં ECના સચિવને જણાવ્યું હતું કે, 'કૃપા કરીને J&K હાઈકોર્ટના એડવોકેટ શેખ શકીલ અહેમદ તરફથી મોકલવામાં આવેલ અહેવાલ જેમાં કમિશન દ્વારા યોગ્ય કાર્યવાહી માટે ટાંકવામાં આવેલ વિષય અંગે જોડાણો જોવા વિનંતી.'

૧૨ એપ્રિલના રોજ અહેમદે J&K CEOની ઓફિસમાં રિટર્નિંગ ઓફિસર સચિનકુમાર વૈશ્યે, જમ્મુના ડેપ્યુટી કમિશનર સામે એક વ્યાપક રજૂઆત કરી હતી, જેમાં તેમણે ૪ એપ્રિલના રોજ કિશોર વિરુદ્ધ તેમની ફરિયાદ પર કાર્યવાહી કરવામાં નિષ્ફળ રહ્યા હોવાનો આરોપ મૂક્યો હતો. ૨૩ માર્ચ, ૨૦૧૯ અને માર્ચ ૩૦, ૨૦૨૪ના રોજના તેમના સોગંદનામામાં કથિત વિસંગતતાઓ અંગેની અહેમદની રજૂઆત ૧૫ એપ્રિલ, ૨૦૨૪ના રોજ ECને મોકલવામાં આવી હતી.

તેમની ફરિયાદ પર વિગતવાર જણાવતા તેમણે કહ્યું કે, કિશોરે ૨૩ માર્ચ, ૨૦૧૯ના રોજના તેમના સોગંદનામામાં બેંકો/નાણાકીય સંસ્થાઓ પ્રત્યેની તેમની વર્તમાન જવાબદારી રૂા.૩૪,૫૩,૧૪,૨૩૨ની ટ્યુન પર દર્શાવી હતી. જો કે, તાજેતરના સોગંદનામામાં તેણે તેની વર્તમાન જવાબદારી રૂા.૨૦,૪૨,૯૫૬.૮૧ની ટ્યુન પર દર્શાવી છે.

અહેમદના જણાવ્યા અનુસાર, રિટર્નિંગ ઓફિસર રિપ્રેઝન્ટેશન ઓફ પીપલ એક્ટ, ૧૯૫૧ની કલમ ૩૬ હેઠળ ચકાસણી સમયે સંબંધિત ઉમેદવારને વાંધો ઉઠાવનાર દ્વારા અનુમાનિત અસંગતતા અને વિવિધતાને સ્પષ્ટ કરવા માટે નિર્દેશ પર ઉઠાવવામાં આવેલા વાંધાઓ પર વિચાર કરવાની અને નિર્ણય લેવાની જવાબદારી આપવા હેઠળ હતા. જો કે, અહેમદે જણાવ્યું હતું કે, રિટર્નિંગ ઓફિસરે તેમના વાંધાઓને ધ્યાનમાં લીધા વગર તેમને ૭ એપ્રિલના રોજ કોર્ટમાં જવા માટે જાણ કરી હતી. તેમણે રિટર્નિંગ ઓફિસર પર 'પોતાની જવાબદારીથી દૂર રહેવા'નો આરોપ મૂક્યો હતો, જે લોકોના પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૬ હેઠળ ફરજોની અવગણના સમાન છે.

### રાજકોટથી ક્ષત્રિય આંદોલન પાર્ટ-૨ શરૂ; ધર્મરથનું પ્રસ્થાન

# ક્ષત્રિયોનો એક પણ દીકરો ભાજપને મત નહીં આપે : અન્ય વર્ગોને સમજાવશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૪

ક્ષત્રિય સમાજની માગણી મુજબ ભાજપ દ્વારા રૂપાલાની ટિકિટ રદ કરવામાં ન આવતાં ક્ષત્રિય સમાજ આંદોલન પાર્ટ-ટુ શરૂ કર્યું છે. એના ભાગરૂપે આજે રાજકોટના આશાપુરા મંદિરે આંદોલન સમિતિના આગેવાનો અમદાવાદથી આવ્યા હતા અને તેમણે ક્ષત્રિય સમાજના નારી અસ્મિતાના ધર્મરથનું પ્રસ્થાન કરાવ્યું હતું. આ ધર્મરથ ૨૦૦



કે રૂપાલાની ટિકિટ રદ કરવાની એકમાત્ર માગ સ્વીકારવામાં ન આવતાં અમારે ભાજપ વિરુદ્ધ મતદાન કરવાની ફરજ પડી છે. બાકી ૮૦ ટકા ક્ષત્રિય ભાજપની સાથે રહ્યા છે. ભાજપમાં રહેલા ક્ષત્રિયો સિવાય ક્ષત્રિય સમાજનો એકપણ દીકરો ભાજપને મતદાન નહીં કરે એવો વિશ્વાસ છે. એવી અફવાઓ પણ ફેલાવવામાં આવી રહી છે કે સંકલન સમિતિએ સરકાર સાથે સમાધાન કરી લીધું, પરંતુ એવું કંઈ જ નથી. આ સંકલન

## ૨૦૦ ગામડાઓમાં ફરશે ધર્મરથ, પદ્મિનીબા કાર્યક્રમમાં ન દેખાયા !

ગામડાં ફરશે. જોકે આ તકે રૂપાલાની ટિકિટ રદ કરવા માટે સૌપ્રથમ અન્નત્યાગ પર ઊતર્યાં હતાં એ પદ્મિનીબા વાળા દેખાયાં નહોતાં. ધર્મરથના પ્રસ્થાન સમયે 'ક્ષત્રિય એકતા ઝિંદાબાદ', 'નારી કા અપમાન નહીં સહેંગે', 'જય ભવાની' સહિતના નારા લાગ્યા હતા. આ ધર્મરથ ૨૦૦થી વધુ ગામડાંમાં ફરશે અને ક્ષત્રિય સમાજ સહિત અઢારેય વરણના લોકોને સત્તાપક્ષ વિરૂદ્ધ મતદાન કરવા માટે સમજણ આપવામાં આવશે. ગુજરાતના ૫ ઝોનમાં આ રીતે ધર્મરથ પ્રસ્થાન કરવાનો છે. ક્ષત્રિય આગેવાન રમજુભા જાડેજાએ જણાવ્યું હતું કે ક્ષત્રિય સમાજનો ધર્મરથ એ કોઈ સામે પડકાર માટેની લડત નથી. ભારતમાં જે રીતે નૈતિકતાનું અધઃપતન થઈ રહ્યું છે ત્યારે એને અટકાવવા માટે આ ધર્મરથ ગામેગામ ફરશે. ક્ષત્રિય સમાજ તેમજ અન્ય વર્ગોને ૧૦૦ ટકા મતદાન કરવા માટે સમજણ આપવામાં આવશે. અમારો મુદ્દો સત્તાપક્ષ સમજી રહ્યો નથી, જેથી તેનાની વિરુદ્ધમાં મતદાન કરવું અને સક્ષમ ઉમેદવારને મત આપવો. ગુજરાતના ૫ ઝોનના અલગ અલગ જિલ્લાઓમાંથી ધર્મરથ પ્રસ્થાન થવાનો છે. જામનગરમાં દ્વારકાથી તો કચ્છમાં આશાપુરાના મઢથી ધર્મરથનું પ્રસ્થાન કરાયું રહ્યું છે. રાજકોટમાં આજે તો ઉત્તર ગુજરાતમાં ધર્મરથ અંબાજીથી આવતીકાલે પ્રસ્થાન થવાનો છે.

પી.ટી. જાડેજાએ જણાવ્યું હતું કે ગુજરાતમાં રાજકોટ સહિત ૭ જગ્યાએથી ધર્મરથ નીકળી રહ્યો છે. રાજ્યની તમામ લોકસભા બેઠક પરથી ક્ષત્રિય સમાજનો ધર્મરથ નીકળવાનો છે. ગામડાંમાં ક્ષત્રિય સમાજનું એક ઘર હોય તોપણ તમામ લોકોએ ખાતરી આપી છે કે બાપુ અમે તમારી સાથે છીએ, કારણ કે ક્ષત્રિય સમાજની બહેનો અને દીકરીઓ તમામ સમાજની બહેન-દીકરીઓ છે. તેમણે જણાવ્યું હતું કે જો પુરુષોતમ રૂપાલાએ એમ કહ્યું હોય કે દેશને તેમજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ક્ષત્રિય સમાજની જરૂર છે તો રૂપાલાએ બતાવવું જોઈએ. તેમણે વધુમાં જણાવ્યું હતું સમિતિએ ક્ષત્રિય સમાજનો અવાજ છે. ક્ષત્રિય સમાજની સંકલન સમિતિની ૯૨માંથી એકપણ સંસ્થા ઓછી થઈ નથી. ગાંધીનગરથી આવેલાં સુશીલાબા જાડેજાએ જણાવ્યું હતું કે જયારે નારી અસ્મિતાનો સવાલ હોય અને ક્ષત્રિય સમાજના ભાઈઓ ધર્મરથ પ્રસ્થાન કરી રહ્યા હોય ત્યારે રાજપૂતાણીઓ પણ કઈ રીતે પાછળ રહે. સંકલન સમિતિના આદેશ અનુસાર બહેનો પ્રતીક ઉપવાસ પર બેઠી છે, જેથી આજે અમે બહેનો-ભાઈઓને આશીર્વાદ આપવા માટે આવ્યા છીએ. અસ્મિતાના સવાલ પર ચેડાં થયાં છે. એના માટે તમામ બહેનો એકઠી થઈ છીએ.

### ભાજપના ઉમેદવારો-નેતાઓનો ક્ષત્રિયો દ્વારા વિરોધ જારી

# ભાવનગર બેઠકના ઉમેદવારનો ક્ષત્રિયો દ્વારા વિરોધ : અટકાયત કરાઈ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૪

રાજ્યમાં ક્ષત્રિય સમાજ દ્વારા ભાજપના નેતાઓ-કાર્યકરોનો વિરોધ સતત જારી રાખવામાં આવી રહ્યો છે. ભાવનગર લોકસભા ભાજપના પણ કરાયા હતા. પરષોત્તમ રૂપાલાની ટિકિટ રદ કરવા માટે ક્ષત્રિય સમાજ તેમની માંગ પર અડગ છે. ક્ષત્રિય સમાજે આજે ભાવનગર બેઠક પર ભાજપના ઉમેદવાર નિમુબેન બાંભણિયાની બાંભણિયા ઉમેદવારી કરવાના હોય ત્યારે એક સ્કૂલના મેદાનમાં પ્રથમ જાહેરસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જાહેરસભાના મંચ ઉપર શહેર પ્રમુખ અભયસિંહ ચૌહાણ, નિમુબેન બાંભણિયા અને પોતાના આશરે ૨૦૦ જેટલા અનુયાયીઓ સાથે સભા બહાર નીકળીને સમાજ માટે ભાજપ વિરુદ્ધ કાળા વાવટા ફરકાવ્યા હતા. જો કે, પોલીસ દ્વારા આ સમગ્ર મામલો બાદમાં અટકાયત કરીને

## કેન્દ્રીય મંત્રીની હાજરીમાં ભારે નારેબાજી કરી દર્શાવ્યો વિરોધ

ઉમેદવાર નિમુબેન બાંભણિયોનો ક્ષત્રિયસમાજે ભારે વિરોધ કર્યો હતો, નિમુબેન નવાગામ અને બડેલી ગામમાં પ્રચાર દરમિયાન હતા તે દરમિયાન ક્ષત્રિય સમાજે તેમનો વિરોધ કર્યો હતો, તો પોલીસે વિરોધ કરનારાઓની અટકાયત કરી હતી. બીજી તરફ બીજેપીના કાર્યકરોને ગામમાં પ્રવેશ ન કરવા સૂત્રોચ્ચાર સભામાં વિરોધ દર્શાવ્યો હતો. આ સભામાં પોરબંદર બેઠકના ઉમેદવાર અને ભાજપ સાંસદ મનસુખ માંડવિયા પણ હાજર હતા. આ સભા દરમિયાન જ ક્ષત્રિય સમાજે રૂપાલા વિરુદ્ધ નારા લગાવી વિરોધ નોંધાવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, ભાવનગર લોકસભા બેઠક ઉપર નિમુબેન ઉમેદવાર, ધારાસભ્ય જીતુભાઈ વાઘાણી, સેજલબેન પંડ્યા અને મનસુખ માંડવિયા સહિત ભાજપના વરિષ્ઠ આગેવાનો બેઠા હતા. ચાલુ જાહેરસભાએ ભાવનગર તાલુકા યુવા મોરચાના ઉપાધ્યક્ષ રવિરાજસિંહ ગોહિલે ભાજપમાંથી મંચ ઉપર રાજીનામું શહેર પ્રમુખની સામે ધરી દીધું હતું થાળે પડાયો હતો. આ ઉપરાંત ભાવનગરના ભાજપના ઉમેદવાર નિમુબેન બાંભણિયાની સભામાં ક્ષત્રિયોએ વિરોધ કર્યો છે. નામાંકન ભરતા પહેલા સભા યોજાઈ હતી જેમાં ક્ષત્રિય સમાજે વિરોધ દર્શાવ્યો હતો. મનસુખ માંડવિયાના ભાષણમાં ક્ષત્રિય સમાજના યુવાનો સભા સ્થળે પહોંચ્યા હતા.

### સુરતના પ્રકરણ મામલે કોંગ્રેસના પરેશ ધાનાણીના આકરા પ્રહાર

# બિનહરીફ ચૂંટણીઓની પરંપરા શરૂ થશે ત્યારે દેશમાં હાહાકાર થઈ જશે

### લોકશાહીને લૂણો લગાડનાર ભાજપથી બંધારણ પણ ખતરામાં : ધાનાણી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૪

આગામી લોકસભા ચૂંટણીને લઈને હાલ ભાજપ તેમજ કોંગ્રેસના ઉમેદવારો દ્વારા પ્રચાર કરવામાં આવી રહ્યો છે. જે અંતર્ગત આજે કોંગ્રેસના લોકસભા ચૂંટણીના ઉમેદવાર પરેશ ધાનાણીની આગેવાનીમાં સોરઠિયા વે બ્રિજ ખાતેથી સ્કૂટર રેલી યોજવામાં આવી હતી. જેમાં કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા. આ તકે ધાનાણીએ સુરતની ઘટનાને વખોડતા જણાવ્યું હતું કે, જયારે આવી બિનહરીફ ચૂંટણીઓની પરંપરા શરૂ થશે ત્યારે દેશમાં હાહાકાર મચી જશે, આ બંધારણ માટે ખતરો છે. રાજકોટમાં કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણી દ્વારા પ્રચાર કરવામાં આવી રહ્યો છે. જે અંતર્ગત આજે કોંગ્રેસના નેતાઓ સાથે ડીજેના તાલે એક બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જે સોરઠિયા વે બ્રિજથી આ બાઈક રેલી વોર્ડ ૧૬માં ફરી હતી, જેમાં ૮૦ ફૂટ રોડ, કોઠારિયા રોડ, સૂતા હનુમાન રોડ સહિતના વિસ્તારોને આવરી લેવામાં આવ્યા હતા. આ રેલીમાં ધાનાણી ખુલ્લી કારમાં જોડાયા હતા. જયારે કોંગ્રેસના અન્ય નેતાઓ અને કાર્યકરો બાઈકમાં જોડાયા હતા. ધાનાણી દ્વારા લોકોને હાથ જોડી કોંગ્રેસનો સાથ આપવા અપીલ કરવામાં આવી હતી. પરેશ ધાનાણીએ જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીએ તેના રાજકીય રોટલા શેકવા માટે ક્યાંક વર્ગવિગ્રહ ઊભો કર્યો છે. લોકોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ત્યારે સમાનતા અને સદ્ભાવનાના પાયા ઉપર કોંગ્રેસ પક્ષના સૈનિકો રાજકોટની ગલીઓમાં ફરી રહ્યા છે અને લોકોને જાગૃત કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. કોંગ્રેસ દ્વારા નાત-જાતની દીવાલોને તોડી સૌ અઢારેય વરણ એક થઈને બીજી આઝાદીની લડાઈમાં ભાજપના અહંકારને ઓગાળવા માટે કટિબદ્ધ છે. અભિમાન સામે સ્વાભિમાનની લડાઈમાં લોકો અભિમાનને હરાવશે. પરેશ ધાનાણીએ સુરત મામલે જણાવ્યું હતું કે, લોકો દ્વારા લોકો વડે લોકો માટે ચાલતી વ્યવસ્થામાં ભાજપને વિશ્વાસ નથી. ભાજપના શાસકોથી બાબાસાહેબે ઘડેલું સંવિધાન પણ ખતરામાં છે. પ્રેમના તાંતણે લોકોને જોડવાના બદલે ડરાવી-ધમકાવી અને વર્ગવિગ્રહ પેદા કરીને ભાજપ રાજકીય રોટલા શેકે છે. લોકશાહીને લૂણો લગાડવામાં ભારતીય જનતા પાર્ટી સફળ રહી તો ભવિષ્યમાં તમામ ચૂંટણીઓમાં સુરતવાળી થશે. વિપક્ષ વિહોણી ચૂંટણીઓ લડવા માટે ભાજપ દ્વારા લોકોની લડાઈ લડનારા લોકોને સામ-દામ-દંડ-ભેદથી હટાવી દેવામાં આવશે. જ્યારે બિનહરીફ ચૂંટણીઓની પરંપરા શરૂ થશે ત્યારે દેશમાં હાહાકાર મચી જશે, આ બંધારણ માટે ખતરો છે.

### રાજ્યની તમામ પ્રાથમિક સ્કૂલોમાં વાર્ષિક પરીક્ષાઓ સત્તાવાર રીતે પૂર્ણ

# ધોરણ-૩થી ૮ની વાર્ષિક પરીક્ષા ૪ એપ્રિલના રોજથી શરૂ કરવામાં આવી હતી

### ધોરણ-૫ અને ૮માં નાપાસ થયેલા વિદ્યાર્થીઓને બે માસ અભ્યાસ કરાવી પુનઃ પરીક્ષા લેવાશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૪

રાજ્યની પ્રાથમિક સ્કૂલોમાં એપ્રિલમાં લેવામાં આવેલી દ્વીતીય કસોટી (વાર્ષિક પરીક્ષા) સત્તાવાર રીતે પુર્ણ થઈ છે. સમગ્ર રાજ્યમાં સમાન સમયપત્રકના આધારે આ પરીક્ષા લેવા માટે આદેશ કરાયો હતો. સરકારી અને ગ્રાન્ટેડ સ્કૂલો માટે તો રાજ્ય કક્ષાએથી પ્રશ્નપત્ર તૈયાર કરી આપવામાં આવ્યા હતા. પરીક્ષા પુર્ણ થતાં હવે ટૂંક સમયમાં પરિણામ જાહેર કરાશે અને ધોરણ-૫ અને ૮માં નાપાસ થયેલા વિદ્યાર્થીઓને બે માસ અભ્યાસ કરાવ્યા બાદ તેમની પુનઃ પરીક્ષા લેવામાં આવશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યની તમામ માધ્યમની સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના મૂલ્યાંકન સબબ દ્વિતીય સત્રાંત પરીક્ષા ૪ એપ્રિલથી ૨૩ એપ્રિલ દરમિયાન યોજવાનું નક્કી કરાયું હતું. સમગ્ર રાજ્યમાં એકસૂત્રતા રહે તે માટેનું સમાન સમયપત્રકનું પાલન કરવા આદેશ કરાયો હતો. ધોરણ-૩થી ૮ની દ્વિતીય સત્રાંત કસોટીઓ માટે ધોરણ અને વિષયવાર પરિરૂપ રાજ્ય કક્ષાએથી તૈયાર કરી તમામ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનને આપવામાં આવ્યો હતો.

સરકારી તેમજ ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓએ તમામ વિષયોના સમાન કસોટીપત્રો સમાન સમયપત્રકના આધારે અમલી કરવા માટે તાકીદ કરાઈ હતી. આમ, ૪ એપ્રિલથી શરૂ થયેલી પરીક્ષામાં સૌપ્રથમ ધોરણ-૩થી ૫ની પરીક્ષા પુર્ણ થઈ હતી. ત્યારબાદ ધોરણ-૬થી ૮ની પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષા પણ પુર્ણ થતાં પ્રાથમિકની તમામ પરીક્ષાઓ સત્તાવાર રીતે પુર્ણ થઈ છે. સત્રાંત કસોટી અંતર્ગત ઉત્તરવહીઓની ચકાસણી જે-તે શાળા કક્ષાએ જ કરાવવાની રહેશે. કસોટીના પરિણામની ઓનલાઈન ડેટાએન્ટ્રી અંગે વિગતવાર સૂચના સમગ્ર શિક્ષા મારફતે અલગથી આપવામાં આવશે. ધોરણ-૫ અને ૮માં ઈ ગ્રેડ મેળવનારા વિદ્યાર્થીઓનું બે માસના સમયગાળામાં ઉપચારાત્મક શિક્ષણ કર્યા બાદ શાળા કક્ષાએ પુનઃ કસોટી યોજવાની રહેશે. આમ, હવે આગામી દિવસોમાં તમામ પ્રાથમિક સ્કૂલોમાં પરિણામ જાહેર કરવામાં આવશે. ઉનાળુ વેકેશન શરૂ થાય તે પહેલા સ્કૂલો દ્વારા પરિણામ આપી દેવાનું આયોજન કરાયું છે.

### ચૂંટણી દરમ્યાન ધાકધમકીને લઈ કોંગી ઉમેદવારના ભાજપ તથા તંત્ર સામે આકરા પ્રહારો

# કોંગ્રેસના ગેનીબેન ઠાકોરની પોલીસને ખુલ્લી વોર્નિંગ ભાજપનો પગાર નથી લેતા, કાયદાને ઓવરટેક ન કરતા

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૪

લોકસભાની ચૂંટણીના મતદાનને હવે આંગળીના વેઢે ગણાય એટલા જ દિવસ બાકી રહ્યા છે. ત્યારે બનાસકાંઠા બેઠક પર ભાજપના ઉમેદવાર રેખાબેન ચૌધરી અને કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેન ઠાકોર વચ્ચે બરાબરનો ચૂંટણીજંગ જામ્યો છે. આજે ચૂંટણી સભા દરમિયાન ગેનીબેન ઠાકોરે



ભાજપનો નથી લેતા, પ્રજાના પરસેવાનો પગાર લો છો. પોલીસને વોર્નિંગ આપતાં તેમણે જણાવ્યું હતું કે, અમે ગાંધી વિચારધારાવાળા છીએ, કાયદો-વ્યવસ્થાને માનીએ છીએ છતાં પણ તમે કાયદાને ઓવરટેક કરશો અને કોઈને દબાવવા માટેના પ્રયત્નો કરશો તો પછી તમારા જેવું થતાં અમને વાર નહીં લાગે.

કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેન ગેનીબેને જણાવ્યું હતું કે, બોલનારા તમામ સમાજના લોકોને મારી બે હાથ જોડીને વિનંતી છે કે, તમે જે વિચારધારા સાથે બેઠા છો, તમે જે શબ્દો બોલો છો, એ શબ્દોમાં કેટલું તથ્ય છે અને તમને ખાલી બોલવા પૂરતા જ આગળ કર્યા છે પણ યાદ રાખજો ૮ની તારીખ પછી તમારા ફોન પણ કોઈ નહીં ઉપાડે. શંકર ચૌધરી પર આડકતરી રીતે પ્રહાર કરતાં ગેનીબેને વધુમાં

## ૧૦-૧૫ FIR થાય તો બાપુ તૈયારી રાખજો, એમાં કંઈ થવાનું નથી : ગેનીબેન

પોલીસ પ્રશાસન અને નામ લીધા વગર આડકતરી રીતે શંકર ચૌધરી પર આકરા પ્રહાર કર્યા હતા.

પાલનપુર તાલુકાના સામઢી ગામ ખાતે ચૂંટણી સભામાં સંબોધન કરતાં કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેન ઠાકોરે પોલીસને સંબોધીને કહ્યું હતું કે, કોંગ્રેસના આગેવાનોના ફોન લઈને તમારે કલેક્શન કરવાની જરૂર નથી અને ધાકધમકી આપવાની જરૂર નથી. સભામાં બેઠેલા લોકો તરફ ઈશારો કરીને ગેનીબેને કહ્યું હતું કે, ૫-૧૦-૧૫ FIR થાય તો બાપુ તૈયારી રાખજો, એમાં આપણને કંઈ થવાનું નથી. ગેનીબેન ઠાકોરે વધુમાં જણાવ્યું હતું કે, પોલીસવાળા ગામમાં આવીને કોઈ દાટી આપતા હોય તો તેમને કહેજો કે આ તમારા આકાઓનું રાજ કાયમી રહેવાનું નથી. ૮મી તારીખ સુધી તમને સારી જગ્યાએ મૂકવાની વાતો કરશે, તમને ફુલાવશે પણ નોકરી તમારે ૫૮ વર્ષ કરવાની છે. ૫૮ વર્ષ નોકરીનો પગાર તમે ઠાકોરે શંકર ચૌધરીનું નામ લીધા વગર આડકતરી રીતે પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, બનાસડેરીના સંચાલકો અને બહારથી આવીને બનાસકાંઠાનું શોષણ કરનારી વ્યક્તિઓ બનાસકાંઠાના અલગ-અલગ સમાજના આગેવાનોને ડ્રાફ્ટિંગ કરી આપે, જેમાં પ્રજાપતિ સમાજને કેવું બોલવું, દલિત સમાજને કેવું બોલવું, બ્રાહ્મણ સમાજને કેવું બોલવું, ઠાકોર સમાજને કેવું બોલવું વગેરે. જણાવ્યું હતું કે, મને બધાએ કહ્યું કે, બેન તમારે ચૂંટણી ફરજિયાત લડવાની છે. મેં પૂછ્યું લડવા માટેનું કારણ શું ? તો લોકોએ કહ્યું કે, જેનાથી આંખો બનાસકાંઠા જિલ્લો બીવે છે, તેની સામે ચૂંટણી લડવાનો સૌથી વધુ અનુભવ તમને છે. એટલે તમારે ચૂંટણી લડવાની છે. ૨૦૧૭માં બધાં સંસાધનો હતા, તમે બધાએ નજરની સામે જોયું છે, ૨૦૨૨માં પણ હતા અને તમે પરિણામ પણ જોયું છે.

### સુરત બેઠક બિનહરીફ થયા બાદ કોંગ્રેસમાં રોષ ફાટી નીકળતા આકરા પ્રત્યાઘાતો

# સુરતના નિલેશ કુંભાણીને પૂર્વ ધારાસભ્યનો ખુલ્લો પડકાર : સુરતમાં કાં તમે રહેશો કાં પ્રતાપ દૂધાત

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૪

સુરત લોકસભા બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીનું ચૂંટણી ફોર્મ ટેકેદારોની ખોટી સહીઓના કારણે રદ થતાં કોંગ્રેસે શરમજનક સ્થિતિમાં મૂકાવાનો વારો આવ્યો છે. સુરત લોકસભા બેઠક બિનહરીફ થયા



ચીમકી ઉચ્ચારતાં કહ્યું હતું કે, પ્રતાપ દૂધાત સ્મશાને જશે ત્યાં સુધી એ સુરતના રણબંકાએ જે આપણી સાથે ગદ્દારી કરી છે એની રાખ થઈ જશે તો પણ સ્મશાનમાંથી મૂકવાનો નથી. હું પોતે આ લડાઈ લડવાનો છું. આ એટલે કહું છું કે તેણે પ્રજાની પીઠમાં ખંજર માર્યું છે. કોંગ્રેસ પાર્ટીને નુકસાન કર્યું છે, સાથે-સાથે નિલેશ કુંભાણીનું ફોર્મ રદ થતાં મોટો રાજકીય ડ્રામા થયો છે. નિલેશ કુંભાણી અને તેના ડમી ઉમેદવાર સુરેશ પડશાળાનું ફોર્મ રદ થયા બાદ અપક્ષ સહિત નાની પાર્ટીના ૮ ઉમેદવારે પણ ફોર્મ પાછાં ખેંચ્યા હતા, જેના કારણે ભાજપના મુકેશ દલાલ બિનહરીફ થયા હતા. હવે નિલેશ કુંભાણી સંપર્કવિહોણા

## તમારે જ્યાં કોઠીમાં ભાજપની આડમાં સંતાવું હોય ત્યાં સંતાઈ જજો, છેલ્લા શ્વાસ સુધી નહીં છોડું

બાદ હવે કોંગ્રેસના કાર્યકર્તાઓએ નિલેશ કુંભાણીને નિશાને લેવાનું શરૂ કર્યું છે. મંગળવારે સુરત સ્થિત નિલેશ કુંભાણીના ઘર પર 'જનતાનો ગદ્દાર, લોકશાહીનો હત્યારો'નાં પોસ્ટર લાગ્યા હતા. આજે અમરેલી જિલ્લા કોંગ્રેસ-પ્રમુખ પ્રતાપ દૂધાતે નિલેશ કુંભાણીને આડેહાથ લીધા હતા. કુંભાણી અને તેમના ટેકેદારોને ચીમકી આપતાં કહ્યું હતું કે, તમારે જયાં કોઠીમાં ભાજપની આડમાં સંતાવું હોય ત્યાં સંતાઈ જજો, સુરતમાં કાં તમે રહેશો કાં પ્રતાપ દૂધાત રહેશે. નિલેશ કુંભાણીને છેલ્લા શ્વાસ સુધી નહીં છોડું. અમરેલીમાં કોંગ્રેસના કાર્યકર્તાઓને સંબોધતાં સાવરકુંડલાના પૂર્વ ધારાસભ્ય અને અમરેલી જિલ્લા કોંગ્રેસ-પ્રમુખ પ્રતાપ દૂધાતે નિલેશ કુંભાણી અને તેમના ટેકેદારો પર પ્રહાર કર્યા હતા. સુરત લોકસભા બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીના ટેકેદારોની સહી ખોટી હોવાના કારણે તેનું ફોર્મ રદ થયું હતું. કુંભાણીનું ફોર્મ રદ થયા બાદ સુરત લોકસભા બેઠક પર અન્ય પક્ષના અને અપક્ષોએ ઉમેદવારી પરત ખેંચી લીધા બાદ ભાજપના ઉમેદવાર બિનહરીફ થતાં કોંગ્રેસને ભારે ઝટકો લાગ્યો છે. ત્યારે આજે પ્રતાપ દૂધાતે પ્રજાને માર્યું છે. નિલેશ કુંભાણી અને તેના ટેકેદારોને ગર્ભિત ધમકી આપતાં દૂધાતે કહ્યું હતું કે, કોંગ્રેસના ઉમેદવાર અને તેના ત્રણ ટેકેદાર તમારે જ્યાં કોઠીમાં ભાજપની આડમાં સંતાવું હોય ત્યાં સંતાઈ જજો. તમારે સી.આર. પાટીલના ઘરમાં રહેવા જવું હોય તો જતા રહેજો. ૭ તારીખ પછી મારી લડાઈ શરૂ થશે. સુરતમાં કાં તમે રહેશો કાં પ્રતાપ દૂધાત રહેશે. તમને બતાવીશ કે કોંગ્રેસ સાથે ગદ્દારી કરવાથી પરિણામ શું આવે હું ત્યાં આવીને બતાવીશ. અત્રે ઉલ્લેખનીય છે કે, સુરત લોકસભા બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર બનતાં કોંગ્રેસમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. મંગળવારે સવારે કોંગ્રેસના કાર્યકરો નિલેશ કુંભાણીના ઘરે પહોંચ્યા હતા અને ઘરના દરવાજા પર 'જનતાનો ગદ્દાર, લોકશાહીનો હત્યારો' લખેલા બેનરો લગાવ્યા હતા. કોંગી નેતાએ જણાવ્યું હતું કે, નિલેશ કુંભાણીનો માત્ર રાજકીય જ નહીં, સામાજિક બહિષ્કાર થવો જોઈએ. કોંગ્રેસે આ વખતે મૂળ સૌરાષ્ટ્રવાસી અમરેલી જિલ્લાના એવા નિલેશ કુંભાણી પર પસંદગીનો કળશ ઢોળ્યો હતો. નિલેશ કુંભાણી જૂના અને કસાયેલા કોંગ્રેસી છે. તેઓ પાટીદાર આંદોલનમાં ખૂબ જ સક્રિય હતા.

### પોલીસ કમિશનરના જાહેરનામાને પડકારતી અરજી ફગાવી

# હાઈકોર્ટે ખાનગી ટ્રાવેલ્સના અમદાવાદ શહેરમાં પ્રવેશ પર દિવસ દરમિયાન પ્રતિબંધ યથાવત્ રાખ્યો

### જે લોકોને પ્રાઈવેટ બસ પરવડે છે તેઓ શહેર બહાર ઉતરશે જ : હાઈકોર્ટ

અમદાવાદ, તા.૨૪

અમદાવાદ શહેરમાં ખાનગી ટુરિસ્ટ બસોના પ્રવેશ અંગે શહેર પોલીસ કમિશનરે વર્ષ ૨૦૨૨માં જાહેરનામું બહાર પાડ્યું હતું. જેમાં ખાનગી ટૂરિસ્ટ બસોને સવારે ૮થી રાત્રિના ૧૦ વાગ્યા સુધી શહેરમાં પ્રવેશવા પર પ્રતિબંધ ફરમાવ્યો હતો. જેને ખાનગી ટ્રાવેલ્સ દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. અગાઉ સિંગલ જજે અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરના જાહેરનામાને યોગ્ય ઠેરવ્યું હતું. ત્યારબાદ આજે ચીફ જજ સુનિતા અગરવાલ અને જજ અનિરૂદ્ધ માયીની બેન્ચ દ્વારા પણ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરના જાહેરનામાને યોગ્ય ઠેરવ્યું હતું અને ખાનગી ટ્રાવેલ્સની અરજી ફગાવી દીધી હતી. આજે થયેલ સુનાવણીમાં અરજદારે જણાવ્યું હતું કે, અગાઉ સિંગલ જજે અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર દ્વારા ખાનગી ટ્રાવેલ્સને લઈને વર્ષ ૨૦૦૪ના જાહેરનામા ઉપર ચુકાદો આપ્યો હતો. જેને અપીલમાં પડકારતા તેને પણ નકારી દેવામાં આવી હતી. પરંતુ ખાનગી ટ્રાવેલ્સ સંદર્ભે વર્ષ ૨૦૦૪ અને ૨૦૨૨ના શહેર પોલીસ કમિશનરના જાહેરનામામાં ફેર છે. વર્ષ ૨૦૦૪ના જાહેરનામામાં ખાનગી બસોને કેટલાક ચોક્કસ રૂટ ફાળવ્યા હતા અને પાર્કિંગ માટે બે જગ્યાઓ પણ ફાળવી હતી. પરંતુ ૨૦૨૨ના જાહેરનામાએ ખાનગી ટ્રાવેલ્સના દિવસ દરમિયાન શહેરના પ્રવેશ ઉપર સંપૂર્ણ પ્રતિબંધ લાદી દીધો છે. ૨૦૦૪ અને ૨૦૨૨ના જાહેરનામા વચ્ચે ૧૮ વર્ષનું અંતર છે. જાહેરનામામાં ખાનગી બસોના દિવસ દરમિયાન શહેરમાં પ્રવેશ ઉપર પ્રતિબંધ અંગે ત્રણ કારણો અપાયા છે. જેમાં પ્રથમ ટ્રાફિક, બીજું અકસ્માત અને ત્રીજું પ્રદૂષણ છે. પરંતુ સરકારી આંકડા જોતા ખાનગી બસો ફક્ત ૦.૯ ટકા અકસ્માતો માટે જવાબદાર છે. જ્યારે દ્વીચક્રી વાહનો ૬૦થી ૭૦ ટકા અકસ્માતો માટે જવાબદાર છે. ખાનગી બસો ટ્રાફિક માટે માત્ર ૫.૯ ટકા જ જવાબદાર છે. જ્યારે પ્રદૂષણ માટે તો પબ્લિક ટ્રાન્સપોર્ટને ઉત્તેજન આપવાની વાત છે. જો કે, કોર્ટે કહ્યું હતું કે ખાનગી બસો રોડ ઉપર વધુ જગ્યા રોકે છે. અરજદારે કહ્યું હતું કે, પરિસ્થિતિ વણસી હોય તેવો કોઈ ડેટા નથી. જો કે, કોર્ટે અરજદારની અરજી ફગાવી દીધી હતી. કોર્ટે કહ્યું હતું કે, ખાનગી ટ્રાવેલ્સને શહેર બહાર જ્યાં સ્ટોપ અપાયા છે, ત્યાંથી બસ સેવા ઓપરેટ કરવામાં આવે. શહેરમાં ખાનગી બસ પ્રવેશને મૂળભૂત હક ગણી શકાય નહીં. શહેરમાં દરરોજ અકસ્માત થાય છે. બેથી ત્રણ અકસ્માત તો કોર્ટે એસ.જી.હાઈવે ઉપર આવેલા સોલા ઓવરબ્રિજ ઉપર જોયા છે. એક યુવાન તો ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યો હતો. આ સુનાવણીમાં શિવરંજની ચાર રસ્તા ઉપર થયેલા અકસ્માતનો પણ ઉલ્લેખ કરાયો હતો. કોર્ટે કહ્યું હતું કે, સવારે લોકો ઓફિસ જાય છે અને ઉતાવળમાં હોય છે. ખાનગી ટ્રાવેલ્સ સંચાલકોને ધંધો કરવાનો અધિકાર છે, પરંતુ યોગ્ય અંકુશ સાથે, એટલે આ પ્રતિબંધ કોર્ટને યોગ્ય લાગે છે. વર્તમાન જાહેરનામા મુજબ ૩૩ પેસેન્જર કરતા વધુ બેઠકો ધરાવતી અને ૭૫૦૦ કિલો કરતા વજનની બસોના પ્રવેશ પર દિવસ દરમિયાન પ્રતિબંધ મૂકેલો છે. આજે ટ્રાફિક વધ્યો છે, પાર્કિંગ સ્પેસ ભરેલા છે અને પાર્કિંગની અછત છે. હાઈકોર્ટમાં પણ પાર્કિંગ ફુલ હોય તો શહેરમાં પાર્કિંગની પરિસ્થિતિ વિશે અનુમાન લગાવી શકાય છે. અરજદારે દલીલ કરી હતી કે, મેરેજ માટે આવતી પ્રાઈવેટ બસોને શહેરમાં પ્રવેશ ઉપર છૂટ છે. જે સંદર્ભે કોર્ટે કહ્યું હતું કે, તેમની પાસે સ્પેશિયલ પરમિશન હોય છે, જે દરરોજ શહેરમાં આવતી નથી ચોક્કસ સમયગાળામાં જ આવે છે. અરજદારે કહ્યું હતું કે, બસ દ્વારા થતાં અકસ્માતોમાં ૭૦ ટકા જેટલા અકસ્માત જાહેર બસો દ્વારા થાય છે. જે સંદર્ભે કોર્ટે કહ્યું હતું કે, લોકોની સવલત ખાતર પબ્લિક બસને શહેરમાં પ્રવેશતા રોકી શકાય નહીં. અરજદારે કહ્યું હતું કે, અમે પ્રાઈવેટ બસ માટે બસ સ્ટોપની માંગ કરી હતી, પરંતુ સરકારે તેની ના પાડી. પેસેન્જરોને શહેર બહાર ઉતારી ત્યાંથી મિની બસમાં શહેરમાં લાવવા કહ્યું હતું. કોર્ટે કહ્યું હતું કે, શહેરમાં તો પ્રાઈવેટ બસ માટે સરકાર બસ સ્ટોપ ના જ આપે, શહેર બહાર આપી શકે. જે લોકોને પ્રાઈવેટ બસ પરવડે છે, તેઓ શહેર બહાર ઉતરશે જ, તેમના માટે શહેરમાં લોકોના જીવ જોખમમાં મૂકી શકાય નહીં.


**વોચમેન (પેહરેગિર) જોઈએ છે.**

અહમદાબાદ સુન્ની મુસ્લિમ વકફ કમિટીના માલિકી અને સંચાલન હેઠળ આવેલ ચારતોડા કબ્રસ્તાન ગોમતીપુર ખાતે બે શિફ્ટમાં વોચમેન (પેહરેગિર) રાખવાના છે. ૧૮ થી ૪૫ વર્ષની વય ધરાવતા અને ધો.૧૦ પાસ ઈચ્છુક ઉમેદવારોએ તા.૦૩-૦૫-૨૦૨૪ સાંજના ૪ વાગ્યા સુધી મળી જાય તે રીતે નીચે જણાવેલ સરનામા ઉપર પોતાના બાયોડેટા સાથે અરજી મોકલી આપવી.

પ્રમુખ શ્રી, અહમદાબાદ સુન્ની મુસ્લિમ વકફ કમિટી

પહેલો માળ, યતિમખાના બિલ્ડીંગ, G.P.O. સામે, સલાપસ રોડ, અહમદાબાદ-૩૮૦૦૦૧. ફોન.૦૭૯-૨૫૫૦૬૨૬૪




● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS